હરસ-મસા-ભગંદર-ફિશરની
હવે સૌરાષ્ટ્રમાં પણ USFDA
એપ્રુવ્ડ લેસર મશીન દ્વારા
સારવાર ઉપલબ્ધ
એપોઈમેન્ટ માટે ફોન : 97128 08524
શ્રી સહજાનંદ એનો કેર હોસ્પિટલ

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૧ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૮-૪-૨૦૨૫ - સોમવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૦૯ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

C.N.G. ગેસ કીટ
Autho. Distributors LOVATO AUTO GAS ITALY SINCE 1958
રાજકોટ જિલ્લાના એકમાત્ર ઓથોરાઈઝ્ડ Distributors
મોમાઈ મોટર્સ
મવડી પ્લોટ : 98240 10699, 98240 10677
રણછોડ નગર : 98242 10677, 98245 10677

ફ્રાન્સ પાસેથી અણુબોમ્બ વહન કરી શકતા ૨૬ રાફેલ મરિન લડાયક વિમાન ખરીદશે ભારત ૧૬

કાળઝાળ ગરમી વચ્ચે શરદી-ઉધરસ, તાવ, ઝાડા-ઉલ્ટીના કેસમાં વધારો : કમળાનો ફફડાટ ૮

શેરબજારમાં તેજીનો તોખારઃ સેન્સેકસમાં ૧૧૦૦ પોઈન્ટનો ઉછાળો ૧૪

### સાંજ સુધીમાં મહતમ તાપમાન ૪૬ ડીગ્રીને આંબી જવાની ભીતિ

# રાજકોટ અગનગોળોઃ પારો ૪૫.૪ ડીગ્રી

### આ પુર્વે ૯ એપ્રિલે તાપમાન ૪૫ ડીગ્રીને પાર થયુ હતુંઃ દાયકાઓનો રેકોર્ડ તૂટયોઃ બપોરે માર્ગો સુમસામ-કર્ફયુ જેવી હાલત



### હજુ બુધવાર સુધી હીટવેવની સ્થિતિ રહેવાનુ એલર્ટ

રાજકોટ તા.૨૮

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ગરમી ભુકકા બોલાવવા લાગી હોય અને રાજકોટ અગનગોળો બન્યુ હોય તેમ આજે બપોરે જ તાપમાનનો પારો ૪૫.૪ ડીગ્રીના સ્તરે પહોંચી ગયો હતો અને સાંજ સુધીમાં ૪૬ ડીગ્રીને આંબે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. એપ્રિલ માસની ગરમીના તમામ રેકોર્ડ તૂટયાનુ ચિત્ર છે. ચામડી દઝાડતી ગરમીમાં માર્ગો સુમસામ બની જવા સાથે કર્ફયુનો માહોલ ઉભો થયો છે.

રાજકોટમાં સૂર્યપ્રકોપ ઉભો થયો હોય તેમ બે દિવસથી તાપમાનનો પારો વધવા લાગ્યો જ હતો. આજે ચરમસીમાએ પહોંચ્યો હોય તેમ બપોરે અઢી વાગ્યે જ પારો ૪૫.૪ ડીગ્રીએ પહોંચી ગયો હતો. ચાલુ સીઝન તથા છેલ્લા દાયકાઓના

(અનુસંધાન ૧૨ મા પાને)

## ડર ફેલાવવાનો આતંકીઓનો મનસૂબો નાકામઃ ટુરિસ્ટોથી ફરી ધમધમી ઉઠયું પહેલગામ



### ડરને ભુલીને ગણતરીના દિવસોમાં જ પર્યટકો પહેલગામ પહોંચ્યાઃ હુમલો દુર્ભાગ્યપૂર્ણ પણ તેથી અહીં આવવાનું બંધ ન થાયઃ ટુરીસ્ટ

પહેલગામ (જમ્મુ-કાશ્મીર) તા.૨૮

પહેલગામમા લોકોમાં ડર ફેલાવવાનો આતંકીઓનો મનસૂબો નાકામ રહ્યો છે. રજાઓ ગાળવા આતંકી હુમલાના ગણતરીના દિવસોમાં જ લોકો અહીં પાછા ફરતા જોવા મળી રહ્યા છે. આ નાનકડું હિલ સ્ટેશન ૨૨ એપ્રિલે પુરી રીતે બંધ હતું. શનિવારે પર્યટકો પહેલગામના લિદ્દર નદીના કિનારે લોકપ્રિય સેલ્ફી પોઈન્ટ પર સેલ્ફી-તસવીરો લેતા જોવા મળ્યા હતા. મોટાભાગના પર્યટકોએ જણાવ્યું હતું કે પહેલગામમાં પર્યટકોના આવવા પર કોઈ પ્રતિબંધ નથી એટલે તેમણે પોતાની રજાઓના પ્લાનને આગળ વધારવાનો નિર્ણય કર્યો છે. હોટેલ માલિકો પણ ખાસ છુટ આપી રહ્યા છે.

કોલકતાના જોયદીપ ઘોષ હસ્તીદારે કહ્યું હતું કે અમે શુક્રવારે જ આવ્યા ત્યારે અહીં બધુ સામાન્ય હતું. જો કે મોટાભાગની બજારો અને દુકાનો બંધ હતી. પરંતુ સ્થાનિક લોકો અને સુરક્ષાકર્મીઓ ખૂબ જ મદદરૂપ હતા. બેસરન મેદાન ટુરીસ્ટો માટે બંધ છે એટલે અમે બીજી જગ્યાએ ગયા હતા.

એક અન્ય ટુરીસ્ટ મૃત્યુંજય પાંડેએ જણાવ્યુ હતું કે તેની પાસે ૨૪-૨૬ એપ્રિલ સુધીનું બુકીંગ હતું પણ આતંકવાદી હુમલા બાદ તેને રદ કરી નાખ્યું હતું પણ જયારે બતાવવામાં આવ્યુ કે પહેલગામમાં પર્યટકોના આવવા પર કોઈ પ્રતિબંધ નથી તો અમે શનિવારે સવારે આવી ગયા.

કોલકતાના એક પરિવારે જણાવ્યું હતું કે પહેલગામ હુમલો કરુણ હતો પણ માત્ર તે કારણે અહીં આવવાનું બંધ ન કરી શકાય.

### પાક અને ચીનના વિદેશમંત્રીઓ વચ્ચે ટેલીફોનિક વાતચીત

# ચીને પોત પ્રકાશ્યુઃ પહેલગામ હુમલાની તટસ્થ તપાસની પાકની માંગને સમર્થન

### ચીનના વિદેશમંત્રી વાંગ યી એ પાકના વિદેશમંત્રી ઈશાકદાર સાથે વાતચીત કરીઃ 'સંયમ જાળવવા' બંને દેશોને અપીલ



નવી દિલ્હી તા.૨૮

પહેલગામ હુમલાને પગલે પાકિસ્તાને કાગારોળ શરુ કરી દીધી છે અને હાલમાં જ પાકિસ્તાનના વિદેશવિભાગ એ આ હુમલા સંદર્ભમાં રશિયા અને ચીન મારફત તટસ્થ તપાસની જે માંગણી કરી છે તેમાં રશિયાએ હજુ પાકિસ્તાનને કોઈ ભાવ આપ્યો નથી. ઉલ્ટાનું રશિયામાં થયેલ એક ત્રાસવાદી હુમલાનો તઝાકીસ્તાનમાં એક ત્રાસવાદી પાકિસ્તાનમાં શરણ લઈ રહ્યો છે તેને સુપ્રત કરવા માંગણી કરી છે પણ ચીને પાકિસ્તાન સાથે જઈને બંને દેશોને સંયમ જાળવવા અને પાકની તટસ્થ તપાસની માંગણીને સમર્થન આપ્યુ છે. પાકિસ્તાનના વિદેશમંત્રી ઈશાકદાર અને ચીનના વિદેશમંત્રી વાંગ યી વચ્ચે થયેલી બેઠક બાદ ચીને પાકિસ્તાનને ટેકો જાહેર કરી દીધો છે અને ગઈકાલે બંને દેશોના સંયુક્ત નિવેદનમાં પણ આ સંકેત આપી દીધો છે અને નિષ્પક્ષ તપાસની માંગણીને સમર્થન આપ્યુ છે. આમ ચીનના વિદેશમંત્રીનું આ નિવેદન એ સમયે આવ્યુ છે કે જયારે ભારતે આ પ્રકારની નિષ્પક્ષ તપાસની માંગણી અંગે પાકિસ્તાનને કોઈ કોઠુ નહી આપવાનું વલણ લીધુ છે. આમ ઝડપથી હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પહેલગામ હુમલાના પ્રત્યાઘાત પડવાનું શરુ થયુ છે.

### પાકના જાણીતા અખબાર ડોન અને જીઓ સહિતની ડિજિટલ સેવાઓ ભારતમાં જોવા નહી મળે

# પહેલા ડિપ્લોમેટીક હવે ડિજિટલ સ્ટ્રાઈકઃ પાકની ૧૬ યુટયુબ ચેનલો પર પ્રતિબંધ

નવી દિલ્હી તા.૨૮

પહેલગામ હુમલાના પગલે પાકિસ્તાન પર ડિપ્લોમેટીક સ્ટ્રાઈક કર્યા બાદ હવે ભારતે ડિઝીટલ સ્ટ્રાઈક પણ કરી છે અને પાકની ડોન ન્યુઝ, જીઓ ન્યુઝ સહિતની યુટયુબ ચેનલો પર ભારતમાં પ્રતિબંધ મુકી દીધો છે. કુલ ૧૬ પાકિસ્તાની યુટયુબ ચેનલનું પ્રસારણ તાત્કાલિક અસરથી ભારતમાં રોકી દેવાયુ છે. ભારતે આ માટે યુટયુબ પ્લેટફોર્મને આ ચેનલોનું ભારતમાં પ્રસારણ ન થાય તે જોવા જણાવ્યુ છે.

### ગૃહવિભાગે ભારત વિરુદ્ધ પ્રોપેગન્ડા ફેલાવતી અને સાંપ્રદાયિક સહિતના મોરચે ભડકાવ અહેવાલ આપતી પાકિસ્તાનની ૧૬ યુટયુબ ચેનલોનું પ્રસારણ તાત્કાલીક રોકી દીધુઃ સ્થાનિક મીડીયા માટે પણ ગાઈડલાઈન

આ ચેનલો સતત ભારત વિરોધી ઝેર ઓકી રહી હોવાનું બહાર આવ્યા બાદ તેના પર પ્રતિબંધ મુકી દીધો છે. જેમાં કેટલીક ક્રિકેટ સહિતની ચેનલોનો પણ સમાવેશ થાય છે. જીઓ તથા ડોન ન્યુઝ પાકિસ્તાનના અખબારોની મહત્વપૂર્ણ ચેનલ છે અને તે અખબારો દ્વારા પણ ભારત વિરોધી પ્રચાર કરવામાં આવી રહ્યો હતો. બીજી તરફ કેટલીક ભારતીય ચેનલો પાકિસ્તાનના પત્રકારો અને રાજનેતાઓને પણ ડિબેટમાં બોલાવીને તેમને પાકિસ્તાનનું ઝેર ઓકવાનો મોકો આપે છે તેને પણ હવે તાકીદ કરાઈ છે. ગૃહમંત્રાલયે આ ચેનલો દ્વારા ભારતીય સેના અને સુરક્ષાદળો ઉપરાંત સાંપ્રદાયિક અને ભ્રામક સમાચાર ફેલાવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને

(અનુસંધાન ૧૨ મા પાને)

## શોએબ અખ્તરની ચેનલ પણ પ્રતિબંધીત

### પાક યુટયુબ ચેનલોના કુલ ૬.૩ કરોડથી વધુ સબસ્ક્રાઈબર હતા



નવી દિલ્હી તા.૨૮

ભારતે ડિઝીટલ સ્ટ્રાઈક કરીને જે રીતે પાકિસ્તાનની તોડ યુટયુબ ચેનલ પર પ્રતિબંધ મુકયો છે. તેમાં પાકિસ્તાનના પુર્વ ક્રિકેટર શોએબ અખ્તરની યુટયુબ ચેનલનો પણ સમાવેશ થાય છે. શોએબ અખ્તર ક્રિકેટ સંબંધીત આ ચેનલ ચલાવે છે અને

(અનુસંધાન ૧૨ મા પાને)

## પબ્લિક વાઈ-ફાઈથી નાણાંકીય લેવડ-દેવડ જોખમીઃ કેન્દ્ર સરકારની ચેતવણી



### સંવેદનશીલ ગતિવિધી માટે પબ્લિક વાઈ-ફાઈથી દુર રહેવા તાકીદ

નવી દિલ્હી તા.૨૮

કેન્દ્ર સરકારે બધા નાગરિકો માટે ચેતવણી જાહેર કરતા કહ્યું છે કે પબ્લિક વાઈ-ફાઈ નેટવર્કનો ઉપયોગ કરીને નાણાંકીય લેવડ-દેવડ અને સંવેદનશીલ ગતિવિધીઓ ન કરો.

કેન્દ્ર સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે વિમાન મથકો, કોફીશોપો અને જાહેર સ્થળો પર મફત પબ્લિક વાઈ-ફાઈ સુવિધાજનક લાગી શકે છે.પરંતુ તે આપની ખાનગી અને નાણાંકીય જાણકારી માટે ખૂબ જ જોખમભર્યુ બની શકે છે.

આમાંથી અનેક પબ્લિક વાઈ-ફાઈ નેટવર્ક ઉચિત રીતે સુરક્ષિત નથી જેથી

(અનુસંધાન ૧૨ મા પાને)

# એકશન પર મંજુરી! PM મોદીના નિવાસે હાઈપાવર ડિફેન્સ પેનલની બેઠક શરૂ...

### સંરક્ષણમંત્રી રાજનાથ- ગૃહમંત્રી અમીત શાહ અને સેનાના ટોચના અધિકારીઓ હાજરઃ ઈસ્લામાબાદથી ડિફેન્સ એટેચી પણ દિલ્હી પરત આવી ગયા



નવી દિલ્હીઃ પહેલગામ હુમલાના પગલે જયાં પાકને 'શિક્ષા' કરવા ભારતની તૈયારી વચ્ચે દિલ્હીમાં નિર્ણાયક બેઠકોનો દૌર શરૂ થયો છે. ગઈકાલે સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંઘના નિવાસે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) શ્રી અનિલ ચૌહાણ ઉપરાંત રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત દોભલ સહિતના ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાઈ હતી અને બાદમાં આજે શ્રી રાજનાથસિંઘ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નિવાસે પહોંચ્યા હતા અને ગઈકાલની બેઠક અંગે માહિતી આપી હતી.

(અનુસંધાન ૧૨ મા પાને)

ક્રિષ્ના વોટર સપ્લાયર્સ
ચોખ્ખા પાણીનાં ટેન્કર
ખુબજ વ્યાજબી ભાવે
૨૪૦૦૦ લીટર, ૧૨૦૦૦ લીટર ૫૦૦૦ લીટર
94262 64100
પ્રો. કમલેશભાઈ સોરઠીયા
MANISH ADS

Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979
બારમાસી અથાણાંના એકધારા સ્વાદનું રહસ્ય...
RANI® GOLD સિંગતેલ
દાદી-નાની નો વરસોનો ભરોસો...
કેમીકલ રહીત - શુધ્ધ - સંપૂર્ણ કુદરતી રાણી સિંગતેલ થી તૈયાર થાય લાજવાબ બારમાસી અથાણાં...
For Exciting Recipes, Scan Me!




કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- 'યુનિટી પ્લસ', સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000
ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ; જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000
• શાપર : 97273 83000/84000/85000 • અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

વિવિધ કંપનીની
ક્રિકેટ કીટ
અગરવાલ સ્પોર્ટસ
ઢેબર રોડ (વન વે), જીવન બેંક પાસે, રાજકોટ. ફોન: 2228469, M : 93772 30707

REQUIRED tumblëdry LAUNDRY | DRY CLEAN
Billing Staff 5
· Graduate · 1 Year Experienced · Female Preferable
Pickup / Delivery Boys 5
· 10th Pass · 1 Year Experienced
Send resume on Whatsapp No. 90815 77746 or mail on nidmisolutions@gmail.com
INTERVIEW TIME : 05.00 pm to 7.00 pm.
Address : Tumbledry, Samta, 5, Narmada Park Corner, Vidyakunj Society Main Road, Off. Amin Marg, Rajkot.




BEST CORPORATE HOTEL IN RAJKOT
RPJ HOTEL
0281-6167777

PARIN FROZEN FOODS
100% Veg.
100% NATURAL
બારેમાસ કેરીનો રસ
એસ્ટ્રોન ચોક, રાજકોટ.
મો. 96384 67400 / 800

**પરિચય**



- ★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
- ★ પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ.
- ★ વાસ્તુ : પાવર ઓફ ડાઈરેક્શન એક્સપર્ટ.
- ★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
- ★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
- ★ માઈન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
- ★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
- ★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
- ★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

## અઠવાડિક રાશિ ભવિષ્ય

**૨૮/૦૪/૨૦૨૫થી ૦૪/૦૫/૨૦૨૫**

**સનતકુમાર વી. પોપટ : (પોલિટિકલ બિઝનેસ એસ્ટ્રો-વાસ્તુ કન્સલ્ટન્ટ,સાયન્ટિફિક કરિયર કાઉન્સેલર) (મો.) ૭૫ ૭૫ ૮ ૩૫ ૩૫ ૦ / ૯**

ૐ સોમવાર થી રવિવાર ૐ

### મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ચોથા સ્થાનનો સ્વામી ચંદ્ર પ્રથમ સ્થાનમાં રહેલા સૂર્ય પરથી પસાર થઇ રહ્યો છે. સ્વભાવમાં બિનજરૂરી ઉગ્રતા લાવવાથી બચવું. વાણી-વર્તનને લીધે પોતાનાઅંગત વ્યક્તિઓની લાગણી દુભાઈ નહીં, તે અંગે જાગૃત રહીને વર્તન કરવું. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાનમાં રહેલા ગુરુ પરથી થશે. આર્થિક વ્યવહારો ફળદાયી નિવડી શકે. ભોજનમાં ગળ્યા,ઠંડા-વાસી, અજાણ્યા પદાર્થોથી પરેજી રાખવી. કોઈ ટ્રીટમેન્ટ ચાલતી હોય તો દવાના સમયપત્રકમાં નિયમિતતા રાખવી ઇચ્છનીય ગણાશે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાન પરથી થશેજે પુરૂષાર્થ ક્ષમતામાં વધારો અપાવશે. સ્ટેમિના પૂર્વક કાર્ય કરી શકશો. નાની મુસાફરી તથા યાત્રા સુખદ ફળદાયી નિવડી શકશે. નાનાભાઈ-ભાંડું દ્વારા અપેક્ષિત સહકાર પ્રાપ્ત કરી શકાશે. પાડોશીઓ સાથે થયેલી ગેરસમજ દૂર થતા મન હળવું બનશે.

### મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બીજા સ્થાનનો સ્વામી ચંદ્ર અગિયારમા સ્થાનમાં રહેલાસૂર્ય પરથી પસાર થઇ રહ્યો છે. અહીં ચંદ્ર તથા સૂર્યનું કોમ્બિનેશન મિત્રો પર વધુ પડતો વિશ્વાસ રાખવાથી બચવાનું સૂચવે છે. ભૂતકાળમાં કરેલા માત્ર મૌખિક કાર્યોને લીધે ગૂંચવણ ન અનુભવો, તે માટે અમુક પ્રકારની ડિલિંગ લેખિત રાખવી ઇચ્છનીય ગણાશે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમે રહેલા ગુરુ પરથી શનિની દ્રષ્ટિમાં રહીનેથશે. કોઈપણ પ્રકારના વિવાદોમાં સમાધાનકારી વલણ અપનાવીને લેટ-ગો કરવાની ભાવના કેળવવી ઇચ્છનીય ગણાશે.સરકારી કામકાજોમાં કાયદાકીય રીતે અનુકૂળ હોય તેવા જ કાર્યો કરવા.વ્યય ભુવનમાં ગુરુ તથા ચંદ્રનું કોમ્બિનેશન શુભમાર્ગે ખર્ચ અપાવી શકે. સપ્તાહના અંત ભાગમાં પ્રથમ સ્થાન પરથી ચંદ્ર પસાર થતા વ્યક્તિત્વનો વિકાસ થાય. આત્મવિશ્વાસમાં વધારો અનુભવી શકો. દાંપત્યજીવનમાં મધુર સમયનો આનંદ માણી શકાય.સપ્તાહના અંતભાગમાં બીજે ચંદ્ર મંગળ યુતિ આકસ્મિક ધનલાભ અપાવી શકે.

### સિંહ રાશિ (મ, ટ)

સહ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં બારમા સ્થાનનો સ્વામી ચંદ્ર નવમા સ્થાનમાં રહેલા સૂર્ય પરથી પસાર થઇ રહ્યો છે. અહીં વ્યવસાય તથા સર્વિસમાં ઝડપી પ્રગતિ પામવા માટેના પ્રયત્નો કરવા જતા અનીતિ- અપ્રમાણિકતા પૂર્વકના કાર્યો ન કરી બેસાય તે અંગે માનસિક જાગૃત રહેવું ઇચ્છનીય ગણાશે. બાધા તથા માનતા પૂરી કરવાના પ્રયત્નો સફળ નિવડતા જણાય. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ દશમા સ્થાનમાં રહેલા ગુરુ ઉપરથી શનિની દ્રષ્ટિમાં રહીનેથશે.જે વ્યવસાય ક્ષેત્રમાં ઈમેજ જાળવવા માટે સંઘર્ષ કરીને કાર્યરત રહેવાનું સૂચવે છે. વડીલોના આશિર્વાદને પાત્ર બની શકો, તે પ્રકારના કાર્યો કરવામાં ચીવટ રાખવી ઇચ્છનીય ગણાય.કર્મ સ્થાનમાં ગુરુ અને ચંદ્રની યુતિ વ્યવસાયમાં લાંબા ગાળાના નિર્ણયો લઈ શકવા અંગે અનુકૂળતા આપશે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાન પરથી થશે.મિત્રો સહેલી દ્વારા જરૂરતના સમયે મદદ પ્રાપ્ત કરી શકો.

### તુલા રાશિ (ર, ત)

તુલા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં દશમા સ્થાનનો સ્વામી ચંદ્ર સાતમા સ્થાનમાં રહેલા સૂર્ય પરથી પસાર થઇ રહ્યો છે. દાંપત્યજીવનમાં નાની બાબતને લઈને કોઈ વિવાદ ઉત્પન્ન ન થાય , તે માટે જતું કરવાનું વલણ અપનાવવું હિતાવહ રહે. ભાગીદારો સાથે ભૂતકાળમાં કોઇ ગેરસમજ થઈ હોય તો મોટું મન રાખીને ઉકેલવાનો પ્રયત્ન કરવો. જાહેરજીવનમાં બોલવા ચાલવામાં સમય વર્તવો જરૂરી બને. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આઠમા સ્થાનમાં રહેલા ગુરુ ઉપરથી શનિની દ્રષ્ટિમાં રહીનેથશે.વિલ,વારસા કે હક્ક,હિસ્સા પ્રાપ્ત કરવાના પ્રયત્નો ધીરજપૂર્વકના રાખવા. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી જરૂરી બને.ગુરુ પરથી ચંદ્રનું ભ્રમણ ફિલોસોફીકલ બાબતોમાં આકર્ષણ આપી શકે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાન પરથીથશે. ધાર્મિક કાર્યમાં સહભાગી બની શકાય. કર્મક્ષેત્રે પ્રગતિ માટે નવીન તક પ્રાપ્ત થતી લાગે. વ્યક્તિત્વનો વિકાસ થાય. બુદ્ધિક્ષમતા દ્વારા પ્રશ્નો ઉકેલવાના પ્રયત્નો સફળ નિવડે.

### ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાનનો સ્વામી ચંદ્ર પાંચમા સ્થાનમાં રહેલા સૂર્ય પરથી પસાર થઇ રહ્યો છે. પ્રિયપાત્ર સાથે વિવાદ નિવારવો ઇચ્છનીય ગણાય. વિદ્યાર્થીઓને વિશેષ પરિશ્રમ આવશ્યકતા રહે.શેરબજાર કે અન્ય કોઇ જગ્યાએ લાંબા ગાળા માટે નાણાં રોકતા પૂર્વે નિષ્ણાંતની સલાહ અનિવાર્ય બને.સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાનમાં રહેલા ગુરુઉપરથી શનિની દ્રષ્ટિમાં રહીનેથશે. મોસાળ પક્ષ સાથેનાવ્યવહારો સમજપૂર્વક કરવા. જુના કોઈ રોગથી પીડાતા જાતકોએ ટ્રીટમેન્ટ તથા દવાનું સમયપત્રક ચુસ્તપણે અનુસરવું. આનંદ પ્રમોદ તરફ આકર્ષણ રહે. બિનજરૂરી ખરીદી તેમજ ખર્ચ પર અંકુશ રાખવો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું ભ્રમણ સાતમા સ્થાનપરથી થશે. દાંપત્યજીવનમાં ગેરસમજ દૂર થતાં મનહળવુંબનશે. વ્યવસાયના વિકાસ માટે નવી ભાગીદારી રચવા માટેના કાર્યો આગળ વધારી શકો. ધાર્મિક સ્થળની મુલાકાત શક્ય બને. વિકાસ-પ્રગતિ માટે નવીન તક પ્રાપ્ત થઈ શકે.

### કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં છઠ્ઠા સ્થાનનો સ્વામી ચંદ્ર ત્રીજા સ્થાનમાં રહેલા સૂર્ય પરથી પસાર થઇ રહ્યો છે. કોઈપણ પ્રકારની કોમ્પિટિશનમાં વધુ પડતો આત્મવિશ્વાસ રાખીને આંધળું સાહસ કરવાથી દૂર રહેવું. ખાસ કરીને કોઈ એગ્રીમેન્ટ કે કરારોમાં બંધાતા પહેલા તમામ બાબતોનો અભ્યાસ કરી જવો. નાના ભાઇભાંડુઓ સાથે વિવાદ નિવારવો. સપ્તાહના મધ્યભાગમાં ચોથા સ્થાનમાં રહેલા ગુરુ ઉપરથી ચંદ્ર શનિની દ્રષ્ટિમાં રહીનેપસાર થશે. માનસિક તણાવને લીધે કાર્યક્ષમતા પર અસર ન પહોંચે તે માટે આત્મવિશ્વાસપૂર્વક હળવાશથી કાર્ય કરવું. સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકારી દાખવવી નહીં. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાન પરથી થશે.પ્રણય પ્રસંગમાં સાનુકૂળતા અનુભવી શકો. વિદ્યાર્થીઓને તેની મહેનતનું ફળ પ્રાપ્ત થતું જણાય.સંતાનોના પ્રશ્નોનો ઉકેલ પ્રાપ્ત થવાથી મન હર્ષ અનુભવે.છઠ્ઠે નીચભંગ મંગળ-ચંદ્ર યુતિ જૂના રોકાણોથી વળતર અપાવી શકે. હરીફોથી વિજય રહે.

### વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનનો સ્વામી ચંદ્ર બારમાં સ્થાનમાં રહેલા સૂર્ય પરથી પસાર થઇ રહ્યો છે. અહીં નાનાભાઈ-બહેન સાથે કોઈ વિવાદ ચાલતો હોય તો કાનૂની પ્રક્રિયામાં સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ રહેશે. પોતાનું સારું-નરસું જોઈને અન્ય કોઈની વાતોમાં આવ્યા વગર દીર્ઘદ્રષ્ટિ યુક્ત નિર્ણયો લેવા જરૂરી બનશે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આપની રાશિમાં રહેલા ગુરૂ ઉપરથીશનિની દ્રષ્ટિમાં રહીને થશે. અહીં સ્વાસ્થ્યની જાળવણીમાં બિલકુલ બેદરકારી દાખવવી નહીં. કોઈ જગ્યાએ વધુ પડતો આત્મવિશ્વાસ દાખવવાથી બચવું. લાંબાગાળાના ગણતરી પૂર્વકના નિર્ણય લઈ શકાય. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બીજા સ્થાન પરથીથશે. લેખકો, કલાકારો તથા વાણીના વ્યવસાય સાથે સંકળાયેલા જાતકો માટે શુભ સમય ગણી શકાય. વકૃત્વ ક્ષમતામાં વધારો થઇ શકે.ભાવતા ભોજનની મિજબાની માણી શકાય.સપ્તાહના અંતભાગમાં ત્રીજે ચંદ્ર મંગળ યુતિ મનમાં ઉત્સાહ ઉમંગ રખાવે.

### કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ ચંદ્ર દશમા સ્થાનમાં રહેલા સૂર્ય પરથી પસાર થઈ રહ્યોછે. અહીં વ્યવસાય તથા કર્મક્ષેત્રે લાંબાગાળાના નિર્ણયો લેવાના થતા હોય તો થોડો સમય થંભી જવું. જન્મના ગ્રહો પરથી યોગ્ય માર્ગદર્શન મેળવીને આગળ વધવું.

વધુ પડતા સાહસથી દૂર રહેવું. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ અગિયારમા સ્થાનમાં રહેલા ગુરુ પરથી શનિની દ્રષ્ટિમાં રહીને થશે. મિત્રો સાથે સમજપૂર્વક વ્યવહારો કરવા.ઉછીના વ્યવહારોમાં બિલકુલ ચોખવટ પૂર્વક કામ કરવું.

લાભ સ્થાનમાં ગુરુ ચંદ્ર યુતિ જૂના અટવાયેલા નાણાંની પ્રાપ્તિ કરાવી શકે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ બારમા સ્થાન પરથી થશે. અહીં ભૌતિક સુખ-સગવડને લગતા સાધનોની ખરીદી શક્ય બને. જમીન, મકાન,મિલકતમાં રીનોવેશનના કાર્યો આગળ વધારી શકાય. જોકે અહીં વધુ પડતી મોજ મજામાં સમય વિતાવવાને લીધે કાર્ય પ્રત્યેની ગંભીરતા ગુમાવો નહીં , એ ધ્યાનમાં રાખવું ઇચ્છનીય ગણાશે.

### કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં અગિયારમાં સ્થાનનો સ્વામી ચંદ્ર આઠમા સ્થાનમાં રહેલા સૂર્ય પરથી પસાર થઇ રહ્યો છે. અહીં આકસ્મિક બનાવથી સાવચેતી રાખવી. ગેસ-અગ્નિ તથા ઇલેક્ટ્રિકથી ચાલતા સાધનો ઓપરેટ કરતા સમયે કાળજીપૂર્વક વર્તવું. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ નવમા સ્થાનમાં રહેલા ગુરુ ઉપરથી શનિની દ્રષ્ટિમાં રહીનેથશે. કર્મક્ષેત્રે કોઈ લાંબાગાળાનું આયોજન કે મોટા નિર્ણયો લેવાનું હોય તો થોડો સમય થંભી જવું. બની શકે તો જન્મના ગ્રહોપરથી યોગ્ય માર્ગદર્શન મેળવીને આગળ વધવું ઇચ્છનીય ગણાય.ચંદ્ર સાથે ગુરુનું કોમ્બિનેશન ધાર્મિક સ્થળની યાત્રાનો લાભ અપાવી શકે.

સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ દશમા સ્થાનપરથી થશે. ઈમેજ , પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે તેવા કોઈ કાર્ય સંપન્ન બનાવી શકાય.અગિયારમે લક્ષ્મીયોગની અસર હોતા અણધાર્યો લાભ પ્રાપ્ત થઈ શકવાની શકયતા નકારી શકાતી નથી. એકંદરે સપ્તાહનો અંત ભાગ શુભ રહે.

### વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિના જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં નવમા સ્થાનનો સ્વામી ચંદ્ર છઠ્ઠા સ્થાનમાં રહેલાસૂર્ય પરથી પસાર થઈ રહ્યો છે. પ્રતિસ્પર્ધા તથા કોમ્પિટિશનમાં ખૂબ જ સાવચેતીપૂર્વક આગળ વધવું. વધુ પડતા આત્મવિશ્વાસમાં રહીને નુકસાન સહનન કરવું પડે તે બાબત ધ્યાનમાં રાખવી. મોસાળ પક્ષ સાથેના વ્યવહારોમાં ચોખવટ પૂર્ણ રહીનેવર્તવું ઇચ્છનીય ગણાશે. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાનમાં રહેલા ગુરુ ઉપરથી શનિની દ્રષ્ટિમાં રહીને થશે. અહીં જીવનસાથી સાથે વિવાદ ઉત્પન્ન ન થાય તે માટેલેટ-ગોની ભાવના વિકસાવવી. અવિવાહિત જાતકોએ પસંદગીમાં ધીરજ રાખવી. નવી ભાગીદારીનો વિકાસ કરવા પૂર્વે થોડો સમય થંભી જવું. ગુરુ પરથી ચંદ્ર પસાર થતાં જાહેરજીવનમાં બુદ્ધિમતા પૂર્વક વર્તીને ઈમેજમાં વધારો કરી શકો. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આઠમા સ્થાનપરથી થશે. મીઠાશ યુકતવાણી દ્વારા ધાર્યું કાર્ય પાર પાડી શકાય.નવમે નીચભંગ મંગળ ચંદ્ર યુતિ પ્રગતિ માટે નવી તક આપે.

### મકર રાશિ (ખ, જ)

મકર રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનનો સ્વામી ચંદ્ર ચોથા સ્થાનમાં રહેલા સૂર્ય પરથી પસાર થઇ રહ્યો છે. જાહેરજીવનમાં વાણી-વર્તન પર અંકુશ રાખવો. અહીં કોઈ પણ બાબતને મનમાં સતત વિચાર્યા કરીને બિનજરૂરી મનોભાર ઉત્પન્ન કરવાથી બચવું. માતાની તબિયત પાછળ દોડધામ કે ખર્ચ ઉત્પન્ન થઇ શકે છે.મિલકતને લગતા કાર્યો સમજપૂર્વક કરવા. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ પાંચમા સ્થાનમાં રહેલા ગુરુ ઉપરથી શનિની દ્રષ્ટિમાં રહીનેથશે. સંતાનની તબિયત અથવા પ્રશ્નો ગંભીરતા પૂર્વક ધ્યાન રાખીને ઉકેલવાનો પ્રયત્ન કરવો.કોમ્પિટીટીવ પરીક્ષાની તૈયારી કરતા જાતકોએ આયોજનબદ્ધ મહેનતની આવશ્યકતા રહે.ગુરુપરથી ચંદ્ર ભ્રમણ આકસ્મિક ધન લાભ અપાવે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ છઠ્ઠા સ્થાનપરથી થશે. જૂના રોગ કે દર્દોથી રાહત ઉત્પન્ન થતી જણાય. હરીફાઈ તથા પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત કરી શકો.ઊંઘ તથા આરામનુંસમય પત્રક સમતોલ રીતે રાખવું ઇચ્છનીય બને.

### મીન રાશિ (દ, ચ)

મીન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં પાંચમા સ્થાનનો સ્વામી ચંદ્ર બીજા સ્થાનમાં રહેલા સૂર્ય પરથી પસાર થઇરહ્યો છે. જુના કોઈ રોકાણો કરેલા હોય તો સમજપૂર્વક વહીવટ કરવા અથવા તો લાંબા ગાળાની દ્રષ્ટિ સાથે ધીરજપૂર્વક રોકાણો જાળવી રાખવા. સપ્તાહના મધ્યભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ત્રીજા સ્થાનમાં રહેલા ગુરુઉપરથી શનિની દ્રષ્ટિમાં રહીને થશે. જે કોઈપણ ડોક્યુમેન્ટ્સમાં સહી કરતા પૂર્વે સાવચેત રહેવાનું સૂચવે છે. ત્રીજા સ્થાનમાં રહેલા ગુરુ પરથી ચંદ્ર પસાર થતા બુદ્ધિગમ્ય નિર્ણય લઈ શકાય. સપ્તાહના અંતભાગમાં ચંદ્રનું પરિભ્રમણ ચોથા સ્થાનપરથી થશે. મિલકત, વાહન,દુકાન, શોરૂમના રીનોવેશન તથા બ્યુટીફીકિશનના કાર્યો પાર પાડી શકાય. વીમા-પ્રીમિયમ, ઇન્શ્યોરન્સના અટકેલા કાર્યો આગળ વધતા જણાય શકે. વતનને લગતા પ્રશ્નો ઉકેલી શકો.સપ્તાહના અંત ભાગમાંચોથા સ્થાનપરથી ચંદ્ર પસાર થશે. મન પ્રફુલ્લિત રહે. નાની મુસાફરી-યાત્રા દ્વારા રૂટિનમાં ચેન્જલાવવાનો પ્રયત્ન ફળદાયી નિવડી શકે.

* * *

## સુવિચાર

**શ્રદ્ધાનો અર્થ એ નહીં કે**
**હું જે ઈચ્છીશ એ જ ભગવાન કરશે**
**પણ શ્રદ્ધાનો એ અર્થ છે કે**
**ભગવાન જે કરશે એ જ મારા માટે**
**સર્વશ્રેષ્ઠ હશે !**

# એસઆઈપી જેટલો લાંબો હશે, તેટલું ઓછું જોખમ હશે

નવી દિલ્હી,તા.૨૮

જ્યારે માર્કેટ વધે છે ત્યારે રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડ અને સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન્સમાં ઘણાં નાણાંનું રોકાણ કરે છે. બીજી તરફ, જ્યારે બજાર સતત ઘટે છે, ત્યારે તેઓ એસઆઈપીની ઉપયોગિતા પર શંકા કરવાનું શરૂ કરે છે. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઓફ ઇન્ડિયાના ડેટા અનુસાર, જુલાઈ ૨૦૨૪ માં લગભગ ૭૨ લાખ નવા એસઆઈપી નોંધાયા હતા. માર્ચ ૨૦૨૫માં આ આંકડો ઘટીને માત્ર ૪૦ લાખ થઈ ગયો હતો.

### શું એસઆઈપી કામ કરે છે? :-

સવાલ એ છે કે શું એસઆઈપી ખરેખર કામ કરે છે? અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે જો તમે ઓછામાં ઓછા ૧૦ વર્ષ સુધી રોકાણ કરો છો, તો ઇક્વિટી ફંડ્સમાં કરવામાં આવતી એસઆઈપી તમારા પૈસા ગુમાવશે નહીં. ત્યાર બાદ તમારી જંઈડ પોઝિટિવ રિટર્ન આપવા લાગે છે.

### ટૂંકા ગાળામાં શું થાય છે ? :-



અભ્યાસ અનુસાર, ટૂંકા ગાળામાં વળતર એકદમ અસ્થિર હોઈ શકે છે. ૧ વર્ષ, ૨ વર્ષ અને ૩ વર્ષની એસઆઈપીમાં વળતર - ૩૩.૮૦ ટકા, - ૮.૮૦ ટકા અને - ૩.૮૦ ટકા હોઈ શકે છે. સાથે જ આ સમયગાળામાં એસઆઈપી રિટર્ન પણ ૧૭૪.૨૦ ટકા, ૧૨૯.૪૦ ટકા અને ૭૪.૯૦ ટકા રહ્યું છે. પરંતુ જેમ જેમ સમય આગળ વધે છે તેમ તેમ વળતરમાં વધઘટ ઘટતી જાય છે.

એએમએફઆઈના ડેટા બતાવે છે કે એસઆઈપી બંધ થવાની સંખ્યામાં વધારો થયો છે. જાન્યુઆરી ૨૦૨૫માં ૬૧,૩૩,૦૦૦ એસઆઈપી બંધ કરવામાં આવી હતી. જૂન ૨૦૨૪ માં લગભગ ૩૨,૪૦,૦૦૦ એસઆઈપી બંધ કરવામાં આવી હતી.

જોકે, આનો અર્થ એ નથી કે રોકાણકારો ડરના માર્યા પૈસા ઉપાડી રહ્યા છે. એસઆઈપી બંધ થવાની સંખ્યાનો અર્થ એ પણ થઈ શકે છે કે તેઓએ કાં તો તેમની મુદત પૂર્ણ કરી લીધી છે અથવા સમાપ્ત કરવામાં આવી છે. પરંતુ ઘણા રોકાણકારો ગભરાઈને એસઆઈપી બંધ કરી દે છે. સાથે જ ઘણા એવા રોકાણકારો પણ છે જેઓ બજારના ઉતાર-ચઢાવ છતાં વર્ષોથી પોતાની એસઆઈપી ચાલુ રાખે છે.

### આંકડાઓ શું કહે છે :-

**૭૨ લાખ:** જુલાઈ ૨૦૨૪ માં નોંધાયેલા નવા એસઆઈપીની સંખ્યા.

**૪૦ લાખ:** માર્ચ ૨૦૨૫ માં નવી એસઆઈપી નોંધાઈ

**૬૧,૩૩,૦૦૦:** એસઆઈપીની સંખ્યા જાન્યુઆરી ૨૦૨૫માં બંધ થઈ હતી.

**૩૨,૪૦,૦૦૦ :** જૂન ૨૦૨૪માં એસઆઈપીની સંખ્યા બંધ થઈ હતી



## આજનું ચિંતન

### વખાણ

- ■ આખી જિંદગી બોજો ઉઠાવ્યો ખીતીએ અને લોકો વખાણ કરે છે તસ્વીરના.
- ■ માળાના વખાણ બધા કરે છે, કેમ કે ત્યાં મોતી દેખાય છે, હું તો વખાણ દોરાના કરીશ જેણે બધા મોતીને ગુંથી રાખ્યા છે.
- ■ વખાણ કર્યા વગર કોઇ ખુશ થતું નથી, ખોટુ બોલ્યા વગર વખાણ થતા નથી.
- ■ વખાણ હોય કે વહાણ ભાર વધી જાય ત્યારે ડૂબાડે જ.
- ■ વખાણના પુલ ઉપરથી સાવચેતીથી પસાર થાવુ, કારણ કે નીચે મતલબની નદીઓ વહેતી હોય છે.
- ■ સારા માણસોને કોઇ દિવસ વખાણની જરૂર નથી પડતી કેમ કે સાચા ફુલો પર ક્યારેય અત્તર ન છાંટવુ પડે.
- ■ કોઇના વખાણ ન કરી શકો તો કશો વાંધો નહિ બીજાના વખાણ સાંભળી શકો તોય ઘણું.
- ■ ગમે એટલા સારા કામ કરો વખાણ તો સ્મશાન ભૂમિમાં જ થાય છે.
- ■ કોઈની વાતોમાં આવી જવાનું નહીં, અહીં તો લોકો વખાણ પણ મતલબથી કરે છે.

# ત્રણ વાતો સુમધુર સંબંધો માટે



પરમાત્માના અપાયેલા અનમોલ જ્ઞાનમાંથી દાદીએ બતાવેલા શ્રેષ્ઠ જીવન માટે અને સંબંધોને સુમધુર બનાવવા માટેની ત્રણ બાબતો સમજીએ અને અમલમાં લાવીએ.

૧) પ્રથમ વાત, કોઈપણને મળો હમેશા હંસીને(મુસ્કુરાહટ સાથે) મળવાનુ ન ભૂલીએ. કોઈ ક્રોધી પણ સામે આવી જાય છે તો પણ તેની સામે એકવાર સ્માઈલ જરૂર આપવુ, જેનાથી તેનો ક્રોધ શાંત થઈ જશે. કહેવાય પણ છે ક્રોધ આગ છે. ક્રોધી વ્યક્તિ લાલ-પીળો થઈ જાય છે. ક્રોધ તેને સળગાવે છે. તેથી તેને ઠંડુ પાણી પીવડાવીએ છીએ ને! ક્રોધી વ્યક્તિને થોડા સમય માટે, પ્રત્યુત્તરમાં એકપણ શબ્દ ન બોલવો જોઈએ કારણ કે તે શબ્દ પણ આગમાં તેલ રેડવા જેવું થશે અને તેનો ક્રોધ વધુ ભડકશે. તેને બદલે તેને શીતલ જળની બુંદ રૂપી શાંતીનો અનુભવ કરાવવો, તેના બોલને હળવું સ્માઈલ આપીને સાંભળી લઈએ. આમેય મુસ્કાનમાં એટલી તાકાત છે કે સામેવાળી વ્યક્તિ અજાણી હશે તો પણ તમને પ્રતિ ઉત્તરમાં એક સેકન્ડની મુસ્કાન જ આપશે. તે રીતે ઘડીભરનું સુખ ક્રોધીને પણ આપીએ!

**મૂલ્યોની મહેક**

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

Brahma Kumaris - Rajkot 1969 - 2019 Golden Jubilee

૨) તેજ રીતે, જયારે આપને ત્યાં કોઈ આવે છે તો તેને એવરરેડી સરબત પીવડાવીએ. જેમ કે અત્યારે ગરમીની સીઝન ચાલે છે તો આવનારને સરબતની ઓફર કરીએ છીએ. તો એવું એવરરેડી સરબત, સદા રેડી રાખીએ. જેને બનાવવું ન પડે અને તે દરેક સીઝનમાં બધાને પીવડાવી શકાય છે. આ એવરરેડી ઠંડક આપતુ સરબત એટલે- મીઠા મધુર બોલ. કોઈપણને મળીએ આ સરબત સદાયે હાજર હોય, સર્વને તુરંત પીવડાવી મીઠા બનાવી દઈએ.

૩) ત્રીજી બાબત, જયારે કોઈ આવે છે અથવા કોઈને મળીએ છીએ તો તેમને દિલખુશ મીઠાઈ જરૂર ખવડાવીએ. આ મીઠાઈ પણ સદા તૈયાર છે. અર્થાત જે કોઈને મળીએ છીએ, જો દિલ ખુશ બનીને મળીશુ તો સામેવાળી વ્યક્તિ પણ દિલ ખુશ કરીને, દિલખુશ મીઠાઈ ખાશે. ઉપર ઉપરથી નહી દિલથી ખુશ બનીને મળીએ કે આવકારીએ.

આમ આ ત્રણેય બાબતો સદા યાદ રાખવાથી ઘર મંદિર બની જશે. અને આપણું ભારત પણ રામરાજય બની જશે, જે બાપુ ગાંધી ઈચ્છતા હતા. તો વળી ઈશ્વર કે જે બાપુના પણ બાપુજી છે તે પણ જરૂર ઈચ્છે છે કે વિશ્વના મારા સર્વ સંતાનો હળીમળીને ખુશીથી રહે. સર્વ સુખ, શાંતિમય રહે. તો આવું સુખ, શાંતિમય રાજય કોણ લાવશે? આપણે જ ને! તો કદી મુંજ(મુંજવણ)માં નહી પરંતુ મોજમાં રહીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ સુદ-૨, તા.૨૯/૪/૨૫, મંગળવાર

સૂર્યોદય : ૬-૧૮, સૂર્યાસ્ત : ૭-૧૦, જૈન નવકારશી : ૭.૦૬
રાશિ : વૃષભ (બ.વ.ઉ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** કાર્ય શકિત ગજબની રહેવાની, નવી ઓળખાણ થાય, ધાર્મિક સંસ્થામાં હોદો મળે, લકઝરી ચીજ વસ્તુની ખરીદી થાય.

**વૃષભ :** સીઝનલ ધંધામાં અનુકુળતા રહેવાની, અંગત જીવનમાં ગેરસમજો ટાળજો, મિત્રો સાથે પ્રવાસ થાય.

**મિથુન :** મિલન મુલાકાત માટે સારો દિવસ રહેવાનો, નોકરીમાં નવી ઓફર આવે, ધાર્મિક કાર્યમાં સફળતા રહે.

**કર્ક :** વિકાસની તક માટે ઉતમ સમય રહેવાનો, આવકનું પ્રમાણ વધે, સ્વાસ્થ્ય બાબત સુધારો રહે, જમીનના કામકાજમાં લાભ.

**સિંહ :** વધુ પડતા ઈમોશનલ ન થતા નહીં તો મુશ્કેલીમાં મુકાઈ જતા વાર નહીં લાગે, સંતાનોની સગાઈના પ્રશ્નોમાં સફળતા.

**કન્યા :** કોઈપણ કાર્યમાં બેદરકારી રાખવાથી દુર રહેજો, નોકરીમાં અધિકારી વર્ગને સહકાર દેજો, વિદેશ જવાની તક મળે.

**તુલા :** આપને સુખ સગવડતાઓમાં વધારો થાય, આવકનું પ્રમાણ વધી શકે છે, વિદેશથી આર્થિક લાભ મળશે.

**વૃશ્ચિક :** આપને રોજગાર બાબતના પ્રશ્નોનું નિરાકરણ આવે, નકારાત્મક બાબતોના વિચારોથી દુર રહેજો.

**ધન :** આપને કૌટુંબિક પ્રશ્નો હલ થવાના મનની શુભ ઈચ્છાઓ ફળવાની, મિલ્કત બાબત અનુકુળતા રહેશે.

**મકર :** આપને યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય, આવકની સાથે ખર્ચ પણ રહેવાનો, નવી મિત્રતા થઈ શકે છે.

**કુંભ :** આપને વ્યવસાયને લઈને પ્રવાસ થાય, જેમાં કાર્ય સફળતા પણ મળી શકે છે, રાજકીય લાભ રહેવાનો.

**મીન :** આપનો કામ કરવાનો અંદાજ ખુબ જ વ્યવસ્થિત છે, જેને લઈને તમોને જરૂર સફળતા મળવાની.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



રાધમ પાસ

■ માધવી નરેશ શાહ



### આડી ચાવી

૧. અભિનેતા ઓમ પુરીના પ્રથમ પત્ની (૫)
૪. એકધારી, એક જ વાત (૩)
૫. એક જ અક્ષર આવશે (૩)
૬. મમ્મીની ભાભી (૨)
૬. ઇન્સાનિયત (૪)
૭. દિલ્હીનું સ્થળ : જંતર ... (૩)
૮. અથડામણ (૫)
૯. ખોટ સમયે (૩)
૧૦. સેલ્સટેકસ (૫)
૧૧. કી ગુજરાતી (૨)
૧૨. ...ગયા, લિસોટા રહ્યા (૨)
૧૩. રસી, પરૂ (૨)
૧૪. પંજાબની નદી (૨)
૧૫. કિંગ (૨)
૧૫. ભાત, રાંધેલા ચોખા (૩)
૧૬. શ્વાન-ખોટી રીતે લખો (૨)
૧૭. માથુ નમાવીને (૫)
૧૮. ...હજુરી (૧)
૧૯. ફાંસી શું છે ? (૨)
૧૯. સુરક્ષિત (૪)
૨૦. ઓછા બોલો (૪)
૨૧. હિસ્સો (૨)
૨૨. આર્ટ (૨)
૨૩. સુરેન્દ્રનગર નજીકનું ગામ (૪)
૨૩. ...યાત્રા કરી આવે તેના નામ આગળ 'હાજી' લાગે (૨)
૨૪. એક કઠોળ (૨)
૨૫. અનાજ (૨)
૨૬. ઉર્મિલા માતોંડકરની ફિલ્મ (૨)
૨૬. રાજાનું નિવાસસ્થાન (૩)
૨૭. લોકોનો અભિપ્રાય (૪)
૨૮. વજુભાઇ બનારસીનું ટૂંકુ (૨)
૨૯. ગાયનું વિરોધી (૩)
૩૦. ઇન્ટરનેટના ઘુસણખોર (૩)
૩૧. સૂર્ય (૨)
૩૨. બાદલ (૩)
૩૨. ...વિવાદ (૨)
૩૩. દેવઆનંદના ડિરેક્ટર ભાઇ (૬)

### ઉભી ચાવી

૧. જૈનોના એક તિર્થંકર (૬)
૨. પછડાટ (૨)
૩. ટેકસ (૪)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સિ | કં | દ | ર | | ક | લ | મ | | | પા | ટ | ણ | વા | વ |
| કં | સ | | વિ | ગ | ત | | હા | જી | મ | સ્તા | ન | | | |
| દ | | ચા | | મા | | તા | રા | જી | | | લ | લ | કા | ર |
| રા | જ | કુ | મા | ર | હિ | રા | ણી | | બં | ધ | | સ | | |
| બા | ગ | | લ | | લ | પુ | | હ | ગ | | ભા | ણ | વ | ડ |
| દ | મા | લ | દા | ર | | ર | જ | વા | ડી | | ણી | | જ | લ |
| | લ | શ્ક | ર | | બ | | જ | મ | | જ | | પા | ન | |
| ક | ચો | રી | | મ | ગ | જ | | હે | મા | મા | લિ | ની | | ચ |
| લા | ક | | લ | લ | લ | લ | લ | લ | લ | | ખિ | | | મે |
| કા | | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| ર | વિ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| | સ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| મા | ન | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| | ગ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| ગ | સ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |

## વોંકળાનુ કામ ૨૪ કલાક ચાલુ રાખીને જને બદલે ૨ માસમાં પૂર્ણ કરો?

# સર્વેશ્વર ચોકના કામમાં 'કાચબા ગતિ'; લોકડાઉન જેવી હાલત સામે વેપારીઓ મેદાને





(તસ્વીર : પંકજ શીશાંગીયા)





## યાજ્ઞિક રોડ બંધ કરાયો હોવાથી વેપાર-ધંધા ભાંગી ગયા- વેપારીઓને મોટુ આર્થિક નુકશાનઃ કામ ધીમુ ચાલ્યુ તો નવરાત્રી-દિવાળી બગડવાનું જોખમઃ હવે તંત્ર સમક્ષ રૂબરૂ નગારે ઘા કરવા તૈયારી

રાજકોટ,તા.૨૮

રાજકોટનાં હાર્દસમા યાજ્ઞીક રોડ ઉપર સર્વેશ્વર ચોક પાસે વોંકળાના નવિનીકરણ કામ માટે માર્ગ અમુક માસ બંધ રાખવાના નિર્ણય કોર્પોરેશન તંત્ર દ્વારા લેવાયા બાદ હાલ માર્ગમાં બંને સાઈડ પતરાની આડશ-બેરીકેટ મુકી બંધ કરાયા બાદ આસપાસની દુકાનો કોમ્પલેક્ષ સહિતની તમામ દુકાનોના વેપારીઓનાં ધંધા રોજગાર ઠપ્પ થયા છે તો બીજી તરફ વોકળાનું કામ તદ્દન ગતિથી ચાલતુ નિહાળી વેપારીઓ એકઠા થયા હતા. અને કામને ૨૪ કલાક અવિરત ચાલુ કરી વહેલી તકે કામ પૂર્ણ થાય તેવી માંગણી ઉઠાવી હાલ વેપારીઓનાં થતા નુકશાનની શું? શું મનપા તંત્ર કોઈપણ પ્રકારે મદદ કરશે? તેવા વેધક સવાલો વેપારીઓ ઉઠાવ્યા છે.સાંજ સમાચાર કોર્પોરેટ હાઉસની મુલાકાતે આવેલા સર્વેશ્વર ચોકના સીટી પ્લાઝા, હિરા પન્ના, શિવમ્ કોમ્પ્લેક્ષ-૧,૨, ત્રિવેણી હાઈટ, અમૃત કોમ્પ્લેક્ષ, પ્રભાત કોમ્પ્લેક્ષ, યોગેશ્વર કોમ્પ્લેક્ષ, સહિત આસપાસની દુકાનોનાં વેપારીઓના જણાવ્યા પ્રમાણે મનપા તંત્ર દ્વારા વોકળાનાં કામ માટે માર્ગ બંને સાઈડથી બંધ કરી પતરા-બેરીકેટ મુકાતા હાલના દિવસોમાં વેપાર-ધંધા રોજગારને ૯૦ ટકા નુકશાન સાથે વેપારીઓનું મોટું આર્થીક નુકશાન થઈ રહ્યું છે કામ શરૂ થયુ ત્યારે મનપાના સંબંધિત અધિકારીઓએ વોકળાનું રીપેરીંગ કામ ઝડપભેર પૂર્ણ કરવાની હૈયાધારણા આપી હતી.બાદ છેલ્લા ૮ દિવસ યાજ્ઞિક રોડનો મુખ્ય માર્ગ બંને સાઈડથી બંધ કરી કામ શરૂ કરાતા વેપાર રોજગારને માથી અસર પડતા વેપારી વાજ આવી ગયા છે. અમુક વેપારીઓને બપોર બાદ માંડ-માંડ બોલી થઈ રહી છે. તો અમુક વેપારીઓનો માત્ર દિવાબતી જ કરવા દુકાને જતા હોય તેવી હાલતમાં મુકાયા છે. બીજી તરફ આ વોકળાનું દિવસભર માત્ર બે-ત્રણ કલાક ચાલતુ નિહાળી વેપારીઓને કામ ઘણા માસ સુધી લંબાઈ તેવો ધ્રાસકો લાગતા સાંજ સમાચાર દૈનિકનાં માધ્યમથી મનપા સતાધીશોને કામ ઝડપભેર આગળ વધારવા બુલંદ માંગણી ઉઠાવી છે આ બાબતે આગામી દિવસો મેયર, સ્ટેન્ડીંગ ચેરમેન કમિશઅનરને રજૂઆત કરવા જનાર હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું.

વેપારીઓએ વધુમાં જણાવ્યું હતુ કે, હાલ રોડની બંને સાઈડ પાર્કિંગ માટે બેરીકેટ મુકયા છે. પરંતુ પાર્કિંગમાં અવ્યવસ્થા સર્જાતા વેપારીઓને વાહન પાર્ક કરવામાં ખુબ જ મુશ્કેલી પડે છે. આ બાબતે પણ જરૂરી કાર્યવાહી કરવા વેપારીઓએ માંગણી ઉઠાવી છે. વેપારીઓએ જણાવ્યું હતુ કે હાલ વોકળાના કામને કારણે યાજ્ઞિક રોડ બંને બાજુથી બંધ કરાતા વેપાર-ધંધાની હાલત લોકડાઉનના સમય જેવી જોવા મળી રહી છે. ગ્રાહકોને આવવામાં મુશ્કેલી પડતા ધંધા રોજગારને ૯૦ ટકા અસર પડી હાલની કાળઝાળ મોંઘવાણી બીજી તરફે દુકાનના તોતીંગ બેરા, વિજળી બીલ, માણસોના પગાર સહિત ખર્ચનો બોજ ઉઠાવવો મુશ્કેલ બન્યો છે. મનપા તંત્ર અને બાંધકામ કોન્ટ્રાકટર વોકળાંના કામ ૨૪ કલાક ચાલુ રાખી વહેલી તકે પૂર્ણ કરે તેવી માંગણી છે. હાલ આ કામ ગોઠળગાયની ગતિથી પણ વધુ ધીમુ ચાલતા આગામી ચોમાસુ ઋતુમાં પણ પરિસ્થિતિ વિકટ બને ઉપરાંત આગામી જન્માષ્ટમી અને નવરાત્રી અને દિવાળીના બગડે તેવી દહેશત હોય આ કામ ૨૪ કલાક ચાલુ રાખી વહેલી તકે પૂર્ણ કરવા વેપારીઓએ એક સુરે માંગણી ઉઠાવી છે. સાથે હાલના દિવસોમાં વેપારીઓને થતા આર્થિક નુકશાન માટે જવાબદાર કોણ ? મનપા તંત્ર નુકશાની ભરપાઈ કરશે? કોઈપણ પ્રકારે સહાય કરે તેવી વેપારીઓ આશા રાખી બેઠા છે.આગામી દિવસોમાં આ બાબતે મનપા કમિશ્નર, મેયર, ચેરમેનને રૂબરૂ રજુઆત કરવામાં આવશે.

સાંજ સમાચાર કાર્યાલયની મુલાકાતે યાજ્ઞિક રોડ અને સર્વેશ્વર ચોકના વેપારી ચંદ્રેશભાઈ શાહ, નિશાંત પટેલ, નવીનભાઈ છાબરીયા, પરેશભાઈ ધનવાણી, નિરવભાઈ શાહ, વિશાલભાઈ વાઘવાણી, અક્ષયભાઈ ગોહેલ, રાજેશભાઈ સોની, પ્રતિકભાઈ મહેતા, મોહિલભાઈ, રાજીવભાઈ પુરોહીત, હિતેષભાઈ શાહ, ધનશ્યામભાઈ પરમાર, દિલીપભાઈ વાઘેલા, સંકેતભાઈ મહેતા, હિરેનભાઈ વિઠ્લાણી, શ્યામભાઈ રાદવાણી, હિતેષભાઈ જોષી સહિતના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### વેપારીઓના આર્થિક નુકશાન માટે જવાબદાર કોણ ? મનપા કોઈપણ પ્રકારે સહાય કરશે ?

#### અમદાવાદમાં મેટ્રોના કામ દરમિયાન વેપારીઓને વળતર મળ્યુ હતુઃ રાજકોટમાં વોંકળાનું કામ શરૂ થતા તંત્ર કંઈક વિચારે

રાજકોટ,તા.૨૮

રાજકોટના યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોક પાસે વોકળાના કામમાં હાલ મુખ્ય માર્ગ ૪ માસ માટે બંધ કરવામાં આવતા આસપાસના ૨૫૦ -૩૦૦ વેપારીઓને વેપાર ધંધા ઉપર અસર પડી છે ત્યારે આ કામમાં ઝડપ લાવવા વેપારીઓએ એક સુરે માંગ ઉઠાવી છે.હાલ વેપારીઓના ધંધા-રોજગારને ૯૦ ટકા અસર પડી છે. વેપારઓને થતાં આર્થિક નુકશાન માટે જવાબદાર કોણ ? મનપા કોઈપણ પ્રકારે વળતર-સહાયની મદદ કરશે ? તેવા વેધક સવાલો ચર્ચામાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં મેટ્રો ટ્રેનના કામકાજ સમયે વેપારીઓને મનપા તંત્રએ આર્થિક મદદ કરી હતી ત્યારે રાજકોટ મનપા તંત્ર દ્વારા આ દિશામાં કોઈ નકકર પગલા લેવામાં આવે સાથે વેપારીઓની મુશ્કેલી દૂર કરવા કામ ઝડપી બનાવશે?

# ૬ જીલ્લામાં ભૂગર્ભ જળ ચાર મીટર સુધી ઉંચા આવ્યા

## આઠ વર્ષનાં પ્રયાસોનાં પરિણામ મળ્યાઃ અટલ ભુજલ યોજના વધુ એક વર્ષ લંબાવવામાં આવી



ગાંધીનગર તા.૨૮

દેશભરમાં ભુગર્ભ જળનાં બેફામ ઉપયોગને રોકવા તથા પાણીના સ્તર ઉંચા લાવવાનાં આશયથી શરૂ કરાયેલી અટલ ભૂજપ યોજનાનાં પરિણામ મળવા લાગ્યા હોય તેમ ગુજરાતમાં છ જીલ્લામાં ભૂગર્ભ જળ ચાર મીટર સુધી ઉંચા આવ્યા છે.

મંત્રી કુંવરજીએ માહિતી આપતાં કહ્યું હતું કે, અટલ ભુજલ વિસ્તારમાં પાણીની માંગ ઘટાડવા અને પૂરવઠો વધારવા માટે હાથ ધરાયેલ પ્રયાસોથી ભૂગર્ભ જળ લેવલમાં થતા ફેરફારના અભ્યાસની સાથે ભૂગર્ભ જળ લેવલ અને ગુણવત્તાના મોનિટરિંગ માટે પસંદ કરાયેલા ૦૬ જિલ્લાઓમાંના અટલ ભુજલ યોજના વિસ્તારના ૩,૦૬૦ સ્ટેશન પર નિયત સમયાંતરે મોનિટરિંગ હાથ ધરવામાં આવે છે. જે પૈકી અટલ ભૂજલ યોજના ડીસબર્સમેંટ લીક ઈંડીકિટર-પની માર્ગદર્શિકા મુજબ ભૂગર્ભ જળ લેવલ નીચા જવાના દરના મૂલ્યાંક્ન માટે ન્યુનતમ ડેટા રીકવાયરમેંટના માપદંડ મુજબ વિશ્લેષણ પાત્ર થતા ૪૪૧ સ્ટેશનના ભૂગર્ભ જળ મોનીટરીંગના આંકડાઓનું પૃથ્થકરણ કરવામાં આવ્યું છે.

જેમાં, અટલ ભૂજલ વિસ્તારમાં વિશ્લેષણ પાત્ર થતા ૪૪૧ મોનિટરિંગ સ્ટેશનમાં ૩૧૦ ગ્રામ પંચાયતમાં આવેલી છે. જે પૈકી ૨૮ તાલુકાની ૧,૫૧૧ ગ્રામ પંચાયતોમાંથી ૧૩૦ ગ્રામ પંચાયતના ૧૯૫ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૫ થી ૨૦૨૩ના પ્રી-મોનસુન અને પોસ્ટ મોનસુનના સરેરાસ વોટર લેવલ સામે વર્ષ ૨૦૨૪માં પ્રી-મોનસુન અને પોસ્ટ મોનસુનના વોટર લેવલ ઊંચા આવ્યા છે. આ ૧૯૫ મોનિટરિંગ સ્ટેશન પૈકી પ્રી-મોનસુનમાં ૬૦ સ્ટેશનમાં ૪ મીટર કરતાં વધારો, ૫૪ સ્ટેશનમાં ૨ થી ૪ મીટર સુધી અને ૭૯ સ્ટેશનમાં ૨ મીટર સુધી જળ સ્તર ઊંચા આવ્યા છે. જયારે પોસ્ટ મોનસુનમાં ૭૩ સ્ટેશનમાં ૪ મીટર કરતાં વધારે, ૪૯ સ્ટેશનમાં ૨ થી ૪ મીટર સુધી તેમજ ૭૧ સ્ટેશનમાં ૨ મીટર સુધી જળ સ્તર ઊંચા આવ્યા છે

મંત્રીએ કહ્યું હતું કે, આ યોજનાનો સમયગાળો પાંચ વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫નો નક્કી કરાયો હતો. જેને વધુ એક વર્ષ ૨૦૨૫-૨૬ સુધી લંબાવાયો છે. એપ્રિલ-૨૦૨૦થી ભૂગર્ભજળમાં વધારો કરવાના મંત્ર સાથે પાયલોટ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં ગુજરાતમાં બનાસકાંઠા, ગાંધીનગર, કચ્છ, મહેસાણા, પાટણ અને સાબરકાંઠા એમ ૬ જિલ્લાના ૩૬ તાલુકાઓની ૧,૮૭૩ ગ્રામ પંચાયતમાં આ યોજના અમલી બનાવી છે.

ઉલ્લેખનીય છે કે,કેન્દ્ર સરકાર પુરસ્કૃત આ યોજનાનું અમલીકરણ પ્રથમ તબક્કામાં ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં કરવામાં આવ્યું છે. આ યોજનાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં ભૂગર્ભ જળનો સંગ્રહ કરતા જલભર (એક્વિફર) એક સમાન નથી. અલગ અલગ વિસ્તારમાં વિવિધ પ્રકારનાં વિવિધ લાક્ષણિકતા ધરાવતા એક્વિફર જેવા કે એલ્યુવિયલ, હાર્ડ રોક અને સોફ્ટ રોક અસ્તિત્વ ધરાવે છે. જેમાં ભૂગર્ભ જળની સંગ્રહ ક્ષમતા એક સમાન નથી જેથી ભૂગર્ભ જળ વ્યવસ્થાપનના પ્રયાસોની અસર એક સમાન જોવા મળતી નથી.






# ન્યારી ડેમના પાટીયે હિટ એન્ડ રન, બેને ઈજાઃ લોકોએ કારનો પી છોકરી ધોકા ફટકાર્યા, ફિલ્મી દ્રશ્યો કેમેરામાં કેદ







### ઝોમેટો ડિલિવરી બોય સહિત બેને ઈજા થઈ, પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કર્યો

### અકસ્માત સ્થળે હાજર યુવાનોએ બાઈક લઈ કારની પાછળ જઈ કારના કાચ તોડ્યા, વાહન રેઢુ મુકી ચાલક ફરાર

રાજકોટ, તા.૨૮

ન્યારી ડેમના પાટીયે હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં બે લોકોને ઈજા થઈ હતી. લોકોએ કારનો પીછો કરી ધોકા ફટકાર્યા હતા. ફિલ્મી દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. ઝોમેટો ડિલિવરી બોય સહિત બેને ઈજા થઈ હતી. પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કર્યો છે. અકસ્માત સ્થળે હાજર યુવાનોએ બાઈક લઈ કારની પાછળ જઈ કારના કાચ તોડ્યા હતા. વાહન રેઢુ મુકી ચાલક ફરાર થઈ ગયા હતા.

આ અંગે ફરિયાદ દાખલ કરાવનાર હિતેશભાઈ પ્રવીણભાઈ જસાપરા (ઉ.વ.૪૩, રહે.લાલુભાઈ પારેખ ટાઉનશીપ, મવડી પાળ ગામ રોડ, રાજકોટ)એ જણાવ્યું કે, હું મારા માતા મીતાબેન તથા મોટાભાઈ હિરેનભાઈ સાથે રહું છું. હું ઝોમેટો કંપનીમાં નોકરી કરતો હોય તેમાં ગ્રાહકોના પાર્સલ આપવા માટે બાઇકમાં ગઈકાલ તારીખના રાત્રિના ૧૧ વાગ્યે હું ઉપરોક્ત મારું મોટરસાયકલ સીડી ડીલ ક્સ રજીસ્ટર નંબર જીજે ૦૩ એમ પી ૯૪૫૭ વાળું ચલાવી કેકેવી ચોક પાસે આવેલ નેચરલ આઇસક્રીમ નામની દુકાનેથી આઈસ્કીમનું પાર્સલ લઈ ફોનિક્સ રિસોર્ટ ઈશ્વરીયા મેઇન રોડ તરફ જતો હતો તેવામાં ન્યારી ડેમના પાટિયા પાસે માધવ મહેલ બિલ્ડીંગ સામે રાત્રિના અગ્યારેક વાગ્યે પહોંચેલ તેવામાં સામેથી પૂર ઝડપે અને બેદરકારીથી એક સફેદ કલરની ફોરવીલ રોડનું ડિવાઇડર ટપી મારા મોટરસાયકલ સહિત મને અડફેટે લેતા મને ડાબા પગે કોળીના ભાગે ખંભે તથા ડાબા પગે દુખાવો થતો હોય કોઈએ ૧૦૮ ને બોલાવતા મને પ્રથમ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર લઈ મારા સંબંધીઓ આવી જતા મને અહીં મોટી ટાંકી ચોકમાં આવેલ વેદાંત હોસ્પિટલમાં રૂમ નંબરના ૩૨ માં દાખલ કરેલ. હાલ મારી સારવાર ચાલુ છે. હું સંપૂર્ણ ભાનમાં છું. મારો ભત્રીજો હર્ષભાઈ ઓજલભાઈ જસાપરા સિવિલ હોસ્પિટલે આવેલ ત્યાંથી બીજા એક ભાઈને પણ ઈજા થયેલ હોય તેમની પાસેથી આ અકસ્માત કરનાર ફોરવીલ કારના નંબર જીજે ૦૩ એલજી ૯૨૩૨ હોવાની જાણ થતા મને વાત કરતા અકસ્માત કરનાર કારના નંબરની જાણ થયેલ. પોલીસે ગુનો દાખલ કરી આરોપી કાર ચાલ્કની શોધખોળ હાથ ધરી હતી.

# કલાયમેન્ટ ચેન્જ ઈફેકટઃ પ્રિ-મોન્સુન એકટીવીટીમાં ઢીલ-હવે ભેજયુકત પવન ફુંકાવા લાગ્યા

## હવામાન વિભાગનો નિર્દેશઃ અરબી સમુદ્ર બંગાળની ખાડીમાંથી કુંકાતા પવનમાં ભેજ વધ્યો



નવી દિલ્હી તા.૨૮

કલાયમેન્ટ ચેન્જની સ્થિતિને કારણે ભારત સહિત દુનિયાભરનું હવામાન પ્રભાવીત થયુ જ છે અને તેની વધુને વધુ ગંભીર અસર વર્તાતી હોય તેમ આ વખતે પ્રિ-મોન્સુન એકટીવીટી શરૂ થવામાં પણ વિલંબ થયો છે.

હવામાન વિભાગનાં રિપોર્ટ પ્રમાણે પ્રિ-મોન્સુન એકટીવીટી એપ્રિલના બીજા સપ્તાહથી શરૂ થઈ છે. જે સામાન્ય રીતે એપ્રિલથી મે મહિનામાં રહેતી હોય છે. છેલ્લા ચોવીસ કલાકમાં હવામાનમાં મોટો બદલાવ આવ્યો છે.અરબી સમુદ્ર તથા બંગાળની ખાડીમાંથી ભેજયુકત પવન શરૂ થયાની અસર છે. પાંચ મે સુધી આ સ્થિતિ રહી શકે છે અને તે દરમ્યાન બફારો વધુ વધી શકે છે. પ્રિ-મોન્સુન એકટીવીટીમાં છુટાછવાયા ઝાપટાની સાથે જ હવા તથા વિજળીનાં કડાકા ભડાકા સર્જાતા હોય છે. બફારાને કારણે ગરમીની તિવ્રતા વધુ માલુમ પડી છે.

અરબી સમુદ્ર બંગાળની ખાડી તથા પર્વતીય ક્ષેત્રોમાં ફુંકાતા પવનોમાં ભેજનુ પ્રમાણ વધી ગયુ છે અને તેને કારણે વાદળો બંધાવા લાગ્યા છે. આ પ્રિ-મોન્સુન સ્થિતિ છે જે દરમ્યાન વરસાદવાળા નહીં પરંતુ માત્ર ગરજવાવાળા વાદળો જ હોય છે.કયારેક કરા પડવા કે વિજળીના કડાકા ભડાકા સર્જાઈ શકે છે. તાપમાન તથા ભેજમાં વધારાને કારણે હીટ ઈન્ડેકસ વધી જાય છે. બફારા સાથેની આકરી ગરમીથી લોકો આકુળ વ્યાકુળ બની જાય છે. ભેજયુકત પવનોને કારણે વાદળો દેખાવા લાગશે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં જુનથી સપ્ટેમ્બરનાં ચાર માસના નૈઋત્ય ચોમાસાનો વરસાદ નોર્મલ કરતા વધુ રહેવાની અને ચોમાસુ સારૂ રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. અલ-નીનો જેવી કોઈ વિકસીત સીસ્ટમ ઉભી થાય તેમ નથી.




THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.
Initial Public Offering of equity shares on the main board of BSE Limited (**"BSE"**) and National Stock Exchange of India Limited (**"NSE"**) (and together with BSE, the **"Stock Exchanges"** in compliance with Chapter II of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended (**"SEBI ICDR Regulations"**).

ATHER

# ATHER ENERGY LIMITED

(Please scan this QR code to view the RHP and Pre-issue and Price Band Ad)

Our Company was originally incorporated as "Ather Energy Private Limited" as a private limited company under the provisions of the Companies Act, 1956, pursuant to a certificate of incorporation dated October 21, 2013, issued by the Registrar of Companies, Tamil Nadu, Chennai, Andaman and Nicobar Islands. Pursuant to a change in the registered office of our Company, a certificate of registration dated May 31, 2016, was issued by the Registrar of Companies, Karnataka at Bangalore. Upon the conversion of our Company into a public limited company, pursuant to a board resolution dated June 18, 2024, and a shareholders' resolution dated June 21, 2024, the name of our Company was changed to "Ather Energy Limited", and a fresh certificate of incorporation dated August 27, 2024 was issued by the Registrar of Companies, Central Processing Centre. For details in relation to the changes in the name and the registered office of our Company, see "*History and Certain Corporate Matters - Changes in the registered office of our Company*" on page 326 of the red herring prospectus dated April 22, 2025 (**"RHP"** or **"Red Herring Prospectus"**) filed with the RoC.

**Registered Office:** 3rd Floor, Tower D, IBC Knowledge Park, #4/1 Bannerghatta Main Road, Bangalore 560 029, Karnataka, India; **Corporate Office:** 13th Floor, Tower D, IBC Knowledge Park, #4/1 Bannerghatta Main Road, Bangalore 560 029, Karnataka, India
**Contact Person:** Puja Aggarwal, Company Secretary and Compliance Officer; **Tel:** +91 80 6646 5750; **E-mail:** cs@atherenergy.com; **Website:** www.atherenergy.com, **Corporate Identity Number:** U40100KA2013PLC093769

## PROMOTERS OF OUR COMPANY: TARUN SANJAY MEHTA, SWAPNIL BABANLAL JAIN AND HERO MOTOCORP LIMITED

**INITIAL PUBLIC OFFERING OF [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹1 EACH ("EQUITY SHARES") OF ATHER ENERGY LIMITED (OUR "COMPANY" OR THE "ISSUER") FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE INCLUDING A SECURITIES PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE (THE "OFFER PRICE") AGGREGATING TO ₹[●] MILLION (THE "OFFER"). THE OFFER COMPRISES A FRESH ISSUE OF [●] EQUITY SHARES OF FACE VALUE OF ₹1 BY OUR COMPANY AGGREGATING UP TO ₹26,260 MILLION (THE "FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO 11,051,746 EQUITY SHARES OF FACE VALUE OF ₹1 EACH ("OFFERED SHARES") AS PER THE DETAILS PROVIDED IN THE BELOW TABLE. THE OFFER INCLUDES A RESERVATION OF UP TO 100,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 1 EACH, AGGREGATING UP TO ₹[●] MILLION, FOR SUBSCRIPTION BY ELIGIBLE EMPLOYEES (THE "EMPLOYEE RESERVATION PORTION"). THE OFFER LESS THE EMPLOYEE RESERVATION PORTION IS HEREINAFTER REFERRED TO AS THE "NET OFFER".**

### DETAILS OF THE SELLING SHAREHOLDERS, OFFER FOR SALE AND WEIGHTED AVERAGE COST OF ACQUISITION

| Name of the Selling Shareholders | Type of Selling Shareholder | Number of Offered Shares/ Amount (₹ in million) | Weighted Average Cost of Acquisition per Equity Share (in ₹) |
|---|---|---|---|
| Tarun Sanjay Mehta | Promoter Selling Shareholder | Up to 980,000 Equity Shares of face value of ₹ 1 aggregating to ₹ [●] million | 21.09 |
| Swapnil Babanlal Jain | Promoter Selling Shareholder | Up to 980,000 Equity Shares of face value of ₹ 1 aggregating to ₹ [●] million | 21.09 |
| Caladium Investment Pte Ltd | Corporate Selling Shareholder | Up to 6,003,460 Equity Shares of face value of ₹ 1 aggregating to ₹ [●] million | 204.24 |
| National Investment and Infrastructure Fund II | Corporate Selling Shareholder | Up to 2,634,514 Equity Shares of face value of ₹ 1 aggregating to ₹ [●] million | 183.71 |
| Internet Fund III Pte. Ltd. | Corporate Selling Shareholder | Up to 400,000 Equity Shares of face value of ₹ 1 aggregating to ₹ [●] million | 38.58 |
| IITM Incubation Cell | Corporate Selling Shareholder | Up to 31,050 Equity Shares of face value of ₹ 1 aggregating to ₹ [●] million | Nil |
| IITMS Rural Technology and Business Incubator | Corporate Selling Shareholder | Up to 4,191 Equity Shares of face value of ₹ 1 aggregating to ₹ [●] million | 8.31 |
| Amit Bhatia | Individual Selling Shareholder | Up to 18,531 Equity Shares of face value of ₹ 1 aggregating to ₹ [●] million | 184.82 |

**PRICE BAND: ₹304 TO ₹321 PER EQUITY SHARE OF FACE VALUE OF ₹1 EACH.**
**THE FLOOR PRICE AND THE CAP PRICE ARE 304 TIMES AND 321 TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES RESPECTIVELY.**
**BIDS CAN BE MADE FOR A MINIMUM OF 46 EQUITY SHARES AND IN MULTIPLES OF 46 EQUITY SHARES THEREAFTER.**
**A DISCOUNT OF ₹ 30 PER EQUITY SHARE IS BEING OFFERED TO ELIGIBLE EMPLOYEES BIDDING IN THE EMPLOYEE RESERVATION PORTION.**
**SINCE COMPANY HAS INCURRED LOSS IN FINANCIAL YEAR 2024 BASED ON RESTATED FINANCIAL INFORMATION, THE BASIC AND DILUTED EPS IS NEGATIVE, AND HENCE, THE PRICE TO EARNINGS RATIO IS NOT ASCERTAINABLE.**

| BID/OFFER PROGRAMME | BID/OFFER OPENS TODAY | BID/OFFER CLOSES ON: WEDNESDAY, APRIL 30, 2025# |
|---|---|---|

#UPI mandate end time and date shall be at 5:00 pm on the Bid/Offer Closing Date.

**We are a pure play EV company that sells E2Ws and the associated product ecosystem, comprised of our software, charging infrastructure and smart accessories. We manufacture battery packs in-house using lithium-ion cells procured from suppliers and outsource the manufacturing of all other vehicle components, such as electronics and chassis.**

**THE OFFER IS BEING MADE THROUGH THE BOOK BUILDING PROCESS IN ACCORDANCE WITH REGULATION 6(2) OF THE SEBI ICDR REGULATIONS.**
**THE EQUITY SHARES WILL GET LISTED ON THE MAIN BOARDS OF BSE AND NSE. NSE SHALL BE THE DESIGNATED STOCK EXCHANGE.**
**Qualified Institutional Buyer ("QIB") Portion: Not less than 75% of the Net Offer | Non-Institutional Portion: Not more than 15% of the Net Offer | Retail Portion: Not more than 10% of the Net Offer**
**Employee Reservation Portion: Up to 100,000 Equity Shares aggregating up to ₹[•] Million**

**IN MAKING AN INVESTMENT DECISION, POTENTIAL INVESTORS MUST ONLY RELY ON THE INFORMATION INCLUDED IN THE RHP AND THE TERMS OF THE OFFER, INCLUDING THE RISKS INVOLVED AND NOT RELY ON ANY OTHER EXTERNAL SOURCE OF INFORMATION ABOUT THE OFFER AVAILABLE IN ANY MANNER.**

**In accordance with the recommendation of the Independent Directors of our Company, pursuant to their resolution dated April 22, 2025, the above provided price band is justified based on quantitative factors/ KPIs disclosed in the *'Basis for Offer Price'* section beginning on page 196 of the RHP *vis-a-vis* the weighted average cost of acquisition ("WACA") of primary and secondary transaction(s), as applicable, disclosed in *'Basis for Offer Price'* section beginning on page 196 of the RHP.**

## RISK TO INVESTORS

***For details refer to section titled "Risk Factors" on page 43 of the RHP***

1. **Supply Risk:** We rely on third party suppliers for the supply of EV components, such as motor controllers, transmissions, vehicle control units, dashboards, DC-DC converters, harnesses and chassis, as well as lithium-ion cells, which we use to assemble our E2Ws and manufacture battery packs at our Hosur Factory. Chargers and motors are also procured from our suppliers who design and manufacture them. Thus, we are reliant on our suppliers for the continued supply of such component parts and any failure on the part of our suppliers, particularly key suppliers, to deliver such parts in accordance with the terms of our arrangements with them, could cause business disruptions, including delays in manufacturing and delivery timelines.
2. **Losses and negative cash flow from operating activities in the past:** We derive our revenue principally from sales of our E2Ws, supplemented by sales of the Atherstack, accessories and other services. Our revenue from operations was ₹15,789 million and ₹17,538 million for the nine months period ended December 31, 2024 and for fiscal year ended March 31, 2024 respectively. Our loss before tax was ₹5,779 million and ₹10,597 million for the nine months period ended December 31, 2024 and for fiscal year ended March 31, 2024 respectively.
ભોગબનનારને હેમખેમ હાલતમાં અપહરણકારોના ચંગુલમાંથી મુક્ત કરાવવા અને આરોપીને સત્વરે પકડી પાડવાની કરેલ સુચનાથી ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર અને સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.ડી.ડોડીયા અને એસ.વી.ચુડાસમાએ અલગ-અલગ ટીમો બનાવી બનાવસ્થળની આજુ-બાજુના સીસીટીવીના આધારે સ્કોર્પીયો કાર હરીયાણા પાસીંગની હોવાનું જાણવા મળેલ જેથી અપહરણકારો રાજકોટથી હરીયાણા તરફ જવાની પુરેપુરી શક્યતા હોવાથી સ્ટેટ કંટ્રોલરૂમ મારફતે ગુજરાતના બોર્ડર જીલ્લાઓને તાત્કાલીક ધોરણે જાણ કરી એલર્ટ આપવામાં આવેલ હતું.

તેમજ અપહૃત તથા અપહરણકારોને શોધી કાઢવા સારૂ ટેકનીકલ તથા હ્યુમન સોર્સીસથી તપાસના આધારે બાતમી મળેલ કે, અપહરણકારો ભોગબનનારનું અપહરણ કરી સ્કોર્પીયોમાં જામનગર-અમૃતસર ભારત માલા હાઇવે ઉપર રાજસ્થાન તરફ જતા હોવાની માહિતીના આધારે ભારતમાલા હાઇવે રોડ ઉપર લાગતા તમામ જિલ્લાના પોલીસ સ્ટેશનો તેમજ એલસીબી, એસઓજીને જાણ કરવામાં આવેલ હતી. તે ઉપરાંત શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમ ભારતમાલા હાઇવે ઉપર વોચ તપાસમાં હતી ત્યારે માવસરી અને થરાદ પોલીસ મથકની હદ બાદ રાજસ્થાન રાજ્યની હદ શરૂ થતી હોય જેથી બંન્ને થાણા અધિકારીને બનાવ બાબતે માહિતગાર કર્યા હતાં. તેમજ હાઇવે ઉપર જરૂરી નાકાબંધી કરવાની માહિતી આપતાં થરાદ પોલીસ મથકના પીએસઆઈ સી.પી.ચૌધરી ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે બનાવ સ્થળેથી સીસીટીવી ફૂટેજ આધારે મેળવેલ અપહરણકારોની સ્કોર્પીયો કારને આંતરી રાજકોટ ક્રાઇમ બ્રાન્ચની ટીમનો સ્ટાફ પહોંચીગયો હતો અને અપહૃત સુરેશભાઈ રમેશભાઇ મકવાણાને અપહરણકારો પાસેથી હેમખેમ છોડાવી લીધો હતો. વધુમાં યુવાને જણાવ્યું હતુ કે, ત્રણ મહિના પહેલાં તેને હરિયાણાના દારૂના ધંધાર્થી પાસેથી કટકે કટકે દારૂ મંગાવ્યો હતો. જેમના રૂ.૩.૫૦ લાખ આપવાના બાકી હતાં. જે બાદ રાહુલનો નંબર પણ બ્લોક કરી દિધો હતો. જેથી ઉશ્કેરાયેલો રાહુલ તેની સાથે અન્ય શખ્સોને લઈ આવી તેનું અપહરણ કરી ગાડીમાં બેસાડી હમ હરિયાણા કી પુલીસ હે, શાંતિ સે બેઠના ઉસમે તૂહમાર ફાયદા હે કહી લઈ ગયાં હતાં. જે બાદ વાંકાનેર બાઉન્ડરી અને બાદમાં એક જગ્યાએ પાણી લેવા માટે ગાડી ઉભી રાખી બાદ ૧૨ વાગ્યે થરાદ પહોંચતા ત્યાંની પોલીસે પકડી પાડ્યા હતાં.

### આરોપીઓ પાસેથી યુપી અને હરિયાણા પોલીસના કાર્ડ મળ્યાં

હરિયાણાથી સ્કોર્પિયો કારમાં ઘસી આવી રાજકોટના યુવાનનું અપહરણ કરનાર આરોપીઓ પાસેથી બે પોલીસના કાર્ડ પણ મળ્યાં હતાં. જે પોલીસે કબ્જે લઈ તપાસ કરતાં એક હરિયાણા અને યુપી પોલીસના કોન્સ્ટેબલના કાર્ડ હતાં. જે કાર્ડ પોલીસથી બચવા અને ટોલટેક્સ પર બતાવવા માટે રાખ્યા હતાં.

### 'મેં તેરે સે બડા અફસર હું, તેરી બેચ કોન સી હે' આરોપીએ PSI ડોડીયા સાથે રૌફ જમાવ્યો, અને ટીમે ઓપરેશન પાર પાડ્યું

ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ વનરાજસિંહ ડોડીયાએ પ્રથમ અપહૃત યુવકના મિત્રના ફોનમાંથી આરોપી સાથે વાત કરી તેઓ પીએસઆઈ વાત કરે છે અને યુવકને છોડી દેવાની વાત કરતાં આરોપીએ મેં તેરે સે બડા અફસર હું, તેરી બેચ કોન સી હે' કહીં રૌફ જમાવતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમ હરકતમાં આવી અને ઓપરેશન પાર પાડ્યું હતું.

### પકડાયેલ આરોપીઓ

નિરજ રાજેન્દ્રસિંગ ચહલ (જાટ) રહે.જોડી, સોનીપત્ત, હરીયાણા, રાહુલ સુભાષ લઢવાળ (જાટ) (રહે.મુઢલાણા, સોનીપત્ત, હરીયાણા, ગુલશનસિંગ રાજુસિંગ પવાર (રાવત રાજપુત) રહે. બુરીયા ખેડા, રાજસ્થાન, નિરજ વજીરસિંગ દેસવાળ (જાટ) (રહે.ભાખેડા, હરીયાણા),નૈપાલ ઉદેસિંહ પવાર (રાજપુત) (રહે.બિલીયાવાસ રાસમદ, રાજસ્થાન) અને રાહુલસિંગ રમેશસિંગ ચૌહાણ જપુત) (રહે. બડકોચલા, રાજસ્થાન) ને પકડી પાડ્યો હતો.

### હરિયાણાના દારૂના ધંધાર્થી રેલ્વેમાં જ દારૂની હેરાફેરી કરતા હોવાનો ઘટસ્ફોટ

**અગાઉ દારૂ સાથે આવેલ શખ્સો પાસેથી અન્ય શખ્સોએ દારૂ પડાવી લીધો, અને રૂપીયા માંગ્યા સુરેશ પાસે**

રેલ્વે પોલીસમાંથી પણ સમયાંતરે દારૂની હેરાફેરી થતી હોય તેવું સામે આવતું રહે છે. ત્યારે ગઈકાલે થોરાળા પોલીસ મથક વિસ્તારમાંથી બુટલેગરના થયેલ અપહરણના મામલા બાદ રેલવે પોલીસ તળે પણ દારૂની હેરાફેરી થતું હોવાનું સામે આવ્યું છે. બુટલેગરના જણાવ્યા મુજબ, મોટા ભાગે હરિયાણાના દારૂના ધંધાર્થી રાજકોટમાં રેલ્વે તળે જ સપ્લાય કરવાં આવતાં હતાં અને એક વાર હરિયાણાથી રેલવેમાં આવેલ દારૂ બહાર પહોંચ્યો ત્યાં જ કોઈ અજાણ્યાં શખ્સોએ તે દારૂ પડાવી લીધો હતો. જે બાદ તે પાંચ પેટી દારૂના રૂપીયા તેમની પાસેથી પડાવવા માટે પણ દબાણ કરતાં હતાં. જેથી રેલ્વે પોલીસની કહેવાતી પેટ્રોલિંગ પર શંકા ઉભી થઈ હતી.

# રાજકોટમાં વ્હોરા વેપારી પાસેથી બે સોનાના બિસ્કીટ લઈ ગઠિયો ફરારઃ રૂા.૧૫.૮૨ લાખની ઠગાઈ

**એ. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો, આરોપીને પકડવા તજવીજ**

**સોની બજારમાં દુકાન ધરાવતા વેપારીની ઘરની બાજુમાં રહેતો યુસુફ કપાસીએ મોટા વેપારીની ઓળખ આપી, બાદમાં ૧૦૦ ગ્રામના બિસ્કીટ લઈ એક કલાકમાં પેમેન્ટ RTGS કરાવું છું કહીં ફોન બંધ કરી દીધો**

રાજકોટ. તા.૨૮

રાજકોટમાં સોની બજારમાં દુકાન ધરાવતા વ્હોરા વેપારી પાસેથી બે સોનાના બિસ્કીટ લઈ ગઠિયો ફરાર થઈ જતાં રૂ.૧૫.૮૨ લાખની છેતરપીંડીની ફરિયાદ એ.ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ હતી. વેપારીની ઘરની બાજુમાં રહેતો યુસુફ કપાસીએ મોટા વેપારીની ઓળખ આપી, બાદમાં ૧૦૦ ગ્રામના બિસ્કીટ લઈ એક કલાકમાં પેમેન્ટ આરટીજીએસ કરાવું છું કહીં ફોન બંધ કરી દિધો હતો.

બનાવ અંગે કુવાડવા રોડ પર રણછોડનગર શેરીમાં રહેતા હુશેનભાઇ સુલેમાનભાઈ જરીવાલા (ઉ.વ.૩૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે યુસુફ જાકીર કપાસી (રહે. ડ્રિમ હોમ એપાર્ટમેન્ટ, રણછોડનગર શેરી નં.૧૬/૪ નો ખૂણો) નું નામ આપતાં એ. ડિવિઝન પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ સોનીબજાર, માંડવી ચોકમાં મોદી શેરીમાં જરીવાલા રીફાઇનરી નામથી દુકાન ચલાવી અહીં સોનું ચાંદી ગાળવાનુ કામ કરે છે. તેઓ અને તેના પિતા બંને દુકાન પર બેસે છે અને એક માણસ રાજુભાઈ કારીયા કામ કરે છે. તેઓ જ્યાં રહે છે ત્યાં બાજુમાં વર્ષોથી આરોપી યુસુફ કપાસી પણ રહે છે, જેથી તેને વર્ષોથી ઓળખે છે. આરોપી યુસુફને ફરિયાદી અને તેના પિતા મળતા ત્યારે પોતે મોટા વેપારી છે તેવી વાતો કરતો હતો.

ગઇ તા. ૧૫/૧૦/૨૦૨૪ ના સાંજના સમયે ફરિયાદી તેમના કારીગર સાથે દુકાને હતાં ત્યારે યુસુફ દુકાને આવેલ અને કહેલ કે, મારે રોકાણ માટે બે સોનાના બિસ્કીટ લેવા છે, તમે મને અત્યારે બે ૧૦૦ ગ્રામના બિસ્કીટ આપો, હું તમને એક કલાકમાં આરટીજીએસથી રૂપિયા તમારા ખાતામાં ટ્રાન્સફર કરી આપીશ, આ યુસુફ પોતે મોટો વેપારી હોય અને મોટો બીઝનેસ કરતો હોય તેવી અવારનવાર વાતો કરતા હોય જેથી તે રૂપિયા આપી દેશે તેવો વિશ્વાસ રાખી સો ગ્રામના ચોવીસ કેરેટના બે બિસ્કીટ રૂ. ૧૫,૮૧,૯૯૮ ની કિંમતના આપેલ હતાં.

બાદમાં આરોપીએ ફરિયાદીની પેઢીની બેંકની ડિટેઇલ લીધેલ અને કહેલ કે, હું તમને રૂપીયા આરટીજીએસ કરી આપીશ તેમ જણાવેલ બાદ એક કલાક થવા છતા યુસુફએ કોઇ રૂપિયા ટ્રાન્સફર કરેલ ન હોવાથી તેને ફોન કરેલ તો, કહેલ કે, હમણા નાખી દઉં તેમ વાત કરેલ હતી. રાત્રીના આઠેક વાગ્યે યુસુફને ફોન કરતા તેઓનો ફોન બંધ આવતો હોય જેથી તેની ઘરે ગયેલ તો તેમનુ ઘર બંધ હતુ. બાદમાં તેની રજપૂત પરામાં આવેલ એલ્યુમિનિયમ સેકસન અને પ્લાયવુડની દુકાને ગયેલ તો ત્યાં પણ યુસુફ મળી આવેલ નહી જેથી તેઓની સાથે છેતરપીંડી કરેલ હોય તેવુ સામે આવતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

### પત્ની ગુમ નોંધ કરાવી'તીઃ આરોપી ઘરે આવતા જ પોલીસે દબોચી લીધા

વ્હોરા વેપારી પાસેથી ૧૫.૮૨ લાખના સોનાના બિસ્કીટ લઈ ફરાર થઈ જનાર શખ્સની પત્નીએ તેનો પતિ ગુમ થઈ ગયો હોવાની ગુમ નોંધ કરાવી હતી. જે બાદ તે ઘરે આવતા જ ફરિયાદીને જાણ થતાં જ પોલીસને જાણ કરી હતી અને પોલીસે આરોપી યુસુફ કપાસીને પકડી લીધો હતો.



મધ્યપ્રદેશના રતલામ નજીક

## જૈન સાધ્વીજીઓ પર જાણી જોઇને કાર ચલાવી : બંને શખ્સ ઝડપાયા

રાજકોટ, તા. ૨૮

ગત તા. ૨૮ના ગુરૂવારે મધ્યપ્રદેશના રતલામ ક્ષેત્રના સિમલાવદાની નજીક જૈન સાધ્વીજી ભગવંત શ્રી હિતદર્શનાશ્રીજી મ. વ્હીલચેરમાં બેસીને વિહારમાં હતા ત્યારે ક્રુરતાપૂર્વક બે શખ્સોએ પોતાની કારથી પૂ. સાધ્વીજી ભગવંતો પર ટકકર મારી હતી જેમાં ત્રણ સાધ્વીજીઓ ગંભીર ઇજા થવા પામી છે. જેમાં એક સાધ્વીજીની હાલત વધારે નાજુક જણાતા બટનાવરમાં પ્રાથમિક સારવાર આપીને ઉજજૈન રીફર કરાયા છે.

કાર ચાલક ભાગી નીકળ્યા બાદ સ્થાનિક લોકોએ ટોલનાકા પર સુચના આપતા બંને શખ્સોને પકડી લેવામાં આવ્યા છે તેમનું વાહન જપ્ત કરી લેવામાં આવેલ છે તથા બંને શખ્સને ગિરફતાર કરી લેવાયા છે. જેનું નામ આલમી ગુલશેર મંસુરી (ઉ.વ.૨૪) તથા આરિફ રફીકખાન (ઉ.વ.૩૨) બંને બેડિયા જીલ્લાના ખરગોન ગામના હોવાનું બહાર આવેલ છે.

## વાવડીમાં પેટ્રોલપંપ પર લૂંટના ઈરાદે ફીલરમેન પર હુમલો કરવાના ગુનામાં બેલડીનો જામીન પર છુટકારો

રાજકોટ, તા.૨૮



એડવોકેટ સભાડ, મકવાણા

વાવડી ગામમાં આવેલ વાવડી ફયુલ્સના નામથી તા.૫/૨/૨૦૨૫ ના રોજ વાવડી ફયુલ્સ પેટ્રોલ પંપમાં ફીલરમેનનું કામ કરતા વિષ્ણુ ગોસ્વામીને અજાણ્યા લોકોએ આવીને પ્લાસ્ટીકના પાઈપ વડે માર મારી, જીવલેણ હુમલો કરી, ટેબલના ખાનામાં રાખેલ વેપારના રૂપિયા લઈ નાસી ગયેલ હતા. જેથી પેટ્રોલ પંપ માલિક મયુરધ્વજસિંહ હિતેન્દ્રસિંહ જાડેજાએ રાજકોટના તાલુકા પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. ની કલમ ૩૦૯(૬), ૩૩૨(બી), ૩(૫) મુજબની ફરીયાદ આરોપીઓ વિરૂધ્ધ નોંધાવી હતી. પોલીસે આરોપીઓ (૧) પ્રતિક પિયુષભાઈ દત્તા, (૨) રાહુલ નવઘણભાઈ મીરની ધરપકડ કરી હતી.

આરોપીઓને જેલ હવાલે કરાયેલ. ત્યારબાદ આરોપીઓએ પોતાના એડવોકેટ મારફત સેશન્સ કોર્ટમાં જામીન અરજી ગુજારેલ. જે નામંજુર થતા ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી ગુજારેલ. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બન્ને પક્ષકારો વચ્ચે થયેલ દલીલો અને રજુઆત તેમજ મૌખીક તેમજ લેખીત પુરાવાને ધ્યાનમાં લઈ તેમજ બનાવ અને બનાવને અનુરૂપ થયેલ પોલીસ તપાસના કાગળો ધ્યાને લઈ હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના જુદા જુદા ચુકાદાઓને ધ્યાનમાં લઈ હાઈકોર્ટ દ્વારા આરોપીઓ પ્રતિક અને રાહુલને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ એ.જાદવ તથા મદદનીશમાં અભય ચાવડા, વિશાલ રોજાસરા, વિક્રમ કિહલા, હાઈકોર્ટમાં એડવોકેટ મેહુલ એસ. પાડલીયા રોકાયેલા હતા.

## વિરપુરમાં ગેસ્ટ હાઉસ પાસેથી ઈક્કો કારની ચોરી કરનાર સગીર ઝડપાયો

**ફોર વ્હિલરની ચોરી કરી, પેટ્રોલ-ડીઝલ પૂરું થઈ જાય એટલે મૂકી દેતોઃ વિરપુર પોલીસની કાર્યવાહી**

રાજકોટ. તા.૨૮

વિરપુરમાં ગેસ્ટ હાઉસ પાસેથી ઈક્કો કારની ચોરી કરનાર સગીરને પોલીસે પકડી લીધો હતો. આરોપી ફોર વ્હિલરની ચોરી કરી, પેટ્રોલ-ડીઝલ પૂરું થઈ જાય એટલે મૂકી હતો.

બનાવ અંગે ગાંધીનગરના કલોલ રહેતાં દશરથભાઇ મગનભાઇ રાવળ (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પાસે ઈકો ગાડી નં. GJ-02-DA-3779 વાળી છે. તેમના મિત્ર અશોકભાઈ પટેલને તેના ખેતરમાં આંબાનું વાવેતર કરવાનું હોય અને આંબાના છોડની ખરીદી કરવાની હોય જેથી જુનાગઢના રાજેશર ગામે જવાનું હોય જેથી ગઈ તા.૨૨ ના તેઓ અશોકભાઈ પટેલ, રમેશભાઇ ગૌસ્વામી તથા તેના પત્ની અર્ચનાબેન ગૌસ્વામી સહિતના લોકો સાથે ઇકો ગાડીમાં વહેલી સવારના આશરે પાંચેક વાગ્યે નીકળેલ અને રાજેશર ગામે બીજા દિવસે પહોંચેલા હતા. જે બાદ આંબાના રોપા લઈ રાજેશર ગામથી બધા નીકળેલ હતા અને વિરપુર ગામ પાસે પહોચતા મોડી રાત્રી થઇ ગયેલ હોય જેથી વિરપુર (જલારામ) ગામમાં જાનકી ગેસ્ટ હાઉસમા રાત્રિ રોકાણ કરેલ અને ઇકો ગાડી જાનકી ગેસ્ટ પાસે રોડ ઉપર પાર્ક કરેલ હતી. ત્યારબાદ બીજા દિવસે વહેલી સવારના ગેસ્ટ હાઉસના માલીકે તેઓને ઉઠાડેલ અને કહેલ કે, તમારી ઈકો ગાડી કોઇ લઇને ક્યાંય ગયેલ છે, તમારી ગાડી નીચે પાર્ક કરેલ હતી તે દેખાતી નથી. જેથી તુરંત જ ગાડી જોવા માટે રોડ ઉપર ગયેલ પણ ગાડી જોવામાં આવેલ નહી. જેથી ફરીયાદ નોંધાવી હતી.

ચોરીની ઘટના બાદ જેતપુર ડીવાયએસપી આર.એ.ડોડીયાના માર્ગદર્શન હેઠળ વિરપુર પોલીસ મથકના પીઆઈ એસ.જી.રાઠોડની રાહબરીમાં એએસઆઇ નેહાબેન જોટાણીયા, હેડ કોન્સ્ટેબલ વિજયભાઇ, કૌશિકભાઇ સહિતનો સ્ટાફ વોચમાં અને વાહન ચેકીંગમાં હતાં ત્યારે ગુન્હામાં ચોરીમાં ગયેલ ઈક્કો ગાડી સાથે સગીર આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## મર્સિડિઝ કાર અકસ્માતમાં નુકશાનનો કલેઈમ નકારી દેનાર વીમા કંપનીને વ્યાજ સહીત દંડ ફટકારતી ગ્રાહક અદાલત

રાજકોટ, તા.૨૮

ઘેલા સોમનાથથી જસદણ પરત ફરી રહેલા અશોકભાઈ રાઠોડની મર્સિડિઝ કારને કાળાસર ગામ પાસે અકસ્માત થતા કારને થયેલી નુકશાની વિમા કલેમની ફરીયાદના કેસમાં રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નીવારણ આયોગે રૂ.૧૭,૫૦,૦૦૦ વળતર વ્યાજ સાથે ચુકવવા બજાજ આલીયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સ કંપનીને હુકમ કર્યો છે. કેસની વિગત અનુસાર ગત.તા.૨૦-૦૬-૨૦૨૩ ના રોજ ફરીયાદીના મિત્ર અશોકભાઈ રાત્રીના સમયે ઘેલા સોમનાથથી જસદણ પરત આવતા હતા ત્યારે કાળાસર ગામ પાસે જંગલી રોઝડુ આડુ આવતા અશોકભાઈ કાર પરનો કાબુ ગુમાવતા પુલની દિવાલ સાથે મર્સિડિઝ કાર અથડાયેલ. ગાડી ટોટલ લોસ થઈ જતા તેમની મર્સિડિઝ કારની વિમા કંપની બજાજ આલીયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડ સમક્ષ કલેઈમ રજીસ્ટર કરાવ્યો હતો. પરંતુ વિમા કંપનીએ કલેઈમ મિસ રિપ્રેઝેન્ટેશન હોવાનું કારણ આપીને નામંજુર કરેલ. જેથી હસમુખભાઈ ભુરાભાઈ સાયજાએ તેમના એડવોકેટ મારફત રાજકોટ ગ્રાહક સુરક્ષા આયોગ સમક્ષ જરૂરી પુરાવા સાથે તેમજ હાઈકોર્ટ તથા સુપ્રમિ કોર્ટના ચુકાદાવો સાથે રાખી ફરીયાદ દાખલ કરેલ હતી. ફરીયાદ પક્ષના એડવોકેટની મુખ્ય દલલી એવી હતી કે, ઉચ્ચ અદાલતો દ્વારા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ સર્વેયર કે ઈન્વેસ્ટીગેટરનાં અહેવાલને આખરી અને સંપુર્ણ અહેવાલ તરીકે વાંચી શકાય નહીં, પરંતુ આ અહેવાલ ફકત પક્ષકારો વચ્ચે સમાધાનકારી સ્વરૂપમાં નિકાલ લાવવાને મદદરૂપ બંને છે. ઉપરોકત હકકીગતો ધ્યાનમાં રાખી રાજકોટના ગ્રાહક આયોગના પ્રમુખ જજ તથા બોર્ડ મેમ્બર દ્વારા દાવો મંજુર કરી રૂ. ૧૭,૫૦,૦૦૦ ફરીયાદ દાખલ તારીખથી ૫ ટકા ના વ્યાજ સાથે ચુકવવા હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં ફરીયાદી વતી યુવા એડવોકેટ વિરમ જે. ધ્રાંગીયા, યશ એમ. ડોડીયા, મયંક એચ.વ્યાસ રોકાયા હતા.



એડવોકેટ વિરમ ધ્રાંગીયા, યશ ડોડીયા


### દુઃખદ અવસાન-બેસણું



**સ્વ.જશવંતીબેન (સુનીતાબેન) ગીરીશભાઈ તન્ના**

**સ્વ.તા.૨૭/૦૪/૨૦૨૫, રવિવાર**

રાજકોટ નિવાસી જશવંતીબેન (સુનીતાબેન) ગીરીશભાઈ તન્ના (ઉ.વ.૮૧) તે સ્વ.ગોપાલદાસ ન્યાલચંદના સુપુત્ર ગીરીશભાઈ ગોપાલદાસ તન્નાના ધર્મપત્ની તથા સ્વ.હર્ષિલભાઈ તથા રવિભાઈના માતુશ્રી તથા મોરબી નિવાસી જાદવજીભાઈ ચકુભાઈ રૈયાણીના સુપુત્રી તા.૨૭/૦૪/૨૦૨૫, રવિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**બેસણું : તા.૨૮/૦૪/૨૦૨૫, સોમવારના રોજ સાંજના ૪ થી ૬, પારસ હોલ, પારસ સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સ્કૂલની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.**

M.9825189029/M.9825386262/M.9409311859

(પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.)

ગીરીશભાઈ ગોપાલદાસ તન્ના

| | |
|---|---|
| સ્વ.હર્ષિલભાઈ ગીરીશભાઈ તન્ના | આરતી હર્ષિલભાઈ તન્ના |
| રવિભાઈ ગીરીશભાઈ તન્ના | વૈશાલી રવિભાઈ તન્ના |
| સ્વ.કિશોરભાઈ ગોપાલદાસ તન્ના | સ્વ.ધીરૂભાઈ ગોપાલદાસ તન્ના |
| રજનીકાંતભાઈ ગોપાલદાસ તન્ના | સ્વ.રાજેન્દ્રભાઈ ગોપાલદાસ તન્ના |
| શૈલેષભાઈ ગોપાલદાસ તન્ના | નીતિનભાઈ ગોપાલદાસ તન્ના |

સિધ્ધી, ધ્રુવી, ઐશ્વર્યા, હરિકૃષ્ણ તથા સમસ્ત તન્ના પરિવારના જયશ્રી કૃષ્ણ

### ૧૪મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



જીવનમાં હરપળ હસતા રહ્યા, સ્નેહ થી સૌના હૈયે વસતા રહ્યા, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**સ્વ.ભારતીબેન લલીતભાઈ સંઘાણી**

સ્વ.તા.૨૮-૦૪-૨૦૧૧, ગુરૂવાર

લી. લલીતભાઈ કરશનભાઈ સંઘાણી
વિપુલભાઈ ગણેશભાઈ વેકરીયા
ધર્મેશભાઈ લલીતભાઈ સંઘાણી
જીજ્ઞાબેન ધર્મેશભાઈ સંઘાણી
પ્રાચી-કૈશ્વી-ધર્મ

રોયલ પોલીટેક-રાજકોટ

### ચોથી વાર્ષિક પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી



**સ્વ.શાંતાબેન મોહનભાઈ પાનસુરીયા**

સ્વ.તા.૨૮-૪-૨૦૨૧

સારા કર્મોની સુવાસ સદાય રહેશે, મીઠી વાણી હંમેશા યાદ રહેશે, દેહ ભલે અદ્રશ્ય થયો હોય પરંતુ આપની યાદ હંમેશા અમારી સાથે રહેશે, આત્મા આજીવન શાશ્વત અને અમર છે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

મોહનભાઈ જુઠાભાઈ પાનસુરીયા
મનિષભાઈ મોહનભાઈ પાનસુરીયા
પુજાબેન મનિષભાઈ પાનસુરીયા
પાયલ યશકુમાર સાકરીયા
યશકુમાર જયંતીભાઈ સાકરીયા (જમાઈ)
દિક્ષીત મનિષભાઈ પાનસુરીયા
હર્ષ મનિષભાઈ પાનસુરીયા
તથા પાનસુરીયા પરિવારના જય શ્રીકૃષ્ણ

shashi


## અવસાન નોંધ

**સાવરકુંડલા:** મર્હુમ હાજી યુનુસભાઈ હાજી કાસમભાઈ પઠાણ (ઉ.વ.૭૦) મોહસીનભાઇ હાજી યુનુસભાઈ પઠાણ,અનવરભાઈ હાજી યુનુસભાઈ પઠાણ,વસિમભાઈ હાજી યુનુસભાઈ પઠાણ ના પિતા તા.૨૫/૪/૨૫ ને શુક્રવાર ના રોજ અલ્લાહની રહેમત માં પહોંચી ગયેલ છે.

**વડિયા:** વડિયા નિવાસી સ્વ.શાસ્ત્રી જયદેવભાઈ જગન્નાથભાઈ ભટ્ટના વચેટપુત્ર,પરેશભાઈનું અવસાન થયેલ છે, તે પ્રદ્યુમનભાઈ(પંકજભાઈ), તરૂલતાબેન (રાજકોટ), અલ્પેશભાઈ, હર્ષાબેન(અમદાવાદ), સેજુબેન(રાજકોટ)ના ભાઈ થાય છે. પ્રદ્યુમનભાઈ(પંકજભાઈ) મોબાઈલ નં ૯૮૭૯૮૦૦૩૩

**રાજકોટ:**મહારાજશ્રી ઘેલારામજી ઔદિચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ જ્ઞાતિના ઘોઘાવદરવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ.વ્રજલાલ દામોદર પંડયાના પુત્ર સ્વ.હસમુખભાઈ વ્રજલાલ પંડયા (રાજકોટ નાગરિક સહકારી બેંકના નિવૃત કર્મચારી)તે સ્વ.મનહરલાલ, વિરન્દ્રભાઈ, ઉમેશભાઈ તથા સ્વ.મીનાક્ષીબેન અશોકકુમાર રાજયગુરૂના ભાઈ તથા ગં.સ્વ.નયનાબેનના પતિ તથા સ્વ.હરિલાલ વૃંદાવન જોશી(નાસિક)ના જમાઇ તથા સુહિતભાઈ, જીજ્ઞાબેન, ભુમીબેનના પિતાશ્રી તથા હેત્વી, આત્મજના દાદા તથા દિયા, દાની, ભવ્ય, શ્યામાના નાનાનું અવસાન તા.૨૬ના રોજ થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થનાસદ્ગતનું બેસણું :તા.૨૮ સોમવારના રોજ સાંજે ૫ થી ૬:૩૦ કલાકેસ્થળ : ઓમ કારેશ્વર મહાદેવ મંદિરસરકારી કર્મચારી સોસાયટી મેઇન રોડ, રૈયા ચોક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**મોરબી :** મૂળ પાનેલી હાલ મોરબીના નઝરબાગ રેલ્વે સ્ટેશન પાછળ બૌદ્ધનગર નિવાસી કંકુબેન કેશુભાઈ સોલંકી (ઉ.વ.૭૮) તે સ્વ.કેશુભાઈ પોપટભાઈ સોલંકીના ધર્મપત્ની તેમજ નવનીતભાઈ , ગોપાલભાઈ સોલંકી ( મોરબી તાલુકા ભાજપ અનુસૂચિત જાતિના પૂર્વ પ્રમુખ) રાજુભાઈ, દિવાળીબેન, કાંતાબેન, મોનાબેનના માતૃશ્રી અને મયુરભાઈ, જયેશભાઇ, મનીષભાઈ, સિદ્ધાર્થ, પ્રિન્સ, નિકિતાબેન, ધારાબેનના દાદીમાઁ તેમજ લીલાબેન, ઉષાબેન, સુનિતાબેનના સાસુ અને પારૂબેન, મધુબેનના દાદી સાસુનું તા.૨૭ ના રોજ દુ:ખદ અવસાન થયું છે.

**મોરબી :** સ્વ.ત્રિકમજી કરમશીભાઈ રાયમગીયાના પુત્ર વસંતલાલ ત્રિકમજી રાયમગીયા (ઉ.૮૨) તે આનંદભાઈ, સ્વ.ઉમંગભાઈ તથા આશિષભાઈના પિતાશ્રી તેમજ સ્વ.ઈશ્વરભાઈ, સ્વ.નટવરભાઇ, ચંદુભાઈ તથા નરેન્દ્રભાઈના ભાઈ અને સ્વ.જશવંતીબેન પ્રભુદાસ, કાંતાબેન નારણદાસ તથા રંજનબેન અરવિંદભાઈના ભાઈ તથા કૌશલ, સોનાલી, વિધિ ,શ્લોક,પલક, અને આદ્રિક,ના દાદા તા.૨૫ ના રોજ શ્રીજીચરણ પામેલ છે.સદગતનું બેસણું તા.૨૮ ને સોમવારે સાંજે ૪:૩૦ થી ૬:૦૦ શ્રી જલારામ મંદિર, અયોધ્યાપુરી રોડ, મોરબી ખાતે રાખેલ છે.

**રાજકોટ :**હેમંતભાઈ રામજીભાઈ મોરી ના પૌત્ર તથા બાબુભાઈ રૂપસિંહભાઈ ડોડીયાના ભાણેજ સ્વ. પ્રતાપભાઇ હેમંતભાઈ મોરી ના પુત્ર આલોક પ્રતાપભાઇ મોરી (ઉમર ૧૭) નું તા.૨૬ના રોજ અવસાન થયેલ છે. સદગત નું બેસણું તેમના નિવાસ સ્થાને કિડવાઈનગર મેઈન રોડ કર્ણેશ્વર મહાદેવ મંદિરમાં સોમવારે સાંજે ૫ થી ૭ રાખેલ છે.મો.૭૫૭૩૦ ૮૨૯૦૯ હેમંતભાઈ મોરી..મો.૯૪૨૭૭૨૮૭૨૮ પ્રભાતભાઈ મોરી.



**ઉના:** છારીયા ઉનેવાળ બ્રાહ્મણ જાની વિશ્વનાથ લાભશંકર ઊ.વ.૮૫ તે ભાવેશ ભાઈ (અમેરિકા), મનીષા બેન ઋષિ કુમાર ઉપાધ્યાય (રાજકોટ) ના પિતાશ્રી અને સ્વ. ચંદ્રશંકર, સ્વ. લક્ષ્મીશંકર ,સ્વ. મહાશંકર, ડો. ગીરજા શંકર, પ્રતાપભાઈ , અનંત રાય, હરેશ ભાઈ ના ભાઈ તા.૨૭/૪/૨૫ ના કૈલાસ વાસી થયા છે તેમની પ્રાર્થના સભા અને બેસણું તા.૨૮/૪/૨૫ને સોમવારે સાંજે ૪, ૦૦ થી ૬, ૦૦ ઉન્નતનગર કોમ્યુનિટી હોલ સદગુરૂ મંદિર ની પાછળ ઉન્નત નગર ઊના રાખેલ છે.

**ગોંડલ:** મૂળ ડુમાલી હાલ ગોંડલ વિજયસિંહ ગીરીરાજસિંહ વાઘેલા ઉ. વર્ષ ૫૫ તે વર્ષાબા ચંદ્રસિંહ જાડેજા (ભાવનગર) અને છાયાબા મહાવીરસિંહ જાડેજા (રાજકોટ) ના ભાઈનું તા:- ૨૬/૦૪/૨૦૨૫ ના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ:** સ્વ.મહેશભાઈ અમૃતલાલ વસાણી (ઉ.વ.૬૭) સાવરકુંડલા નિવાસી હાલ રાજકોટ તે સ્વ.જાગૃતિબેનના પતિ, મૌલિક નીધી તેજશકુમાર બગડાઈ, ચાંદની ચીરાગકુમાર બોરીયાના પિતાશ્રી તથા સ્વ.કાળુભાઈ, સ્વ.જગદીશભાઈના ભાઈ તથા સ્વ.કાનજીભાઈ લીલાધરભાઈ બુદ્ધદેવના જમાઈ તે શશીકાંતભાઈ તથા કિશોરભાઈના બનેવી તા.૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલા છે તેમનું ઉઠમણું તથા સસરા પક્ષની સાદડી તા.૨૮-૪-૨૫ના રોજ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ સાંજે ૫ થી ૬ રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**જામ ખંભાળિયા:** રાણાવાવ નિવાસી નટવરલાલ વલ્લભદાસ માખેચા (મનોજ સ્ટુડિયો વાળા) તે મનોજભાઈ, સુનિલભાઈ અને સ્વ. કાજલબેન વિપુલભાઈ ખખ્ખરના પિતાશ્રી તથા સ્વ. ત્રિભુવનભાઈ, સ્વ. હસમુખભાઈ, વજુભાઈ અને સુરેશભાઈના ભાઈનુ તા. ૨૭ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તથા સ્વસુર પક્ષની સાદડી સોમવાર તા. ૨૮ના રોજ સાંજે સાડા ચારથી પાંચ ભાઈઓ તથા બહેનો માટે ભીડભંજન મહાદેવ મંદિર, નવા રામ મંદિર પાસે, રાણાવાવ ખાતે રાખવામાં આવેલ છે.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલિક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડિયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

## પ્રવાસીઓને ગોળીએ વિંધનારા આતંકવાદીઓને સાણસામાં સપડાવવા આકાશપાતાળ એક કરતી સુરક્ષા એજન્સીઓ

# પહેલગામનાં હુમલાખોરો ૪ વખત સુરક્ષા તંત્રની નજરે ચડયા, તૂર્તમાં હાથમાં આવી જશે

**એક વખત ઘેરાવાની તૈયારીમાં હતા, એકવાર સામસામો ગોળીબાર પણ થયો હતોઃ ગાઢ જંગલોમાં જ હોવાથી ગણતરીના દિવસોમાં પકડાઈ જવાનો નિર્દેશ**

શ્રીનગર તા.૨૮

કાશ્મીરનાં પહેલગામમાં પ્રવાસીઓ પર ભયાનક ત્રાસવાદી હુમલાનો આકરો જવાબ આપવા ભારત ગુપ્ત તૈયારી કરી રહ્યાનાં એંધાણથી પાકિસ્તાનમાં ભયનો માહોલ છે. ત્યારે પહેલગામમાં ગોળીબાર કરનારા ત્રાસવાદીઓ છેલ્લા પાંચ દિવસમાં ચાર વખત સુરક્ષા દળોની નજરે ચડયા હોવાનું બહાર આવ્યું છે. એક વખત તેઓને ઘેરી લેવાની નજીક પણ સૈન્ય જવાનો પહોંચી ગયા હતા અને એક વખત તેમની સાથે સામસામા ગોળીબાર પણ થયા હતા.

માહિતગાર સુત્રોના કહેવા પ્રમાણે ગુપ્તચર બાતમી, સ્થાનિક રહેવાસીઓની માહિતી તથા વિરાટ સર્ચ ઓપરેશનના ત્રિવિધ વ્યુહ વચ્ચે ચાર વખત નજરે ચડયા હતા તેનો અર્થ એવો થાય છે કે હત્યારા ત્રાસવાદી હજુ બહાર નિકળી શકયા નથી. એક વખત સામસામા ગોળીબાર પણ થયો હતો અને તે દરમ્યાન ફરી ગાઢ જંગલોમાં સરકી ગયા હતા. સમગ્ર



વિસ્તાર પર્વતીય અને ગાઢ હોવાથી નજરે ચડયા પછી પણ તેનું લોકેશન દબાવવું કે સરળતાથી પીછો કરવાનું સરળ હોતું નથી. સૈન્યના એક સિનિયર અધિકારીએ કહ્યું કે ત્રાસવાદીઓ નજરે આવી ગયા બાદ સમગ્ર વિસ્તારને ચારે તરફથી ઘેરીને સર્ચ ઓપરેશન કરવામાં આવી જ રહ્યું છે. ગણતરીના દિવસોમાં તેઓ હાથમાં આવી જ જશે તેવો વિશ્વાસ છે.

સુત્રોએ એમ પણ કહ્યું છે કે ત્રાસવાદીઓ તથા તેના આકાઓને દબોચી શકાય તેવા કેટલાક મહત્વના પુરાવા-કડી પણ હાથ લાગી છે. નેશનલ ઈન્વેસ્ટીગેશનથી માંડીને સૈન્ય તથા અન્ય સુરક્ષા એજન્સીઓ રાત-દિવસ તપાસમાં તૈનાત જ છે.ત્રાસવાદીઓને મદદ કરનારા બે શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી છે. તાહીર અહેમદ તથા શબીર અહેમદ ગનઈ નામના આ શખ્સોની પૂછપરછમાં મહત્વની કડી મળી શકે છે.

એનઆઈએની પ્રાથમિક તપાસ મુજબ ત્રાસવાદીઓ જંગલને ૨૨ કીમીનો રસ્તો કાપીને બૈસરન વેલી પહોંચ્યા હતા. ત્યાંકડે વખતે એક સ્થાનિક તથા એક પ્રવાસીનો મોબાઈલ આંચકી લીધા હતા. એક અન્ય રીપોર્ટ મુજબ તેઓ સેટેલાઈટ ફોનનો ઉપયોગ કર્યો હતો. તપાસ એજન્સીઓ પ્રવાસીઓના ફોનમાં રેકોર્ડ થયેલા કેટલાંક વીડીયો તથા ફોટોગ્રાફસના આધારે પણ તપાસના તાર જોડવા પ્રયત્નશીલ છે.

એનઆઈએ તપાસનો દોર હાથમાં લઈ લીધાની સાથે સ્થાનિક સપોર્ટ ત્રાસવાદી નેટવર્ક તથા સંભવિત સ્લીપર સેલની દિશામાં પણ તપાસ શરૂ કરી છે ઘટનાસ્થળે વિસ્તૃત પરિક્ષણ કરવામાં આવ્યું હતુ.

ત્રાસવાદી હુમલા વખતે ભયભીત સ્થાનિક ફોટોગ્રાફર ઝાડ પર ચડી ગયો હતો અને સમગ્ર ઘટનાનું રેકોર્ડીંગ કર્યું હતુ તેની પણ પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

# DEO કચેરી પર ABVPનો હલ્લાબોલ : રામધુન : છની અટકાયત

## આકરા તાપમાં શાળાઓના સમયમાં ફેરફાર નહીં કરનારા સંચાલકોને નોટીસ આપવામાં બેદરકારી, ઈન્ચાર્જ શિક્ષણાધિકારીની કચેરીમાં સતત ગેરહાજરી સહિતના મુદ્દે રજુઆત : સુત્રોચ્ચાર

રાજકોટ, તા. ૨૮

રાજકોટ જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી કચેરી પર અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આજે હલ્લાબોલ કરી રામધુન બોલાવી સુત્રોચ્ચાર કર્યા હતા.



(તસ્વીર : પંકજ શીશાંગીયા)

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના આ આંદોલનાત્મક કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થી પરિષદના મહાનગર મંત્રી ભાર્ગવ ચૌહાણ સહિત છ કાર્યકરો-હોદ્દેદારોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટમાં છેલ્લા લાંબા સમયથી માધ્યમિક શિક્ષણાધિકારીની જગ્યા ખાલી પડી છે. ઈન્ચાર્જથી શિક્ષણાધિકારી કચેરીનો વહીવટ ગબડાવવામાં આવી રહ્યા હોય અનેક મહત્વના પ્રશ્નો જેમનો તેમ અધ્ધરતાલ લટકી રહ્યા છે. બીજી તરફ ઈન્ચાર્જ શિક્ષણાધિકારી ઓફીસના સમય દરમ્યાન કચેરીમાં હાજર રહેતા ન હોવાની ફરિયાદો ઉઠી છે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના મહાનગર મંત્રી ભાર્ગવ ચૌહાણએ જણાવ્યું હતું કે હાલ કાળઝાળ ગરમી પડી રહી છે. જેનાથી બચવા માટે સરકાર દ્વારા ખાસ ગાઇડલાઇન જાહેર કરવામાં આવી છે. તેમજ શાળાઓના સમયમાં ફેરફાર કરવા પણ રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સુચના આપવામાં આવી હતી જેમાં શાળાઓના સમયમાં ફેરફાર નહીં કરનારી શાળાઓના સંચાલકોને નોટીસ આપી પગલા લેવા માટે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા શિક્ષણાધિકારીને રજુઆત કરવામાં આવી હતી.

તેમ છતાં શિક્ષણાધિકારી દ્વારા નિયમોનો ઉલાળીયો કરનારા શાળા સંચાલકોને હજુ નથી નોટીસ આપવામાં આવી કે કોઇપણ જાતના પગલ લેવામાં આવેલ નથી.

આ ઈન્ચાર્જ શિક્ષણાધિકારીની ઓફીસમાં સતત ગેરહાજરી રહે છે આજે પણ શિક્ષણાધિકારી કચેરીમાં હલ્લાબોલ સમયે આ અધિકારી ગેરહાજર હતા જેના પગલે રામધુન અને સુત્રોચ્ચાર કરી તંત્રને ઢંઢોળવામાં આવેલ હતું. આ અંગે પગલા નહીં લેવાય તો આંદોલનના મંડાણ કરશે તેવી તેઓએ ચેતવણી આપી હતી.

## ધો.૧૦ પાસ/નાપાસ માટે કોટડાસાંગાણી આઈ.ટી.આઈ માં પ્રવેશ શરૂ

ઔદ્યોગિક તાલીમ સંસ્થા - કોટડાસાંગાણી ખાતે ધો.-૧૦ પાસ માટે ઈલેક્ટ્રીશિયન, મિકેનીક ડીઝલ, કોપા (કોમ્પ્યુટર કોર્ષ), ફીટર તથા ધો.-૮ પાસ માટે વાયરમેન તથા વેલ્ડર કોર્ષમાં પ્રવેશ સત્ર-૨૦૨૫ના પ્રથમ રાઉન્ડ ની પ્રવેશ પ્રક્રિયા તા.૨૪.૦૪.૨૦૨૫ થી તા.૩૦.૦૬.૨૦૨૫ સુધી શરૂ હોય પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ https://itiadmission.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવી અથવા સરકારી ઔ.તા.સંસ્થા-કોટડાસાંગાણી, ભાડવા રોડ, સુર્યમુખી હનુમાન મંદિર પાસે, કોટડાસાંગાણીનો સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક સુધીમાં રૂબરૂ સંપર્ક કરવો.

## ડિપ્લોમાં એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં એડમિશન માટે વિનામુલ્યે માર્ગદર્શન અપાશે

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ ખાતે એ.સી.પી.સી. તથા એ.સી.પી.ડી.સી.નું હેલ્પ સેન્ટર - સાયબર સ્પેસ સેન્ટર કાર્યરત થયેલ છે. જેમાં ડિગ્રી તથા ડિપ્લોમા એન્જીનીયરીંગમાં એડમિશન લેવા માટે પ્રથમ રાઉન્ડની ચોઈસ ફીલીંગ, એડમિશન એલોટમેન્ટ અને તે અંગેની કાર્યવાહી વગેરે બાબતો માટે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઈન્ટરનેટ જેવી જરૂરી તમામ સુવિધા વિનામૂલ્યે વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. ધોરણ ૧૨ સાયન્સ તથા ધોરણ ૧૦ પાસ વિદ્યાર્થીઓને આગળના ડિગ્રી તથા ડિપ્લોમાં એન્જીનીયરીંગ અભ્યાસક્રમોમાં એડમિશન માટે વિના મુલ્યે માર્ગદર્શન આપવામાં આવશે.ડિગ્રી અને ડિપ્લોમા એન્જીનીયરીંગના એડમિશન તથા કેરિયર કાઉન્સિલિંગ માટે વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ હેલ્પ સેન્ટર-સાયબર સ્પેસ સેન્ટર સવાર ના ૦૭:૩૦ થી સાંજના ૦૪:૩૦ સુધી કાર્યરત હોય છે.

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ચોથા અધિક સીવીલ જજ સાહેબશ્રી એ.એસ.ખંડેલવાલ સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં.૯૩૧/૨૦૨૫ થી બંકીમચંદ્ર રશ્મિકાંત વ્યાસ એ ગુજ. રશ્મિકાંત દલપતરામ વ્યાસની સ્થાવર મિલકત ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ ગામ રૈયાના રેવન્યુ સર્વે નંબર ૧૫૧/૧ પૈકીના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નં.૭ના સબપ્લોટ નં. ૭/બીચો.મી.આ.૬૩-૬૦ ઉપરના ઉભા ઈમલાવાળા રહેણાંક મકાન આવેલ છે. જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૬ (રૈયા), ફાયનલપ્લોટ નં.૨૨૩ થી થયેલ છે. આ મિલકતનું હેરશીપ સર્ટીફીકેટ મેળવવા માટે આ કોર્ટમાં અરજી તેમના **એડવોકેટ શ્રી અમિત વી. કોઠારી** મારફતે કરેલ છે જો કોઈ વ્યકિત, જાહેર નોટીસના અનુસંધાને વાંધા-જવાબ રજુ કરવા ઈચ્છતા હોય, સદરહુ જવાબ-વાંધા તેમને જાતે અગર તો તેમના અધિકૃત વ્યકિતએ મુદત તારીખ-૧૭/૦૬/૨૦૨૫ ના રોજ રૂબરૂ કોર્ટ સમક્ષ હાજરી આપવાની રહેશે, જો કોઈ વાંધા આવશે નહિ તો આગળ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૨૫ માહે ૦૪ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (એચ.એમ.રામાણી) આસીસ્ટન્ટ — કોર્ટનો સિકકો — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ રાજકોટ.

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email Id:- prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચૂરણ અરજી નં.૧૫૫/૨૦૨૫

શ્રી રસિકભાઈ હીરજીભાઈ રાદડિયા
રહે.ગોખલાણા, તા.જસદણ, જિ.રાજકોટ
...અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગોખલાણા, તા.જસદણ ...સામાવાળા

વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના પુત્રીશ્રી ઈતિક્ષા રસિકભાઈ રાદડિયાનો જન્મ તા.૨૨-૧૦-૨૦૦૨ના રોજ જસદણ તાલુકાના ગોખલાણા ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૩.૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૨/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email Id:- prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચૂરણ અરજી નં.૧૫૬/૨૦૨૫

શ્રી ભીમજીભાઈ ભીખાભાઈ ખોખરીયા
રહે.આટકોટ, તા.જસદણ, જિ.રાજકોટ
...અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, આટકોટ, તા.જસદણ ...સામાવાળા

વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રી ભીમજીભાઈ ભીખાભાઈ ખોખરીયાનો જન્મ તા.૧૦-૦૫-૧૯૪૭ના રોજ જસદણ તાલુકાના આટકોટ ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૩.૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૪/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

---

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, જસદણ પ્રાંત,**
પ્રથમ માળ, તાલુકા સેવા સદન, જિલેશ્વર પાર્ક પાસે, કમળાપુર રોડ, જસદણ
ફોન નં.૦૨૮૨૧-૨૨૧૨૩૨ Email Id:- prant-rev-raj@gujarat.gov.in

### જાહેર નોટીસ

પરચૂરણ અરજી નં.૧૪૧/૨૦૨૫

શ્રી કનુભાઈ કાળાભાઈ પાંચાણી
રહે.આંબરડી, તા.જસદણ, જિ.રાજકોટ
...અરજદાર

વિરૂધ્ધ

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને તલાટી-કમ-મંત્રીશ્રી, આંબરડી, તા.જસદણ ...સામાવાળા

વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના ભાઈશ્રી મનુભાઈ કાળાભાઈ પાંચાણીનો જન્મ તા.૨૮-૧૨-૧૯૭૨ના રોજ જસદણ તાલુકાના આંબરડી ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજિસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૩.૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જસદણ

## સરકાર અને સૈન્ય સામે આક્રોશઃ અમારી જ 'બલી' ચડાવો છો

# પાક. સેનામાં અધિકારીઓ-જવાનોના ધડાધડ રાજીનામા પડવા લાગ્યા!

**૫૦૦૦થી વધુ જવાનો ભારત સાથે લડવા માંગતા નથીઃ હજુ વધુ અસંતોષ બહાર આવવાની શકયતાઃ ૧૧મી કોપ્સ કમાન્ડરના લેફ. જનરલ ઉમર બુખારીએ જનરલ મુનીરને તાકીદની જાણ કરી**

**પશ્ચીમી સરહદે મુકાયેલા ૧૨મી કોપ્સના જવાનોમાં પણ અસંતોષઃ સૈનિકોના કુટુંબીજનોનું પણ દબાણ વધ્યુઃ હાલમાં જ બલુચ હુમલામાં ૨૫૦૦થી વધુ જવાનોનો ભોગ લેવાયો હતો તે આક્રોશ યથાવત**



નવી દિલ્હીઃ ભારત એક તરફ પાકિસ્તાન સામે નિર્ણાયક લશ્કરી પગલાની તૈયારી કરી રહ્યું છે અને પાક સાથેનો વ્યાપાર પણ રોકી દીધો છે તે સમયે હવે કોઈ કારણ વગર યુદ્ધમાં જવા સામે પાકિસ્તાનના સૈન્યમાં જબરો અસંતોષ સર્જાઈ રહ્યો હોવાના અહેવાલ સોશ્યલ મીડીયામાં વહેતા થયા છે. પાકના ટોચના જનરલ જેમાં સૈન્ય વડા અસીમ મુનીરનો પણ સમાવેશ થાય છે. તેઓએ પોતાના કુટુંબને પાક.ની બહાર સલામતી મોકલી આપ્યા બાદ પાક વિપક્ષને પણ હવે દેશની સરકાર પર ભરોસો રહ્યો નથી અને બિલાવલ ભુટ્ટોએ તેના પરિવારને કેનેડા મોકલી દીધું હોવાના અહેવાલ છે. તે સમયે પાકના સૈન્ય જવાનોના કુટુંબીજનો પણ હવે ભારત સામેના યુદ્ધનો વિરોધ કરી રહ્યા છે. જે રીતે પહેલગામમાં નિર્દોષ સહેલાણીઓની હત્યા થઈ તેથી કાશ્મીરીઓની રોજી રોટી જ છીનવાઈ રહી છે અને હાલમાંજ પાકમાં બલુમ આર્મીએ જાફર એકસપ્રેસ પર હુમલો કર્યો તેમાં પાક સેનાના જવાનોની મોટા પાયે હત્યા કરી હતી. અગાઉ પાકમાંજ અલગતાવાદીઓએ એક સૈન્ય શાળા પર હુમલો કરતા પાક સેનાના જવાનોના બાળકો માર્યા ગયા હતા.

આમ દેશની સરકારોની નીતિથી સેનાનેજ ખોટી રીતે બલીદાન દેવા પડે છે. આ સ્થિતિમાં પાક સેનાના ૨૫૦૦થી વધુ જવાનોના રાજીનામા પડયા છે. જેઓ આ યુદ્ધમાં જવા માંગતા નથી અને પાક સેનાન જનરલો સામે નવી કટોકટી સર્જાઈ છે. બીજી તરફ પાકિસ્તાન સૈન્ય સહિતના ઉચ્ચ અધિકારીઓએ ચેતવણી આપી છે. ખાસ કરીને લેફ.જનરલ ઉમર બુખારી કે જે ૧૧મી કોપ્સના કમાન્ડર છે. તેણે સૈન્ય વડા અસીમ મુનીરને એક તાકીદના રિપોર્ટમાં વધુને વધુ જવાનો અને ૨૦૦થી વધુ અધિકારીઓ કે જે પશ્ચીમી સરહદ પર તૈનાત છે તેઓ પોતે પરત આવવા માંગતા હોવાની જાણ હેડકવાટરને કરી છે અને તેને કારણે પણ પાકિસ્તાનના સૈન્ય વડાની ચિંતા વધી છે.

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. પમાં અધિક સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી એ.પી.દવે સાહેબની કોર્ટમાં, દિવાની પરચુરણ અરજી નંબર ૯૩૨/૨૦૨૫થી અરજદાર **શ્રુતીબેન રાજેશભાઈ શાહ,** રહે. રાજકોટ **ગુજરનાર નિશાબેન રાજેશભાઈ શાહ**ની નીચે મુજબની સ્થાવર મિલ્કત કે જે રાજકોટ શહેરમાં આનંદનગર કોલોનીમાં આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ બાંધેલ સરવે નંબર ૩૧૫ની જમીનમાં આવેલ ટેનામેન્ટ નં. એમ-૫૩ વાળા જમીન ચો.મી.આ. ૨૨૫-૦-૦ (ચો.વા.આ. ૨૭૦-૦-૦) સહિતના ઉભા ઇમલાના બાંધકામવાળુ મકાન **અનુક્રમ નં. ૩૬૬૯, તા. ૦૬/૦૪/૧૯૯૪**ના રોજના દસ્તાવેજથી **શ્રી અનસુયાબેન સુરેશચંદ્ર શાહ તથા સુરેશચંદ્ર હરકિશનદાસ શાહ**એ સંયુક્ત નામે ખરીદ કરેલ છે. જે પૈકી સુરેશચંદ્ર હરકિશનભાઈ શાહનું તા. ૧૨/૦૮/૧૯૯૫ના રોજ અવસાન થતા ગુજરનાર સુરેશચંદ્ર હરકિશનભાઈ શાહના ૫૦% અવિભાજય હિસ્સા અન્વયે નિશાબેન રાજેશભાઈ શાહએ રાજકોટના મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાંથી દિવાની પરચુરણ અરજી નં. ૫૨૯/૨૦૧૯થી તા. ૨૧/૦૬/૨૦૧૯ના રોજ હેરશીપ સર્ટીફીકેટ મેળવેલ છે. ત્યારથી ગુજરનાર નિશાબેન રાજેશભાઈ શાહનો ઉપરોકત મિલ્કતમાં ૫૦% અવિભાજય હિસ્સો રહેલ છે. સદરહું મિલ્કત અંગેનું લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન સર્ટીફીકેટ મેળવવા માટે તેઓએ તેમના **એડવોકેટ શ્રી હીરેન એ. ગજ્જર** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સબંધે જે કોઇ વ્યકિતને વાંધા તકરાર હોય તેમણે મુદત તા. ૧૨/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૧૦-૪૫ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૨૫ માહે એપ્રિલ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યું.

તૈયાર કરનાર (એમ.પી.જોષી) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી જે.વી.પરમાર છઠ્ઠા એડી. સીની. સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું. રાજકોટ **દિ.પ.અ.નં. ૮૭૪/૨૦૨૫,** અરજદાર **શ્રી નિરલ જગદીશભાઈ દોશી**એ **ગુજ. મંજુલાબેન જગદીશભાઈ દોશીની સ્થાવર મિલ્કત** કે રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના ગામ ઘંટેશ્વરના રેવન્યુ સર્વે નં-૨૮ પૈકી ૨ની રહેણાંક હેતુ માટેના બીનખેડવાણ થયેલ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં-૩૯,૬૨ તથા ૬૩ની કુલ જમીન ચો.મી.આ. ૧૬૫૨-૬૦ ઉપર આવેલ **'ઇશ્વરમ'**ના નામથી ઓળખાતા હાઇરાઇઝ બિલ્ડીંગ માંહેથી ફિફ્થ ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નં-એ/૫ જેનો બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૭૮-૦૦ થાય છે તે ફ્લેટ, દ.અનુ.નં-૧૯૯૯ તા. ૧૫/૦૩/૨૦૧૮થી **ગુજ. મંજુલાબેન જગદીશભાઈ દોશી**એ ખરીદ કરેલ હતી ત્યારથી આ મિલ્કત ગુજરનારની માલીકી તથા કબજા, ભોગવટાની આવેલ હતી. સદરહું મિલ્કતનું હેરશીપ/વારસા સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **વકીલશ્રી શ્યામકુમાર કે. પરમાર, વિજય ડી. સોજીત્રા-એડવોકેટ એન્ડ નોટરી, પ્રવિણ સી. ઝરીયા-એડવોકેટ, કિર્તીરાજસિંહ એચ. ઝાલા-એડવોકેટ, રાજેશ જી. કનોજીયા-એડવોકેટ એન્ડ નોટરી, અભિષેક પી. જાડેજા-એડવોકેટ, પી.ટી.મકવાણા એડવોકેટ, મહેન્દ્ર કે. શ્રીમાળી-એડવોકેટ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઇ વ્યકિતને વાંધા, તકરાર તેમને મુદત તારીખ :- ૧૩/૬/૨૫ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૧૯ માંહે ૦૪ સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યું.

તૈયાર કરનાર (ટી.એન.રાવલ) આસીસ્ટન્ટ — કોર્ટનો સીકકો — હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

---

**રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના મોજે હરિપર ગામની**

### ખેતીની જમીન અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના મોજે હરિપર ગામના ખાતા નં.૪૯ રેવન્યુ સર્વે નંબર ૫૨/૧ પૈકી ૧ જરાયત હે. ૧-૩૭-૬૦ તથા રેવન્યુ સર્વે નંબર ૫૩/૧ પૈકી ૧/પૈકી ૧ જરાયત હે. ૦-૬૨-૦૮ કુલ હે. ૧-૯૯-૬૮ની ખેતીની જમીન દેવુબેન ભીખાભાઇ સોલંકી રે. હરિપર વાળાની સ્વતંત્ર માલીકી અને કબ્જા ભોગવટાની આવેલ છે. સદરહુ ખેતીની જમીન મારા અસીલ શ્રી બહાદુરસિંહ તોગાજી ચૌહાણ રેઃ ત્રાકુળા વાળા ખરીદવા માંગે છે. તો કોઇપણને સદરહુ ખેતીની જમીન અંગે હકક, હિત, દર-દાવો, બોજો-લીયન, હિત સબંધ કે ઇઝમેન્ટના હકકો હોય તો નોટીસ પ્રસિધ્ધથી દિવસ ૦૮ (આઠ)માં અમારી ઓફીસ લેખિતમાં વાંધા આપવા મુદત વીત્યે કોઇપણ વ્યકિતનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, વાંધા, તકરાર નથી અથવા હોય તો જતો યાને (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ વેચાણનો પુરો અવેજ ચુકવી વ્યવહાર પૂર્ણ કરી વેચાણ ત્યારબાદ કોઇના હકક-દાવા અમારા શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિ જેની આથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

મુ. ગોંડલ તા. ૨૬/૦૪/૨૦૨૫

પી.પી.ઝાલા (એડવોકેટ) મો. ૯૬૬૪૯ ૯૦૯૬૪

દિગ્વિજયસિંહ જે. ઝાલા (એડવોકેટ) મો. ૮૧૬૦૪ ૮૨૫૯૮

ઓફિસ સરનામુ : મામલતદાર ઓફિસની સામે રાધા કૃષ્ણ કોમ્પ્લેક્ષ, ગોંડલ-૩૬૦ ૩૧૧

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે :-

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટ તાલુકાનાં મોજે ગામ રતનપરના રેવન્યુ સર્વે નં. ૧૪૦ની જમીન એ. ૭-૦૭ ગુંઠામાં આવેલ 'શ્રી રામ પાર્ક'ના નામથી ઓળખાતા રહેણાંક બીનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી પ્લોટ ૩૭ની જમીન ચો.મી.આ. ૧૬૭-૨૪ માંહેથી ઉત્તર તરફથી જમીન પૂર્વના રસ્તાવાળી જમીન ચો.મી.આ. ૮૩-૬૧ કોમલબેન સુરેશભાઇ મણીયારના સ્વતંત્ર નામે આવેલ છે. તે ખુલ્લી જમીન ઉપરોકત જમીન માલીક પાસેથી ઉપરોકત જણાવેલ જમીન મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોકત વર્ણનવાળી મિલકત સંબંધે કે તેના વેચાણ, વ્યવહાર અંગે કે તેના ટાઇટલ ડીડઝ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર, વારસાઇ લાગ-ભાગ, હકક, હિત, દાવો, કરજ, ગીરો, ભરણ-પોષણ કે અન્ય કોઇ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત)માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર, પુરાવાઓ સાથે લેખિતમાં જાણ કરવી મુદત દરમ્યાન કોઇના વાંધા-તકરાર નહીં આવે તો કોઇને વાંધો-તકરાર નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે અને ત્યારબાદ કોઇપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ
તા.૨૮/૦૪/૨૦૨૫

**કલ્પેશ એલ. સાકરીયા (એડવોકેટ)**
ઠે. ઓફીસ નં. ૧, પહેલો માળ, બ્રહ્માણી કોમ્પ્લેક્ષ, ગુજરાત ટ્રાવેલ્સની બાજુમાં, આજી ડેમ ચોકડી, રાજકોટ. મો. નં. ૭૭૭૭ ૯૯૯ ૩૦૨

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે :-

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના, રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૨૮૮-૧ પૈકીના બીનખેડવાણ અને ઇમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ કે જે 'ગોવિંદપરા' તરીકે ઓળખાય છે તેના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧-એની ઉત્તર તરફની જમીન ચો.મી.આ. ૩૯-૦૦ તથા પ્લોટ નં. ૧-બી પૈકીની ઉત્તર-પશ્ચિમ તરફની જમીન ચો.મી.આ. ૧૩-૦૦ મળી કુલ જમીન ચો.મી.આ. ૫૨-૦૦ બરાબર ચો.વા.આ. ૬૨-૧૯૨ સહિત તેની ઉપર આવેલ ઉભા ઇમલાવાળુ મકાન શ્રી પરસોતમભાઇ જીવરાજભાઇ માલવીયાના સ્વતંત્ર નામે આવેલ છે. તે મિલ્કત માલીક પાસેથી ઉપરોકત જણાવેલ મિલ્કત મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોકત વર્ણનવાળી મિલકત સંબંધે કે તેના વેચાણ, વ્યવહાર અંગે કે તેના ટાઇટલ ડીડઝ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર, વારસાઇ લાગ-ભાગ, હકક, હિત, દાવો, કરજ, ગીરો, ભરણ-પોષણ કે અન્ય કોઇ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત)માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર, પુરાવાઓ સાથે લેખિતમાં જાણ કરવી મુદત દરમ્યાન કોઇના વાંધા-તકરાર નહીં આવે તો કોઇને વાંધો-તકરાર નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે અને ત્યારબાદ કોઇપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ
તા.૨૮/૦૪/૨૦૨૫

**કલ્પેશ એલ. સાકરીયા (એડવોકેટ)**
ઠે. ઓફીસ નં. ૧, પહેલો માળ, બ્રહ્માણી કોમ્પ્લેક્ષ, ગુજરાત ટ્રાવેલ્સની બાજુમાં, આજી ડેમ ચોકડી, રાજકોટ. મો. નં. ૭૭૭૭ ૯૯૯ ૩૦૨

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે :-

**ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરેન્દ્રનગરના સબ-ડીસ્ટ્રીકટ ચોટીલા તાલુકાનાં મોજે ગામ ઢોકળવાના ખાતા નં. ૯૩૭ના રેવન્યુ સર્વે નં. ૫૯૦ (જુના રેવન્યુ સર્વે નં. ૧૦૩/પૈકી ૪/૨)ની જુની શરતની પીયત પ્રકારની ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૨-૯૨-૪૬ છે તે શ્રી ભાનુભાઇ મોહનભાઇ ભાલીયાના સ્વતંત્ર નામે આવેલ છે. તે જમીન ઉપરોકત જમીન માલીક પાસેથી ઉપરોકત જણાવેલ ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માંગે છે.**

સબબ ઉપરોકત વર્ણનવાળી મિલકત સંબંધે કે તેના વેચાણ, વ્યવહાર અંગે કે તેના ટાઇટલ ડીડઝ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર, વારસાઇ લાગ-ભાગ, હકક, હિત, દાવો, કરજ, ગીરો, ભરણ-પોષણ કે અન્ય કોઇ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત)માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર, પુરાવાઓ સાથે લેખિતમાં જાણ કરવી મુદત દરમ્યાન કોઇના વાંધા-તકરાર નહીં આવે તો કોઇને વાંધો-તકરાર નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે અને ત્યારબાદ કોઇપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ
તા.૨૮/૦૪/૨૦૨૫

**કલ્પેશ એલ. સાકરીયા (એડવોકેટ)**
ઠે. ઓફીસ નં. ૧, પહેલો માળ, બ્રહ્માણી કોમ્પ્લેક્ષ, ગુજરાત ટ્રાવેલ્સની બાજુમાં, આજી ડેમ ચોકડી, રાજકોટ. મો. નં. ૭૭૭૭ ૯૯૯ ૩૦૨

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મે. 18TH એડીશ્નલ સીનીયર સીવીલ જજ A.R.SONI સાહેબની કોર્ટમાં,
દિવાની પર. અરજી નં. ૯૦૭/૨૦૨૫

અરજદાર શ્રી મનિષ કાંતીલાલ વાડોલીયાએ ગુજરનાર કાંતીલાલ વસંતરાય વાડોલીયાની માલીકીની મીલ્કત, જે (૧). રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં. ૨૦૯ પૈકી પ્લોટ નં. ૧૩/બી પૈકી, ટી.પી. સ્કીમ નં. ૬, એફ.પી. નં. ૯૮૩ ની જમીન ચો.મી. ૬૫-૬૩ સહિતનું મકાન, (૨). રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૬૧૪ પૈકી ૬ પૈકી ૨ ના''અમૃત સરીતા-૨'' તરીકે ઓળખાતા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૮૬, ટી.પી. સ્કીમ નં. ૨૪, એફ.પી. નં. ૫/૯ પૈકી (રાજકોટ સીટી સર્વે વોર્ડ નં. ૧૮, સીટી સર્વે નં. ૧૯૪૧/૧/૮૮) ની જમીન ચો.મી. ૫૩-૩૩ સહિતના મકાનમાં ૧/૨ અવિભાજય હિસ્સો, તથા (૩). રાજકોટ શહેરના રેવન્યુ સર્વે નં. ૬૧૪ પૈકી ૬ પૈકી ૨ ના અમૃત સરીતા-૨ તરીકે ઓળખાતા પ્લોટસ પૈકી પ્લોટ નં. ૮૫, ટી.પી. સ્કીમ નં. ૨૪, એફ.પી. નં. ૫/૯ પૈકી (રાજકોટ સીટી સર્વે વોર્ડ નં. ૧૮, સીટી સર્વે નં. ૧૯૪૧/૧/૮૭) ની જમીન ચો.મી. ૫૪-૨૭ સહિતના મકાનમાં ૧/૨ અવિભાજય હિસ્સો આવેલ છે. આ મીલ્કતોનું વારસા સર્ટીફીકેટ મેળવવા તેમના એડવોકેટ શ્રી અમન બી. દોશી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની દિવાની પર. અરજી દાખલ કરેલ છે, તે સંબંધે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તા. ૨/૪૨૦૨૫ ના સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તારીખ : ૦૨ એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર (પી.એન. જાડેજા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એન. આર. વ્યાસ) રજીસ્ટ્રાર

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મે. 16TH એડીશ્નલ સીનીયર સીવીલ જજ શ્રી M.A.PIPRANI સાહેબની કોર્ટમાં,
દિવાની પર. અરજી નં. ૯૦૬/૨૦૨૫

અરજદાર શ્રી મીનાબેન સુધીરકુમાર વોરાએ ગુજરનાર સુધીરકુમાર નગીનદાસ વોરાની માલીકીની મીલ્કત, જે રાજકોટ શહેરમાં રેવન્યુ સર્વે નં. ૫૭૬, ૫૭૭, સીટી સર્વે વોર્ડ નં. ૧૮, સીટી સર્વે નં. ૧૨૬૯ પૈકી પ્લોટ નં. ૫ પૈકીની જમીન ચો.વા. ૪૬-૬-૦ સહિતનું મકાન આવેલ છે. આ મીલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા તેમના એડવોકેટ શ્રી અમન બી. દોશી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની દિવાની પર. અરજી દાખલ કરેલ છે, તે સંબંધે કોઈ વ્યક્તિને વાંધો તકરાર હોય તેમને મુદત તા૧૬/૬/૨૦૨૫ ના સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તારીખ : ૨૩ એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર (પી.એન. જાડેજા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એન. આર. વ્યાસ) રજીસ્ટ્રાર

### સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મે. 16TH એડીશ્નલ સીનીયર સીવીલ જજ S.V.MUDALIYAR સાહેબની કોર્ટમાં,
દિવાની પર. અરજી નં. ૯૦૫/૨૦૨૫

અરજદાર (૧) શ્રી કુલદીપસિંહ રાજેશસિંહ જાડેજા (૨) શ્રી મીતલબા રાજેશસિંહ જાડેજા તથા (૩) શ્રી શક્તિરાજસિંહ રાજેશસિંહ જાડેજાએ ગુજરનાર કુસુમબા રાજેશસિંહ જાડેજાની માલીકીની મીલ્કત, જે રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ નાનામવાના રેવન્યુ સર્વે નં. ૧૪ ના શાસ્ત્રીનગર તરીકે ઓળખાતા વિસ્તારમાં જમીન ચો.મી. ૭૧-૯૪ ઉપર આવેલ ટેનામેન્ટ નં. ડી-૨૦૦ સહિતનું મકાન આવેલ છે. આ મીલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા તેમના એડવોકેટ શ્રી અમન બી. દોશી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની દિવાની પર. અરજી દાખલ કરેલ છે, તે સંબંધે કોઈ વ્યકિતને વાંધો તકરાર હોય તેમને મુદત તારીખ : ૧૩/૦૬/૨૦૨૫ ના સવારે ૧૦-૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તારીખ : દ્રઘ એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યુ.

તૈયાર કરનાર (પી.એન. જાડેજા) આસીસ્ટન્ટ — કોર્ટનો સિક્કો — હુકમથી (એન. આર. વ્યાસ) રજીસ્ટ્રાર

---

**પ્રતિશ્રી,**
**હાર્દિકભાઇ નીતિનભાઇ પતાણી,**
**રે. જામનગર, ઠે. જલીયાણ, શાંતિ વિહાર-૨, દ્વારકા ગ્રીન બંગલો, લાલવાડી, ગ્રીન વુડની સામે, જામનગર. મો. નં. ૮૫૧૧૮ ૧૩૦૦૩**

**વિષય : નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની નોટીસ.**

આથી હું નીચે સહી કરનાર **નિલેષ એમ. મકવાણા, બી.એ., એલ.એલ.બી., એડવોકેટ (ગુજરાત હાઇકોર્ટ)** તે મારા અસીલ **હીતેષ મગનલાલ જોષી**, રહે. ભાણવડ, ઠે. વ્રજભૂમિ સોસા., તા. ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકાવાળાની સુચના અને તેના કહેવાથી તમો ઉપર જણાવેલ નામ સરનામાવાળાને આ નોટીસ આપી નીચે મુજબની હકિકતોથી વાકેફ કરૂ છું.

(૧) મારા અસીલ તમો નોટીસ લેનાર પાસે નાણા માંગણા હતા અને તે માંગણા ચુકવવા માટે, તમો નોટીસ લેનારાએ મારા અસીલને આપેલ ચેક રીટર્ન થતા તમો નોટીસ લેનાર વિરૂધ્ધ ભાણવડ કોર્ટમાં ફોજદારી કેસ નં. ૮૫૭/૨૦૨૪થી દાખલ થયેલ હતો. આ કેસમાં થયેલ સમાધાન મુજબ તમો નોટીસ લેનારે મારા અસીલના લેણા કરારદાદ મુજબ કબુલ કરેલ હતા અને આ લેણાની રકમ ચુકવવા માટે તમો નોટીસ લેનારે મારા અલીસને તમોની બેંક તે બેંક ઓફ બરોડા-જામનગર શાખાનો તમારા ખાતા નં. ૦૩૬૭૦૨૦૦૦૦૨૬૦૩ના કુલ ૧૫ ચેક જે દરેક હપ્તા પેટેના ચેક આપેલ હતા. જે દરેક ચેકની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ ભરી, તારીખ નાખી આપેલ હતા. જેમાંથી પાંચમાં હપ્તા પેટેનો ચેક નં. ૦૦૦૦૦૫ વાળો રૂા. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પુરાનો તા. ૦૧/૦૩/૨૦૨૫નો ભરી સહી કરી આપેલ હતો.

(૨) તમો નોટીસ લેનાર અને મારા અસીલ વચ્ચે થયેલ સમાધાન મુજબ તમો નોટીસ લેનારે મારા અસીલને એવો ભરોસો અને ખાત્રી આપેલ કે, તા. ૦૧/૦૩/૨૦૨૫ના રોજ અથવા ચેકની કાયદેસરની મુદત દરમ્યાન ચેક વટાવવા માટે બેંકમાં રજુ થતા ચેકના નાણા મારા અસીલને મળી જશે. આથી તમોએ આપેલા વિશ્વાસના આધારે મારા અસીલે કેસમાં સમાધાન કરી, ઉપરોકત જણાવેલ વિગતવાળો ચેક સ્વીકારી લીધેલ.

(૩) મારા અસીલે આ નોટીસમાં જણાવેલ ઉપરોકત ચેક કાયદેસરની મુદતમાં બેંક ખાતામાં જમા કરતા મારા અસીલને તા. ૧૭/૦૪/૨૦૨૫ના રોજનો બેંકે રીટર્ન મેમો આપીને ચેક વણચુકવ્યો પરત કરેલ છે. આ ચેકને વણચુકવ્યા પરત કરવા માટેનું કારણ જણાવેલ છે કે, તમો નોટીસ લેનારના ખાતામાં ચેકમાં જણાવેલ રકમ ચુકવી આપવા પુરતુ ભંડોળ (Funds Insufficient) નથી.

(૪) આથી આ નોટીસ આપી આપને જણાવવાનું કે, ઉપરોકત જણાવેલ ચેકની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પુરા આ નોટીસ મળ્યેથી દિવસ-૧૫માં મારા અસીલને ચુકવી આપીને અસલ ચેક પરત મેળવી લઇ, રકમ ચુકવ્યાની પહોંચ મેળવી લેશો. જો તેમ કરવામાં કસુર કરશો તો મારા અસીલ આપના વિરૂધ્ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૩૮ મુજબ ફોજદારી ફરીયાદ કરશે જેની ઉત્પન્ન તમામ પરિસ્થિતિની જવાબદારી તમો નોટીસ સ્વીકારનારની રહેશે.

(૫) આ નોટીસ તમોને રજી. એડી. પોસ્ટથી તમોના નોંધાયેલા રહેણાંકના સરનામે મોકલી આપેલ છે, તે નોંધ લેશો.

મું. ભાણવડ તા. ૨૧/૦૪/૨૦૨૫ — જોષી એચ.એમ.

**નિલેષ એમ. મકવાણા (એડવોકેટ)**
તે મારા અસીલની સુચના અને ફરમાનથી.

# કાળઝાળ ગરમી વચ્ચે શરદી-ઉધરસ, તાવ, ઝાડા-ઉલ્ટીના કેસમાં વધારો : કમળાનો ફફડાટ

## ચાલુ સપ્તાહમાં દર્દીઓની સંખ્યા વધીને ૧૪૦૯ : ચાલુ વર્ષમાં ખોરાકજન્ય રોગચાળાના કેસ વધવાનો ટ્રેન્ડ : મચ્છર ઉત્પત્તિ બદલ ૨૭૪ આસામીઓને નોટીસ ફટકારાઇ

રાજકોટ, તા.૨૮

રાજકોટમાં ઉનાળાની કાળઝાળ ગરમી અને રાજયમાં સૌથી વધુ તાપ વરસી રહ્યો છે ત્યારે રોગચાળાના કેસમાં પણ વધારો નોંધાયો છે. ગત સપ્તાહ કરતા આ અઠવાડિયામાં દર્દીઓની સંખ્યા વધી છે. આ સમયમાં ડેંગ્યુ અને ચીકનગુનીયાના એક-એક નવા કેસ સાથે સીઝનલ રોગચાળાના દર્દીઓની સંખ્યા પણ મોટી થઇ છે. કમળાના કેસ પણ આ વર્ષે ચિંતાજનક રીતે વધી રહ્યાનું દેખાઇ રહ્યું છે. અઠવાડિયામાં કુલ નવા ૧૪૦૯ કેસ નોંધાયા છે.

મહાપાલિકાની આરોગ્ય અને મેલેરીયા શાખાએ આજે જાહેર કરેલા આંકડા મુજબ તા.૨૧ થી ૨૭ના અઠવાડિયા દરમ્યાન ડેંગ્યુ અને ચીકનગુનીયાના એક એક દર્દી નોંધાયા છે. મચ્છરજન્ય મેલેરીયાનો કોઇ કેસ આવ્યો નથી. આ સિવાય છેલ્લા અઠવાડિયામાં શરદી-ઉધરસના કેસ વધીને ૫૪૮ થયા છે, સામાન્ય તાવના કેસમાં પણ ગત અઠવાડિયાની સરખામણીએ વધારો થયો છે અને આ દર્દીઓની સંખ્યા ૬૮૪ થઇ છે. ઝાડા-ઉલ્ટી ૧૭૧ કેસ આવ્યા છે. ટાઇફોઇડનો એક અને કમળાના ત્રણ દર્દીની નોંધ થઇ છે. આ રીતે ખોરાક અને પાણીજન્ય ઝાડા-ઉલ્ટી, કમળા, ટાઇફોઇડના દર્દી આ વર્ષે વધ્યા છે.

ચાલુ ૨૦૨૫ના વર્ષમાં ખતરનાક તાવ ટાઇફોઇડના કુલ ૩૭ અને કમળાના ૩૦ દર્દીની નોંધ થઇ છે.

દરમ્યાન મેલેરીયા શાખાએ જાહેર કર્યા મુજબ ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. મચ્છરનું જીવનચક્ર ટૂંકુ હોય છે અને પુન: ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે.



મહાનગર પાલિકાના આરોગ્યતંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે વાહક નિયંત્રણની કામગીરી હેઠળ અઠવાડિયામાં ૨૧,૨૩૬ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૧૮૨ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે.

**રોગચાળાના સપ્તાહના આંકડા**

| રોગ | સાપ્તાહિક કેસ |
|---|---|
| ડેંગ્યુ | ૧ |
| ચિકનગુનિયા | ૧ |
| શરદી-ઉધરસ | ૫૪૮ |
| સામાન્ય તાવ | ૬૮૪ |
| ઝાડા-ઉલ્ટી | ૧૭૧ |
| ટાઇફોઇડ | ૧ |
| કમળો | ૩ |

જે વિસ્તારમાં મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

રોગ અટકાયતીના ભાગરૂપે મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો પર ચેકીંગ કરી બેદરકારી દાખવનાર આસામી સામે મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવે છે. જે હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૬૯ મિલ્કતોમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવી હતી. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૧૭૯ અને કોર્મશીયલ ૯૫ આસામીને નોટીસ આપવામાં આવ્યાનું મેલેરીયા શાખાએ જણાવ્યું હતું.

---

### પેડલર સુધા ધામેલીયાના પુત્રો બેખૌફ હથીયાર સાથે ફરી રહ્યાનું સામે આવ્યું

# પિસ્તોલ સાથે પકડાયેલ કુખ્યાત શખ્સને સપ્લાય નામચીન હિતેષ ધામેલીયાએ કર્યુ ’તું

**બે દિવસ પહેલાં યુની. પોલીસ મથક વિસ્તારમાં હિતેષે હથીયાર સાથે રાખી માથાકૂટ કરી ’તી: જે બાદ પોલીસથી બચવા પિસ્તોલ વિપુલને આપી નાસી છૂટયો**

**ક્રાઇમ બ્રાન્ચ એએસઆઇ ચેતનસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ દિપક ડાંગર અને ઉમેશ ચાવડાની બાતમીના આધારે વિપુલને પકડ્યા બાદ પેડલરની શોધખોળ આદરી**

રાજકોટ. તા.૨૮

રાજકોટમાં લુખાઓ બેખૌફ હથીયાર સાથે ફરી રહ્યાં છે, જેમાં પેડલર સુધા ધામેલીયા અને તેના પુત્રો બેખૌફ બન્યાં છે. છેલ્લા અઠવાડિયામાં ધમકી, મારામારી સહિતના ગુના નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચે પિસ્તોલ સાથે પકડાયેલ કુખ્યાત શખ્સને હથીયાર સપ્લાય નામચીન હિતેષ ધામેલીયાએ કર્યાનું ખુલતાં તેની શોધખોળ હાથ ધરી હતી.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી (ક્રાઇમ) ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી (કાઇમ) બી.બી.બસીયા દ્વારા આર્મ્સ એકટ મુજબની ગેર કાયદેસર પ્રવૃતી આચરતા શખ્સોને પકડવાની આપેલ સૂચનાથી ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ ની એએસઆઇ ચેતનસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ દિપક ડાંગર અને ઉમેશ ચાવડા પેટ્રોલિંગમાં હતાં ત્યારે માયાણીનગર મેઈન રોડ, વિશ્વનગર આવાસ યોજના કવાર્ટ, બ્લોક નં.૩ માં રહેતો શખ્સ ગેર કાયદેસર પિસ્ટલ સાથે હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી વિપુલ પ્રવિણ બગથરીયા (ઉ.વ.૩૦, રહે. વિશ્વનગર આવાસ યોજના કવાર્ટર, બ્લોક નં.૨૧, કવાર્ટર નં.૨૨૩૦, ત્રીજો માળ) ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



જે મામલે વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, હથિયાર સાથે પકડાયેલ શખ્સને નામચીન પેડલર સુધા ધામેલીયાના પુત્ર હિતેશ સુનીલ ધામેલીયાએ આપ્યાનું ખુલ્યું હતું અને બે દિવસ પહેલાં યુની. પોલીસ મથક વિસ્તારમાં હિતેષને કોઈ સાથે માથાકૂટ થઈ હતી ત્યારે હથીયાર તેની પાસે હતું. બાદમાં જે મામલે ગુનો નોંધાતા તે હથીયાર વિપુલને આપી નાસી છૂટયો હતો. હવે નામચીન હિતેષ ધામેલીયા પકડાઈ બાદ હથીયાર ક્યાંથી આવ્યું તે અંગેના રહસ્ય ખુલશે.

ઉલ્લેખનીય છે કે, પકડાયેલ વિપુલ બગથરીયા સામે હત્યાનો પ્રયાસ, મારામારી, રાયોટિંગ સહિતના ૧૩ થી વધું ગુના નોંધાયેલ છે અને બે વખત પાસામાં પણ જેલનો હવા ખાઈ ચુકેલ છે. તેમજ ફરાર હિતેષ ધામેલીયા વિરૂદ્ધ એનડીપીએસ અને મારમારીનો ગુનો નોંધાયેલ છે.

---

# મનપા ધારે તો બધુ થાય! પાણી વિતરણ બંધ રાખ્યા વગર રૈયાધારના પાણીના ટાંકાની સફાઇ

## ન્યુ રાજકોટમાં શટડાઉન ન લીધુ : સ્ક્રેપીંગ, બ્રશીંગથી બે જીએસઆરમાંથી કદડો દુર કરાયો

રાજકોટ, તા. ૨૮

મહાપાલિકા દ્વારા થોડા સમય પહેલા ટેકનીકલ કારણોથી કેટલાક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રાખવામાં આવ્યું હતું. પરંતુ મનપા ધારે તો પાણી વિતરણ ચાલુ રાખીને પણ પાણીના ટાંકા સફાઇ સહિતની ટેકનીકલ કામગીરી કરી શકે છે. આવા જ એક કામમાં તાજેતરમાં મનપાએ રૈયાધારના જીએસઆરની સફાઇ કામગીરી કરવા સાથે શટડાઉન લીધુ ન હતું.

રાજકોટ મહાનગરપાલિકાની વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા આજી, ન્યારી-૧, ભાદર ડેમ તથા સૌની યોજનામાંથી રો-વોટર લઈ, વિવિધ ફિલ્ટર પ્લાન્ટમાંથી પાણી ફિલ્ટર કરીને શહેરને સતત ગુણવત્તાયુક્ત પાણી સમયસર સપ્લાય કરવામાં આવે છે. જેના ભાગરૂપે પાણીની ગુણવત્તા જળવાય રહે તે માટે, વોટર મેનેજમેન્ટ યુનીટના રૈયાધાર ઝોન (મિકેનીકલ) દ્વારા તા.૨૨ થી ૨૪નાં રોજ ૫૦ એમએલડીની કેપેસીટીના રૈયાધાર



વોટર ફિલ્ટર પ્લાન્ટ(ફેઝ-૨)નાં ૧૮ એમ.એલ. કેપેસીટીના બંને જીએસઆઇની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે દરમ્યાન જીએસઆરમાં તથા ઈનલેટ ચેમ્બરમાં સ્ક્રેપીંગ,બ્રશીંગ કરી, સ્લજનું સીલ્ટીંગ સંપૂર્ણપણે દૂર કરી, સફાઈ કરવામાં આવેલ છે. આ તમામ કામગીરી દરમ્યાન શહેરની જનતાને કોઈ અગવડ ન પડે તે આશયથી કોઈ પણ પ્રકારનુ શટ-ડાઉન ન રાખતા,પાણી વિતરણમાં કોઈ પણ પ્રકારના વિક્ષેપ વગર સફાઈની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે જે કામગીરી એડી.સિટી ઇજનેર(ઇ.ચા.) કે.પી.દેથરીયાનાં માર્ગદર્શન હેઠળ ડીઇઇ વી.એચ.ઉમટ, એડી.આસી.એન્જી. એ.એમ.કંઝારીયા, કેમિસ્ટ જે.જે.જાડેજા, વર્ક આસી. શ્રીમતી એચ.જી. ત્રિવેદી અને લાલજીભાઈ એલ. સોજીત્રા સહિતની ટેકનીકલ ટીમ દ્વારા કરવામાં આવેલ હતી.

---

# પહેલગામ આતંકી હુમલાનાં દિવગંતોને શ્રધ્ધાંજલી પાઠવતા જિ.પં.પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર

## ગોળીથી માત્ર કાશ્મીર ફરવા ગયેલા જ નહીં કરોડો ભારતીયો ઘવાણા છે: બોદર: જરૂર પડયે પોતાના વિવિધ ધંધા-વ્યવસાયોની એકવર્ષની સંપૂર્ણ આવક દેશને અર્પણ કરવાની તૈયારી

રાજકોટ,તા.૨૮

જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદીઓ ધ્વારા હુમલાના હતભાગીઓને શ્રધ્ધાજંલી પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ કે, જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલો આતંકવાદી હુમલો આઘાતજનક અને પીડાદાયક છે. આ એક ક્રૂર અને નિંદનીય કૃત્ય છે જેનો ભારત સરકાર જડબાતોડ જવાબ આપશે. આ કિસ્સામાં પ્રવાસીઓ પર હુમલો એ અત્યંત અક્ષમ્ય છે. જે પરિવારોએ પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી અશ્રુભીની સંવેદના છે અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના છે. પહેલગામના આ આતંકવાદી હુમલાએ સમગ્ર ભારતીયોના મન હચમચાવી નાખ્યા છે.પ્રત્યેક ભારતીયના દિલોદિમાગમાં અત્યારે વેદના- વ્યથાની સાથોસાથ ભારોભાર આક્રોશ છવાયેલો છે.આતંકવાદીઓ ધ્વારા પ્રવાસીઓને ધર્મ પુછીને કરાયેલી કરપીણ હત્યાના દેશભરમાં આકરા પ્રત્યાઘાત પડયા છે ત્યારે ગોળી માત્ર કાશ્મીરના ફરવા ગયેલાઓને જ નથી લાગી કરોડો ભારતીયો ઘવાણા છે.ત્યારે આતંકવાદીઓના આશ્રયસ્થાન સમાન પાકિસ્તાનના હાજા ગગડાવવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા ગૃહમંત્રી અમિતભાઈ શાહએ આકરા પગલા ભરવાનો પ્રારંભ કરી દીધો છે જેમાં ભારતમાં પાકિસ્તાની દૂતાવાસ બંધ કરવાનો નિર્ણય, સિંધુ જળ સંધિ પર રોક, દરેક પાકિસ્તાની નાગરિકના વિઝા રદ, અટારી બોર્ડર પોસ્ટ બંધ પરત કરવા માટે ૧લી મે સુધીની સમય મર્યાદા, પાકિસ્તાની ડિપ્લોમેટને દેશ છોડવાનો આદેશ સહિતના પ્રારંભિક પગલાંથી પાકિસ્તાન ફફડી રહયું છે. દેશ સલામત તો પરિવાર સલામત’ ની ભાવનાને ઉજાગર કરી અને એક જવાબદાર નાગરિક તરીકે રાષ્ટ્રહિત માટે પોતાનું તન-મન અને ધનથી યોગદાન આપવાના ભાગરૂપે રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ બોદર અને તેના પરિવાર દ્વારા જરૂર પડીએ પોતાના વિવિધ ધંધા-વ્યવસાયોની એક વર્ષની સંપૂર્ણ દેશને સમર્પિત કરવાની તૈયારી રાખવવામાં આવી છે જેમાં પુત્ર જૈમિન દ્વારા સ્કૂલ અને કોલેજ, ધર્મપત્ની શોભનાબેન દ્વારા પોતાના ગેસ પંપની આવક, પૂત્ર શિવમ દ્વારા પોતાની પેઢીસિલિકા સેન્ડ ની એક વર્ષની આવક અને પોતાના ફિલ્મ પ્રોડક્શન કંપનીનું આગામીફિલ્મ ફરારની સંપૂર્ણ આવક જરૂર પડીએ દેશને સમર્પિત કરવા માટે તૈયારી દાખવવામાં આવેલ છે.ભુપતભાઈ બોદર તેના સમગ્ર પરિવાર સહિત દેશ માટે આ સેવાયજ્ઞ માં જોડાવવાનો નિર્ધાર વ્યકત કરેલો છે. આમ ‘રાષ્ટ્ર પ્રથમ’ ના સૂત્રને ચરિતાર્થ કરી દેશહિત માટે પોતાનું યથાશકિત યોગદાન આપવાના નિર્ધાર બદલ એક જાગૃત નાગરિકના દાયિત્વને સુપેરે નિભાવવા બદલ ભૂપતભાઈ બોદરની ચોમેર સરાહના થઈ રહી છે.

---

## બુધવારે અખાત્રીજ:તપ અને દાનનો મહિમા દર્શાવાયું પર્વ

રાજકોટ,તા.૨૮

જૈન ધર્મમાં, અક્ષય તૃતીયા પ્રથમ તીર્થંકર આદિનાથની તપસ્યા સાથે સંબંધિત છે. દીક્ષા પછી આદિ ભગવાન લગભગ ૨ ૪૦૦ દિવસ સુધી સતત ઉપવાસ કરતા દ રહ્યા. વૈશાખ સુદી ત્રીજ પર, શ્રેયાંશ કુમારે તેમના લગ્નભાયાવ હસ્તિનાપુરમાં મધુર ઇક્ષુરસ સાથે કરાવ્યા. તે પ્રથમ તીર્થંકરની પ્રથમ તપસ્યાનું પ્રથમ પારણું આદિનાથની તપસ્યા અને શ્રેયાંશ કુમારના યોગ્ય દાનને કારણે આ તારીખ હંમેશા માટે અક્ષય બની ગઈ. આ કારણથી આ દિવસને ’અક્ષય તૃતીયા’ કહેવામાં આવે છે. અખાત્રીજ શબ્દ અક્ષય તૃતીયાનું લોકપ્રિય પ્રાકૃત સ્વરૂપ છે. ભારતીય કેલેન્ડરમાં ઘણી તારીખોનો ક્ષય થાય છે, પરંતુ તે તપ અને દાનના મહાન પ્રભાવને કારણે છે કે વૈશાખ સુદી ત્રીજ ક્યારેય ક્ષીણ થતી નથી. આટલું જ નહીં આ તારીખે કોઈપણ શુભ કાર્ય કોઈપણ શુભસમય વગર પણ કરી શકાય છે. આ માન્યતા સાથે દર વર્ષે અખાત્રીજ પર અનેક લગ્નો, દીક્ષાઓ, નાંગલ (હાઉસ વોર્મિંગ), નવા ધંધા, ભણતર વગેરે શરૂ કરવામાં આવે છે. ભારતીયે સંસ્કૃતિમાં આ તિથિ અન્ય અનેક ઘટનાઓ સાથે જોડાઈને સાંસારિક અને બહારની દુનિયાની પૂજાનો તહેવાર બની ગઈ. ભારતીય ધર્મ, સમાજ, સંસ્કૃતિ અને લોક પરંપરાઓમાં અખાત્રીજ નું ઘણું મહત્વ છે.

---

# પોતાનો ફોન બંધ થઈ ગયો છે કહીં વાત કરવા મોબાઈલ લઈ નાસી છૂટતો ગઠિયો ઝડપાયો

## સોમનાથ મંદિરે લોકોને દર્શન કરવાં લઈ જઈ લોકરની ચાવી પોતાના પાસે રાખી, બાદમાં મિત્રને મળી આવું છું કહીં લેધર બેગ, મોબાઈલ, આઇપેડ ચોરી નાસી છૂટતો: એલસીબી ઝોન-૨ ની ટીમે અમરેલીના જય દુધાતને એસકે ચોક પાસેથી દબોચી લઈ રૂ.૩૯ હજારનો મુદામાલ કબ્જે કર્યો



રાજકોટ. તા.૨૮

પોતાનો ફોન બંધ થઈ ગયો છે કહીં વાત કરવા મોબાઈલ લઈ નાસી છૂટતો ગઠિયા જય દુધાતને એલસીબી ઝોન-૨ ની ટીમે એસકે ચોક પાસેથી દબોચી લઈ રૂ.૩૯ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો.

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા દ્વારા ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલી મુદામાલ કબ્જે કરવાની આપેલ સૂચનાથી એલસીબી ઝોન-૨ અને સાયબર સેલની ટીમે ચોરીના બનાવ સ્થળ વિસ્તારના સીસીટીવી ફુટેઝ, ખાનગી બાતમીદારો તથા ટેકનિકલ સોર્સના માધ્યમથી ચોરી તથા છેતરપીંડીના ગુન્હાઓ ડીટેકટ કરવા માટે પ્રયત્નો હાથ ધરવામાં આવેલ હતા. ત્યારે એલસીબી ઝોન-૨ ની ટીમે પેટ્રોલીંગમાં હતાં ત્યારે ગાંધીગ્રામ એસ.કે. ચોક પાસે એક શખ્સ લેધરનો થેલો લઇને ઉભેલ છે, જેમાં ચોરીના તથા છેતરપીંડી કરેલ મોબાઇલો છે, તેવી ચૌકકસ બાતમીના આધારે એસ.કે.ચોક પાસેથી જય મનુ દુધાત (ઉ.વ.૩૮, રહે. હરી વ્યાસ સોસાયટી ઘર નં.૩૯ લીલીયા રોડ અમરેલી) ને પકડી પાડી તેની પાસેથી છેતરપીંડીથી મેળવેલ મોબાઇલ નંગ-૩, સ્માર્ટ વોચ, એરપોર્ડ તથા લેપટોપ બેગ કબ્જે કર્યા હતાં.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, આરોપી ઓનલાઇન પ્રોડક્ટ સર્ચ કરી મોબાઇલ નંબરો મેળવી તેમને ડમી મોબાઇલ નંબરમાંથી ફોન કરી તેમને મળવા જઇ તેમને પોતાના મિત્રને પ્રોડક્ટ લેવાની હોવાનુ જણાવી ત્યાં લઇ જઇ તેમને પોતાનો ફોન બંધ થયેલ હોય જેથી ફોનમાં વાત કરવી હોય તેમ કહી ફોન લઇ નીકળી જતો હતો. તેમજ સોમનાથ મંદિર ખાતે લઇ જઇ લોકરમાં સામાન મુકાવી ચાવી પોતાની પાસે રાખી બાદ તેનો સામાન લઇ નીકળી જઇ બાદ મોબાઇલોનુ અવધ મોબાઇલ સુરતનું બીલ બનાવી પ્રિન્ટ કાઢી સ્ટેમ્પ બનાવેલ હોય જેમા સહી કરી મોબાઇલ વેચી નાખવાની મોડસ ઓપરેન્ડી ધરાવતો હતો.

**ગઠિયાને પકડનાર ટીમ**

લોકોને સહજતાથી વાત કરવાના બહાને મોબાઈલ સહિતની વસ્તુ ચોરી લેતાં ગઠિયાને પકડવા એલસીબી ઝોન-૨ ના એએસઆઇ જે.વી.ગોહિલ, આર.એન.મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ રાહુલ ગોહેલ, હેમેન્દ્ર વાધિયા, શક્તિસિંહ ગોહિલ, ધર્મરાજસિંહ ઝાલા અને સાયબર સેલના મીલાબેન અડતરીયા, નગમાબેન સુમરાએ કામગીરી કરેલ હતી.

### રાજકોટ, અમદાવાદ, સોમનાથમાંથી ગઠિયો કરામત કરી કિંમતી વસ્તુ લઈ નાસી છૂટતો

રાજકોટ. તા.૨૮

આરોપીએ આશરે ત્રણેક મહિના પહેલા અમદાવાદ રહેતા અનીલભાઇની સાથે નરોડા ગામ ગયેલ ત્યાં પોતાને રૂપીયા લેવાના હોય જેથી પોતે અનીલભાઇનો ફોન વાત કરવા લીધેલ અને અનીલભાઇ તેની ગાડી પાર્ક કરવા જતા પોતે તેનો લઈ ત્યાંથી નીકળી ગયેલ હતો, બે મહિના પહેલા ઓનલાઈન મળેલ નંબર આધારે પ્રોડકટ બાબતે માહિતી મેળવવા જુનાગઢના નેશાદ નામના માણસને મળી સોમનાથ પ્રોડકટ બતાવવાની હોવાની જણાવી સોમનાથ મંદિરમાં દર્શન કરવા સામાન લોકરમાં મુકી ચાવી પોતાની પાસે રાખી મંદિરમાં જઇ બાદ પોતે એક ભાઈને મળી આવવાનું કહી લોકર ખાતે જઇ લોકરની ચાવી આપી લેધરની લેપટોપ બેગ જેમા રહેલ મોબાઇલ તથા એરપોર્ડ લઈ ત્યાંથી નીકળી ગયેલ હતો.

દોઢેક મહિના પહેલા મોરબીથી રીક્ષામાં બેસી ગોંડલ રોડ સુર્યકાંત હોટલ પાસે ઉતરેલ પોતાનો મોબાઇલ બંધ થઇ ગયેલ હોય પોતાને મોબાઇલ વાત કરવા આપો એમ વાત કરી રીક્ષા વાળાએ મોબાઇલ વાત કરતા આવતા પોતે તેનો મોબાઇલ લઇને નીકળી ગયેલ હતો. દશેક દિવસ પહેલા ઓનલાઇન મળેલ નંબર આધારે પ્રોડકટ બાબતે માહિતી મેળવવા જુનાગઢના ધવલ નામના માણસને મળી સોમનાથ પ્રોડકટ બતાવવાની હોવાની જણાવી સોમનાથ જઈ મંદિરમાં દર્શન કરવા સામાન લોકરમાં મુકી ચાવી પોતાની પાસે રાખી મંદિરમાં જઈ બાદ પોતે એક ભાઇને મળી આવવાનું કહી લોકર ખાતે જઈ લોકરની ચાવી આપી મોબાઇલ તથા સ્માર્ટ વોચ લઇ ત્યાંથી નીકળી ગયેલ હતો.

છએક મહિના પહેલા અમદાવાદ ખાતે રહેતા કરણનો ઓનલાઇન સંપર્ક કરી તેને આશ્રમ રોડ પર મળી વાત કરવાનું કહી તેનો આઇફોન લઇને નીકળી ગયેલ હતો.

આરોપી ઓનલાઇન પ્રોડકટ સર્ચ કરી મોબાઇલ નંબરો મેળવી તેમને ડમી મોબાઇલ નંબરમાંથી ફોન કરી તેમને મળવા જઇ તેમને પોતાના મિત્રને પ્રોડકટ લેવાની હોવાનુ જણાવી ત્યાં લઇ જઇ તેમને પોતાનો ફોન બંધ થયેલ હોય જેથી ફોનમાં વાત કરવી હોય તેમ કહી ફોન લઇ નીકળી જતો હતો. તેમજ સોમનાથ મંદિર ખાતે લઇ જઇ લોકરમાં સામાન મુકાવી ચાવી પોતાની પાસે રાખી બાદ તેનો સામાન લઇ નીકળી જઇ બાદ મોબાઇલોનુ અવધ મોબાઇલ સુરતનું બીલ બનાવી પ્રિન્ટ કાઢી સ્ટેમ્પ બનાવેલ હોય જેમા સહી કરી મોબાઇલ વેચી નાખવાની મોડસ ઓપરેન્ડી ધરાવતો હતો.

---

# ગાયકવાડીમાં બંધ ફ્લેટમાંથી દાગીના અને રોકડ સહિત રૂ.૪૪,૫૦૦ની ચોરી

## પરિવાર જામનગર ગયો અને તસ્કરો ત્રાટકયા: બાજુમાં ફ્લેટમાં પણ હાથફેરો કર્યો: પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી

રાજકોટ. તા.૨૮

ગાયકવાડીમાં આવેલા ગંગોત્રી એપાર્ટમેન્ટમાં પહેલા માળે આવેલા બંધ ફ્લેટને તસ્કરોએ નિશાન બનાવી સોના-ચાંદીના ઘરેણા અને રોકડ સહિત રૂ.૪૪૫૦૦ ની મત્તા ચોરી કરી ગયા હતા. તેમજ બાજુમાં જ આવેલા અન્ય ફ્લેટમાંથી પણ હાથફેરો કર્યો હતો. પરંતુ ફ્લેટ ધારક હાલ લખનઉ હોય તે ફ્લેટમાં કેટલી મત્તાની ચોરી થઇ તે જાણી શકાયું ન હતું.

બનાવ અંગે જંકશન પ્લોટ વિસ્તારમાં ગાયકવાડી શેરી નં.૧૦ ગંગોત્રી એપાર્ટમેન્ટમાં પહેલા માળ રહેતા સોનલબેન ઉદયભાઇ પીઠડીયા (ઉ.વ ૪૫) એ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે તેમના પતિ અને તેમના માતા સાથે રહે છે. ગઇ તા. ૨૬/૪ ના સાંજના પાંચેક વાગ્યે તે તથા તેમના પતિ અને માતા ઇન્દુબેન જે અગાઉ જામનગર રહેતા હોય તે ઘરે થોડો ઘરવખરીનો સામાન પડ્યો હોય તે લેવા માટે ગયા હતા અને ત્યાં જ રોકાયા હતા.

તા. ૨૭ ના સવારના ૭:૩૦ વાગ્યા આસપાસ અહીં ફ્લેટમાં રહેતા પાડોશી કવિતાબેનનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, તમારા ઘરનું તાળું તૂટેલું છે અને સામાન વેરવીખેર છે. જેથી મહિલાએ અહીં નજીકમાં રહેતા તેમના દેરાણી ક્રિષ્નાબેનને ફોન કરી ઘરે જવા કહ્યું હતું બાદમાં તેઓ પણ અહીંથી રાજકોટ આવવા નીકળી ગયા હતા.

ઘરે આવી જોતા રૂમનો દરવાજો ખુલ્લો હોય અંદર સામાન વેરવિખેર પડ્યો હતો. બાદમાં તપાસ કરતા કબાટમાં રાખેલ તિજોરીમાંથી સોનાની બુટ્ટી, સોનાની વીંટી, સોનાનું પેન્ડલ, ચાંદીની બંગડી, ચાંદીની નાની ગાયની મૂર્તિ, ચાંદીના સિક્કા, ચાંદીનો નાનો તુલસીનો ક્યારો સહિત કુલ રૂપિયા ૨૨,૫૦૦ ના સોના-ચાંદીના ઘરેણા તથા રોકડ રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૪૪,૫૦૦ ની મત્તાની ચોરી થઈ ગઈ હોવાનું માલુમ પડ્યું હતું.

મહિલાની બાજુમાં જ આવેલા ફ્લેટ નંબર-૩ માં ભાડેથી રહેતા રાજુભાઈ ઉપાધ્યાયના ઘરના તાળા પણ તૂટેલા હોય અને તેઓ હાલ લખનઉ હોય જેથી તેને ફોન કરી જાણ કરતા અઠવાડિયા બાદ તેઓ અહીં આવશે તેવું કહ્યું હતું. બાદમાં આ મામલે મહિલાએ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ચોરી અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે ચોરીના આ બનાવવાનો ભેદ ઉકેલવા તપાસ આદરી હતી.

---





## વાવડીના ગૌતમ બુધ્ધનગર સહિતની સોસાયટીના રસ્તા પર બાંધકામ વેસ્ટના ઢગલાથી લોકો હેરાન

વોર્ડ નં.૧૨ના વાવડી ગામના ગૌતમ બુધ્ધનગર, જય ભારત સોસાયટી, ન્યુ જય ભારત તથા વિશ્વકર્મા સોસાયટીમાં રોડ આજુબાજુમાં અને સ્મશાનના જાહેર રોડ પર ખુબ બાંધકામ વેસ્ટ નાંખવામાં આવે છે, ચોમાસા દરમ્યાન પાણીના વહેણ પણ બંધ થઇ જાય છે. આ અંગે અવારનવાર મહાપાલિકા તંત્રને રજુઆત કરવામાં આવી છે. પરંતુ કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. હાલ આવા બાંધકામ વેસ્ટના ઢગલા જાહેર રોડ પર પડયા છે. તો આ અંગે તાત્કાલીક યોગ્ય કાર્યવાહી કરવા કમિશ્નરને રજુઆત કરવામાં આવી છે. આ અંગે કલેકટર, મેયરને પણ પત્ર પાઠવાયાનું બૌધ્ધિસત્વ માનવ કલ્યાણ ચેરી. ટ્રસ્ટે જણાવ્યું છે.

---

# નવી ડીઆઇ પાઇપલાઇનમાંથી નળ જોડાણ જોઇએ છે ? વેરા પહોંચ દેખાડો : બાકીદારોમાં દોડધામ

## જુના નળ જોડાણ પણ જોખમમાં : વેરા અને વોટર વર્કસ શાખાની સંયુકત કાર્યવાહી

રાજકોટ, તા. ૨૮

રાજકોટ મનપાને વેરાની નોંધપાત્ર આવક હાલ વળતર સ્કીમ હેઠળ થઇ રહી છે ત્યારે બાકીદારો પાસે નવી ડીઆઇ લાઇનના નળ જોડાણ લેવા ટેકસ ભરપાઇ કરવા સુચના અપાઇ રહ્યાનું જાણવા મળ્યું છે.

દરવર્ષે અંદાજે બે લાખથી વધુ બાકીદારો સમયસર મિલ્કતવેરો ભરતા ન હોવાથી હવે ડીઆઇ પાઇપલાઇનમાંથી જૂનાની જગ્યાએ નવા નળ જોડાણો આપતી વખતે કડક નિયમ અમલમાં મુકવામાં આવ્યો છે. જે મુજબ નળ કનેકશન લેનાર આસામીઓએ ગત વર્ષ સુધીનો વેરો ભરપાઈ કર્યો હોવાની રસીદ અધિકારીને આપવી પડે છે. આથી બે લાખથી વધુ બાકીદારો કે જેઓનો વર્ષોથી વેરો બાકી છે તેમને નળ જોડાણો મળશે નહીં તેમ જાણવા મળેલ છે.

વોટરવર્કસ અને વેરાવિભાગ દ્વારા સંયુક્ત કામગીરી હાથ ધરી જૂના નળ જોડાણ ધરાવતા આસામીએ નવું નળ કનેકશન લેવા માટે મિલ્કતવેરો છેલ્લા વર્ષનો ભરેલો ફરજિયાત બનાવવામાં આવ્યો છે. અને નળ જોડાણ આપતી વખતે અધિકારી દ્વારા મિલ્કતવેરાની છેલ્લી રસીદની ઝેરોક્ષ માંગવામાં આવી રહી છે. મિલ્કતવેરાની રસીદ ન આપનાર આસામીને ડીઆઈપાઈપલાઈનમાંથી નળ જોડાણ મળશે નહીં તેમજ જૂની લાઈન બંધ કરવામાં આવશે ત્યારથી આ પ્રકારના મિલ્કતધારકોનું પાણી બંધ થઈ જશે. આથી આ નિયમની અમલવારી શરૂ કરતા દર વર્ષે બાકી રહેતા અંદાજે બે લાખથી વધુ બાકીદારોમાં દોડધામ મચી ગઈ છે. તેવી જ રીતે હાલમાં ડીઆઈપાઈપલાઈનમાંથી નળ જોડાણ આપતી વખતે છેલ્લા મિલ્કતવેરા ભર્યાની રસીદ માંગવામાં આવી રહી છે.

આ કામગીરીના પ્રથમ દિવસે ચાલુ વર્ષના વેરાની રસીદ મંગાતા અનેક વિસ્તારોમાં દેકારો બોલી ગયો હતો. કારણ કે, ચાલુ વર્ષનો મિલ્કતવેરો ભરવા માટે મનપા દ્વારા જ વેરા વળતર યોજના શરૂ કરવામાં આવી છે. જે પૂર્ણ થવાને હજુ બે માસ જેટલો સમય છે ત્યારે પ્રમાણીક કરદાતાઓ આ યોજનાનો લાભ આગામી માસે પણ લઈ શકે તેમ છે. છતાં ચાલુ વર્ષના વેરાની રસીદ માંગવાનો નિયમ અમલમાં મુકાતા ચેરમેન સુધી રજૂઆત થયાનું જાણવા મળેલ છે.

---

# અક્ષય તૃતીયા પહેલા સોનાના ભાવમાં ૧૩૦૦નો કડાકો

રાજકોટ, તા.૨૮

સોનાના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આજે રૂ. ૧૩૦૦ ના ઘટાડા સાથે ૯૮૦૦૦ એ ભાવ પહોંચ્યો છે. જયારે ચાંદીના ભાવમાં પણ ૮૦૦ નો ઘટાડો થયો છે. આમ ચાંદી ૧ લાખ નીચે સરકીયુ છે.

દેશમાં સોનાના ભાવ અનેક પરિબળો પર આધાર રાખે છે, જેમાં આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની સ્થિતિ અને ચલણ વિનિમય દર મુખ્ય છે. વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં વધારો થતાં તેની અસર ભારતીય બજાર પર પણ પડે છે. ઉપરાંત, તહેવારોની મોસમમાં સોનાની માંગ વધતાં પણ ભાવમાં વધારો જોવા મળે છે. અક્ષય તૃતીયા પહેલા સોનાના ભાવમાં ઘટાડો થયો છે. ત્યારે ખરીદનાર અને વેપારીઓને રાહત મળશે.

લગ્નની મોસમ પહેલા, સોનાના ભાવમાં ઝડપથી ઉથલપાથલ જોવા મળી રહી છે. નિષ્ણાતો કહે છે કે વેપાર યુદ્ધના પરિબળોને કારણે સોનાના ભાવમાં વધઘટ થઈ રહી છે. જોકે, સ્થાનિક બુલિયન બજારમાં ભાવ સતત ઘટી રહ્યા છે. જે ખરીદદારો માટે રાહતની વાત છે.

# શહેરમાંથી પકડાયેલ ૧૩ બાંગ્લાદેશીની નેશનલ એજન્સીઓ દ્વારા સઘન પૂછતાછ, ઈન્ટ્રોડકસન હાથ ધરાયું

## એસઓજીએ પકડેલ મહિલાઓ સહિતના શખ્સોને અજ્ઞાત સ્થળે રાખ્યાઃ નેશનલ, સ્ટેટ લેવલની ૧૩ એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ



તસ્વીરઃ પંકજ શીશાંગીયા

રાજકોટ. તા.૨૮
પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ ઝીંદગીનો ભોગ લેવાયો હતો. જેમાં દેશભરમાં આક્રોશ છવાયો હતો અને કેન્દ્ર સરકાર એક્શનમાં આવી હતી. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યને જાણ કરી ગેરકાયદેસર વસવાટ કરતાં બાંગ્લાદેશી અને પાકિસ્તાનીઓની ઓળખ મેળવી ડિપોર્ટ કરવા માટેના કરેલ આદેશ બાદ રાજ્ય સરકાર અને ગૃહ વિભાગ પણ એક્શનમાં આવ્યું હતું.

જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નર અને એડી. સીપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, પીસીબી, એલસીબી અને સ્થાનિક પોલીસની ટીમોએ શહેરભરમાં દરોડા પાડ્યા હતાં. જેમાં ખાસ સોની બજાર, રામનાથપરા, ભગવતીપરા સહિતના વિસ્તારોમાં જઈ સઘન તપાસ આદરી હતી.

જેમાં મહિલાઓ સહિત ૧૩ બાંગ્લાદેશીઓને પકડી એસઓજી કચેરીએ લાવવામાં આવ્યાં હતાં. જે બાદ ડીસીપી ક્રાઈમ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પકડાયેલ લોકો ભગવતીપરા, કરણપરા, ખોડિયારપરા અને શીતલપાર્ક વિસ્તારમાં રહેતાં હતાં. જેઓને પકડી પાડી અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યાં હતાં.

જે બાદ આજે સેન્ટ્રલ અને સ્ટેટ લેવલની ૧૩ જેટલી એજન્સીઓ રાજકોટમાં ઉતરી આવી હતી અને એસઓજીની ટીમને સાથે રાખી પકડાયેલ બાંગ્લાદેશીઓની સઘન પૂછતાછ હાથ ધરી ઈન્ટ્રોડકસન કરવામાં આવ્યું હતું. જે ઓળખ પરેડ થયા બાદ વિદેશ મંત્રાલયને રિપોર્ટ થયાં બાદ બાંગ્લાદેશ સરકારને મોકલી તેની ખરાઈ કરવામાં આવશે. પકડાયેલ શખ્સ બાંગ્લાદેશનો હોવાનું કન્ફર્મ થતાં જ તેને પરત મોકલવાની કાર્યવાહી કરવામાં આવશે.

## ઓળખ પરેડ થયાં બાદ વિદેશ મંત્રાલયને જાણ કરાશે, બાદમાં ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરાશે

## SOG ના શહેરમાં દરોડા યથાવત, હજું પણ આંકડો વધશે

રાજકોટ. તા.૨૮
એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં ટીમે રાજકોટમાં ગેરકાયદેસર વસવાટ કરતાં બાંગ્લાદેશી અને પાકિસ્તાનિઓને પકડવા દરોડનો દોર યથાવત રાખ્યો છે અને હજું પણ અનેક ગેરકાયદેસર વસવાટ કરતાં શખ્સો સામે આવે તેવું પોલીસ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

પહેલગામ હુમલાના ગુજરાતના ગામેગામ આકરા પ્રત્યાઘાત

# વડોદરા-અંબાજી-સાણંદમાં સજજડ બંધઃ પાકિસ્તાનને નકશામાંથી મિટાવી દેવાનો આક્રોશ

## સુરતમાં રસ્તે પાક ધ્વજ ફેંકીને લોકો, વાહન ચાલકોએ કચડયો






રાજકોટ તા.૨૮
પહેલગામમાં ભયાનક આતંકવાદી હુમલાનાં વિરોધમાં દેશભરમાં આક્રોશ પ્રવર્તતી જ રહ્યો છે. ગુજરાતમાં પણ વિરોધ-બંધ-દેખાવો સહિતના કાર્યક્રમોનો સિલસિલો છે. રાજયમાં આજે યાત્રાધામ અંબાજી,સાણંદ, વડોદરા જેવા શહેરોમાં બંધ પાડવામાં આવ્યો છે. સુરતમાં રસ્તા પર પાકિસ્તાની ઝંડો લાદી દેવાયો હતો. પાકિસ્તાન દુનિયાનાં નકશામાંથી મિટાવી દેવાના આક્રમક સુર વ્યકત થયા હતા. વડોદરા શહેરમાં મંગળબજાર, વાસણ બજાર, મુન્શીખાંચા, કલામંદિર, પદ્મમાવતી શોપીંગ, ચાર દરવાજા તથા જુના વડોદરાનાં વેપારીઓએ આક્રમક અભિગમ અપનાવીને રોષભેર બંધ પાડયો હતો. શકિતપીઠ અંબાજીમાં પણ વેપારીઓએ જડબેસલાક બંધ પાળીને રોષ દર્શાવાયો હતો. સાણંદમાં પણ મુખ્ય બજારો બંધ હતી.વડોદરામાં વેપારીઓએ મૃતકોનાં ફોટા રાખીને શ્રધ્ધાંજલી અર્પી હતી અને પાકિસ્તાન હાય-હાયનાં નારા લગાવાયા હતા.

સુરતમાં હિન્દુ સંગઠન દ્વારા પાકિસ્તાન મુર્દાબાદનાં નારા લગાવીને પાકિસ્તાની રાષ્ટ્ર ધ્વજને રસ્તા પર રાખવામાં આવ્યો હતો.તેના પર લોકો પગપાળા વાહનો મારફત પસાર થતા દુશ્મન દેશને કચડી નાખતો માહોલ સર્જવામાં આવ્યો હતો.

શહેરમાં આપઘાતના બે બનાવ

# આનંદનગરમાં ૨૨ વર્ષીય કરણ ગઢવીએ ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી

## વૈશાલીનગરમાં 'હજુ કેમ જમવાનું નથી બન્યું' તેમ પતિએ કહેતા પત્નીએ ગળાફાંસો ખાઈ લીધો

રાજકોટ, તા.૨૮
શહેરમાં ગઈકાલે આપઘાતના બે બનાવ બન્યા જેમાં આનંદનગરમાં ૨૨ વર્ષીય કરણ ગઢવીએ ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી લીધી હતી. જ્યારે વૈશાલીનગરમાં 'હજુ કેમ જમવાનું નથી બન્યું' તેમ પતિએ કહેતા પત્નીએ ગળાફાંસો ખાઈ લીધો હતો.

પ્રથમ બનાવની વિગત મુજબ, કરણ હિતેશભાઈ ગઢવી (નૈયા) (ઉંમર વર્ષ ૨૨, રહે આનંદ નગર ક્વાર્ટર ભક્તિનગર પોલીસ લાઈનની પાછળ) ગઈકાલે સાંજે ૬.૩૦ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતો ત્યારે તેને ઝેરી દવા ગટગટાવી લીધી હતી. પરિવારજનોને જાણ થતા તત્કાલ જ કરણને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અત્રે થી વધુ સારવાર માટે તેને શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ, ઓમ નગર સર્કલ પાસે આવેલ મેડીકિર હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન રાત્રે ૯:૩૦ વાગ્યા આસપાસ તેનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ ભક્તિનગર પોલીસને કરવામાં આવતા પીએસઆઇ જે. જે. ગોહિલ સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો. જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો. પરિવારજનોની પૂછપરછ કરતા જાણવા મળેલ કે, કરણ ખાનગી બેંકમાં નોકરી કરતો હતો. તે એક ભાઈ અને એક બહેનમાં મોટો હતો. અપરણીત હતો. તેણે શા માટે આ પગલું ભર્યું તેનું કારણ સ્પષ્ટ ન થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવની વિગત મુજબ, દિવ્યાબેન વિશાલભાઈ રાઠોડ (ઉં. વ.૨૨, વૈશાલીનગર, શેરી નં.૧૦, આમ્રપાલી ફાટક પાસે) ગઈકાલે બપોરે ૦૧:૩૦ વાગે પોતાના ઘરે હતા ત્યારે પોતાના દોઢ વર્ષના પુત્રની હાજરીમાં જ ગળાફાંસો ખાઈ લીધો હતો. પતિ જોઈ જતા તુરંત જ દિવ્યાબેનને નીચે ઉતારીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ઇમરજન્સી વિભાગમાં દિવ્યાબેનને મૃત જાહેર કર્યા હતા. પરિવારે જણાવ્યા મુજબ દિવ્યાબેનના લગ્ન પાંચ વર્ષ પહેલા વિશાલભાઈ સાથે થયા હતા. લગ્નજીવનથી દિવ્યાને સંતાનમાં બે પુત્ર છે. પતિ વિશાલના જણાવ્યા મુજબ, તે રેલવે વિભાગમાં સફાઈ કર્મચારી તરીકે નોકરી કરે છે. રવિવારે કામેથી તે ઘરે આવ્યો હતો. પત્ની દિવ્યાને જમવાનું ન બનાવ્યું હોવાથી તેણે હજુ કેમ જમવાનું નથી બનાવ્યું તેમ પૂછ્યું હતું, પણ પત્નીએ કોઈ જવાબ આપ્યો નહોતો. તે બાદ પોતે ઘરની બહાર નીકળી ગયો હતો. ફાકી ખાવા ગયો હતો. જ્યારે દિવ્યા બાળકો માટે વેફરના પેકેટ લેવા માટે ગઈ હતી. દિવ્યા વેફરના પેકેટ લઈ ઘરે આવેલ અને ઘરના બીજા માળે આવેલ રૂમમાં ચાલી ગઈ હતી. થોડીવાર બાદ તેનો ત્રણ વર્ષનો પુત્ર નીચે આવે છે અને વિશાલના પિતાને મમ્મી દરવાજો નથી ખોલતી તેમ જણાવે છે. જેથી પરિવારએ રૂમનો દરવાજો તોડીને જોતા દિવ્યા એ પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધેલી હાલતમાં લટકતી જોવા મળેલ હતી. જ્યારે તેનો નાનો દોઢ વર્ષીય પુત્ર ત્યાં રૂમમાં રમતો જોવા મળ્યો હતો. વિશાલે એવું પણ જણાવ્યું કે, પાંચથી સાત દિવસ પહેલા દિવ્યા તેના પિયર ગઈ હતી. જ્યાં માતા પુત્રી વચ્ચે ઝઘડો પણ થયો વિશાલના જણાવ્યા મુજબ દિવ્યાને તેની જ માતાએ પિયરમાં આવવાની ના પાડી દીધી હતી તે વાતથી તે ગુમસૂમ રહેતી હતી. ગાંધીગ્રામ પોલીસે મૃતકના માવતર વૃક્ષનું પણ નિવેદન નોંધ્યું છે. જેમાં પરણીતાને સાસરીયા તરફથી ત્રાસ અપાતો હોવાનું પણ કહેવામાં આવે છે. પોલીસે આ મામલે આગળની કાર્યવાહી પણ હાથ ધરી છે.

# સંજયરાજસિંહ ઝાલા બેફામ બન્યો, ગાળો આપી ધમકી આપતાં માતાએ આપઘાતનો પ્રયાસ કર્યો

## વર્ધમાનનગરમાં રહેતાં પ્રૌઢાને અપહરણ કરીને પણ લઈ ગયો 'તો, ગુનો નોંધાયો

રાજકોટ. તા.૨૮
વર્ધમાનનગરમાં રહેતાં પ્રૌઢાને અપહરણ કરીને પુત્રએ ગાળો આપી ધમકી આપતાં માતાએ આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જામનગર રોડ પર વર્ધમાન નગર સોસાયટી, શ્રીરામ બંગ્લોઆ રહેતાં ધૂપતબા મહેંદ્રસિંહ ઝાલા (ઉ.વ.૫૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેના પુત્ર સંજયરાજસિંહ ઝાલાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓને સંતાનમાં બે દીકરા તથા એક દીકરી છે, જેમાં મોટો દીકરો દિગ્વિજયસિંહ ૧૪ વર્ષ પહેલા અવસાન પામેલ છે, નાનો દીકરો સંજયસિંહ છે જેમના પત્ની પ્રિયાબા ૮ થી ૧૦ મહિના પહેલા અવસાન પામેલ છે. સંજયસિંહ તેઓથી અલગ રહે છે, સંજયસિંહના ત્રણ સંતાનો છે જેમાં બે સંતાનો એક કર્મરાજ અને વંશીકા તેણી સાથે રહે છે, તથા છ વર્ષની કાવ્યાબા તેના નાના બાબુભાઈ સાથે રહે છે.

ગઈ તા. ૨૧ ના તેણી ઘરે હતી ત્યારે બપોરના સમયે તેમનો દીકરો સંજયસિંહ ઝાલા બપોરના ઘરે આવેલ અને બોલાચાલી કરવા લાગેલ અને તેના સંતાનોને તેમને લઈ જવા માટે અવારનવાર રીતે ઝઘડા થતા હતાં. તે બળજબરીથી તેની ગાડીમાં લઈ ગયેલ અને પડધરી બાજુ કયાંક ઉતારી દઈ મારી નાખવાની ધમકી આપેલ હતી. જે બાબતની યુની. પોલીસ મથકે ફરિયાદ કરેલી જે બાબતે તેમની ધરપકડ થયેલ હતી. જે બાદ તા. ૨૩ ના સાંજના સંજયસિંહનો ફોન આવેલ કે, મને મારા દીકરા આપી દો, મારે તેને મારા ફઈબા નયનાબાના ઘરે મૂકવા છે, તેમ કહી ગાળો આપવા લાગેલ અને કહેલ કે, તને જાનથી મારી નાખીશ અને ગાળો દેવા લાગેલ હતો.

બાદમાં તેઓએ ફોન કાપી નાખેલ અને સવારના તેઓ ઘરમાં એકલી હતી ત્યારે તેણી સતત વિચારો કરતી હોય જેના કારણે લાગી આવતા ઘરમાં પડેલ ફિનાઈલ પી લીધેલ હતું. જે બાદ તેને સારવારમાં ખસેડેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# ભાજપે રાષ્ટ્રીય પ્રમુખ તેમજ ગુજરાત પ્રદેશ પ્રમુખ સહિતની સંગઠન નવરચના હાલ મુલત્વી રાખી

**છેલ્લા સમાચાર**

**પહેલગામ હમલાને પગલે સર્જાયેલી નવી પરીસ્થિતિમાં ભાજપે તેને રાષ્ટ્રીય પ્રમુખ સહિતના સંગઠનના માળખા અને ગુજરાતમાં પણ નવા પ્રદેશ પ્રમુખ સહિત રાજયના સંગઠન માળખાની પ્રક્રિયા મુલત્વી રાખી છે અને હવે આગામી બે કે ત્રણ માસ સુધી યથાવત સ્થિતિ જાળવી રાખવા નિર્ણય લીધો છે જેથી રાષ્ટ્રીય પ્રમુખ પદે જે.પી.નડ્ડા સહિતના પદાધિકારીઓ યથાવત રહેશે અને ગુજરાતમાં પણ સી.આર.પાટીલ તેમની જવાબદારી ચાલુ રાખશે.**

# આ મારૂ મેદાન છે, દિલ્હીમાં જીત પછી વિરાટ કોહલીનો હંકાર

## કે.એલ.રાહલને પણ જવાબ આપ્યો

આરસીબી એ દિલ્હી કેપિટલ્સને તેના જ હોમ ગ્રાઉન્ડ પર હરાવીને હિસાબ ચૂકતો કર્યો છે. ત્યારબાદ વિરાટ કોહલીએ કે એલ રાહુલને તેની જ ભાષામાં જવાબ આપ્યો અને કહ્યું કે આ મારું મેદાન છે. તેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે બેંગલુરુમાં રોયલ ચેલેન્જર્સને હરાવ્યા બાદ કે એલ રાહુલનું સેલિબ્રેશન ખૂબ વાયરલ થયુ હતું. કે એલ રાહુલે મેચમાં શાનદાર બેટિંગ કરીને પોતાની ટીમને જીત અપાવી હતી. ત્યારબાદ રાહુલે કાંતારા સ્ટાઈલમાં સેલિબ્રેશન કર્યું હતું. બાદમાં તેણે એમ પણ કહ્યું હતું કે આ મારું મેદાન છે.



### કોહલીએ રાહુલને તેની જ ભાષામાં આપ્યો જવાબ

આવી સ્થિતિમાં વિરાટ કોહલી પણ પાછળ પડે એવો નથી. રવિવારે રાત્રે જ્યારે આરસીબીએ દિલ્હીને તેના જ હોમ ગ્રાઉન્ડ પર હરાવ્યું, ત્યારે કોહલીએ કે એલ રાહુલ સામે એવો જ ઈશારો કર્યો. વીડિયોમાં જોઈ શકાય છે કે, કે એલ રાહુલ તેના સાથી કરુણ નાયર સાથે ઉભો છે. ત્યારે ત્યાં કોહલી જાય છે અને ઈશારો કરીને કે એલ રાહુલને તેનું સેલિબ્રેશન યાદ કરાવે છે. હવે સોશિયલ મીડિયા પર ચાહકોએ આ વીડિયો શેર કરતા લખ્યું કે, કિંગ કોહલીએ રાહુલને દેખાડી દીધું કે આ મારું મેદાન છે. કે એલને ઈશારો કર્યા બાદ વિરાટ તેને ગળે લગાવે છે અને ખૂબ હસે છે. આ દરમિયાન દેવદત્ત પડિક્કલ પણ કોહલી સાથે હતો. આરસીબી અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચનો વધુ એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં કોહલી અને કે એલ રાહુલ વચ્ચે મેચ દરમિયાન કોઈ વાત પર દલીલ થઈ રહી છે. કોહલી પોતાનો બેટિંગ સ્ટેન્સ છોડીને વિકેટકીપિંગ કરી રહેલા કેએલ રાહુલની સામે જઈને ઉભો રહી જાય છે. ત્યારબાદ તે ફરી ક્રીઝ પર પાછો આવે છે. કેએલ રાહુલ પણ પાછળથી તેની તરફ આગળ વધે છે. સ્ટમ્પ માઈકમાં બંનેનો અવાજ સંભળાય છે, પરંતુ એ સ્પષ્ટ નથી થઈ રહ્યું કે, દલીલ કયા મુદ્દે થઈ રહી છે.

બંદુકથી આતંકવાદ કંટ્રોલ કરી શકાય ખતમ નહીં : ઉમર અબ્દુલ્લા

# સહેલાણીઓને અમે બચાવી ન શકયા, તેમની પત્ની બાળકોને સાંત્વના પણ ન આપી શકયા : સી.એમ.

## જમ્મુ કાશ્મીર વિધાનસભામાં મુખ્યમંત્રી ઉમરનું ભાવવાહી સંબોધન

શ્રીનગર, તા. ૨૮
પહેલગામ આતંકી હુમલા બાદ આજે જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં એક દિવસ માટે વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું હતું. આ તકે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ ખુબ જ સંવેદનશીલ બની પહેલગામ આતંકી હુમલાને લઇને જણાવ્યું હતું કે છેલ્લા ૨૬ વર્ષમાં કોઇ કાશ્મીરીએ આવો હુમલો કનથી જોયો. તેમણે કહ્યું હતું કે કોઇ કાશ્મીરી આ હુમલાની સાથે નથી. આ હુમલાએ આપણને ખોખલા કરી નાખ્યા છે. સહેલાણીઓને આપણે બોલાવ્યા હતા તેમને સુરક્ષિત મોકલવાની જવાબદારી મારી હતી ઉમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે પીડિતોની માફી માગવા માટે મારી પાસે શબ્દો નથી.



ઉમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે બંદુકથી આતંકવાદ કંટ્રોલ કરી શકાય, ખતમ ન કરી શકાય આતંકવાદ ત્યારે ખતમ થશે જયારે લોકો આપણી સાથે હશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ ઘટનાએ પુરા દેશને પ્રભાવિત કર્યો છે. અગાઉ અમે પણ અનેક હુમલા જોયા છે. બાયસરનમાં ૨૧ વર્ષ બાદ આટલા મોટા પ્રમાણમાં હુમલો થયો છે. આ પહેલા અમે ડોડામાં હુમલા જોયા છે. અમે કાશ્મીરી પંડિતોની વસ્તીઓ પર હુમલા થતા જોયા છે. લોકો આજે રસ્તા પર છે લોકો પોસ્ટર બેનર લઇને ઉભા છે. કાશ્મીરની મસ્જિદોમાં આતંકવાદ વિરૂધ્ધ મૌન રાખવામાં આવ્યું હતું.

ઉમર અબ્દુલ્લાએ આ તકે કેન્દ્ર સરકાર પર પણ નિશાન સાધી કહ્યું હતું સુરક્ષાની જવાબદારી કેન્દ્ર સરકારની નહોતી.

# નવા થોરાળામાં મકાનનો કબ્જો લેતા પૂર્વ મામલતદાર

## નાગરિક બેન્કની લેણી નીકળતી રૂા. ૩.૩૦ લાખની રકમની વસુલાત માટે કાર્યવાહી

રાજકોટ, તા. ૨૮
શહેરના ભાવનગર રોડ પર આવેલ નવા થોરાળામાં વોર્ડ નં.૧૨ની કસ્તુરબા શેરીમાં ભારતીબેન ગીરીશભાઇ નારોલાના મકાનનો ધી સિકયુરાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટસ એન્ડ એરફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઇન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ તળે પૂર્વ વિભાગના મામલતદાર એસ.જે.ચાવડા તથા સર્કલ ઓફિસર સત્યમ શેરસીયા દ્વારા કબ્જો લઇ કાર્યવાહી કરવામાં આવી હતી.



આ અંગેની વિગત એવી છે કે આ બાબતે રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા નારોલા પ્રદિપભાઈ ગીરીશભાઈ અને નારોલા ભારતીબેન ગીરીશભાઈ ને શહેરના આવેલ ભાવનગર રોડ ઉપર આવેલ કસ્તુરબા શેરી નં.૬(નવા થોરાળા) સીટી સર્વે વોર્ડનં.૧૨, સીટી સર્વે નં.૩૦૯૯ માં આવેલ નમુનો-એચ, કાનુન-૪૩, અન્વયે તા.૧૩/૦૪/૧૯૫૪ થી મકાન વિહોણા ગરીબોને સરકાર તરફથી જમીન ચો.વા.આ.૭૫-૦૦ બરાબરચો.મી.આ.૬૨-૬૮ (સીટી સર્વે રેકર્ડ મુજબ) આપવામાં આવેલ, તે જમીન ઉપર આવેલ ઉભા ઈમલા ઈમારત સહિતનું વર્ષો જુના બાંધકામ વાળું જર્જરિત હાલત વાળા મકાનનો વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૨૬૧૩ તા.૧૮/૦૮/૨૦૦૭ જે ભારતીબેન ગીરીશભાઈનારોલાનાં નામે આવેલ છે તે મિલ્કત ઉપર રહેણાંક મકાનનો આજે મામલતદાર એસ. જે. ચાવડા અને સત્યમ શેરસીયા(સર્કલ ઓફિસર) દ્વારા ધી સિક્યુરાઈઝેન એક્ટ હેઠળ લેવામાં આવેલ છે.

આ મિલકત ઉપર તા. ૩૧/૦૩/૨૦૨૫ સુધીની બાકી પડતી લહેણી રકમ રૂ. ૩,૩૦,૧૭૧-૦૦ અને ત્યારબાદના ચડત વ્યાજની રકમની વસુલાત માટે કબ્જો લેવામાં આવ્યો છે. કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ અને પ્રાંત અધિકારી રાજકોટ શહેર -૧ ચાંદની પરમારની સૂચના મુજબ મામલતદાર એસ. જે. ચાવડા, મામલતદાર, સત્યમ શેરસીયા(સર્કલ ઓફિસર) દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

સિંધુ જળ સમજુતી મુદ્દે હવે આંતરિક તકરાર

# પાકની શરીફ સરકાર જોખમમાંઃ PPPની ધમકી

## લશ્કર બાદ હવે સરકારમાં પણ અસંતોષઃ સિંધુનું પાણી પંજાબને ખાસ નહેર મારફત ન આપવામાં આવે તો ટેકો પાછો ખેચશે

ઈસ્લામાબાદઃ પહેલગામ હુમલાના પગલે પાક હવે ભારતના એક બાદ એક આક્રમણકારી પગલામાંથી ડરી રહ્યુ છે અને પાક સૈન્યમાં પણ ફફડાટ છે તે સમયે હવે આ દેશની પાકિસ્તાન મુસ્લિમ લીગ અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટીની સરકારમાં પણ આંતરિક સંકટની સ્થિતિ બની છે અને જે રીતે સ્થિતિ વડાપ્રધાન શાહબાઝ શરીફના હાથમાંથી સરકી રહી છે તે સમયે પીપલ્સ પાર્ટીએ ગઠબંધન તોડવાનું અલ્ટીમેટમ આપી દીધુ છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ જાણાવ્યું છે કે સિંધુ જળ સમજુતી મુદ્દે ભારતે આપેલી ધમકી અને જે એકશન લીધા છે તેનાથી પંજાબ-સિંધ પ્રાંત પર મોટું જોખમ છે અને હવે આગામી કોમન ઈન્ટ્રેસ્ટ (કોમન મીનીમમ પ્રોગ્રામ)ની બેઠક છે. જો સિંધુ નદીના નહેરનો પ્રશ્ન હલ કરવામાં નહી આવે તો તે સરકારનો ટેકો પાછો ખેચી લેશે. વાસ્તવમાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ પંજાબ પ્રાંતમાં સિંધુ નદીની નહેર બનાવવાની માંગ લાંબા સમયથી કરી છે તેથી સિંધ નદીનું પાણી પાક પંજાબના ખેડુતોને વધુ મળી શકે પણ જો પંજાબમાં નહેર બનાવે તો સિંધ પ્રાંતને ઓછુ પાણી મળે. બન્ને પક્ષો પોતપોતાના વર્ચસ્વવાળા ક્ષેત્રની ચિંતા કરે છે. હવે પીપીપીનુ પ્રતિનિધિત્વ કરતા ઉર્જામંત્રી નાસીર શાહે જો નહેરને મંજુરી ન આપવામાં આવે તો ટેકો પાછો ખેંચી લેવાની ધમકી આપી છે.



## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૨૭૫-૨૩૨૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૨૫-૨૨૭૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૯૦-૨૨૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૪૦-૨૧૯૦ |
| પામોલીયન તેલ | ૨૦૩૦-૨૦૩૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૩૦-૨૦૬૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૪૦-૨૧૬૦ |
| મકાઇ તેલ | ૨૦૩૦-૨૦૫૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૬૦-૨૨૮૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૫૦-૨૧૬૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૯૮૦૦૦(-૧૩૦૦) |

| ચાંદી |
|---|
| ૯૯૧૦૦(-૯૦૦) |

# જાગૃત કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા સંપન્ન

## વિપુલભાઈ દવે સતત સાતમા વર્ષે પ્રમુખ તરીકે સર્વાનુમતે ચુંટાયા

રાજકોટ, તા.૨૮

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં કાર્યરત જાગૃત કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા પારિવારિક માહોલમાં બેંકની હેડ ઓફિસ, અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય ખાતે યોજાઇ હતી. સભાની કાર્યવાહી શરૂ કરતાં પહેલા ગત વર્ષ દરમિયાન દુઃખદ અવસાન પામેલ પંકજભાઈ વસાણી, હર્ષદભાઇ ભટ્ટ અને તેમના પુત્ર મૌલિકભાઈ ભટ્ટને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ સાધારણ સભામાં વિપુલભાઇ દવે (પ્રમુખ), તૃપ્તીબેન જોશી (ઉપપ્રમુખ), ભરતભાઈ કુંવરીયા (મંત્રી), દર્શનભાઇ જોશી (સહમંત્રી), રોપેશભાઈ દેવાણી (ખજાનચી) ઉપરાંત ઉમેદભાઈ જાની (પૂર્વ પ્રમુખ), નિલેશભાઈ શાહ (પૂર્વ પ્રમુખ) અને વિશાળ સંખ્યામાં પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.સાધારણ સભાની કાર્યવાહી બાદ સર્વાનુમતે વિપુલભાઇ દવેને સતત સાતમા વર્ષે પ્રમુખ તરીકે ચુંટાયેલા જાહેર કરાયેલ હતા.સાધારણ સભા બાદ યોજાયેલ પારિવારિક મિલનમાં બેંકમાંથી દિનેશભાઈ પાઠક (ચેરમેન), જીવણભાઈ પટેલ (વાઇસ ચેરમેન), શૈલેષભાઇ ઠાકર (પૂર્વ ચેરમેન અને સદસ્ય-બોર્ડ ઓફ મેનેજમેન્ટ), ચંદ્રેશભાઈ ધોળકીયા (ડિરેક્ટર), અશોકભાઇ ગાંધી (ડિરેક્ટર), ભૌમિકભાઈ શાહ (ડિરેક્ટર), હસમુખભાઈ ચંદારાણા (ડિરેક્ટર), વિક્રમસિંહ પરમાર (ડિરેક્ટર), નવીનભાઈ પટેલ (ડિરેક્ટર), શૈલેષભાઈ મકવાણા (કો-ઓપ્ટ ડિરેક્ટર), ભવાનીસિંહ રાઠોડ (એ.જી.એમ.-બેંકિંગ) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.






# રૈયા રોડ મામા સાહેબની જગ્યાએ માલણ માતાજીના મંદિરને ૨૦ વર્ષ પૂર્ણ થતા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

રાજકોટ,તા.૨૮

રાજકોટમાં રૈયા રોડ મામા સાહેબની જગ્યાએ સ્વ.કેશુભાઈ રાઠોડની પ્રેરણાથી માલણ માતાજીના મંદિરને ૨૦ વર્ષ પૂર્ણ થયેલ છે. માલણમાં ની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહાયજ્ઞ બે દિવસ યોજાયો હતો. આ ધાર્મિક પ્રસંગે વાજતે-ગાજતે, ધામ-ધૂમે માલણમાંની શોભાયાત્રા રૈયા વિસ્તારમાં યોજાઈ હતી. આ શુભ પ્રસંગે લોક સાહિત્યકાર તુલસીદાસ ગોંડલીયાએ પ્રસંગને અનુરૂપ દેવ-દેવીઓના ગુણગાન ગાઈ પોતાની વિવિધ શૈલીમાં વિનામૂલ્યે કલાનો સદ્ઉપયોગ કરેલ હતો. આ મંગલ કાર્યક્રમને સફળ બનાવવા વિમલભાઈ રાઠોડ, રાજુભાઈ લીડીયા, હર્ષભાઈ રાઠોડ, જીતેન્દ્રભાઈ રાણા, વિષ્ણુભાઈ લીડીયા, ધાર્મિકભાઈ રાઠોડ, વિજયભાઈ વાગડીયા, દિનેશભાઈ રાઠોડ, વિશાલભાઈ રાઠોડ, હિરેનભાઈ રાઠોડ તેમજ માંઈ ભકતોએ જહેમત ઉઠાવી હતી.

# અમદાવાદના એલિસબ્રિજમાં ધ ફર્ન રેસિડન્સીનું ઉદઘાટન

## આધુનિક સુવિધાઓ સાથે ડિઝાઇનથી સજ્જ ૮૩ રૂમ અને સુટ્સ

રાજકોટ, તા.૨૮

ધ ફર્ન હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ, જે ભારતની અગ્રણી પર્યાવરણ સંવેદનશીલ હોટેલ ચેઇન છે. તેણે હોટેલ ઈન્દર રેસિડન્સીને ધ ફર્ન રેસિડન્સી, એલિસબ્રિજ, અમદાવાદ તરીકે રિબ્રાન્ડ કરીને ઉદઘાટન કર્યું છે. આ અમદાવાદમાં બીજી ફર્ન રેસિડન્સી છે અને ગુજરાતમાં ફર્ન હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ દ્વારા સંચાલિત પ્રોપર્ટીની સંખ્યા ૩૦ સુધી પહોંચી ગઈ છે.

આ હોટેલ અમદાવાદના વ્યાપારિક વિસ્તારમાં સ્થિત છે. સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી માત્ર ૧૨ કિમી, કાલુપુર રેલવે સ્ટેશનથી ૫ કિમી અને ગીતા મંદિર બસ ટર્મિનલથી ૪ કિમી દૂર છે, જે પ્રવાસીઓ માટે સરળતાથી પહોંચવા યોગ્ય છે.

આ હોટેલમાં ૮૩ રૂમ અને સુટ્સ છે, જે તમામ આધુનિક સુવિધાઓ સાથે ડિઝાઇન કરવામાં આવ્યા છે. દરેક રૂમમાં હાઈ-સ્પીડ Wi-Fi, LED ટેલિવિઝન, ડિજિટલ ઇન-રૂમ સેફ, ચા અને કોફી બનાવવાની સુવિધાઓ અને પર્યાવરણને અનુકૂળ બાથરૂમની સુવિધાઓ છે. મહેમાનો વિવિધ ડાઇનિંગ વિકલ્પોમાં મજા માણી શકે છે. ખાના ખજાના મહેમાનોને આખો દિવસની મલ્ટી-ક્યુઝિન અનુભવ આપે છે, જેમાં સ્વાદિષ્ટ બફેટ અને આ લા કાર્ટ મેનૂ શામેલ છે. ૨૪ કેરેટ - રાઉન્ડ ધ ક્લોક કેફે આંતરરાષ્ટ્રીય પ્રેરિત મેનુ સાથે ૨૪ કલાક સેવા આપે છે, જે નાસ્તા અને વૈશ્વિક ભોજન માટે યોગ્ય છે. મહેમાનો માટે ૨૪ કલાક ઇન-રૂમ ડાઇનિંગની સુવિધા પણ ઉપલબ્ધ છે.



ધ ફર્ન હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સના મેનેજિંગ ડિરેક્ટર, સુહેલ કન્નામ્પિલીએ ઉદઘાટન પ્રસંગે જણાવ્યું, ''અમે ગુજરાતમાં અમારી ઉપસ્થિતિ મજબૂત બનાવવા આ નવી પ્રોપર્ટી ઉમેરીએ છીએ, જે ધ ફર્ન હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સના ગુજરાતમાં ચાલી રહેલા વિસ્તરણમાં એક મહત્વપૂર્ણ માઇલસ્ટોન રજૂ કરે છે.



# એસોસિએશન ઓફ કન્સલ્ટિંગ સિવિલ એન્જિનિયર્સની નવી કમિટીની શપથવિધિ સમારોહ યોજાયો

## પ્રેસિડેન્ટ Er. નિશાંતભાઈ દોમડીયા તથા સેક્રેટરી Er. મિલનભાઈ માણેકની વરણી

રાજકોટ, તા.૨૮

ગત તા.૧૯ ને શનિવારના રોજ એસોસિયેશન ઓફ કન્સલ્ટિંગ સવિલ એન્જિનિયર્સની ઇન્સ્ટોલેશનની સેરીમોની યોજાઇ હતી. તેમાં નવનિયુક્ત પ્રેસિડેન્ટ Er. નિશાંતભાઈ દોમડીયા તથા સેક્રેટરી Er. મિલનભાઈ માણેક ની શપથવિધિ થઈ હતી, સાથો સાથ નવી કમિટીની શપથવિધિ કરવામાં આવેલી હતી.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ Er. નિલેશભાઈ કારીયા રહી, તેઓના હસ્તે નવનિયુક્ત પ્રેસિડેન્ટ સેક્રેટરી તથા કમિટીને શપથ વિધિ કરાવવામાં આવેલી હતી. નિલેશભાઈ કારીયા ACCE ના પ્રમુખ પદે રહી ચૂકેલા છે તથા ટેકનીકલ કમિટીના ચેરમેન પદે પણ સેવા આપેલ છે. નિલેશભાઈ કારીયા એ નવી કમિટીને ખૂબ જ ઉત્સાહપૂર્વક સપોર્ટ કર્યો. તેમજ નવી કમિટી તથા પ્રેસિડેન્ટ સેક્રેટરીને સિવિલ એન્જિનિયર તરીકે એસોસિએશનની કામગીરી ખૂબ જ સારી રીતના સમજાવી અને ખૂબ જ સારો જોશ આપ્યો. નવનિયુક્ત પ્રેસિડેન્ટ Er. નિશાંતભાઈ દોમડીયા એ આગામી વર્ષોમાં કેવા પ્રકારની કામગીરીઓ કરવામાં આવશે; તેનું પણ ખૂબ જ સારી રીતે સંબોધન કર્યું.

અંતમાં નવનિયુક્ત સેક્રેટરી Er. મિલનભાઈ માણેકે બધા કમિટી મેમ્બર્સ તથા આવેલા મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો. આ તકે સર્વે કમિટી મેમ્બર્સ ધર્મેન્દ્રભાઈ મીરાણી, સંજયભાઈ રાઠોડ, દિનેશભાઈ પટેલ, અમિશભાઈ ગરીબા, કમલેશ વેકરીયા, યશ ભદાણીયા, મિલનભાઈ ઝવેરી, અંકિતભાઈ ભાલોડી, જીગ્નેશ શાહ, ચૈતન્ય પંડ્યા, મીતેશ લખલાણી, મહેશ લાઠીયા, ચિરાગ સંચાણિયાએ મહેનત કરી હતી.



## પૂ.ધીરજમુનિમ.ની પાવન નિશ્રામાં

# બુધવારે ગીત ગુર્જરી સંઘમાં વર્ષીતપ પ્રત્યાખ્યાન વિધિ યોજાશે

રાજકોટ,તા.૨૮

ગીતગુર્જરી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય ખાતે પૂ.શ્રી ધીરગુરુદેવના શ્રીમુખે સમૂહ વર્ષીતપ આરાધક ૧૬ તપસ્વીઓના કળશ પ્રત્યાખ્યાન તા.૩૦ને બુધવારે સવારે ૮.૩૦ કલાકે ગીતગુર્જરી ઉપાશ્રયે રાખેલ છે. શાસન ચંદ્રિકા પૂ.હીરાબાઈ મ.સ.ની અંતરિક્ષ કૃપાથી પૂ.જયોતિબાઈ મ.સ.અને પૂ.સ્મિતાબાઈ મ.સ.ની પ્રેરણાથી સમૂહ વર્ષીતપનો પ્રારંભ થયેલ છે. પૂ.સ્મિતાબાઈ મ.સ.ને ૧૬મો વર્ષીતપ ચાલે છે. જે ગોંડલ સંપ્રદાયના ગૌરવ સમાન છે.તપસ્વીઓની તપ યાત્રા તા.૩ને શનિવારે સવારે ૮ કલાકે રાષ્ટ્રીય શાળાથી શરૂ થઈ લોધાવાડ ચોક થઈ ડો.સી.જે.દેસાઈ મહાવીર ભવન,માલવીયા ચોક ખાતે ઈક્ષુરસ પાન વિધિ સમારોહમાં ફેરવાશે.

જયારે તા.૩૦ના મહાવીરભવન હોલમાં પૂ.શ્રી ધીરગુરૂદેવના સાંનિધ્યે તૃપ્તિ જીતેન્દ્ર પંચમીયા અને કુ.મહેંક પંચમીયા તથા તા.૨ના રીતેશ બિપીન પતીરાના વર્ષીતપ પારણા ઉજવાશે.

# બુધવારે અખાત્રીજઃ વર્ષીતપ આરાધકોના પારણા યોજાશે

## વર્ષીતપ એટલે એક વર્ષ સુધી કરવામાં આવતું વિશિષ્ટતપ

રાજકોટ,તા.૨૮

જૈન દર્શન તીર્થંકર ચરિત્ર મુજબ ત્રીજા આરાના અંતમાં ચૌદમા કુલકર નાભિરાજાના કૂળે રત્નકુક્ષીણી માતા મરૂદેવાની કુક્ષીએ આદિનાથ ઋષભદેવ ભગવાનનો જન્મ થયો હતો.ઋષભદેવ પ્રભુને લાભાંતરાય કર્મના ઉદયને કારણે ચારસો દિવસ સુધી આહાર - પાણી મળ્યાં ન હતાં,અખાત્રીજના દિવસે તેઓનું પારણું થયેલું,ત્યારથી વર્ષીતપ કરવાની પરંપરા શરૂ થઈ છે.

જૈન શાસ્ત્રોમાં તપને અનેરૂ અને આગવું મહત્વ આપવામાં આવ્યું છે. જૈનાગમ ઉત્તરાધ્યયન સૂત્રમાં ૩૦ મું ''તપો માર્ગ '' નામનું એક આખુ અધ્યયન આપેલું છે તેમાં કહ્યું છે.. કરોડો ભવોના બાંધેલા કર્મો તપથી ક્ષય અને નિર્જરી જાય છે.

વર્ષી તપની બાહ્ય તપમા ગણના થાય છે.વર્ષી તપ એ ૪૦૦ દિવસ સુધી કરવામાં આવતું વિશિષ્ઠ તપ રહેલું છે.વર્ષી તપના તપસ્વીઓ ઉપકારી પૂ.ગુરુવર્યો,પૂ.સાધુ - સાધ્વીજીઓના શ્રી મુખેથી ફાગણ વદ આઠમના તપના પચ્ચખાણ અંગીકાર કરી મંડાણ કરે છે અને વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના દિવસે તપની પૂર્ણાહૂતિ થાય છે.અમુક તપસ્વીઓ અખાત્રીજથી પણ તપના મંડાણ કરે છે.

અખાત્રીજ સર્વ શ્રેષ્ઠ મુહૂર્ત પણ ગણાય છે.અક્ષય એટલે જેનો ક્ષય ન થાય તે.અખાત્રીજને યુગાદિ તિથિ અને લોકબોલીમાં અખાત્રીજ કહેવાય છે.

વર્ષીતપની શરૂઆત સંદર્ભે એક પ્રસંગ સંકળાયેલો છે. આ યુગના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ - ઋષભદેવ ભગવાને સંયમનો સ્વીકાર કર્યો ત્યારે તેઓને છઠ્ઠ - બે ઉપવાસ હતાં.પારણાને દિવસે પ્રભુ ગોચરી - પાણી માટે નગરમાં નીકળ્યા પરંતુ નગરજનો સાધુની આહાર વિધી - નિયમોથી અજાણ હોવાથી તેઓ પ્રભુને હાથી,ઘોડા,હીરા,માણેક,મોતી,વસ્ત્ર અને પોતાની કન્યાઓ ઋષભદેવને ધરવા લાગ્યાં.આવું બે - ચાર દિવસ નહીં પરંતુ ચારસો દિવસ સુધી ચાલ્યું,છતાં પરમાત્મા ચિત્ત પ્રસન્ન રહેતાં. સમતા ભાવે ભૂખ - તરસને સહન કરતાં. પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ૪૦૦ દિવસ પછી હસ્તિનાપુર પધાર્યા. મહેલના ઝરૂખામાં બેસીને નગર નિરીક્ષણ કરતાં શ્રેયાંસ કુમાર પ્રભુને જોઈને ચિંતને ચડ્યા કે... આવા સાધુને મેં કયાંક જોયાં છે,ચિંતન - મનન કરતાં તેઓને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે તથા પૂર્વ ભવમાં જૈન સાધુને આપેલો આહાર તથા વિધી - નિયમો યાદ આવી જાય છે અને અતિ હર્ષિત થઇ સાત - આઠ ડગલા પ્રભુની સમીપે જઈ કહે છે...

પધારો ભગવંત...પધારો...ગોચરી, પાણીનો લાભ આપો.

નિર્દોષ ઈક્ષુ રસ - શેરડીના રસથી ભરેલા ઘડામાંથી અહોભાવથી ઋષભદેવ ભગવાનને ઈક્ષુ રસ વ્હોરાવે છે.પ્રભુ પોતાના કરપાત્રથી પારણું કરતાં જ '' અહો દાનમ્...મહા દાનમ્ '' ની ઉદઘોષણા થાય છે તેમજ પંચ દિવ્યો પ્રગટ થાય છે.પ્રભુ આદિનાથ ઋષભદેવના પારણાનો દિવસ એટલે વૈશાખ સુદ ત્રીજ.

આ તપને સંવત્સર તપ પણ કહે છે.અમુક તપસ્વીઓ ૪૦૦ દિવસને બદલે એક વર્ષ સુધી પણ તપ કરતાં હોય છે.અમુક આરાધકોથી ઉપવાસ ન થઇ શકતો હોય તો એકાસણા,આયંબિલ વગરે નાની - મોટી તપશ્ચર્યા કરી વર્ષી તપની આરાધના કરતાં હોય છે.પ્રભુ પ્રત્યેના ભક્તિભાવથી તેઓએ કંડારેલી તપરૂપી કેડીને વર્ષી તપની પરંપરાને જૈન - જૈનેત્તર સૌ અનુસરી તપ માર્ગને આગળ ધપાવે છે.જૈન દર્શનમાં કહ્યું છે તપ કરવાથી,કરાવવાથી તથા તપસ્વીઓની અનુમોદના કરવાથી પણ કર્મ નિર્જરા થઇ શકે છે.



પર્વ વિશેષ
: સંકલન :
મનોજ ડેલીવાળા-રાજકોટ



# આર. કે. યુનિવર્સિટી ગ્રંથાલયો દ્વારા વિશ્વ પુસ્તક દિવસ અને કોપિરાઇટ દિવસની ઉજવણી

## ''બૂક ટોક'', ''યુસર ઓફ ધ યર ઈવેંટનું આયોજન કરાયું

રાજકોટ, તા.૨૮

૨૩ એપ્રિલના દિવસે વિશ્વ પુસ્તક દિવસ અને કોપિરાઇટ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ૨૩ એપ્રિલના દિવસે વિશ્વ પુસ્તક દિવસ અને કોપીરઈટ દિવસ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે આર કે. યુનિવર્સિટી ગ્રંથાલયો દ્વારા પણ આ દિવસે અલગ અલગ ઈવેન્ટ અને કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં સ્કૂલ ઓફ એન્જીન્યરીંગ મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા ''બૂક ટોક'', ''યુસર ઓફ ધ યર ઈવેંટ નું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. ચેતનકુમાર પટેલ દ્વારા 'ડાયમંડ્સ આર ફોરએવર, સો આર મોરલ્સ મારી જીવનયાત્રા ગોવિંદ ધોળકિયા' પર બૂક ટોક આપવામાં આવ્યો હતો. તેમજ સ્કૂલ ઓફ આયુર્વેદીક કોલેજ અને હોસ્પિટલ ગ્રંથાલયમાં ''બૂક એક્સિબિશન'' અને ''યુસર ઓફ ધ યર'' ઈવેંટ નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલ ઓફ ફીઝ્યોથેરાપી ગ્રંથાલયમાં સેલ્ફી પોઈન્ટ અને એટરેકટિવ ફિડબેક કોર્નર અને ડેકોરેશન કરીને યુસરનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. અને સ્કૂલ ઓફ મેનેજમેન્ટ ગ્રંથાલયમાં સ્ટાફ અને સ્ટુડન્ટ માટે બૂક રિવ્યુ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

## મનપામાં નિવૃત્ત પેન્શનરો માટે તા.પથી PMJAY કેમ્પ યોજાશે

રાજકોટ, તા. ૨૮

રાજકોટ મહાનગરપાલિકાના નિવૃત પેન્શનરો માટે તા.૫-૫ થી તા.૯-૫ દરમ્યાન સમય સવારે ૧૦:૩૦ થી ૫:૩૦ સુધી ત્રણેય ઝોન સેન્ટ્રલ ઝોન, વેસ્ટ ઝોન, ઇસ્ટ ઝોન ખાતે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં ફક્ત પેન્શનરનું જ કાર્ડ કાઢી આપવામાં આવશે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના કાર્ડ (પીએમજેએવાય) માટે ડોક્યુમેન્ટ જરૂરી છે. તેમાં (૧) આવકનો દાખલો.(મામલતદારનો ઓનલાઇન કોમ્પ્યુટરાઈઝ દાખલો ૪ લાખથી ઓછી આવકનો, અને ૬૦ વર્ષ કે તેથી વધુ ઉમર ના સીનીયર સીટીઝનો માટે વાર્ષિક રૂપિયા છ લાખ કે તેથી ઓછી આવકનો દાખલો), (૨) રેશનકાર્ડ.(બારકોડ વાળું) (૩) આધાર કાર્ડ (૪) મોબાઇલ નંબર (જે આધાર નંબર માં લીંક કરાવેલ હોઈ તે મોબાઇલ સાથે લાવવો) (૫) જે પેન્શનરનું કાર્ડ કાઢવાનું છે તે વ્યકિત એ રૂબરૂ આવવાનું રહેશે.

# બ્રહ્મસેના દ્વારા સાદગીપૂર્વક પરશુરામ જન્મોત્સવ ઉજવાશે

## ધર્મયાત્રા રદ્દઃ રકતદાન કેમ્પનું આયોજનઃ આતંકવાદી હુમલાનાં મૃતકોને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવશે

રાજકોટ,તા.૨૮

બ્રહ્મ સેના દ્વારા હરહંમેશ મુજબ ચિરંજીવ ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ ઉજવણી કરવામાં આવશે. તાજેતરમાં જ કાશ્મીર માં પ્રવાસી ભારતીય નાગરિકો પર આંતકવાદી હુમલો કર્યો છે.જેમાં ૨૬ લોકો ના અપમૃત્યુ થયા હોય આંતકવાદી દ્વારા નિર્મમ હત્યા કરી જે અઘટિત ઘટના ખૂબ જ દુઃખની લાગણી અને આંતકવાદી વિરોધી રોષની લાગણી સાથે બ્રહ્મ સેના દ્વારા સાદગીથી ઉજવણી કરવામાં આવશે.

રાજકોટ ખાતે ની ''ધર્મ યાત્રા'' સતત ૪ થી વર્ષ હોય જે ધર્મ યાત્રા યોજાઈ છે તે રદ્દ કરીને માત્ર ''સમુહ પુજન'' કરીને પાણીના ઘોડા પાસે પેડક રોડ રાજકોટ ખાતે સાદગી થી ઉજવણી કરવામાં આવશે. બ્રહ્મ સેના નો ૨૭ મો સ્થાપના દિવસ ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ દિવસે અક્ષય તૃતીયાના વૈશાખ સુદ-૩ ના હોય તારીખ:૨૭-૪-૨૦૨૫ ના રોજ રકતદાન કેમ્પ પંચનાથ મંદિરના સાનિધ્યમાં સવારે ૮.૩૦ થી ૧ સુધી યોજાશે ત્યાં આતંકવાદી હુમલા માં મૃત્યુ પામેલા નાગરિકો ને શ્રધ્ધાંજલી વંદના કરાશે.

## ગજકેસરી યોગ તથા રોહિણી નક્ષત્ર

# બુધવારે અખાત્રીજ, ગણેશ ચોથનો સંયોગ

બુધવારે અખાત્રીજ અને ગણેશ ચોથ એક દિવસે જ છે આ વર્ષે ગજ કેસરી યોગ તથા રોહિણી નક્ષત્ર મા અખાત્રીજ અને ગણેશ ચોથ મનાવવામા આવશે.

આ વર્ષે અખાત્રીજના દિવસે સાંજે ૭.૧૯ કલાક સુધી રોહિણી નક્ષત્ર છે તે ઉપરાંત ગોચર મા ગુરુ ચંદ્ર ની યુતિ થી ગજ કેસરી યોગ થાય છે શોભન નામનો યોગ છે આથી આ વર્ષની અખાત્રીજ શુભ અને ઉત્તમ રહેશે.

તે ઉપરાંત જ્યોતિષના નિયમ પ્રમાણે પંચાંગ પ્રમાણે આ વર્ષે ગણેશ ચોથ પણ અખાત્રીજના દિવસે મનાવવામાં આવશે બુધવારે બપોરના ૨.૧૧ કલાકે થી ચોથ તિથિ છે જ્યારે ગુરુવારે સવારના ૧૧.૨૩ કલાક સુધી જ ચોથ તિથિ હોતા જ્યોતિષના નિયમ પ્રમાણે પંચાંગ પ્રમાણે ગણેશ ચોથ બુધવારે મનાવવાની રહેશે.

વર્ષમાં ચાર વણજોયા મુહૂર્તના શ્રેષ્ઠ દિવસો ગણવામાં આવે છે, જે બેસતુ વર્ષ, ચૈત્ર સુદ એકમ, અખાત્રીજ અને દશેરા છે . આમ અખાત્રીજનો દિવસ વણજોયા મુહૂર્તનો હોવાથી આ દિવસે કરેલા કોઇપણ શુભકાર્યનું ફળ અખંડ રહે છે. આ દિવસે જપ, તપ, દાન કરવાથી તેના પુણ્યનો નાશ થતો નથી અને જીવનમાં શાંતિ મળે છે.

આ દિવસે નવા વાહનની ખરીદી, સોના ચાંદીના દાગીનાની ખરીદી કરવી, પુજા નો સામાન, જીવન જરૂરી ચીજવસ્તુની ખરીદી કરવી, જમીન-મકાન વાહન ખરીદવા ઉત્તમ ફળદાયક છે. વાસ્તુ, નવચંડી હવન, લગ્ન, સગાઈ, ખાતમુહૂર્ત. નવી દુકાનનું મુહૂર્ત કરવું. નવા વ્યાપારની શરૂઆત કરવી. જેવા દરેક શુભ કાર્યો માટે આ દિવસે કોઇપણ ગ્રહબળ તથા ચંદ્રબળ જોવાની જરૂર રહેતી નથી.

અખાત્રીજના દિવસે પાણી ભરેલ ઘડાનું દાન દેવું તથા ગયો ને ઘાસ નાખવું ઉત્તમ ફળ આપશે અખાત્રીજના દિવસે કરેલ જપ, દાનનુ ફળ આજીવન મળે છે . તથા આ દિવસે શ્રી યંત્ર ઉપર સાકરવાળા દૂધથી ૐ મહાલક્ષ્મી નમઃ અથવા તો શ્રી સૂક્તના પાઠ બોલતા બોલતા અભિષેક કરવો સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થશે

અખાત્રીજના દિવસે ભગવાન પરશુરામજીનું પ્રાગટ્ય થયું હતું. આથી ભગવાન પરશુરામની પૂજા કરવી ભગવાન પરશુરામ વિષ્ણુ ભગવાનના જ અવતાર છે અને સપ્ત ચિરંજીવીમાંથી એક છે. આ દિવસે ત્રેતાયુગનો પ્રારંભ થયો હતો. અખાત્રીજના દિવસથી ચારધામની યાત્રાનો પ્રારંભ થશે અખાત્રીજનો આખો દિવસ દરેક શુભ કાર્ય માટે સારો છે. અખાત્રીજના દિવસે ભગવાન વિષ્ણુનું જળથી પૂજન કરવું શાલીગ્રામ ઉપર ચોખ્ખું જળ ચડાવીને પૂજન કરવું તવા ભગવાન સત્યનારાયણની કથા કરવાથી જીવનમાં શાંતિ મળશે તથા આ દિવસે ગાયોને ઘાસચારો નાખવો પણ ઉત્તમ પુણ્યકારક ગણાય છે. અખાત્રીજના દિવસના શુભ મુહૂર્તની યાદી

**દિવસના શુભ ચોઘડિયા**

લાભ ૬.૧૭ થી ૭.૫૪, અમૃત ૭.૫૪.થી ૯.૩૦, શુભ ૧૧.૦૭ થી ૧૨.૪૪, ચલ બપોર ૩.૫૮ થી ૫.૩૫, લાભ સાંજે ૫.૩૫ થી ૭.૧૨, બપોરે અભિજીત મુહૂર્ત. ૧૨.૧૮ થી ૧.૧૦,

**રાત્રિના શુભ ચોઘડિયા**

શુભ ૮.૩૫ થી ૯.૫૮, અમૃત ૯.૫૮ થી ૧૧.૨૧, સાંજે પ્રદોષ કાળનો શુભ સમય ૭.૧૨ થી. ૯.૨૩નો છે.

-શાસ્ત્રી રાજદીપ જોશી
(વૈદાંત રત્ન)

## દર મંગળવારે દંત યજ્ઞ કેમ્પનું આયોજન

''શિવાનંદ ભવન'' ૬/૯ જંકશન પ્લોટ, સુખસાગર પાન પાસે રાજકોટ ખાતે દર મંગળવારે સવારે ૯ થી ૧૦ દંત ચિકિત્સા કેમ્પ અને દાંતની બત્રીસીનો કેમ્પ દિવ્ય જીવન સંઘ અને ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાશે ડિવાઈન ચેરીટેબલ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે આ કેમ્પમાં જરૂરી આર્થિક અનુદાન રશ્મિબેન મહેન્દ્રભાઈ ગોહિલ દ્વારા મળેલ છે. કેમ્પમાં ડો.જયસુખભાઈ મકવાણા, તેમજ મોનિકા ભટ્ટ જાગૃતિ ચૌહાણ સેવા આપશે. દાંતના દર્દીને તપાસી જાલંધર બંધ વડે ઈન્જેકશન વગર દાંત વિનામુલ્યે કાઢી; જરૂરી દવા પણ આપવામાં આવશે.

# રામકૃષ્ણ આશ્રમમાં ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે સમર કેમ્પનું આયોજન

## ધાર્મિક શ્લોક, ગીતા અભ્યાસ, એકાગ્રતા વધેલી રમતો, યોગ-દયાન શિખવવામાં આવશે

રાજકોટ,તા.૨૮

વેકેશનના અમૂલ્ય સમયગાળા દરમિયાન બાળકો મોબાઈલ અને ટીવીના વળગણથી દૂર રહી પોતાનું સાંસ્કૃતિક અને નૈતિક ઘડતર કરે તેવા હેતુ સાથે રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ વિવેક હોલમાં ઉનાળુ વેકેશનને અનુલક્ષીને બાળકો માટે અરાઈઝ, અવેક સમર કેમ્પનું આયોજન ત્રીજી મેથી અઢાર મે દરમિયાન કરવામાં આવ્યું છે. જેમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત પીરસતી રમતો, નીતિમત્તાની વાર્તાઓ, ધાર્મિક શ્લોક, ગીતા અભ્યાસ, એકાગ્રતા વધે તેવી રમતો ઉપરાંત યોગ અને ધ્યાન શીખવવામાં આવશે. જેથી નાનપણથી જ બાળકોમાં આ બધા ગુણોનું સિંચન થાય. આ સમર કેમ્પનો સમય સવારે સાડા આઠ થી સાડા અગિયાર રહેશે . જેમાં આઠથી તેર વર્ષની વયના બાળકો ભાગ લઈ શકશે. ઉલ્લેખનીય છે કે લગભગ દોઢ દાયકાથી પણ વધુ સમયથી ચાલતા આ સમર કેમ્પમાં તાલીમ પામેલા અનેક બાળકોએ પોતાના જીવનને નવી દિશા આપી છે. અત્યંત નજીવા દરે યોજાતા આ સમર કેમ્પમાં બાળકોને દરરોજ પૌષ્ટિક નાસ્તો અને પુસ્તકો પણ ભેટ આપવામાં આવે છે. વહેલો તે પહેલોના ધોરણે ખુબ મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોવાના કારણે રસ ધરાવતા વાલીઓએ રજીસ્ટ્રેશન અને વધુ માહિતી માટે સોમથી શનિવાર ,સવારે નવ થી બાર અને સાંજે ચાર થી સાત દરમિયાન આશ્રમ કાર્યાલયમાં રૂબરૂ સંપર્ક કરવો.

# રોટરી કલબ મીડ ટાઉન આયોજીત સાયકલોથોન સ્પર્ધામાં સાયકલવીર પ્રમોદભાઈ જોષીએ એવોર્ડ મેળવ્યો

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રાજયના રમત-ગમત મંત્રી તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતીમા વિશેષ સન્માન

રાજકોટ, તા.૨૮

બોલબાલા ટ્રસ્ટની સીનિયર સીટીઝન સેવા સંસ્થાના સદસ્ય તેમજર રેલ્વે નિવૃત કર્મચારી પ્રમોદભાઈ જોષીએ ગુજરાતભરમાં સાયકલ વીર તરીકે નામના મેળવી છે.

સાયકલને જીવન જીવવાનો મંત્ર બનાવી હાલમાં ૭૪ વર્ષ ની જૈફ વયે રોટરી કલબ મીડ ટાઉન-રાજકોટ દ્વારા અયોજીત સાયકલોથોન-૨૦૨૫ ની સ્પર્ધામાં સ્પર્ધક તરીકે ભાગ લઈને વિશાળ સંખ્યામાં અબાલ-વૃધ્ધ તથા યુવાઓની વચ્ચે એવોર્ડ મેળવીને અનેરી સિધ્ધી હાંસલ કરેલ છે.આ સ્પર્ધા તા.૦૬/૦૪/૨૦૨૫ ના દિને ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રાજય ના રમત-ગમત મંત્રી ની ઉપસ્થિતીમાં યોજવામાં આવેલ હતી. આ સ્પર્ધામાં ૯૦ મીનીટ માં ૨૧ કી.મી નું અંતર પુર્ણ કરનાર સ્પર્ધક ને અવોર્ડ પ્રાત્ર ગણવાનો માપદંડ રાખવામાં આવેલ પરંતુ પ્રમોદભાઈ જોષીએ માત્ર ૭૦ મીનીટમાં ૨૧ કી.મી. નું અંતર પૂર્ણ કરતા ફીનીશર મેડલ પ્રાપ્ત કરીને બહુમાન મળવેલ છે.






# પહેલગામમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલ દિવંગતોને રાષ્ટ્રીય એકતા મંચ રાજકોટ દ્વારા શ્રદ્ધાંજલી-પુષ્પાંજલી અર્પણ

## સરદાર પટેલના સ્ટેચ્યુ બહુમાળી ભવન પાસે ભારત માતા કી જયના ઘોષ અને આતંકવાદ મુરદાબાદના સુત્રોચાર

રાજકોટ, તા.૨૮

કાશ્મીરના પહેલ ગામમાં કાયરતા પૂર્વક આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલ નિર્દોષ માનવ વધ ના વિરોધમાં આતંકી હુમલા સામે જન આક્રોશ ઉભા થતા રાષ્ટ્રવાદી વિચાર ધરાવતી સંસ્થા રાષ્ટ્રીય એકતા મંચ, રાજકોટ દ્વારા ૨૬ શહીદોને શ્રદ્ધાંજલી- પુષ્પાઅંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ, સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ પાસે, બહુમાળી ચોક, રાજકોટ ખાતે રાખવામા આવેલ હતો.

આ તકે સૌ સ્વજનો ને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અને પુષ્પાંજલિ અર્પતા મંગેશભાઈ દેસાઈ, કૌશિકભાઈ ટાંક, ગીરીશભાઈ ભટ્ટ, પ્રશાંતભાઈ જોશી, જયેશભાઇ જાની, અરૂણભાઈ નિર્મળ, નીતિનભાઈ મહેતા, ચમનભાઈ સિંધવ, રાજુભાઇ જુન્જા, શૈલેષભાઈ વ્યાસ, પરેશભાઈ ખોખર, મયુરભાઈ સોની, જીગ્નેશભાઈ રામાવત, સુરેશભાઈ કટારીયા, પ્રશાંતભાઈ વાણી, રશ્મિબેન પટેલ, મહેશ્વરી બેન, સરોજબેન રૂપાપરા, વિજયાબેન કટારીયા, હિરલબેન જોશી સહિત રાષ્ટ્રવાદી લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## રાજકોટના આંગણે પ્રશાંતમૂર્તિ, આચાર્ય દેવેશ શ્રીમદ વિજય તીર્થભદ્રસૂરીશ્વરજી મ. આદિની પાવન નિશ્રામાં

# તા.૮મીના રજપૂત કન્યા ચિ. હેત્વી પરમારનું વીરપ્રભુના માર્ગે પ્રયાણ : પંચાન્હિકા મહોત્સવ

### આગામી તા.૪થી પૂ. ગુરૂભગવંતનો નગરપ્રવેશ, વસ્ત્ર રંગોત્સવ, પ્લોટના બહેનો દ્વારા વિશિષ્ટ 'ડીયર હેત્વી' કાર્યક્રમ, સાંજે રજપૂતની ડેલીએ ડાયરોનું આયોજન

રાજકોટ, તા. ૨૮

રાજકોટમાં પ્રહલાદ પ્લોટ જૈન સંઘના આંગણે આગામી તા. ૮મીના ગુરૂવારના રજપૂત કન્યા ચિ. હેત્વી પરમાર વીરપ્રભુના માર્ગે પ્રયાણ કરશે.

અધ્યાત્મનિષ્ઠ ગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ વિજય કલ્પતરૂસૂરીશ્વરજી મહારાજાની અનુજ્ઞાથી પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય તીર્થભદ્રસૂરીશ્વરજી મહારાજા તથા પૂ. પંન્યાસ શ્રી તીર્થરતિવિજયજી, પૂ. પંન્યાસ તીર્થરૂચિ વિ.મ. આદિ ઠાણાની પાવન નિશ્રામાં મુમુક્ષુ કુ.હેત્વી પરમારનો દીક્ષા મહોત્સવ તા. ૪ થી ૮ સુધી ભવ્ય રીતે ઉજવાશે.



**મહોત્સવની રૂપરેખા**

આગામી તા. ૪થી મેના રવિવારે સવારે ૭ વાગે પૂ. આચાર્ય ભગવંત શ્રી તીર્થભદ્રસૂરીજી મ. આદિ ઠાણાનો રાજકોટમાં નગરપ્રવેશ, સવારે ૮.૩૦ કલાકે સકલ સંઘની નવકારશી, સવારે નવ વાગે વસ્ત્ર રંગોત્સવ તથા પૂ. ગુરૂ ભગવંતનું પ્રવચન, સંગીત માટે સુરતથી અંકુરભાઇ શાહ પધારશે. બપોરના ૨.૩૦ કલાકે 'ડીયર હેત્વી' કાર્યક્રમનું આયોજન પ્રહલાદ પ્લોટના બહેનો દ્વારા કરાયું છે. સાંજે ૭ વાગે પ્લોટ દેરાસરની અદભુત મહાપૂજા સંઘના યુવક મંડળ દ્વારા થશે. સાંજે ૭.૩૦ કલાકે કરણપરા ચોકમાં રજપૂતની ડેલીએ ડાયરો કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. લોકસાહિત્યકાર હરદેવભાઇ આહિર તથા તેમની મંડળી ભાગ લેશે.

દીક્ષા મહોત્સવની ઉજવણીના બીજા દિવસે તા.૫મીના સોમવારે સવારે નવ વાગે યાત્રા શ્રાવક જીવનથી શ્રમણ જીવનની આ કાર્યક્રમ શાસનભાઇ શાહ તથા સૌમિલભાઇ શાહ પ્રસ્તુત કરશે.

બપોરે ૨.૩૦ કલાકે શ્રી શાંતિસ્નાત્ર પૂજન વિધિકાર ડો. પ્રવીણભાઇ શાહ ભણાવશે. સૌમિલ શાહનું ભકિત સંગીત રહેશે.

રાત્રે ૮ વાગે 'હું દીકરી' કાર્યક્રમ રજુ થશે જેમાં મોટીવેશનલ સ્પીકર કિન્નરીબા જાડેજા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, કોટેચા સ્કુલના પ્રિન્સીપાલ ડો. સ્વાતિબેન જોષી વગેરે વકતવ્ય આપશે.

તા. ૬ઠ્ઠીના મંગળવારના ત્રીજા દિવસે સવારે નવ વાગે પૂ. ગુરૂભગવંતનું માર્મિક પ્રવચન તથા સંયમ છાબ ઉત્સવ, જેમાં અમદાવાદના ભાવિક મહેતા તથા હાર્દિક બાગરેચા પધારશે. બપોરે ૨.૩૦ કલાકે સમસ્ત રાજકોટના મહિલા મંડળની સામુહિક સાંજી, રાત્રે ૮.૩૦ કલાકે 'સત્સંગી રે' પાર્થ શુકલા દ્વારા દિગ્દર્શિત નાટકની પ્રસ્તુતિ થશે.

મહોત્સવના ચોથા દિવસે તા. ૭મીના બુધવારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કેળવજ્ઞાન કલ્યાણક દિને મુમુક્ષુ કુમારી હેત્વીબહેનનો વરઘોડો ત્યારબાદ પ્રીતિદાન બપોરે સંઘ જમણ, બપોરના ૪.૩૦ કલાકે અંતિમ વાયણુ તથા સાંજે ૭.૩૦ કલાકે સ્ટેજ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. 'સંસારી અવસ્થાની અંતિમ સંધ્યા, હવે દીકરી ગણાશે મહેમાનમાં' હૃદયસ્પર્શી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મુંબઇના સ્મિતભાઇ કોઠારીનું શબ્દાંકન તથા ગૌતમ બારીયાનું સ્વરાંકશન રહેશે.

### મુમુક્ષુ હેત્વી પરમાર : જીવન ઝલક

- ઉંમર ૨૦ વર્ષ
- માતા-પિતા : ઉન્નતિબેન વિમલભાઇ પરમાર
- દાદા-દાદી : અ.સૌ. જયશ્રીબેન મનસુખભાઇ પરમાર
- નાના-નાની : આશાબેન કમલેશભાઇ દામાણી
- ભાઇ : સંયમ વિમલભાઇ પરમાર
- પરિવારમાં દીક્ષા : મુનિ તીર્થહંસ વિ.મ. (મામા મહારાજ)
- દર્શન આરાધના : ગિરનાર, શિખરજી, આબુ, તારંગા, શંખેશ્વર, ભદ્રેશ્વર, ૧૧૧ કલ્યાણક ભૂમિની સ્પર્શના આદિ તીર્થયાત્રા
- જ્ઞાન સાધના : પાંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથ, વીતરાગ સ્તોત્ર, વૈરાગ્યશતક, ઇન્દ્રિય પરાજય શતક, સંબોધ સત્તરિ, તત્વાર્થ સુત્ર, પંચસુત્ર, જ્ઞાનસાર, યોગસાર, યોગશાસ્ત્ર, હૃદયપ્રદીપ, દશવૈકાલિક સુત્રના ૪ અધ્યયન, કુલકસંગ્રહ, વર્ધમાન શક્રસ્તવ, શત્રુંજય લઘુકલ્પ, સમાધિસતક.
- અર્થ : પાંચ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, ૩ કર્મગ્રંથ, વૈરાગ્યશતક, કુલકસંગ્રહ.
- સંસ્કૃત : હેમ સંસ્કૃત પ્રવેશિકા, ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચારિત્ર ૧૦મું પર્વે સમરાદિત્ય ચરિત્ર, ગૌતમપૃચ્છા, વર્ધમાનદેશના.
- ચારિત્ર સાધના : ૬૪ પ્રહરી પૌષધ, ઉપધાન, ૧૬૦૦ કિ.મી. નો વિહાર (સાઉથથી ગુજરાત)
- તપ ઉપાસના : વર્ધમાન તપની ૭ ઓળી, અઠ્ઠાઇ.



### વિદાય તથા દીક્ષાનો કાર્યક્રમ BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે તથા જૈન બોર્ડીંગ-માલવીયા ચોક ખાતે મહોત્સવ ઉજવાશે



### તા.૪ થી ૮ સુધી વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો કાર્યક્રમોના આયોજનો

**મુમુક્ષુ ચિ. હેત્વીની પ્રવ્રજયા**

તા.૮મીના ગુરૂવારે શાસન સ્થાપના દિનના સવારે ૬.૩૦ કલાકે મુમુક્ષુ ચિ. હેત્વી પરમારની ભવનિસ્તારિણી દીક્ષા વિધિનો મંગલ પ્રારંભ થશે. દીક્ષા વિધિના કાર્યક્રમમાં સુરતના હાર્દિક શાહ એન્કરીંગ કરશે તથા શનીભાઇ શાહ (અમદાવાદ) ભકિત સંગીત પ્રસ્તુત કરશે સવારે ૮.૩૦ કલાકે સકલ સંઘની નવકારશી યોજવામાં આવેલ છે.

**સ્થળોની વિગત**

મુમુક્ષુ ચિ. હેત્વીની વિદાય તથા દીક્ષા બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, યોગી સભાગૃહ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે યોજાશે.

જયારે સમગ્ર મહોત્સવ જૈન બોર્ડીંગ, મહાવીર ભવન, માલવિયા ચોક, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે યોજાશે.

---

### ગીતગુર્જરી સંઘમાં પૂ.ધીરજમુનિમ.પાવન નિશ્રામાં

# પૂ.સ્મિતાબાઈમ.પ્રેરિત ૧૬ વર્ષીતપ આરાધકોના બુધવારે કળશ પ્રત્યાખ્યાન: શનિવારે શોભાયાત્રા-સમૂહ પારણા



રાજકોટ,તા.૨૮

શ્રી ગીતગુર્જરી સ્થાનકવાસી જૈન સંઘના આંગણે પૂ.ડુંગર-હિરક ગુરૂ દેવોની અંતરિક્ષ કૃપાશ્રી અને પૂ.શ્રીધીરગુરુદેવનો અનુગ્રહ તથા સૌમ્યસ્વભાવી પૂ.જયોતિબાઈ મ.સ.પૂ.જશુબાઈ મ.સ.પૂ.ઉષાબાઈ મ.સ.પ્રવચન પ્રભાવક પૂ.સ્મિતાબાઈ મ.સ.ની પાવન પ્રેરણાથી ૧૬ ઉગ્ર તપસ્વીઓના વર્ષીતપ કળશ પ્રત્યાખ્યાન તા.૩૦ને બુધવારે સવારે ૮.૩૦ કલાકે વસંતબેન એમ.મહેતા, ભાભા કૃપાના પટાંગણે યોજાયેલ છે. તા.૧ના સવારે ૧૦.૦૦ કલાકે આલોચના, તા.૨ના સાંસ્કૃતિક કાર્યક્રમ તા.૩ના શનિવારે તપસ્વીયાત્રા સવારે ૮ કલાકે રાષ્ટ્રીય શાળા કંપાઉન્ડ અને ૧૦ કલાકે બોર્ડીંગ પરિસર ખાતે ઈક્ષુરસ પાન વિધિ યોજાશે.સંઘમાં અનેરો ધર્મોલ્લાસ છવાયો છે.

**વર્ષીતપના આરાધકો**

(૧) ઈલાબેન (પોલો અઠ્ઠમતપ),લત્તાબેન (પોલો અઠ્ઠમતપ), જયશ્રીબેન (પોલો અઠ્ઠમતપ) કાજલબેન (ઉપવાસ વર્ષીતપ) નીતાબેન (ઉપવાસ) અરૂણાબેન (આયબીલ પોલો અઠ્ઠમતપ), તથા અલ્કાબેન ઉષાબેન, અમીષાબેન, હિનાબેન, હર્ષાબેન, રીટાબેન સરોજબેન ચાંદનીબેન વગેરેએ આયંબીલ વર્ષીતપ કરેલ છે. જાણે તરૂણબેન તથા મલ્લવીબેન વગેરેએ એકાસણા વર્ષીતપ કરેલ છે.જેના પારણા તા.૩જીના શનિવારે યોજવામાં આવેલ છે. સમગ્ર વર્ષ દરમ્યાન આયંબીલના લાભાર્થી ગુરુભકત પરિવાર છે પ્રભાવના તથા સાંજી અનુમોદનાના લાભાર્થી વર્ષીતપ આરાધકોના પરિવાર છે. શોભાયાત્રાના લાભાર્થી જશવંતીબેન શાંતિલાલ મહેતા (પડધરી) (સતીષભાઈ) નરેશભાઈ તથા યોગેશભાઈ) પરિવાર છે. ગીતગુર્જરી જેને સંઘના સંઘ પ્રમુખ શિરીષભાઈ બાટવીયા વગેરે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યાં છે.

---

# હિટવેવથી બચવા મનપાએ ફરી ગાઈડલાઈન જાહેર કરી : રોગચાળાથી બચવા પાણી ઉકાળીને પીવાની પણ સલાહ

### ચા-કોફી-સોફટડ્રીંકનું સેવન ઘટાડો : ઝાડા-ઉલ્ટીના લક્ષણો દેખાય તો તુરંત આરોગ્ય કેન્દ્ર પર દોડવા અનુરોધ



રાજકોટ, તા. ૨૮

હાલ રાજકોટમાં હીટવેવની સ્થિતિ છે ત્યારે મહાપાલિકાની આરોગ્ય શાખાએ લુ અને પાણીજન્ય રોગચાળાથી બચવા લોકોને સલાહ આપી છે. સાથે જ પાણીજન્ય રોગથી બચવા પાણી ઉકાળીને પીવા પણ જણાવ્યું છે. ઉનાળામાં લોકોને હાઈડ્રેટેડ રહેવા અને ચા-કોફીનું સેવન ઘટાડવા સલાહ આપવામાં આવી છે.

- હાઈડ્રેટેડ રહો, જ્યારે પણ શક્ય હોય ત્યારે પુરતું પાણી પીઓ.
- મુસાફરી કરતી વખતે પીવાનું પાણી સાથે રાખો.
- ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશનનો ઉપયોગ કરો અને લીંબુ પાણી, છાસલસ્સી જેવા ઘરે બનાવેલા પીણાઓનું સેવન કરો
- બપોરે બહાર હોય ત્યારે વધુ મહેનતવાળી પ્રવૃત્તિઓ ટાળો, ખુલ્લા પગે બહાર ન જાવ.
- દિવસના સૌથી ગરમ સમય દરમ્યાન રસોઈ કરવાનું ટાળો. તેમજ રસોઈ વિસ્તારમાં હવાની પુરતી અવરજવર થાય તે માટે દરવાજા અને બારીઓ ખુલ્લી રાખો.
- આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રિંક્સ અથવા વધુ પ્રમાણમાં ખાંડવાળા પીણાં ટાળો જે શરીરને વધુ પ્રવાહીની ખોટ તરફ દોરી જાય છે અથવા પેટમાં દુ:ખાવો થઈ શકે છે.
- વધુ પ્રોટીનવાળો ખોરાક ટાળો અને વાસી ખોરાક ન ખાઓ.
- પાર્ક કરેલા વાહનમાં બાળકો અથવા પાલતુ પ્રાણીઓને એકલા રાખશો નહીં. વાહનની અંદરનું તાપમાન જોખમી બની શકે છે.

**લુ લાગવાના લક્ષણો**

- ખુબ પરસેવો થવો, અશક્તિ લાગવી અને સ્નાયુમાં દુ:ખાવો.
- માથાનો દુ:ખાવો, ચક્કર આવવા
- ચામડી લાલ - સુકી અને ગરમ થઈ જવી
- ઉબકા અને ઉલ્ટી થવી

**પાણીજન્ય રોગો**

પાણી અને અરોગ્યનો સીધો સંબંધ છે, જેથી પાણીજન્ય રોગો જેવાકે ઝાડા, ઝાડા-ઉલ્ટી, મરડો, કોલેરા, કમળો, ટાઈફોઈડ જેવા રોગો પૂર અને અતિવૃષ્ટિ બાદ થવાનું જોખમ વધી જાય છે. આથી આરોગ્ય વિભાગે લોકોને સલાહ આપી છે.

- પીવાના પાણીને ઉપયોગમાં લેતાં પહેલાં ૨૦ મિનિટ સુધી ઉકાળવું અને ત્યારબાદ જ પીવું.
- પીવાના ૨૦ લીટર પાણીમાં ૧ ક્લોરીનની ગોળીનો ભૂકો કરીને દ્રાવણ બનાવીને નાખવું અને અડધા કલાક પછી જ પીવાના ઉપયોગમાં લેવું.
- તમામ ટાંકી, કુવા વિગેરે સાફ કરાવી નિયત પ્રમાણમાં ટી.સી.એલ. (બ્લીચીંગ) પાવડરનું દ્રાવણ નાંખી કલોરીનેશન કરેલું પાણી જ પીવાના ઉપયોગમાં લેવું.
- ઘરોની આજુબાજુ ગંદકી કરવી નહી, કચરાનો યોગ્ય નિકાલ કરવો.
- ઠેર ઠેર એકઠાં થયેલા ઉકરડાનો નાશ કરવો અને ચૂનાના પાવડરનો છંટકાવ કરવો.
- વાસી ખોરાક અથવા પલડી ગયેલા અનાજનો ઉપયોગ કરવો નહી.
- ખાધ પદાર્થોને ઢાંકીને રાખવા. દૂધ ઉકાળીને પીવું.
- ઝાડા-ઉલ્ટીની અસર ધરાવતાં દર્દીને તાત્કાલિક ઓ.આર.એસ.નું દ્રાવણ બનાવી પીવડાવો.
- નજીકના આરોગ્ય કર્મચારી અથવા સરકારી દવાખાનાનો સંપર્ક કરી યોગ્ય સલાહ-સારવાર મેળવો.

---

# શનિવારે રાત્રે રેસકોર્સમાં મિત્રો સાથે નાસ્તો કરી ઘરે પરત ફરતા વિમલ આસરાનું બાઈક અકસ્માતમાં મોત : એકને ઈજા

### 'સાંજ સમાચાર'સર્કલ ખાતેથી બુલેટ મહિલા કોલેજ અંડરબ્રિજમાં ગયું તે સીસીટીવીમાં દેખાય છે, બ્રિજમાં અધવચ્ચે જ અકસ્માત સર્જાયો



મૃતક વિમલ

રાજકોટ, તા.૨૮

રવિવારે રાત્રે રેસકોર્સમાં મિત્રો સાથે નાસ્તો કરી ઘરે પરત ફરતા એકતા સોસાયટી પરાપીપળીયાના વિમલ અશોકભાઈ આશરા(ઉ.વ. ૨૭)નું બાઈક અકસ્માતમાં મોત થયું હતું. જ્યારે અન્ય એક યુવાન ભાવિક પરસોત્તમભાઈ રાઠોડ(ઉ. વ. ૨૪)ને ઈજા થઈ હતી.

રાત્રે દોઢ વાગ્યે સાંજ સમાચાર સર્કલ ખાતેથી બુલેટ મહિલા કોલેજ અંડરબ્રિજમાં ગયું તે સીસીટીવીમાં દેખાઈ છે. બ્રિજમાં અધવચ્ચે જ અકસ્માત સર્જાયો હતો. કોઈ વાહન પાછળ બુલેટ ઘુસી ગયાનું અનુમાન છે. પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કર્યા પણ અકસ્માત કેમ કરતા સર્જાયો તે જાણવા મળ્યું નથી.આ કરુણ ઘટના અંગે મળતી વિગત મુજબ, મૃતક વિમલ તેના મિત્રો ભાવિક, ધનંજય અને અન્ય એક મિત્ર એમ ૪ મિત્રો રેસકોર્સ ફરવા ગયા હતા. આ ચારેય મિત્રો શહેરના છેવાડે પરાપીપળીયાના પાટીયા પાસે આવેલી એકતા સોસાયટીમાં રહે છે. ચારેય મિત્રો રેસકોર્સમાં ટહેલ્યા અને નાસ્તો પાણી કર્યાં હતા. ત્યારબાદ ધનંજય અને અન્ય મિત્ર તેના વાહનમાં બેઠા. જ્યારે વિમલ અને ભાવિક બુલેટ બાઇકમાં બેઠા અને ઘરે જવા નીકળ્યા. ધનંજયએ સાંજ સમાચાર સાથેની વાતચિતમાં જણાવ્યું કે, તેઓ પોતાના બાઇકમાં મહિલા કોલેજ અંડર બ્રિજ થઇ કાલાવડ રોડ અને યુનિવર્સીટી રોડ થઈ ઇન્દિરા સર્કલ સુધી પહોંચી ગયા હતા. પાછળ બુલેટમાં આવતા વિમલ અને ભાવિક ન દેખાતા તેઓએ વિમલના ફોનમાં ફોન કરતા કોઈ અજાણ્યા વ્યક્તિએ ફોન ઉપાડ્યો. અજાણ્યા વ્યક્તિએ કહ્યું કે, આ ફોન જેનો છે તે યુવાનનું અંડર બ્રિજમાં અકસ્માત થયું છે. ધનંજય ત્યાં પહોંચે છે. બ્રિજમાં આગળના ભાગેથી બુલેટનો કચ્ચર ઘાણ વળી ગયેલ જોવા મળે છે. વિમલ બેભાન પડ્યો હોય છે અને ભાવિક અર્ધ બેભાન હોય છે. ભાવિકના ઝડબામાં ચહેરાના ભાગે ગંભીર ઈજા થઈ હોય છે. બંનેને ૧૦૮માં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવે છે. જ્યાં ઇમરજન્સી વિભાગ બેભાન હાલતમાં રહેલ વિમલને મૃત જાહેર કરવામાં આવે છે. જ્યારે ભાવિકને ઝડબાના ઓપરેશન માટે સર્જરી વોર્ડમાં ખસેડવામાં આવે છે.

વિમલ ફર્નિચરનું કામ કરતો, તે ૨ ભાઈ ૧ બહેનમાં વચેટ હતો. તે અપરણિત હતો.

### રાત્રે દોઢ વાગ્યાનો બનાવ, કોઈ વાહન પાછળ બુલેટ ઘુસી ગયાનું અનુમાન, પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કર્યા પણ અકસ્માત કેમ કરતા સર્જાયો તે જાણવા મળ્યું નહીં

આશાસ્પદ યુવાનના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો છે. આ તરફ માલવીયાનગર પોલીસે અકસ્માત કેમ કરતા થયો તેની તપાસ હાથ ધરી હતી. ઈજાગ્રસ્ત ભાવિકને ઝડબાનું ઓપરેશન કરાયુ છે એટલે હાલ તે ઘટનાનું વર્ણન કરી શકે તેમ નથી. જ્યારે સીસીટીવી જોતા યુવાનો બુલેટ પર બ્રિજની અંદર જતા જોવા મળે છે. પણ બ્રિજમાં વચ્ચેના ભાગે અકસ્માત કેમ થયો તે જોવા મળેલ નથી. હવે પોલીસ ભાવિક સ્વસ્થ થાય તેની રાહ જોઈ રહી છે. જોકે બુલેટ કોઈ વાહનને પાછળથી અથડાયું હોય તેમ જણાય છે.

---

# વોર્ડ નં.૧૩ના આંબેડકરનગરમાં દુષિત પાણીનું વિતરણ : વોર્ડ ઓફિસે હોબાળો

### હવે કમિશ્નર ચેમ્બરમાં ગંદુ પાણી ઠલવવા મહિલાઓની ચેતવણી



રાજકોટ, તા.૨૮

સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૧૩ના આંબેડકરનગર વિસ્તારમાં દુષિત પાણીનો પ્રશ્ન વર્ષો જુનો છે. આજે ફરી બહેનો દુષિત પાણીની બોટલો લઇને વોર્ડ ઓફિસે પહોંચ્યા હતા અને પ્રશ્ન હલ ન થાય તો કમિશ્નર ચેમ્બરમાં દુષિત પાણી ઢોળવા ચીમકી આપી છે.

વોર્ડ નં. ૧૩માં અવારનવાર લેખિત વિગતો સાથે રજૂઆત કરવા માં આવે છે પરંતુ નકકર પરિણામ આવતું નથી. છેલ્લા વીસ દિવસથી આંબેડકરનગરમાં દૂષિત પાણી આવતું હોય આજરોજ લત્તાના રહેવાસીઓ વોર્ડ ઓફિસે દોડી ગયા હતા. કોર્પોરેશન દ્વારા વિતરણ કરાતા દુષિત પાણીની બોટલો લઈને બહેનો સાથે પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન ડાંગરે રજુઆત કરી હતી. સાથે જ હવે ડેપ્યુટી એન્જિનિયરને કાલ સુધીમાં પ્રશ્નનો હલ નહીં આવે તો કાલે કમિશનરની ચેમ્બરમાં આ પાણી રેડવામાં આવશે તેવી ચીમકી આપી છે.

આ વિસ્તારનો દુષિત પાણીનો હલ નહીં થાય તો કાલે બપોરે મહાપાલિકા કચેરીએ રજુઆત કરવામાં આવશે તેમ જણાવાયું છે.

---

# અટલ સરોવર ખાતે વેકેશન મેળાનો ભવ્ય પ્રારંભ

### જંગલપાર્કની થીમ આધારિત વેકેશન મેળામાં બાળકો માટે વિવિધ રાઈડ્સ અને મહિલાઓ માટે ૨૦૦ થી વધુ સ્ટોલ

રાજકોટ,તા.૨૮

રૈયા વિસ્તારમાં અટલ સરોવર નિર્માણ કરવામાં આવ્યું છે. અટલ સરોવરથી રાજકોટ શહેરના અને આજુબાજુના વિસ્તારના લોકોને ફરવા અને મનોરંજન માટે નવું સ્થળ તો મળ્યું છે અને સાથે સાથે આ વેકેશનમાં મનોરંજનમાં વધુ એક ઉમેરો થયો છે. કેમ કે પ્રથમ વાર રાજકોટના અટલ સરોવળ ખાતે વેકેશન મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મેળાની વિશેષ વાત કરીએ તો જંગલ પાર્કની થીમ લોકોનું મન મોહી લેશે અને બાળકોને જલસો પડી જશે.

રાજકોટ જ નહિ સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓ વેકેશનનો આનંદ માળવા બાળકોને લઇને બહારગામ નીકળી પડતા હોય છે ત્યારે આ વર્ષે ખાસ અટલ સરોવળ ખાતે વેકેશન મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પ્રથમ વાર અટલ સરોવળ ખાતે ૪૪ દિવસના મેળાનો પ્રારંભ રંગેચંગે થયો છે. ૨૭ એપ્રિલથી શરૂ થયેલ આ મેળાનો લાભ રાજકોટના જ નહિ પરંતુ ગુજરાતભરના લોકો ૮ જૂન સુધી માણી શકશે. મેળાનો સમય બપોરે ૪ થી રાત્રીના ૧૧ વાગ્યા સુધીનો રહેશે. આ મેળાનું ઉદ્દઘાટન શહેર રાજકોટ પ્રમુખ ડો.માધવ દવે, પૂર્વ પ્રમુખ મુકેશ દોશી, દંડક પક્ષના નેતા મનીષભાઈ રાડિયા, સાંસ્કૃતિક વિભાગના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા તેમજ યશપાલસિંહ જાડેજા,



ચંદુભા પરમાર, રવિરાજસિંહ જાડેજા, વિજયસિંહ ઝાલા, રવિરાજસિંહ ઝાલા અને દિવ્યરાજસિંહ જાડેજા સહિતનાઓ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

મેળાની વિશેષતાની વાત કરીએ તો બધા જ પ્રકારના સેંગમેન્ટમાં સ્ટોલને આવરી લેવાયા છે. ખાસ તો બાળકો માટે અવનવી રાઇડ્સ અને તેમજ ફૂડ સ્ટોલ તો ખરા જ. આ ઉપરાંત બાળકો માટે રાઇડ્સ અને જમ્પિંગ અને ઘણુ બધું છે. આ સિવાય ૨૦૦થી વધુ પ્રોડક્ટસના સ્ટોલ છે.

---

# રામનાથ મંદિરના પાર્કિંગને સલામત કરવાનું કામ શરૂ

રાજકોટ, તા. ૨૮

રામનાથ મહાદેવ મંદિરના જીર્ણોધ્ધારનું મુહૂર્ત તો હજુ આવતુ નથી. પરંતુ મંદિર પાસેના પાર્કિંગની જગ્યામાં રીટેઈનીંગ વોલ બનાવવાના પોણો કરોડના કામનું આજે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. તાજેતરમાં મળેલી સ્ટે.કમીટીની મીટીંગમાં આ કામ મંજૂર કરાયા બાદ ભાજપ પ્રમુખ અને મેયરે તત્કાલ કામ શરૂ કરાવ્યું છે.

વોર્ડ નં.૭માં રૂ.૭૭.૧૨ લાખના ખર્ચે રામનાથ મહાદેવ મંદિર પાસે પાર્કિંગ માટે રિટેઈનીંગ વોલ બનાવવાના કામનું ખાતમુહૂર્ત શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે અને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, ભાજપ કોષાધ્યક્ષ મયુરભાઈ શાહ, પ્રદેશ ભાજપ જીતુભાઈ મહેતા, કોર્પોરેટર નેહલભાઈ શુક્લ, દેવાંગભાઈ માંકડ, વર્ષાબેન પાંધી, શિક્ષણ સમિતિ સભ્ય અજયભાઈ પરમાર, શૈલેષભાઈ હાપલીયા, વિશાલભાઈ માંડલીયા, દીપકભાઈ પારેખ, સહદેવભાઈ ડોડીયા, કૌશિકભાઈ ચાવડા, સંદીપભાઈ ડોડીયા, અનીલભાઈ લીંબડ વગેરે હાજર રહ્યા હતા.



### ૮૦ મીટરમાં રીટેઈનીંગ વોલ બંધાશે : ખાતમુહૂર્ત કરતા ભાજપ પ્રમુખ માધવ દવે અને મેયર નયનાબેન

૮૦ રનીંગ મીટરમાં આ કામ થવાથી ચોમાસામાં નદીમાં વરસાદી પાણી થી પાર્કિંગ એરીયાનું ધોવાણ થતું અટકાવી શકાશે. દર વર્ષે પાર્કિંગ વિસ્તારમાં વરસાદી પાણી ફરી વળવાથી નુકસાન થતું હોય છે. હવે પાર્કિંગનો આ મોટો વિસ્તાર સલામત રહે તેવી આશા છે.

---

### જીવનસાથી પસંદગી સમારોહ

ગુજરાત રાજયમાં વસતા તમામ પાટીદાર પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે લગ્ન સંબંધી વિગતવાર માહિતી જેવીકે નામ, જન્મ તારીખ, અભ્યાસ, ઊંચાઈ, વજન, ફોટોગ્રાફ, માતા-પિતાનો સંપર્ક નંબર, મોસાળપક્ષ વગેરે જરૂરી માહિતી વિનામૂલ્યે મળશે. આ મિલન કાર્યક્રમમાં પુકત ઉમર, ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રીમેરેજવાળા ઉમેદવાર તમામ ભાગ લઇ શકશે. ઇચ્છુકોએ તા.૧ થી ૧૫ મે સુધીમાં સવારે ૯ થી ૧૨ દરમ્યાન સમસ્ત પાટીદાર પટેલ સમાજ કોપર આર્કેડ, મવડી પ્લોટ મેઈન રોડ, રાજકોટ ખાતે સંપર્ક કરવાનો રહેશે.

# ‘મન કી બાત’માં પીએમ મોદીનુ લોકોને પોતાના મોબાઈલમાં ‘સચેત’ એપ ડાઉનલોડ કરવા આહ્‌વાન

## આ એપ લોકોને કુદરતી આફતો-પુર, વાવાઝોડુ, ભૂસ્ખલન વગેરેથી સચેત કરે છે

નવી દિલ્હી, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈ કાલે તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'માં દેશવાસીઓને નેશનલ ડિઝેસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) દ્વારા તૈયાર કરવામાં આવેલી સચેત મોબાઇલ ઍપ્લિકેશનને તેમના સ્માર્ટફોનમાં ડાઉનલોડ કરવાની વિનંતી કરી હતી. આ ઍપ કુદરતી આફતો જેવી કે પૂર, વાવાઝોડું અને ભૂસ્ખલન વિશે ઍડવાન્સમાં જાણકારી આપે છે અને લોકોને અલર્ટ કરે છે.

આ મુદ્દે વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ‘કોઈ પણ કુદરતી આફત વખતે આ ઍપ અલર્ટ આપે છે. એ ઍપ તમારા મોબાઇલ ફોનમાં ડાઉનલોડ કરવાથી તમે કોઈ કુદરતી આફતમાંથી બચી શકો છે અને તેથી એનું નામ સચેત રાખવામાં આવ્યું છે. પૂર, વાવાઝોડું, ભૂસ્ખલન, સુનામી, જંગલમાં આગ, બરફનું તોફાન, તોફાન, ચક્રવાત કે વીજળી પડવાની ઘટના હોય; દરેક બાબતે એ તમને અલર્ટ આપશે. આ ઍપ દ્વારા તમને હવામાન ખાતા તરફથી અપડેટ મળતી રહેશે. તમારી સ્થાનિક ભાષામાં આ માહિતી મોબાઇલમાં મળશે.’




આ સંદર્ભમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે 'આ ઍપ NDMA દ્વારા તૈયાર કરવામાં આવી છે અને એ મોબાઇલ યુઝર્સને તેમના લોકેશનના આધારે ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (GPS)થી રિયલ ટાઇમમાં કોઈ પણ કુદરતી આફતની જાણકારી આપે છે અને અલર્ટ કરે છે. આનાથી સાવ આસાન રીતે હવામાન ખાતાનું લેટેસ્ટ અપડેટ જાણી શકાય છે.’

યુઝર જે સ્થાન પર હોય ત્યાં કુદરતી આફતની સ્થિતિ કેવી છે અને યુઝરે ત્યાં રહેવું જોઈએ કે નહીં, તેણે શું કરવું જોઈએ એની જાણકારી આ એપમાં આપવામાં આવે છે. આ ઍપને હીટવેવ, ધરતીકંપ, પૂર, ભૂસ્ખલન અને વાવાઝોડા જેવી કુદરતી આફતો વખતે લોકોને અલર્ટ કરવા માટે તૈયાર કરવામાં આવી છે. આવી કોઈ પણ સ્થિતિ જણાય તો ઍપ એલર્ટ મોકલે છે. એમાં હવાની ગતિ, વરસાદનો અંદાજ, યૂઝર જ્યાં છે એનું તાપમાન એ પણ જાણકારી મળે છે. એમાં અંગ્રેજી અને હિન્દી ઉપરાંત ૧૨ ભાષાનો સપોર્ટ મળી રહ્યો છે.

એન્ડ્રોઇડ અને ઍપલ ફોન યુઝર્સ આ ઍપ તેમના ફોનમાં ડાઉનલોડ કરી શકે છે.



# સ્પેનના આકાશમાં ડ્રોનથી મરિયમનું ચિત્ર ઉપસ્યું

સ્પેનના પ્રસિધ્ધ ઇસાઇ ધાર્મિક સ્થળ મોન્ટએરાટ એબેની એક હજારની વર્ષગાંઠ રવિવારે ધામધુમથી ઉજવવામાં આવી હતી. આ અવસરે આકાશમાં ડ્રોનથી મરિયમનું ચિત્ર ઉપસાવવામાં આવ્યું હતું. સ્થાનિક લોકો અને પર્યટકો આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા હતા. આ ધાર્મિક સ્થળ મોન્ટ એરાટ પર્વત પર આવેલું છે. જે ઇસાઇ ધર્મ માટે ખુબ જ પવિત્ર મનાય છે.

# ચાઈનીઝ કંપની ‘હાયર’માં હિસ્સો ખરીદવાની દોટમાં મુકેશ અંબાણી સામેલ

## ભારતીય એરટેલના સુનિલ મિતલ સાથે સ્પર્ધાઃ રૂા.૨૦૦૦૦ કરોડનું રોકાણ કરશે

મુંબઈ:

દેશમાં એરકન્ડીશન્ડ સહિતના ગ્રાહક સંબંધી ઉત્પાદનોની વધતી માંગના કારણે હવે ચાઈનીઝ કંપની હાયર ખરીદવા બે ટોચના ઉદ્યોગપતિઓ વચ્ચે સ્પર્ધા સર્જાઈ રહી છે. ચાઈનીઝ કંપની તેના ૨૫થી૫૦% હિસ્સો ભારતીય રોકાણકાર કંપનીને ઓફર કરવા જઈ રહી છે. તેમાં પ્રારંભમાં સુનિલ મિતલ (એરટેલ) અને તેની સાથે જોડાયેલા અન્ય રોકાણકારોએ રસ દાખવ્યો છે તો હવે મુકેશ અંબાણીના નેતૃત્વ હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પણ ‘બીડ’ કરવા જઈ રહી છે અને આ સોદો રૂા.૨૦૦૦૦ કરોડનાં હશે. હાયર તેના વિવિધ એપ્લીકેશન ભારતમાં ઉત્પાદીત કરીને વેચે છે. ભારત સરકારની નવી નીતિ મુજબ



ચાઈનીઝ કંપનીઓએ તેમની ૧૦૦% સબસીડીયરીમાં મહતમ ભારતીય રોકાણકારોને ૫૦% સુધી ઓફર કરવી પડશે. ગત તા.૨૫ ડિસેમ્બરે ભારતીય એરટેલના સુનિલ મિતલે અન્ય સાથે કોન્સોટીયમ બનાવ્યું જેમાં ડાબરના બર્મન ફેમીલી, ટીપીજી ઉપરાંત ગોલ્ડમેન સ્નેચ, વેલસ્યુનના બી.કે.ગોએન્કા, અમીત જટીયા ફેમીલી, ઉપરાંત ઉદય કોટક પણ સામેલ થયો છે અને આ રેસમાંથી દાલમીયા ગ્રુપ બહાર થઈ ગયું હતું.

ટ્રમ્પના ટેરીફ તાપનો સામનો કરી રહેલી ચાઈનીઝ કંપનીઓને હવે ભારતમાં તક નજરે ચડે છે અને તેથી હાયરમાં હિસ્સો ખરીદવામાં રિલાયન્સ ગ્રુપને પણ રસ છે. અગાઉ સુનિલ મિતલ ચીન જઈને કંપનીના ટોચના મેનેજમેન્ટ સાથે વાતચીત કરી આવ્યા હતા. હવે અંબાણીની કંપની રિલાયન્સ રિટેલ આ સ્પર્ધામાં છે અને તે એકલું જવા માંગે છે.

રિલાયન્સ અગાઉ કેલ્વીનેટર, બીપીએલ અને અન્ય બ્રાન્ડ પણ ખરીદી છે. હાયર એ ભારતમાં ટીવી, ફ્રીજ, એરકન્ડીશન્ડ વોશિંગ મશીન હોય છે અને ગત વર્ષે રૂા.૮૯૦૦ કરોડનો ધંધો કર્યો હતો. હવે તે રૂા.૧૧૫૦૦ કરોડનો કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.

# ગ્રેટર રાજકોટ ચેમ્બરનાં પ્રતિનિધિઓની મુખ્યમંત્રી સાથે રૂબરૂ મુલાકાતઃ વેપાર ઉદ્યોગને લગતાં અલગ-અલગ પ્રશ્નોની રજુઆત

## ફાયર એનઓસી, નકશા, જી.એસ.ટી.જીપીસીપી, સીકસ લેન હાઈવે, ટ્રીબ્યુનલ અપીલ કચેરી શરૂ કરવા સહિતના મુદ્દાઓ રજૂ કર્યો

રાજકોટ,તા.૨૮

અત્રેથી રાજકોટ ખાતેની એકમાત્ર રજીસ્ટર્ડ અને વેપાર ઉદ્યોગને લગતા પ્રશ્નોને સરકાર સમક્ષ રજુઆત દ્વારા નિકાલ લાવવાની ક્ષમતા ધરાવતી એવી ગ્રેટર રાજકોટ ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા તાજેતરમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની ખાસ મુલાકાત લઇને તેમને વેપાર ઉદ્યોગ તથા રાજકોટ શહેરના સર્વાંગી વિકાસને લગતા જુદા જુદા પ્રશ્નોની વિસ્તૃત રજુઆત કરીને તે અંગે સત્વરે પગલા લેવા માટેની રજુઆત કરેલ છે.જેમાં નવા નવા સંશોધનોને ઉદ્યોગોનો વિકાસ થઇ શકે તે ઉદ્દેશથી આવુ અંડરવન શેલ્ટર માહિતી પ્રદાન થઇ શકે તેવું સેન્ટર સ્થાપવા અમારી માંગણી રહેલ છે. ફાયર એન.ઓ.સી.ની કચેરીમાં વધારાના સ્ટાફની ભરતી કરીને અરજી ૩૦ દિવસ સુધીમાં નિકાલ થાય તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

હાલમાં નવા નકશાઓ આર.એસ.સી.માં મંજુરી માટે મુકાયેલ છે તે માટે તેનો નિકાલ કરવામાં આવતો નથી ગુડ ગર્વનન્સ અને ઇઝ ઓફ ડુઇગ બિઝનેશના ભાગરૂપે GPCP અને GST ઓફીસ સાથે ઓપન હાઉસ અને ઇન્ટરેકટીંગ મીટીંગોનું આયોજન કરવા ઉપર સરકાર દ્વારા ધ્યાન કેન્દ્રીત કરવા સુચન કરીએ છીએ.

નાના વેપારીઓને વ્યવસાય વેરામાંથી મુકત કરવામાં આવે તો આ નાના વેપારીઓ સરળતાથી વેપાર કરી શકે. તેથી આ તકે અમો વ્યવસાય વેરો નાબુદ કરવાની માંગણી કરીએ છીએ.

રાજકોટ ખાતે સ્થિત આજી જી.આઇ.ડી.સી.ના પ્લોટધારકોને સને ૧૯૮૩ થી હાલ સુધી જેટલા પણ પ્લોટ ટ્રાન્સફર થયેલ હોય તેમની સ્ટેમ્પ ડયુટી હાલના લીઝ ડીડ ધારક પાસેથી વસુલ કરવા નોટીસ પાઠવવામાં આવેલ છે. તથા તેના પર દસ ગણી પેનલ્ટી વસુલ કરવામાં આવેલ છે. જે અનુસંધાને અમારી રજુઆત છે કે જુના થયેલ લીઝડીડને બદલે હવે પછીથી જે લીઝ ડીડ થાય તેમના પર સ્ટેમ્પ ડયુટી ગણવામાં આવે અને દસ ગણી જે પેનલ્ટીની જોગવાઇ છે તેને રદ કરવામાં આવે.

રાજકોટ અમદાવાદ હાઇવેને છ લાઇન કરવાની પ્રક્રિયા છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહેલ છે.આ રસ્તાનું કામ ઝડપથી પૂર્ણ કરી રાજકોટ અમદાવાદ વચ્ચે મુસાફરી સરળ બને તેવા પગલા લેવા

જીએસટી અપીલોમાં પણ મોટી સંખ્યામાં કેસો પેન્ડિંગ રહે છે અને બેકલોગ વધતો જાય છે. આ હાલતના કારણે વેપારીઓ અને ઉદ્યોગકારોનો નાણાકીય પ્રવાહ અટકે છે.ટેક્સ રિકવરીમાં પણ સરકારને વિલંબ થાય છે. ન્યાય પ્રાપ્તિ માટેની પ્રક્રિયા લાંબી અને મહેંગી બને છે. Ease of Doing Business પર નકારાત્મક અસર થાય છે.

નિકાસ ટ્રાન્ઝેક્શન માટે E-Way Bill વિના પકડાય ત્યારે માત્ર ઔપચારિક દંડ (Nominal Penalty) લાદવામાં આવે.

ધારા ૬૫ હેઠળ ઓડિટ દરમિયાન ચૂકવણી અથવા સમજૂતી થતા કેસ પૂરાં થયેલ માનવામાં આવે છે. છતાં ઘણી વખત ઓડિટ પુરો થયા પછી પણ DRC-01 (મુલ્યાંકન માટેની નોટિસ) અથવા ASMT-10 (શંકાસ્પદ ચૂક અંગે નોટિસ) ફરીથી આપવામાં આવે છે. જે વેપારી / ઉદ્યોગકાર માટે અન્યાયસભર છે, અને એકજ મુદ્દા પર ડબલ કાર્યવાહી થવાનું સ્પષ્ટ ઉદાહરણ છે.આ પ્રકારની પ્રક્રિયાથી વ્યાપારીઓ પર dual compliance નો બોજો ઊભો થાય છે. ઓડિટની વિધેયતા પર પણ પ્રશ્ન ઊભો થાય છે.

રાજકોટ ખાતે જી.એસ.ટી. ટ્રીબ્યુનલ અપીલ અધિકારીની કચેરી ચાલુ કરવાનો નિર્ણય અગાઉ લેવામાં આવેલ,પરંતુ આ કચેરી હજુ સુધી સક્રિય થયેલ નથી. અને પુરતો સ્ટાફ ફાળવવામાં આવેલ નથી. તો તે બાબતે યોગ્ય કરી આ કચેરી સંપૂર્ણપણે કાર્યરત બને. તેવી માંગ છે.

ગ્રેટર રાજકોટ ચેમ્બરના પ્રતિનિધિમંડળમાં ચેરમેન ધનસુખભાઇ વોરા, પ્રમુખ રાજીવભાઇ દોશી, માનદમંત્રી મયુરભાઇ શાહ, ખજાનચી અજીતસિંહ જાડેજા તથા નિયામક મનસુખભાઇ પાંભર દ્વારા મુખ્યમંત્રી સમક્ષ ઉપરોકત મુદ્દાઓ અંગે યોગ્ય ખાતાને આદેશ કરીને તે સમસ્યાઓનો નિકાલ લાવવા માંગણી કરવામાં આવેલ હતી.ખજાનચી અજીતસિંહ જાડેજા તથા નિયામક મનસુખભાઇ પાંભર દ્વારા જણાવવામાં આવેલ છે.

# OTT- સોશ્યલ મીડીયામાં અશ્લિલ સામગ્રી મુદ્દે કેન્દ્ર-નેટફિલકસ-બાલાજી-મેટાને નોટીસ

## સુપ્રીમ કોર્ટ સમક્ષ થયેલી અરજીમાં જવાબ મંગાયો

નવી દિલ્હીઃ દેશમાં લોકપ્રિય બની રહેલા મોબાઈલ પર સ્ટીમીંગ થતા ઓટીટી ઉપરાંત વિવિધ પ્લેટફોર્મના સોશ્યલ મીડીયા પર દર્શાવતી અપલોડ થતી અશ્લીલ સામગ્રી મુદ્દે સુપ્રીમકોર્ટમાં થયેલી રીટ



મુદ્દે હવે સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને નોટીસ પાઠવીને તેનો જવાબ માંગ્યો છે. આ ઉપરાંત જે ઓટીટી પ્લેટફોર્મનું લીસ્ટ સુપ્રીમકોર્ટ સમક્ષ રજુ થયુ હતું તેને પણ નોટીસ ફટકારાઈ છે. સુપ્રીમકોર્ટ સમક્ષ થયેલી રીટની માંગ થઈ છે. તમામ પ્રકારના ડીજીટલ પ્લેટફોર્મ પર દર્શાવતી અશ્લીલ સામગ્રી પર પ્રતિબંધ મુકવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે આ અંગે કેન્દ્ર સરકારને તેનો જવાબ આપવાનો રહેશે. આ ઉપરાંત ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ સહિતના પ્લેટફોર્મ ધરાવતી મેટા કંપની, નેટફિલકસ, ઉલ્લુ ડિજીટલ લી. ઓલ્ટ બાલાજી ટવીટર અને ગુગલનો પણ સમાવેશ થાય છે. પુર્વ માહિતી કમિશ્નર ઉદય માહુરકર દ્વારા આ અરજી દાખલ થઈ હતી. જયાં સરકાર નેશનલ કન્ટેન્ટ ઓથોરિટી બતાવે તેવી માંગ થઈ છે. જે આ પ્રકારના પ્લેટફોર્મ પર નજર રાખશે. બાદમાં સુપ્રીમકોર્ટ સમક્ષ પોલીસીટર જનરલે રજુઆત કરી હતી.



# અલ્પેશ કથીરિયા અને તેના સમર્થકોની કારમાં તોડફોડ કરનાર ૧૦ શખ્સોની ધરપકડ

## ગોંડલમાં થયેલ ડખ્ખામાં પોલીસે લીધેલ રાયોટિંગની ફરિયાદ બાદ કાર્યવાહી કરી

રાજકોટ. તા.૨૮

ગોંડલમાં થયેલ ડખ્ખામાં અલ્પેશ કથીરિયા અને તેના સમર્થકોની કારમાં તોડફોડ કરનાર ૧૦ શખ્સોની પોલીસે ધરપકડ કરી કાર્યવાહી કરી હતી.

તાજેતરમાં ગણેશ જાડેજાએ સુલતાનપુર ગામ ખાતે સભા યોજેલ હોય જેથી પાટીદાર અગ્રણી અલ્પેશભાઇ કથીરીયા સહીતના સુરતના લોકો ગઈકાલે સભાનો વિરોધ કરવા ગોંડલ શહેર ખાતે આવેલ હોય જે બાબતનો વિરોધ કરવા ગોંડલ શહેરીજનો ભેગા થયેલ હોય તે પૈકીના અમુક માણસોએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સમાન ઇરાદો પાર પાડવા માટે અલ્પેશભાઇ કથીરીયાની કાર સાથે આવેલ વાહનો ઉપર આરોપીઓએ ઢીકા તથા બોનેટમાં ફીટ કરેલ લાકડીઓ વડે કારના આગળ-પાછળ ના કાચ તોડી કારમાં આશરે રૂ.૧ લાખનું નુકશાન કરેલ હોય જે બાબતે ગોંડલ બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂધ્ધ સરકાર તરફે ગુનો નોંધાયેલ હતો.

જે મામલે એસપી હિમકરસિંહ અને દિવાયેસપ કે.જી.ઝાલા દ્વારા આરોપીઓને સત્વરે શોધી ધરપકડ કરવાની આપેલ સૂચનાથી ગોંડલ બી. ડિવિઝન પોલીસ મથકના પીઆઈ જે.પી.ગોસાઇ તથા પીઆઈ એ.સી.ડામોરની રાહબરીમાં અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને પકડી પાડવા કોમ્બીગ કરી કુલ ૧૦ આરોપીઓને તેઓના રહેણાક મકાન વિગેરે જગ્યાઓથી શોધી કાઢી ધરપકડ કરવામાં આવેલ હતી.

જેમાં પીન્ટુ શામજી સાવલીયા (ઉ.વ.૩૧), નીલેશ પરષોતમ ચાવડા (ઉ.વ. ૩૯), પુષ્પરાજ જનક વાળા (ઉ.વ. ૩૧), અરમાન રાજુ ખોખર (ઉ.વ. ૨૭), રોહીત દિનેશ રાઠોડ (ઉ.વ. ૨૦), માનવ ગોપાલ વાઘેલા (ઉ.વ. ૨૫), અજીતસિંહ પુનસિંહ ઝાલા (ઉવ. ૩૫), કરણસિંહ ચન્દ્રસિંહ પઢીયાર (ઉ.વ. ૩૫), કીતીરાજસિંહ સહદેવસિંહ ઝાલા (ઉ.વ.૧૯) અને હીતેશ રમેશ રાઠોડ (ઉ.વ. ૩૧) ની ધરપકડ કરવામાં આવી હતી.



શનિવારે નવી દિલ્હીમાં બીજા એશિયન યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશીપમાં યોગ કરી રહેલી સોનુ મહેતા

## રાહત દરે ચામડીના રોગની સારવાર

રાજકોટ,તા.૨૮

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ (કનકરોડ, એસ.ટી.સ્ટેશન પાછળ) રાજકોટ ખાતે શ્રીકૃષ્ણ ચિકિત્સાલયમાં રાહત દરે ચામડીના રોગોના નિષ્ણાંત ડો.ચેતનભાઈ લાલચેતા દર મંગળવાર સાંજે ૪ થી ૫ તથા ડો.વનશ્રી ચંદારાણા દરગુરૂવારે સાંજે ૪ થી ૫ પોતાની રાહત દરે સેવા આપશે.

# ભારતે હવે અરબી સમુદ્રમાં એન્ટી-શીપ મિસાઈલનું પરિક્ષણ કર્યું

નવી દિલ્હી,તા.૨૮

પહેલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. અહેવાલ મુજબ ઇન્ડિયન આર્મી લાઈન ઓફ કંટ્રોલ (LoC) પર કાર્યવાહીની તૈયારીઓ કરી રહી છે, ત્યારે ઇન્ડિયન નેવી અરબસાગરમાં શક્તિપ્રદર્શન કરી રહી છે. આજે ઇન્ડિયન નેવીએ અરબસાગરમાં અનેક એન્ટી-શિપ મિસાઇલ ફાયર કરી હતી અને લાબા અંતર સુધી ટાર્ગેટ પર ચોક્કસાઈથી હુમલાઓ



કરવાની ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું.

ઇન્ડિયન નેવીએ સોશિયલ મીડિયા પર કેટલીક તસવીરો શેર કરી છે, જેમાં કોલકાતા ક્લાસ ડિસ્ટ્રોયર, નીલગીરી અને ક્રીવક ક્લાસ ફ્રિગેટ વોર્શીપ્સ પરથી બ્રહ્મોસ એન્ટી શીપ અને એન્ટી સર્ફેસ મિસાઈલ લોચ થતી જોવા મળે છે. નેવીની આ કવાયતોનો ઉદ્દેશ્ય સમુદ્રમાં ચોકસાઈ સાથે હુમલાઓ માટે પ્લેટફોર્મ, સિસ્ટમ્સ અને ક્રૂને ફરીથી તૈયાર કરવાનો હતો.

ઇન્ડિયન નેવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પરની એક પોસ્ટમાં લખ્યું, ઇન્ડિયન નેવીના જહાજોએ લાંબા અંતરન સુધી ચોકસાઇપૂર્વક આક્રમક હુમલા માટે પ્લેટફોર્મ, સિસ્ટમ્સ અને ક્રૂની તૈયારીને ફરીથી ચકાસવા અને દર્શાવવા માટે અનેક સફળ એન્ટી-શિપ ફાયરિંગ કર્યા. ભારતીય નૌકાદળ ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે ત્યારે રાષ્ટ્રના દરિયાઈ હિતોનું રક્ષણ કરવા માટે યુદ્ધ માટે તૈયાર છે, વિશ્વસનીય અને ભવિષ્ય માટે તૈયાર છે.

# નવાગામમાં કારમાંથી દારૂનો મોટો જથ્થો ઝડપાયોઃ રૂ.૭.૨૧ મુદામાલ જપ્ત

## મહેશ ઉર્ફે મયલાના ઘરે ક્રાઈમ બ્રાન્ચની ટીમ ત્રાટકીઃ આરોપીની શોધખોળ

રાજકોટ. તા.૨૮

નવાગામ રંગીલા સોસાયટીમાં રહેતા શખ્સના મકાનમાં ક્રાઇમ બ્રાન્ચની ટીમે દરોડો પાડી અને ઘર પાસે રહેલી તેની કારમાં તપાસ કરતા તેમાંથી રૂ.૧૦૪૦૦ ની કિંમતનો ૩૨ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો આ જથ્થો અને કાર સહિત કુલ રૂ.૭.૨૧ લાખનો મુદ્દામાલ કબજે કરી આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખ સબાડ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી બાતમીના આધારે નવાગામ રંગીલા સોસાયટીમાં રહેતા મહેશ ઉર્ફે મયલો નાનજીભાઈ રંગપરાના ઘરે દરોડો પાડતા અહીં ઘરના પાર્કિંગમાં પડેલી કીયા કારમાં તપાસ કરતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની દારૂની ૩૨ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે રૂ.૧૦,૪૦૦ ની કિંમતનો દારૂનો જથ્થો, કાર સહિત કુલ રૂપિયા ૭,૨૧,૬૩૦ નો મુદ્દામાલ કબજે કરી બુટલેગર મહેશ રૂપે મયલો નાનજીભાઈ રંગપરા વિરુદ્ધ પ્રોહીબિશન એકટની કલમ હેઠળ ગુનો નોંધી તેને ઝડપી લેવા માટે તપાસ હાથ ધરી છે.

## પ્રતિબંધ

(પહેલા પાનાનું ચાલું)

તેથી તેને તાત્કાલીક રીતે ભારતમાં પ્રતિબંધ કરી દેવામાં આવ્યો છે. જે રીતે યુટયુબ પર ભારતીય યુટયુબર પણ ભારતીય સૈન્યની હિલચાલ સહિતના મુદ્દે માહિતી અને વિડીયો સહિતના પ્રસારણો કરી રહ્યા હતા તેને પણ પ્રતિબંધીત કરી દેવાયા છે અને મીડીયા માટે પણ ગાઈડલાઈન જારી કરી છે જેમાં સતાવાર સિવાયના કોઈપણ પ્રકારના સૈન્યની હિલચાલ કે અન્ય કોઈ કાર્યવાહી પ્રસિદ્ધ નહી કરવા પણ તાકીદ કરવામાં આવી છે.

## વાઈ-ફાઈ (પહેલા પાનાનું ચાલું)

તે હેકર્સ અને કૌભાંડકારો માટે સરળ લક્ષ્ય બની જાય છે. ડિઝીટલ સુરક્ષા જાગૃતિને મજબૂત બનાવવા માટે ઈન્ડિયન કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમે પોતાની ‘જાગૃતિ દિવસ’પહેલ અંતર્ગત આ નવુ રિમાઈન્ડ જાહેર કર્યું છે.એડવાઈઝરીમાં નાગરિકોને પબ્લિક વાઈ-ફાઈ નેટવર્ક પર બેન્કીંગ કે ઓનલાઈન શોપીંગ જેવી સંવેદનશીલ ગતિવિધીઓ કરવા પ્રત્યે ચેતવ્યા છે.

## ગોલ્ડ

(છેલ્લા પાનાનું ચાલું)

કોઈપણ સમયે સોનું અને ચાંદી ખરીદી શકશે.

આ ગોલ્ડ ATM દ્વારા કોઈપણ ડિજિટલ ટ્રાન્જેક્શન જેમ કે ATM કાર્ડ, અન્ય ડિજિટલ કાર્ડ કે UPI થકી સરળતાથી ખરીદી કરી શકાશે. આવનારી પેઢી માટે પણ આ ખૂબ જ સરળ રહેશે, કારણ કે ડિજિટલ યુગમાં આવી નવી બાબતો ગ્રાહકો માટે વધુ સરળતા આપનારી છે. અખાત્રીજ હોય કે ગુરુ પુષ્ય નક્ષત્ર જેવા શુભ દિવસોએ જ્યારે સોના-ચાંદીની ખરીદી મોટા પ્રમાણમાં થતી હોય છે, ત્યારે આ ગોલ્ડ ATM લોકો માટે ખરીદીને વધુ સુગમ બનાવશે.

આમ, સુરતમાં શરૂ થયેલું આ ગુજરાતનું પ્રથમ ગોલ્ડ ATM સોના-ચાંદીની ખરીદીને વધુ સુલભ, સુવિધાજનક અને ૨૪ કલાક ઉપલબ્ધ બનાવવાની દિશામાં એક મોટું પગલું છે.

## શેરબજાર

(છેલ્લા પાનાનું ચાલું)

આઈસીઆઈસીઆઈ બેંક, કોટક બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, લાર્સન, મહીન્દ્ર, મારૂતી, એનટીપીસી, પાવરગ્રીડ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, અદાણી પોર્ટ, ભારત ઈલે. જેવા શેરોમાં ઉછાળો હતો. એચસીએલ ટેકનો, શ્રીરામ ફાઈનાન્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ વગેરેમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૦૪૩ પોઈન્ટના ઉછાળાથી ૮૦૨૫૬ હતો તે ઉંચામાં ૮૦૩૨૧ તથા નીચામાં ૭૯૩૪૧ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૨૯૨ પોઈન્ટ ઉંચકાઈને ૨૪૩૩૧ હતો તે ઉંચામાં ૨૪૩૫૫ તથા નીચામાં ૨૪૦૫૪ હતો.

બીએસઈમાં આજે ૪૦૯૧ શેરોમાં ટ્રેડીંગ હતું. ૧૯૯૩માં સુધારો હતો. ૧૯૦૬માં ઘટાડો હતો. માર્કેટ કેપીટલાઈઝેશન ૪૨૬.૦૭ લાખ કરોડ હતું.

## મોદી

(પહેલા પાનાનું ચાલું)

હવે બપોરે ૩ના ટકોરે સંરક્ષણ બાબતેની પેનલની બેઠક શરૂ થઈ છે જેમાં પાકને ‘શિક્ષા’ કરાતા આખરી પ્લાનને મંજુરી અપાશે અને આગામી દિવસમાં એકશન શરૂ થશે. એક તરફ પહેલગામ હુમલાની તપાસમાં નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ કાશ્મીરમાં તપાસ હવે છેક ત્રાસવાદીની મોડેલ ઓપરેન્ડી સુધી લંબાવી છે અને સ્થાનિક સપોર્ટની કડીઓ પણ ખુલ્લી કરી રહી છે તે વચ્ચે સૈન્યને હાઈએલર્ટ પર મુકાયુ છે અને ઈસ્લામાબાદ ખાતેના ભારતીય દૂતાવાસ કચેરીના સંરક્ષણ, હવાઈદળ, નૌકાદળના એડવાઈઝર પણ દિલ્હી પરત આવી ગયા છે અને તેમાં પણ હવે આ પ્રક્રિયામાં જોડાઈ ગયા છે. આમ ભારત હવે કયારે તેની સૈન્ય કાર્યવાહી શરુ કરે તેના પર સૌની નજર છે.

## શોએબ અખ્તર

(પહેલા પાનાનું ચાલું)

રાવલપીંડી એકસપ્રેસ તરીકે તે જાણીતો છે.

અન્ય જે ચેનલો પ્રતિબંધીત કરવામાં આવી તેમાં સમા ટીવી, એઆરવાય ન્યુઝ, બોલ ન્યુઝ, રફતાર, સુનો ન્યુઝ ઉપરાંત પત્રકાર ઈર્શાદ ભટ્ટી, અસમા શિરાગી, ઉમર ચીમા, મુનીર ફારૂકની ચેનલ પણ પ્રતિબંધીત કરવામાં આવી છે.

અન્ય ચેનલમાં રેફરન્સ, સમા સ્પોર્ટસ, ઉજજેર ક્રિકેટનો સમાવેશ થાય છે અને કુલ ૬.૩ કરોડ જેટલા સબસ્ક્રાઈબરો આ તમામ ચેનલોમાં હતા.

## ૪૫.૪ ડીગ્રી

(પહેલા પાનાનું ચાલું)

એપ્રિલ મહિનાની ગરમીના રેકોર્ડ તૂટી ગયા હતા.

હવામાન વિભાગના સતાવાર આંકડાકીય રિપોર્ટ પ્રમાણે બપોરે ૨.૩૦ વાગ્યે તાપમાન ૪૫.૪ ડીગ્રી રહ્યુ હતું. હવામાં ભેજનુ પ્રમાણ ૨૭ ટકા તથા પવનની ઝડપ ૧૨ કી.મી.ની હતી. આ પુર્વે રાજકોટમાં ૯મી એપ્રિલે પારો ૪૫ ડીગ્રીને પાર થયો હતો અને આ દિવસે મહતમ તાપમાન ૪૫.૨ ડીગ્રી નોંધાયુ હતુ. જો કે, આજે બપોરે ૨.૩૦ વાગ્યે જ પારો ૪૫.૪ ડીગ્રી થઈ ગયો હતો અને મહતમ તાપમાન સાંજ સુધીમાં ૪૬ ડીગ્રીને આંબી જવાની દહેશત છે.

રાજકોટમાં આજે સવારે ૮ વાગ્યે જ પારો ૩૦ ડીગ્રીને આંબી ગયો હતો અને ત્યારપછી સડસડાટ ઉંચે ચડતો રહ્યો છે.

તાપમાન ૪૫ ડીગ્રી વટાવી જવા સાથે હીટવેવ સર્જાયુ છે. પારો ૪૫ ડીગ્રીથી ઉપર જાય એટલે હીટવેવ ગણવામાં આવતુ હોવાનુ ઉલ્લેખનીય છે. હવામાન વિભાગ દ્વારા અગાઉ જ પારો ઉંચકાવાની આગાહી કરવામાં આવી હતી. જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે ગત શુક્રવારે જ આગાહી કરીને રવિવારથી બુધવાર સુધી હીટવેવ રહેવાની શકયતા દર્શાવતી આગાહી કર્યાનુ ઉલ્લેખનીય છે.

માથુ ફાટી નાખતા તથા માનવી-પશુ-પંખી સહિત જીવમાત્રના સ્વાસ્થ્યને અસર કરતા આકરા સૂર્યતાપને પગલે શહેરમાં બપોરે કર્ફયુ જેવો માહોલ રહેવા સાથે માર્ગો સુમસામ રહ્યા હતા. બજારોમાં પણ ચકલુ પણ ફરકતુ ન હોવાની સ્થિતિ હતી.

# પ્રથમ લાઈવ સ્પર્મ રેસમાં જંગી સટ્ટો રમાયોઃ ૨૦ વર્ષનો ટ્રિસ્ટન જીત્યો



લોસએન્જલસઃ પુરુષોની પ્રજનનક્ષમતા અને સ્પર્મની ઘટતી જતી ગુણવત્તા બાબતે જાગૃતિ લાવવા માટે અમેરિકાના લોસ ઍન્જલસના હોલીવુડ પલેડિયમમાં લાઇવ સ્પર્મ રેસનું આયોજન કરવામાં આવેલું. સાંભળવામાં અતિ વિચિત્ર લાગે એવી આ ઇવેન્ટની જ્યારે. જાહેરાત થઈ ત્યારે અનેક સવાલો હતા કે અત્યંત અંગત જીવનને લગતી. આ વાત કઈ રીતે જાહેરમાં પ્રસારિત થશે. જોકે આ ઇવેન્ટનું આયોજન થયું ત્યારે હજારો યુવાનો એ લાઇવ રેસ જોવા એકઠા થયા હતા. સ્ત્રીના પ્રજનનમાર્ગ જેવો જ વીસ સેન્ટિમીટર જેટલો લાંબો ટ્રેક તૈયાર કરીને એમાં બે પુરુષોના સ્પર્મ છોડવામાં આવ્યા હતા. બે કોલેજ-સ્ટુડન્ટ વચ્ચે આ રેસ થઈ હતી. યુનિવર્સિટી ઑફ સાઉથ કેલિફોર્નિયાના USCના વીસ વર્ષના ટ્રિસ્ટન અને યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા લોસ ઍન્જલસના UCLAના ૧૯ વર્ષના ઍશ્વર વચ્ચે આ સ્પર્ધા થઈ હતી. બન્નેના સ્પર્મ વચ્ચે ત્રણ વાર રેસ થઈ હતી અને એમાં ટ્રિસ્ટન જીત્યો હતો. તેને ફર્સ્ટ સ્પર્મ રેસનો વિનર જાહેર કરીને ગોલ્ડન રંગની સ્પર્મના આકારની ટ્રોફી અને ૧૦,૦૦૦ ડોલર એટલે કે લગભગ ૮.૫ લાખ રૂપિયાનું ઇનામ આપવામાં આવ્યાં હતાં. હતા. આ સ્પર્ધામાં મોટો સટ્ટો પણ રમાયો હતો.



### ભારત-પાક વચ્ચેના તનાવમાં યુદ્ધનો માહોલ બન્યો

# કાશ્મીરમાં સરહદી ગામડાઓમાં બંકરો ખુલ્યા; પંજાબમાં ખેતરો ખાલી કરવા આદેશ

## રાજૌરી સહિતના જીલ્લાઓમાં ગ્રામીણ સુરક્ષા જૂથોને સૈન્ય તાલીમ ફરી શરૂ: યુદ્ધના સમયમાં સલામતી માટે ઘરેલુ બંકરોની સાફસફાઈ સુરક્ષાનો માહોલ

## પંજાબમાં બે દિવસમાં સરહદી ખેતરોમાં પાક લલણી વિ. કૃષી પ્રવૃતિ પુરી કરવા માટે બીએસએફએ જાણાવ્યું: ગુરૂદ્વારા સહિતનો સંપર્ક

નવી દિલ્હીઃ પહેલગામ હુમલા બાદ હવે પાકિસ્તાન સામે આકરી લશ્કરી પગલા લેવાશે તેવા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સહિતના તમામ નેતૃત્વએ સંકેત આપી દીધા છે અને દિલ્હીમાં ઉચ્ચસ્તરીય સરકાર સેન્ય વચ્ચે બેઠકોનો દૌર ચાલુ છે તો પાક સાથેની સરહદો પર પણ હવે બોર્ડર સિકયોરીટી ફોર્મ (બીએસએફ) પુરી રીતે એકશનમાં આવી ગઈ છે. ખાસ કરીને કાશ્મીર સરહદે ગ્રામીણ ક્ષેત્રમાં લોકોને યુદ્ધના સમયમાં સ્વરક્ષણ કેમ કરવું તે અંગે ગ્રામીણ ક્ષેત્રમાં લોકોને તાલીમ આપવાનું શરૂ કર્યુ છે તો યુદ્ધ છેડાય તો સરહદી ગામો ખાલી પણ કરાવવા પડે તેવા સંકેત છે તેથી તેના માટે પણ તૈયાર રહેવા જાણાવવામાં ગ્રામીણ ક્ષેત્રમાં લોકોએ હવાઈ સહિતના હુમલાથી બચવા બંકરો જે અગાઉ બનાવ્યા હતા તે પણ ફરી ખોલી નાખ્યા છે અને ઘરેલુ બંકરોની લોકોએ સાફસફાઈ કરી છે જેથી કટોકટીના સમયમાં તેમાં સલામત રહી શકાય. સતાવાર યાદી મુજબ સરહદી ક્ષેત્રના ગ્રામ્ય સુરક્ષા ગ્રુપ ફરી એકશનમાં આવ્યા છે. ખાસ કરીને રાજૌરીના નૌશેરામાં આ ગતિવિધિ શરૂ થઈ છે. ગ્રામીણ લોકો દેશના સેન્યને સહયોગ આપે અને દુશ્મનની હિલચાલ



પર નજર રાખે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

બીજી તરફ પંજાબ સરહદે પણ સુરક્ષા દળોએ સરહદી ક્ષેત્રના ખેતરોમાં આગામી બે દિવસમાં પાકની વાવણી-લલણી પુરી કરવા અને કોઈપણ સ્થિતિ માટે તૈયાર રહેવા જાણાવાયુ છે. ભારત-પાક સરહદ પર ઝીરો-ઝોન તરીકે ઓળખાતા ક્ષેત્રમાં હજારો હેકટરમાં ખેતી થાય છે. પંજાબ સરહદે જ ૫૩૦ કી.મી. લાંબો આંતરરાષ્ટ્રીય સરહદ પર ૪૫૦૦૦ એકર જમીનમાં કૃષી પ્રવૃતિ ચાલુ છે. અહી ગુરુદ્વારા સહિતને વિશ્વાસમાં લઈને બીએસએફએ યુદ્ધની સ્થિતિ માટે તૈયાર રહેવા જાણાવાયુ છે. અહી સરહદ નજીકની ચોકીઓ આસપાસના ખેતરોમાં પહોંચવા જે ખાસ ગેટ છે તે પણ જરૂર પડે બંધ કરવામાં આવશે. અહી વરસાદના કારણે કૃષી શેડયુલ પર અસર થઈ છે. મોટાભાગના ખેડુતોએ જો કે તેની ચોમાસા પુર્વેની કૃષી પ્રવૃતિ પુરી કરી છે પણ પશુઓના ચારા વિ. માટે જે ઘઉંના લલણી પછીના મુળાઓના ભંડારો છે તે ખસેડવા પડશે. પંજાબના તરણતારણ, ફિરોજપુર, અમૃતસર અને ફાઝીલ્કા જીલ્લાની સરહદો પાક સાથે જોડાયેલ છે. અહી બીએસએફ અને સેન્ય મુવમેન્ટ વધી ગઈ છે. સલામતી દળોને કોઈ સ્થિતિ માટે તૈયાર રહેવુ પડે તેવી સ્થિતિ છે. સામે છેડે પાક રેન્જરે પણ તેની સ્થિતિ મજબૂત બનાવવા કોશીશ કરી છે.

# પાક.નુ સતત ચોથી રાત્રિએ સીમા પર ફાયરીંગ; ભારતનો પણ જોરદાર જવાબ

## પાક.ના ફાયરીંગનાં પગલે સીમાંત ક્ષેત્રમાં એલર્ટ જાહેર

શ્રીનગર (જમ્મુ-કાશ્મીર) તા.૨૮

પહેલગામ આતંકી હુમલા બાદ એલઓસી પર પાકિસ્તાન દ્વારા સતત ચોથી રાત્રે પણ ફાયરીંગ ચાલુ છે અને ભારતીય સેના પણ તેનો જડબાતોડ જવાબ આપી રહી છે.

૨૭-૨૮ એપ્રિલે રાત્રે પાકિસ્તાની સેનાની ચોકીઓ પરથી કુપવાડા અને પુંછ જીલ્લાનાં ક્ષેત્રોમાં નિયંત્રણ રેખાને પાર ઉશ્કેરણી વિના ફાયરીંગ શરૂ કર્યું છે.જેનો ભારતીય સૈનિકો પણ જોરદાર જવાબ આપી રહ્યા છે.

રવિવારે રાત્રે પણ એલઓસી પરથી પાકિસ્તાની સેનાએ ફાયરીંગ કર્યું હતું. ભારતીય સૈનિકોએ તેનો કડક જવાબ આપ્યો હતો જોકે આ



ગોળીબારીથી કોઈ નુકશાન થયાની ખરબ નથી.

બીજી બાજુ સીમા પર પાકિસ્તાની સેનાની હલચલ તેજ થઈ ગઈ છે. સુત્રો મુજબ ભારતીય સેનાને ઉશ્કેરવા પાકિસ્તાની સેના ગોળીબારી કરી રહી છે. સીમાંત ક્ષેત્રોમાં એલર્ટ જાહેર કરાયું છે. સેનાનું સીમાંત ક્ષેત્રમાં તલાસી અભિયાન પણ ચાલુ છે. ભારતીય સેનાનાં પ્રમુખ જનરલ ત્રિવેદીએ પણ સેનાને પાક.ને જડબાતોડ જવાબ આપવાનો નિર્દેશ કર્યો છે.

### એનઆઈએ દ્વારા તપાસનો ધમધમાટ

# બે-બે આતંકવાદીઓ ગ્રુપમાં વહેંચાયેલા હતાઃ બૈસરન વેલીની બહાર પણ બે લોકોને ગોળી ધરબી હતી

## લોકલ ફોટોગ્રાફરે ઝાડ પર ચડીને કરેલુ વિડીયો રેકોર્ડીંગ મોટો પુરાવો

નવી દિલ્હી તા.૨૮

પહેલગામ આતંકી હુમલાની તપાસમાં એનઆરઆઈએને અનેક મહત્વની કડી હાથ લાગી છે. એનઆઈએ નજરે જોનારા લોકોની પુછપરછ કરીને પુરાવાઓ એકત્ર કરી રહી છે.

મુખ્ય સાક્ષી બહાર આવ્યો: સુત્રોના જણાવ્યા મુજબ આતંકી હુમલાનો મુખ્ય સાથી બહાર આવ્યો છે.જે એક સ્થાનિક ફોટોગ્રાફર છે.

આતંકી હુમલા સમયે તે પોતાનો જીવ બચાવવા એક વૃક્ષ પર ચડી ગયો હતો અને પુરા હુમલાનું રેકોર્ડીંગ કરી રહ્યો છે.

**પહેલા બે આતંકી બહાર આવ્યા:** રેકોર્ડીંગ મુજબ શરૂઆતમાં બે આતંકીઓ દુકાનોની પાછળથી છુપાયેલા હતા. આ આતંકીઓ પહેલા બહાર આવ્યા અને આ આતંકીઓએ લોકોને કલમા પઢવાનું કહ્યું, બાદમાં ચાર લોકોને ગોળી મારી દીધી હતી, જેથી તેમના ઘટનાસ્થળે જ મોત થયા હતા. રેકોર્ડીંગનું માનીએ તો આ



દરમિયાન અન્ય આતંકવાદીઓએ જિપલાઈનની પાસેથી ગોળીબારી શરૂ કરી દીધી હતી. બેસરન ખીણ બહાર પણ બે લોકોને નિશાન બનાવાયા: તપાસમાં બહાર આવ્યું છે કે બેસરન ખીણની બહાર બે લોકોની હત્યા કરવામાં આવી હતી, જયારે અન્ય આતંકવાદીઓએ જે અલગ ટીમમાં કામ કરી રહ્યા હતા, તેમણે ખીણની અંદર જ પીડિતોને નિશાન બનાવ્યા હતા. સાક્ષીઓના નિવેદનના આધારે તપાસકર્તાઓને પાંચથી વધુ હુમલાખોરોની હાજરીની શંકા છે.

**સ્થાનિક એજીડબલ્યુએ કરી આતંકીઓની મદદ:** એક નેપાળી પરિવારે તપાસકર્તાઓને જણાવ્યુ કે એક આતંકવાદી તેની પાસે એક વૃક્ષ નજીક આવ્યો હતો. તેમની ઓળખ પછી અને પછી પરિવારના એક વ્યક્તિની હત્યા કરી દીધી હતી. પરિવારે જણાવ્યું હતું કે આ ઘટના ત્યારે બની જયારે મુખ્ય પર્યટક ક્ષેત્રથી ગોળીઓના અવાજ આવતા હતા. તેમના દાવા મુજબ ત્યાં મોટી સંખ્યામાં આતંકવાદી હાજર હતા. ઘટનાસ્થળથી સિકયુરીટી બેઝનું અંતર ૨૫ મીનીટ છે પરંતુ માનવામાં આવે છે કે અહીં ઉચીત પાયાના માળખાની કમીના કારણે સુરક્ષા પ્રતિક્રિયામાં મોડું થયું હશે.

# ગુજરાતમાં એક વર્ષમાં નવા ૧૮૩ ફાર્મા પ્લાંટ સ્થપાયા

## રૂા.૧૨૦૦૦ કરોડથી વધુનું રોકાણ આવ્યું

અમદાવાદ: ભારત એ વિશ્વનું ફાર્મા હબ બની રહ્યું છે તો ગુજરાત એ દેશનું સૌથી મોટું ૧૮૩ નવા ફાર્મા પ્લાંટને મંજુરી આપવામાં આવી છે જે દેશમાં સૌથી વધુ છે. રાજયના ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ ઓથોરીટીના કમીશ્નર ફાર્મા ઉત્પાદક રાજય બની ગયુ છે અને આ સ્થિતિ મજબૂત કરી અને ૨૦૨૪/૨૫ના નાણાકીય વર્ષમાં રાજયમા એસ.જી.કોશીયાએ આ માહિતી આપતા જણાવ્યુ હતું. ૨૦૨૧ બાદ સમગ્ર દેશમાં એક જ સર્વેમાં આ સૌથી વધુ મંજુરી છે અને માર્ચ ૨૦૧૯ પછી સરકારે કુલ ૮૦૦ નવા પ્લાંટને મંજુરી આપી છે અને ગુજરાત એ વિશ્વની ફાર્મસી બનશે. શ્રી કોશીયાએ માહિતી આપી કે સરેરાશ આ પ્રત્યેક પ્લાંટ પાછળ ઓછામાં ઓછુ રૂા.૫૦ કરોડનું રોકાણ થશે અને અનેક મોટા પ્લાંટ પણ છે.



કુલ રૂા.૧૨૦૦૦ કરોડથી વધુનું રોકાણ આવી રહ્યું છે. આ ક્ષેત્રના નિષ્ણાંતના જણાવ્યા મુજબ ગુજરાતમાં વધુ ફાર્મા ઉદ્યોગો આવે તેના અનેક કારણો છે. સૌપ્રથમ તો રાજય ઈનવેસ્ટર-ફ્રેન્ડલી છે અને ઔદ્યોગીક શાંતિ છે. અગાઉ અન્ય રાજયોએ ફાર્મા ઉદ્યોગ માટે અનેક કરરાહતો જારી કરી તેથી ગુજરાતના અનેક ઉદ્યોગો હિમાચલપ્રદેશ ઉતરાખંડમાં ખેચાઈ ગયા હતા પણ હવે જીએસટીના આગમન બાદ તમામ રાજયો વચ્ચે કરવેરાની સમાન સ્થિતિ બની છે.જેના કારણે ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટે ઝડપ આવી છે. ઉપરાંત ગુજરાતનું ડ્રગ કંટ્રોલ ઓથોરિટીનો પણ સહયોગ છે અને જે રીતે ડ્રગ-કંટ્રોલ વ્યવસ્થા છે તેનાથી રાજયમાં ઉત્પાદીત થતી દવાઓ આંતરરાષ્ટ્રીય ગુણવતાની હોવાનું નિશ્ચિત થાય છે. દેશના કુલ ફાર્મા ઉદ્યોગના ૨૦% ગુજરાતમાં છે અને ઉત્પાદનમાં ૩૧%નો ફાળો છે અને મોટા નવા પ્લાંટ એ નિકાસલક્ષી બની ગયા છે.

### સુપ્રિમ કોર્ટની ટીકા કરનાર ભાજપ સાંસદ દુબેની ભવિષ્યવાણી

# ૨૦૨૫ સુધીમાં પાકિસ્તાનના ચાર ટુકડા થઈ જશે, ભારત પીઓકે પાછું મેળવશે

## સાપને કચડી નાખવાનો સમય આવી ગયો છેઃ દુબે




નવીદિલ્હી,તા.૨૮

સુપ્રિમ કોર્ટની ટિકા કરી આવેલા ભાજપનાં સાંસદ દુબેએ કહ્યું કે ભારત પાકિસ્તાન દ્વારા કબજે કરાયેલ કાશ્મીર પાછું લઈ લેશે અને પાકિસ્તાન ચાર નવા દેશોમાં વિભાજીત થઈ જશે. તેમણે કહ્યું, 'પહલો દેશ બલુચિસ્તાન, બીજો પશ્તુનિસ્તાન, ત્રીજો પંજાબ અને ચોથો સિંધ હશે.' તેમણે વધુમાં કહ્યું કે જો ૨૦૨૫ સુધીમાં આવું નહીં થાય તો જનતા ભાજપ પર ખોટા આશ્વાસનો આપવાનો આરોપ લગાવી શકે છે. દુબેએ તેને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની 'ગેરંટી અને વિશ્વાસ' ગણાવ્યો, જેના કારણે મોદી ત્રીજી વખત વડા પ્રધાન બન્યા છે.

નિશિકાંત દુબેએ પહેલગામ આતંકવાદી હુમલાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાવ્યો. તેમણે કહ્યું કે સદભાગ્યે ભારતનું નેતૃત્વ એક મજબૂત પ્રધાનમંત્રીના હાથમાં છે, દુબેએ કહ્યું કે વડા પ્રધાન મોદીએ આતંકવાદીઓની જમીન છીનવી લેવાની જાહેરાત કરી છે, જેના કારણે આતંકવાદીઓમાં ભયનો માહોલ છે.

સાંસદ દુબેએ કહ્યું કે લશ્કર-એ-તૈયબા બાંગ્લાદેશની વચગાળાની સરકારના સંપર્કમાં છે, તેથી ભારત-બાંગ્લાદેશ સરહદની સુરક્ષા અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે ૧૯૯૬માં કોંગ્રેસ સરકાર દ્વારા કરાયેલા ગંગા જળ કરારને મોટી ભૂલ ગણાવી. દુબેએ તિસ્તા અને બ્રહ્મપુત્ર જળ વિવાદ પર બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા દ્વારા આપવામાં આવેલા નિવેદનોનો પણ ઉલ્લેખ કર્યો.

દુબેએ કહ્યું કે આપણે ક્યાં સુધી સાપને પાણી પીવડાવતા રહીશું?' હવે આ સાપોને કચડી નાખવાનો સમય આવી ગયો છે. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો કે પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીના નેતૃત્વમાં દેશ આતંકવાદ સામે નિર્ણાયક પગલાં લેશે અને આ કાર્ય ટૂંક સમયમાં પૂર્ણ થશે.

# લંડનમાં પહેલગામ હુમલા અંગે ભારત અને પાકિસ્તાનના લોકો સામસામે, હાઈ કમિશનની બહાર સૂત્રોચ્ચાર

લંડન,

પહેલગામ હુમલાને લઈને લંડનમાં વિરોધ પ્રદર્શન ચાલુ છે. પાકિસ્તાની પ્રદર્શનનો સામનો કરવા લંડનમાં મોટી સંખ્યામાં ભારતીય સમુદાય અને વિદેશી પ્રતિનિધિઓ ભારતીય હાઈ કમિશન પર ઉતર્યા હતા, જેને પહેલગામ આતંકી હુમલાના પગલે 'ભારતીય પ્રચાર' તરીકે ઓળખવામાં આવ્યો હતો.

'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારા લગાવતા અને ભારતીય ત્રિરંગો લહેરાવતા, ભારત તરફી વિરોધીઓએ રવિવારે સાંજે ઈન્ડિયા હાઉસની સામેના રસ્તા પરના બ્રિટિશ પાકિસ્તાનીઓના નાના જૂથ કરતાં વધી ગયા. પોલીસ પણ હાજર હતી રવિવારે સાંજે ઈન્ડિયા હાઉસની સામે રોડ પર બ્રિટિશ



પાકિસ્તાનીઓના નાના જૂથ કરતાં ભારત તરફી વિરોધીઓની સંખ્યા વધી ગઈ હતી. ત્યાં મેટ્રોપોલિટન પોલીસ પણ હાજર હતી, જેઓ એકબીજા પર અપમાનજનક ટિપ્પણી કરતી વખતે બંને જૂથો એકબીજાથી દૂર રહે તેની ખાતરી કરવા માટે સાવચેત હતા.

બ્રિટિશ ભારતીય જૂથો દ્વારા પિકાડિલી સર્કસ ખાતે ૨૨ એપ્રિલના આતંકવાદી હુમલાના પીડિતોને યાદ કરવા માટે મીણબત્તીઓ પ્રગટાવવામાં આવી હતી.

આતંકવાદી સંગઠનોને પાકિસ્તાનના કથિત સમર્થનની નિંદા કરવા માન્ચેસ્ટર, એડિનબર્ગ, સ્કોટલેન્ડ અને બેલફાસ્ટ, ઉત્તરી આયર્લેન્ડ સહિત યુકેના વિવિધ ભાગોમાં ભારતીય ડાયસ્પોરા જૂથો દ્વારા સમાન 'ઓલ આઈઝ ઓન પહેલગામ' વિરોધ પ્રદર્શન અને જાગરણનું આયોજન કરવામાં આવ્યું હતું. અને પાકિસ્તાનની નિંદા કરવામાં આવી હતી.

# પરિણામ ભોગવવા પાક તૈયાર રહેશેઃ લોહી વ્હેશે પણ તમારૂ...બિલાવલને થરૂરનો આકરો જવાબ

નવી દિલ્હી, તા.૨૮

પહલગામ હુમલા પર કોંગ્રેસ નેતા શશિ થરૂરે પ્રતિક્રિયા આપી છે. શશિ થરૂરે કહ્યું, મને લાગે છે કે તે ખૂબ જ સ્પષ્ટ છે કે એક પેટર્ન છે. લોકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે, તાલીમ આપવામાં આવે છે, શસ્ત્રો અને તકો આપવામાં આવે છે અને સરહદ પારથી નિર્દેશિત કરવામાં આવે છે. ફરી પાકિસ્તાન તમામ જવાબદારી નકારે છે. વિદેશી ગુપ્તચર એજન્સીઓ સહિતની જવાબદારી સ્થાપિત અને સાબિત થઈ છે.

શશિ થરૂરે ધ્યાન દોર્યું કે, ૨૦૧૬નો ઉરી હુમલો અને ૨૦૧૯ના પુલવામા હુમલા પછી ભારત તરફથી બદલાની કાર્યવાહી કરવામાં આવી હતી, અને સૂચન કર્યું કે પાકિસ્તાનને આ વખતે ભારત તરફથી વધુ મજબૂત જવાબનો સામનો કરવો પડી શકે છે. તિરૂવનંતપુરમના સાંસદે વધુમાં કહ્યું કે,



ઉરી પછી, સરકારે સરહદ પાર સર્જિકલ સ્ટ્રાઈક કરી અને પુલવામા પછી, બાલાકોટમાં હવાઈ હુમલા કર્યા. આજે, મને લાગે છે કે આપણે આનાથી ઘણું વધારે જોવા જઈ રહ્યા છીએ. એ સ્પષ્ટ છે કે, આપણી પાસે અનેક વિકલ્પો છે, રાજદ્વારી, આર્થિક, ગુપ્ત માહિતી શેરિંગ, ગુપ્ત અને ખુલ્લેઆમ કાર્યવાહી કોઈ પ્રકારનો સ્પષ્ટ લશ્કરી પ્રતિભાવ અનિવાર્ય છે.

શશિ થરૂરે વધુમાં કહ્યું કે, દેશ આની માંગણી કરી રહ્યો છે અને અપેક્ષા રાખી રહ્યો છે. તે શું હશે, ક્યાં હશે અથવા ક્યારે હશે તે કોઈને ખબર નથી. પરંતુ મને ખાતરી છે કે કેટલીક પ્રતિક્રિયા હશે, થરૂરે પણ પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના વડા બિલાવલ ભુટ્ટો-ઝરદારીની ભારત દ્વારા સિંધુ જળ સંધિને સ્થગિત કરવા અંગેની ''લોહી વહી જશે'' ટિપ્પણીનો જવાબ આપ્યો. સાંસદ શશિ થરૂરે સિંધુ જળ સંધિને સ્થગિત કરવા પર પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખ બિલાવલ ભુટ્ટો ઝરદારીના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, આ માત્ર ઉશ્કેરણીજનક રેટરિક છે. જો રક્તપાત વધશે, તો તે કદાચ આપણા કરતાં તેમની બાજુમાં વધુ વહેશે. તેમણે કહ્યું કે, અમારી પાસે પાકિસ્તાન વિરૂદ્ધ કોઈ ષડયંત્ર નથી, પરંતુ જો તેઓ કંઈક કરશે તો જવાબ માટે તૈયાર રહેવું જોઈએ.

### પહેલગામ આતંકી હુમલા મામલે......

# પીએમમોદી સામે સવાલો ઉઠાવવા ભારે પડયાઃ નેહા રાઠોડ સામે દેશદ્રોહનો કેસ થયો

નવીદિલ્હી,તા.૨૮

પહેલગામ હુમલામાં ખોટી ટિપ્પણીને કારણે ચર્ચામાં આવેલી યુટ્યુબર નેહા સિંહ રાઠોડ સામે રવિવારે હજરતગંજ પોલીસ સ્ટેશનમાં દેશદ્રોહનો કેસ નોંધી લેવામાં આવ્યો. આ મામલે હજરતગંજના એસીપી વિકાસ જાયસવાલે કહ્યું કે આ મામલે અભય પ્રતાપ સિંહે એફઆઈઆર નોંધાવી હતી.



અભયસિંહે એફઆઈઆરમાં કહ્યું કે ૨૨ એપ્રિલે પહલગામમાં પાક. સમર્થિત આતંકી સંગઠન દ્વારા ખાસ કરીને હિન્દુ પર્યટકોને તેમનો ધર્મ પૂછી ગોળી મારી દેવામાં આવી હતી જેમાં ૨૬ પર્યટકોએ જીવ ગુમાવ્યા હતા. આ મામલે લોકગાયિકા તથા તથાકથિત કવયિત્રી આંબેડકરનગરની હીડી પકડિયા વતની નેહા સિંહ રાઠોડે તેના એક્સ હેન્ડલ પર અનેક વાંધાજનક ટિપ્પણીઓ કરી હતી. બે સમુદાય વચ્ચે પરસ્પર સૌહાર્દ બગાડવા, શાંતિ વ્યવસ્થાને ભંગ કરવા માટે નેહા સિંહ સતત દેશવિરોધી વાતો કરે છે.

ઉલ્લેખનીય છે કે નેહા સિંહે અનેકવાર ટ્વિટ કરીને પહલગામ મુદ્દે મોદી સરકાર સામે સવાલો ઊઠાવ્યા હતા અને તેમાં પોસ્ટ પણ મૂકી હતી કે શું આવી ઘટનાઓ પર વડાપ્રધાનને સવાલો ન પૂછી શકાય? હુમલાના ત્રીજા જ દિવસે પીએમ મોદી બિહારમાં રેલી કરવા ગયા તો એની સામે પણ નેહા સિંહે સવાલો ઊઠાવ્યા હતા.

# ભારત નહિં છોડે!પાક સૈન્ય વડા બાદ ભુટ્ટો પરિવાર પણ વિદેશ ભાગી ગયો



ઈસ્લામાબાદ : પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ભારતે લીધેલાં પગલાથી પાકિસ્તાનમાં દહેશતનું વાતાવરણ છે અને મોટા-મોટા નેતાઓના પરિવારો દેશ છોડીને ભાગી રહ્યા છે. પાકિસ્તાન આર્મીના ચીફ અસીમ મુનિરના પરિવારે દેશ છોડી દીધો છે ત્યારે હવે જાણવા મળે છે કે બિલાવલ ભુટ્ટોના પરિવારે પણ પાકિસ્તાન છોડી દીધું છે અને આ પરિવાર કેનેડા જતો રહ્યો છે.

ભારતે સિંધુ જળકરાર સસ્પેન્ડ કર્યો એના પગલે બિલાવલ ભુટ્ટોએ ધમકી આપી હતી કે પાકિસ્તાનને આપવામાં આવતું પાણી રોકવામાં આવશે તો લોહીની નદીઓ વહેશે. આ ધમકી આપ્યાના એક દિવસ બાદ જાણવા મળે છે કે પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (PPP)ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટોના પરિવારના સભ્યો બખ્તાવર ભુટ્ટો અને આસિફા ભુટ્ટો ગઈ કાલે સવારે પાકિસ્તાન છોડીને કેનેડા જતાં રહ્યાં હતાં. આ પહેલાં અસીમ મુનિરના પરિવારના સભ્યો પ્રાઈવેટ જેટમાં બ્રિટન અને ન્યુ જર્સી જતા રહ્યા છે.

# ઈપીએફઓની પોર્ટલ પર ટેકનિકલ સમસ્યાઓના કારણે સદસ્યો પરેશાન

## પાસબુક ડાઉનલોડ થતી નથી, કેવાયસી અપડેટ કરવામાં મુશ્કેલી

નવી દિલ્હી તા.૨૮

કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન (ઈપીએફઓ)ના પોર્ટલ સાથે જોડાયેલ ટેકનીકલ સમસ્યાઓ ખતમ નથી થઈ રહી. ઈપીએફઓના સભ્યોને પોર્ટલ લોગઈન કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દેશભરમાંથી લોકોએ સોશિયલ મીડીયા પ્લેટફોર્મ પર તેને લઈને પોતાની નારાજગી જાહેર કરી છે.

હાલમાં પોર્ટલ પર દાવાના નિકાલમાં અડચણો, પાસબુક ડાઉનલોડ અને કેવાયસી અપડેટ જેવી ફરિયાદો સતત વધી રહી છે. અનેકવાર સદસ્યો લોગ-ઈન નથી થઈ રહ્યા તો




જો સભ્યો લોગ ઈન થઈ રહ્યા છે તો પાસબુક ડાઉનલોડ નથી થઈ રહી. એક સદસ્યે સોશિયલ મીડિયામાં લખ્યું છે કે છેલ્લા બે સપ્તાહથી પાસબુક ડાઉનલોડ કરવાથી કોશિશ કરી રહ્યો છું, પરંતુ ડાઉનલોડ નથી થઈ રહી, તેને લઈને કોઈ સાંભળતા પણ નથી.

આ મામલા સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે આવતા મહિનાઓ સુધી આ ફરિયાદો આવતી રહેશે. તેનું કારણ એ છે કે ઈપીએફઓની નવી આઈટી સીસ્ટમમાં ૩.૦ થી લઈને કામ ચાલી રહ્યું છે. એટલે જયાં સુધી નવી સીસ્ટમ નહીં આવે ત્યાં સુધી જૂના સોફટવેર પર ઈપીએફઓ કામ કરતું રહેશે.

# મધ્યપ્રદેશમાં પૂરઝડપે જતી કાર માર્ગ પર ઉભેલા વાહન સાથે ટકરાતા ચારનાં મોત

## ટકકર એટલી જોરદાર હતી કે કારના ફુરચેફુરચા ઉડી ગયા

ધાર (મધ્યપ્રદેશ) તા.૨૮

અત્રે ઈન્દોર-અમદાવાદ માર્ગ આજે સવારે એક કાર માર્ગનાં કિનારે ઉભેલા એક વાહન સાથે એટલા જોરથી ટકરાઈ હતી કે કારમાં બેઠેલા ચાર શખ્સોનાં ઘટના સ્થળે જ મોત થયા હતા અને કારના ફુરચે ફુરચા નીકળી ગયા હતા.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આજે સવારે અમદાવાદ-



ઈન્દોર માર્ગ પર પૂરઝડપે જતી કાર માર્ગ પર ઉભેલા એક વાહન સાથે ટકરાઈ હતી. જેના કારણે કારમાં સવાર ચાર લોકોનાં ઘટનાસ્થળે મોત થયા હતા.મૃતકો ઝાબુઆ જીલ્લાનાં નિવાસી જણાવવામાં આવી રહ્યા છે. ચારેય લોકો ઝાબુઆથી ધારમાં એક લગ્ન સમારોહમાં ભાગ લેવા માટે જઈ રહ્યા હતા ત્યારે આ દર્દનાક અકસ્માત સર્જાયો હતો. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. સ્થાનીક લોકોનું કહેવુ છે કે હાઈવે પર ભારે વાહનોને લઈને અનેકવાર ફરિયાદો કરાઈ છે પણ કોઈ ઠોસ પગલા નથી લેવાતા.

# પોપ ફ્રાન્સિસની અંતિમ વિધિમાં ટ્રમ્પના વર્તનની ભારે ટીકા થઈ

## પરંપરાગત કાળો સુટ ન પહેર્યો, ફોન પર સતત વાત કરતા રહ્યાઃ ચુંઈગમ ચાવતા હતા

રોમ: ગઈકાલે વેટીકન સીટીમાં પોપ ફ્રાન્સીસની અંતિમવિધિમાં સામેલ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વર્તનની ભારે ટીકા થઈ છે તેમાં આ શોકના વાતાવરણમાં પણ પોતાનો અહંમ દર્શાવ્યો હતો જેના કારણે વેટીકનમાં ભારે ગુસ્સો છે. પ્રથમ તો સામાન્ય રીતે આ પ્રકારના પ્રસંગે કાળા રંગના સુટ પહેરીને આવવાનું હોય છે પણ ટ્રમ્પ તેમના ટ્રેડમાર્ક જેવા બ્લુ રંગના સુટમાંજ આવ્યા. તેઓ અંતિમવિધિ સમયે પોતાના મોબાઈલ પર વાતચીત કરતા રહ્યા



હતા અને ચુંઈગગમ પણ ચાવતા હતા.

ટ્રમ્પની બોડી લેંગવેજ જ એવી હતી કે ખ્રિસ્તી સમુદાયના આ સૌથી મોટા શોકના વાતાવરણમાં પણ તેઓ સામેલ હતા તે ભાગ્યે જ દર્શાવ્યુ હતું. આ ઉપરાંત યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેસ્કી પણ બ્લેક-ડ્રેસમાં ન હતા. તેઓ નેવી બ્લુ- ડાર્ક શેડનો ડ્રેસ પહેર્યો હતો.

# બિહારમાં માનસિક વિકલાંગ યુવતી પર સામૂહિક દુષ્કર્મ આચરી તેને વાયરલ કર્યું?

## ત્રણ શખ્સોની ધરપકડઃ યુવતી શૌચક્રિયા કરવા ગઈ ત્યારે ઘટના બની

બેગુસરાય (બિહાર) તા.૨૮

નરપિશાચોએ માનસિક રીતે નબળી એક ૨૫ વર્ષની યુવતી પર સામુહિક દુષ્કર્મ આચરીને તેનો વિડીયો સોશ્યલ મીડીયા પર વાયરલ કર્યો હતો.પોલીસે ત્રણેય શખ્સોની ધરપકડ કરી છે.બે શખ્સોએ સામુહિક દુષ્કર્મ કર્યુ હતું. અને એક શખ્સે તેનો લાઈવ વિડીયો બનાવ્યો હતો.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત



મુજબ માનસિક વિકલાંગ યુવતી શનિવારે તેના ઘરથી ૨૦૦ મીટર દુર શૌચક્રિયા માટે ગઈ હતી. ત્યારે ગામના જ ત્રણ યુવકો તેને ફોસલાવીને સુમસામ જગ્યા મકાઈનાં ખેતરમાં લઈ ગયા હ્તા જયાં બે યુવકોએ તેના પર સામુહીક દુષ્કર્મ કર્યુ હતું. જયારે ત્રીજા યુવકે તેનો લાઈવ વીડીયો બનાવી સોશ્યલ મીડીયા પર વાયરલ કર્યો હતો.

આ વિડીયો વાયરલ થયા બાદ ગ્રામીણોએ તેની જાણકારી યુવતીના પિતાને આપી હતી પિતાએ દિકરીની પૂછપરછ કરતા પિડીતાએ પુરી ઘટનાની વિગત આપી હતી. રવિવારે પિતાએ પોલીસને આ મામલે માહીતી આપી વિડીયો પણ બતાવ્યો હતો. પોલીસે તેનાં આધારે ત્રણેય આરોપીઓ ચિહનીત કરી તેમનાં ઘરે દરોડો પાડી ધરપકડ કરી હતી. ત્રણેય આરોપી પિડીતાનાં ઘરથી લગભગ ૫૦૦ મીટરના ક્ષેત્રમાં રહે છે.

## WAVES 2025: વૈશ્વિક સર્જનાત્મક નેતૃત્વ તરફ ભારતની સફર

# ૧મેથી યોજાશે પ્રથમ વર્લ્ડ ઑડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ: વૈશ્વિક મીડિયા સંવાદનો સમાવેશ

### ભારતને વૈશ્વિક સર્જનાત્મકતાના કેન્દ્રમાં મુકાયુંઃ મીડિયા અને મનોરંજન લેન્ડસ્કેપને ફરીથી વ્યાખ્યાચિત કરાશે

### ૨૯ વર્ષની સરેરાશ ઉંમરે ભારત માત્ર વિશ્વનો સૌથી યુવા દેશ સાથે સર્જનાત્મકતા અને નવીનતાના સંદર્ભમાં સૌથી વધુ ગતિશીલ

રાજકોટ, તા.૨૮

ડો.એલ.મુરૂગનએ જણાવ્યું હતું કે, વાર્તા કહેવાનો આ સહજ જુસ્સો એક શક્તિશાળી સર્જનાત્મક મહત્વાકાંક્ષામાં વિકસિત થયો છે અને હવે ભારતને વૈશ્વિક મીડિયા પાવરહાઉસ તરીકે ઉભરી આવવામાં મદદ કરી રહ્યો છે. ૧ થી ૪ મે ૨૦૨૫ દરમિયાન યોજાનાર પ્રથમ વર્લ્ડ ઑડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (WAVES) ભારતને વૈશ્વિક સર્જનાત્મકતાના કેન્દ્રમાં મૂકે છે.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ રચાયેલ, વેવ્ઝ એક પરિવર્તનશીલ ચળવળ છે અને મીડિયા અને મનોરંજન લેન્ડસ્કેપને ફરીથી વ્યાખ્યાચિત કરશે. ભારતનો મીડિયા અને મનોરંજન ઉદ્યોગ ૨.૭ ટ્રિલિયન રૂપિયાની નજીક પહોંચતા, વેવ્સ ૨૦૨૫ સર્જનાત્મકતા, નવીનતા અને ઉદ્યોગ સાહસિકતામાં અગ્રેસર બનવાના આપણા સંકલ્પનો સંકેત આપે છે. ભારતનો કન્ટેન્ટ ક્રિએશન લેન્ડસ્કેપ હવે પરંપરાગત મીડિયાથી એક સમૃદ્ધ ડિજિટલ-ફર્સ્ટ ઇકોસિસ્ટમમાં પરિવર્તિત થઈ ગયો છે. આ સાથે તે હવે સ્ટ્રીમિંગ સેવાઓ, સોશિયલ મીડિયા અને ઉભરતી ટેકનોલોજી દ્વારા વૈશ્વિક કનેક્ટિવિટીનો પણ વિસ્તાર કરી રહ્યું છે. વેવ્ઝ ૨૦૨૫ ભારતના મીડિયા અને મનોરંજન ઉદ્યોગ માટે એક નવા યુગની શરૂઆતનું પ્રતિનિધિત્વ કરે છે. આ પરિવર્તનના કેન્દ્રમાં WAVEX 2025 અને Waves Bazaar જેવી પહેલો છે. વેવેક્સ ૨૦૨૫ ગેમિંગ, એનિમેશન, એક્સટેન્ડેડ રિયાલિટી (ક્સ્છ), જનરેટિવ અહ અને નેક્સ્ટ-જેન કન્ટેન્ટ પ્લેટફોર્મ જેવી ઉભરતી ટેકનોલોજીમાં કામ કરતા સ્ટાર્ટઅપ્સને સશક્ત બનાવે છે.

અહ-સંચાલિત મેચમેકિંગ ખાતરી કરે છે કે પ્રોજેક્ટ્સ અને વ્યાવસાયિકો યોગ્ય જોડાણો શોધે છે. સર્જનાત્મક અર્થતંત્રમાં નવીનતા અને વૃદ્ધિને વેગ આપે છે. આપણા સૌથી મોટા વસ્તી વિષયક લાભાંશ તરીકે, ભારતના યુવાનોને WAVES પહેલથી ઘણો ફાયદો થશે. ૨૯ વર્ષની સરેરાશ ઉંમર સાથે, ભારત માત્ર વિશ્વનો સૌથી યુવા દેશ નથી પણ સર્જનાત્મકતા અને નવીનતાના સંદર્ભમાં સૌથી ગતિશીલ પણ છે. ક્રિએટ ઇન ઇન્ડિયા ચેલેન્જ આ પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. ક્રિએટોસ્ફિયરના ભાગરૂપે, ફાઇનલિસ્ટ્સને ઉદ્યોગના નેતાઓ સાથે જોડાવા, માસ્ટરકલાસમાં ભાગ લેવાની અને વૈશ્વિક સ્તરે એક્સપોઝર મેળવવાની પ્રચંડ તકો મળશે. આ સમિટમાં વૈશ્વિક મીડિયા સંવાદનો પણ સમાવેશ થશે. WAVES 2025 એ સર્જનાત્મક ઉદ્યોગની અનંત શક્યતાઓનું મજબૂતીકરણ છે.

આ આપણી ઉત્કૃષ્ટ પ્રતિભા, ટેકનિકલ કૌશલ્ય અને સાંસ્કૃતિક સમૃદ્ધિ દર્શાવવાની એક શ્રેષ્ઠ તક છે. તે પરંપરા અને ટેકનોલોજીના મિશ્રણ દ્વારા વૈશ્વિક સર્જનાત્મક ઇકોસિસ્ટમને ફરીથી વ્યાખ્યાચિત કરવાના ભારતના વિઝનનો પણ પુરાવો છે.

# સમાજ શ્રેષ્ઠી સ્વ.બેચરભા પાંચાભા પરમારની ચોથી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે મહા રકતદાન કેમ્પ અને ભવ્ય સંતવાણી લોકડાયરા નું આયોજન

### શ્રી બેચરભા પરમાર ચોક નામકરણ : લોકડાયરામાં હરેશદાન ગઢવી, અનુભા ગઢવી, વિવેક સાંચલા, દેવરાજ ગઢવી સહિતના કલાકારો જમાવટ કરશે

રાજકોટ, તા.૨૮

સમાજ શ્રેષ્ઠી રાજપૂત સમાજ અગ્રણી સ્વ. બેચરભા પાંચાભા પરમારની ચોથી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે તા.૨/૫/૨૦૨૫ શુક્રવારના રોજ શ્રદ્ધાંજલિ રૂપે એમના પરિવાર દ્વારા મહા રક્તદાન કેમ્પ તથા ભવ્ય સંતવાણી લોકડાયરો અને રાજકોટ મહાનગર પાલિકા દ્વારા શ્રી બેચરભા પાંચાભા પરમાર ચોક નામકરણ યોજાશે સવારે ૧૦:૦૦ કલાકે ચોક નામકરણ, સવારે ૧૦:૦૦ વાગ્યાથી ૦૧:૦૦ વાગ્યા સૂધી મહા રક્તદાન કેમ્પ તથા રાત્રે ૦૯:૦૦ કલાકે ભવ્ય સંતવાણી લોકડાયરો કુવાડવા રોડ ડી માર્ટ સામે ‘‘શ્રી બેચરભા પરમાર ચોક‘‘ રાજકોટ ખાતે યોજાશે.



ભવ્ય સંતવાણી લોકડાયરામાં હરેશદાન ગઢવી, અનુભા ગઢવી, વિવેક સાંચલા, દેવરાજ ગઢવી ગીર, અલ્પાબેન પરમાર, વીરસિંહ રાઠોડ ભજન લોક સાહિત્યનું રસપાન કરાવશે.

આ કાર્યક્રમમાં સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થીત રહેશે રાજકીય અગ્રણીઓમાં પરષોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા, ઉદયભાઈ કાનગડ, માધવભાઈ દવે, વિજયભાઈ રૂપાણી, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, દર્શિતબેન શાહ, નયનાબેન પેઢડીયા, રમેશભાઈ રૂપાપરા, ભરતભાઈ બોઘરા, જયમીનભાઈ ઠાકર, કમલેશભાઈ મીરાણી, મુકેશભાઈ દોશી, મોહનભાઈ કુંડારીયા, દુર્લભજીભાઈ દેથરિયા, નીતિનભાઇ ભારદ્વાજ, કશ્યપભાઈ શુકલ, નરેન્દ્રસિંહ જાડેજા, અશ્વિનભાઇ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, સુરેન્દ્રસિંહ વાળા, પુષ્કરભાઈ પટેલ, દેવાંગભાઈ માંકડ, ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં ભક્ત ભૂષણ સંત જનકસિંહજી સાહેબ છલાળા, બ્રહ્મા કુમારી રેખાદીદી, ડી.સીપી સજનસિંહ પરમાર , ડી.સી.પી પાર્થરાજસિંહ ગોહિલ, વિજયસિંહ ‘‘ સોલંકી દાદા બાપૂ ધામ પછમ, નરેન્દ્રસિંહ પંવાર રતલામ ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમમાં માટે ચંદુભા બેચરભા પરમાર, હરીશસિંહ બેચરભા પરમાર, દર્શનસિંહ બેચરભા પરમાર, દક્ષરાજસિંહ બેચરભા પરમાર જહેમત ઉઠાવી રહ્યા છે.

## વિવેકાનંદ સંગીત વિદ્યાલય દ્વારા નિઃશુલ્ક સમર વેકેશન બેચ

વિવેકાનંદ સંગીત વિધાલય દ્વારા ૮ થી ૧૪ વર્ષ ના બાળકો માટે નિઃશુલ્ક સમર વેકેશન બેચનું આયોજન કરેલ છે. ગાયન,પિયાનો, હાર્મોનિયમ, તબલા, ગિટાર ૩-વિશ્વકર્મા સોસાયટી, બ્લોક નં. ૩૨, અતુલ બેકરીની સામેની શેરી, સાધુ વાસવાણી રોડ. રાજકોટ ખાતે શીખવવામાં આવશે.







# રાજકોટ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિએશનનો દસમાં વર્ષમાં મંગલ પ્રવેશ : ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો

રાજકોટ તા. ૨૮

રાજકોટના કાલાવડ રોડ પર સ્થિત હોટેલ કે ક્રન્ચી ખાતે રાજકોટ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિએશન‘‘ દ્વારા દશ માં વર્ષ મંગલ પ્રવેશ કાર્યક્રમનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમા ત્રીજા પ્રમુખ તરીકે વિજય જાનીની વરણી તથા તેમની શપથવિધિ કરવામાં આવી હતી. સાથે ઉપપ્રમુખ તરીકે શૈલેષ શાહ, સેક્રેટરી તરીકે કેતન મહેતા અને ટ્રેઝરર તરીકે નીરજ ખંભાતીની નિમણૂક થઈ અને પ્રકાશ શાહ, અર્પિત શાહ, જસ્મિન શેઠ, મુંજાલ ચૌહાણ, માધવ માલવીયા, ચેતન વિઠલાણી અને અતુલ સુરાણી સહિત અનેક સમર્પિત સભ્યોની ટીમે પણ નવી ઉર્જાથી કમિટીમાં જોડાણ કર્યું.




શપથવિધિ સમારંભમા રાજકોટ બિલ્ડર એસોસિએશનના પ્રમુખ પરેશભાઈ ગજેરા, ચેરમેન અમિતભાઈ ત્રાંબાડિયા, ઉપપ્રમુખ દિલિપભાઈ લાડાણી, સેક્રેટરી સંદીપભાઈ સાવલિયા તથા ટ્રેઝરર રાજદીપસિંહ જાડેજા વિશેષ ઉપસ્થિત રહ્યા. ઓસ્કાર ગ્રૂપના પાર્થભાઈ તળાવીયા, આર.કે. ગ્રૂપના સરવાનંદભાઈ સોનવાની અને ક્રેડાઈ ગુજરાત કમિટીના પ્રતિનિધિ આશિષ ભાઈ મહેતા, અમિતભાઈ રાજા સહિત સંપત્તિ ટાઈમ્સના રાજેશભાઈ દત્તાણી અને જામનગર પ્રોપર્ટી એસો.ના મેમ્બર્સ,જૂનાગઢ પ્રોપર્ટી કન્સલટન્ટ

### ત્રીજા પ્રમુખ તરીકે વિજય જાની ,ઉપપ્રમુખ તરીકે શૈલેષ શાહ, સેક્રેટરી તરીકે કેતન મહેતાની વરણી

એસોસિએશન ના પ્રમુખ કેવલ ત્રિવેદી સહિતનાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાયમાન બનાવ્યો. મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો દ્વારા સ્વાગત કરાયું અને છઙઈઅ સભ્યોને સન્માનપત્રો આપી સમ્માનિત કરાયા.RPCA: નાનકડા બીજથી લઇ ભવ્ય વટવૃક્ષ સુધી ની સફર: વિજય જાની ,પ્રમુખ ૨૦૧૬ માં નાનકડા પ્રયાસ રૂપે આરંભાયેલ આ સંસ્થા, આજે ૨૦૨૫માં રાજકોટ અને જુનાગઢની સાથે મળીને ૧૦૦થી વધુ સક્રિય સભ્યો સુધી પહોંચી ચૂકી છે. આજે આ સંસ્થા નાનાં અને મોટાં બ્રોકરોના અનુભવો અને વિશેષતાથી શોભાયમાન બની છે - કોમર્શિયલ, રેસિડેનશિયલ અને જમીન ક્ષેત્રે નિપુણતા ધરાવતા મેમ્બર્સની ઉત્તમ ટીમ રચાઈ છે. હવે સંસ્થા સૌરાષ્ટ્રના જામનગર, ભાવનગર, અમરેલી, મોરબી, પોરબંદર, સુરેન્દ્રનગર અને ગાંધીધામ-ભુજ જેવા શહેરોમાં પણ પોતાનો વ્યાપ વિસ્તારવાનો ઉમંગ ધરાવે છે.

### શ્રીમતી સ્મિતાબેન શાસ્ત્રીના નેતૃત્વમાં

## અમદાવાદમાં આજે આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ નિમિત્તે કાર્યક્રમનું આયોજન

અમદાવાદમાં નર્તન સ્કુલ ઓફ કલાસીકલ ડાન્સીસના ડાયરેક્ટ ગુરૂ શ્રીમતી સ્મિતાબેન શાસ્ત્રીના નેતૃત્વમાં આજે તા. ૨૮ના સોમવારે રાત્રે ૮.૩૦ કલાકે પ્રથમ ગૃહનિધિ શ્રી નટવરલાલજી મંદિર ગોસ્વામી હવેલી, ગોસાઇજી મહારાજની પોળ, દોશીવાડાની પોળ, કાલુપુર ખાતે આચાર્ય ગોપીનાથજીના ૨૫૧ વર્ષ તથા આંતરરાષ્ટ્રીય નૃત્ય દિનની ઉજવણી અંતર્ગત આચાર્ય શ્રી રણછોડલાલજી મ.ની નિશ્રામાં વાકપતિ જયોતિ રાસોત્સવના કુંદકલાર્પણ મહોત્સવમાં કુચીપુડી શૈલીના મંદિર નૃત્યો દ્વારા નર્તન સ્કુલની નૃત્યાંગનાઓ નૃત્ય આરાધનાની પ્રસ્તુતિ કરશે.



### પૂ. ધીરજમુનિ મ.ની પાવન નિશ્રામાં

## જૈન બોર્ડિંગના મહાવીર હોલમાં ચંદ્રવદન દેસાઈનું ૨૭ લાખનું અનુદાન

રાજકોટ, તા. ૨૮

રાજકોટના આંગણે ડો. સી.જે.દેસાઇ મહાવીર ભવન, જૈન બોર્ડિંગ પરિસરમાં પૂ. શ્રી ધીરગુરૂદેવની નિશ્રામાં ઋણ સ્વીકાર સ્નેહ મિલન પ્રસંગે ગુરૂદેવ કહેલ કે ગમી જઇએ બધાને એ પણ કયાં ગમે છે બધાને ??? વધુમાં દેસાઇ પરિવારની ઉદારતાનો પરિચય આપણા જણાવેલ કે મને શું મળશે એના કરતા હું શું આપી શકીશ. એ ભાવ જ આપણને પ્રગતિ તરફ લઇ જાય છે. કેમ કે ઘણી વખત જે દોડવાથી નથી મળતું એ છોડવાથી મળી જાય છે.

યુવાદાતા પ્રણય સી. દેસાઇએ દાદાજી ડો. સી.જે.દેસાઇની પુણ્યતિથિ નિમિતે ગુણાનુવાદ કરી ટ્રસ્ટી મંડળે નજરાણા સમાન સંકુલના નિર્માણમાં સહભાગી થવા બદલ ઋણ સ્વીકાર કરેલ. નિલેશ મહેતા (કલકતા)એ દેસાઇ પરિવારની દાન ગંગોત્રીને બિરદાવી હતી. પૂ. ઉષા-વીણાબાઇ મ.સ. ઠાણા-૩ પધાર્યા હતા.

મહાવીર હોલમાં નવકાર મહામંત્ર નામકરણમાં ૨૭ લાખનું દાન જશવંતીબેન અને ડો.સી.જે.દેસાઇએ ઘોષિત કરતા ઉમંગ છવાયો હતો. જીતુભાઇ બેનાણી, મુકેશભાઇ દોશી, ધારાસભ્ય ડો. દર્શિતા શાહ વગેરેએ દેસાઇ પિતા-પુત્રનું સન્માન કરેલ.

આ પ્રસંગે હરેશ વોરા, અશ્વિન કુંભાણી, અપૂર્વ મણીયાર, મુકેશ દોશી, પલ્લવી દોશી, કિશોર દોશી, દીપક મેઘાણી, શશીકાંત કોટીયા, માંડળભાઇ માલધારી, કે.ટી.હેમાણી, રીખવ સંઘવી, રાજેશ કામદાર, એડવોકેટ ઉન્નતિ જુઠાણી, જીતુ અદાણી, રાજેશ પારેખ, કોમલ વોરા, તારક વોરા, દિવ્યેશ મહેતા, સતીશ બાટવીયા, ઇન્દુભાઇ બદાણી વગેરેએ દેસાઇ પરિવારની અનુમોદના કરેલ.

# જીવદયા ગ્રુપ દ્વારા આતંકી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ

### અનેક દાતાઓએ ૬૦ કિલો જાર, ૩૦૦ રોટલી, ૧૦ લીટર દૂધ શ્વાનોને આપ્યું

રાજકોટ,તા.૨૮

તા. ૨૭ એપ્રિલ રવિવાર નાં સાંજે ૫:૩૦ કલાકે શ્રદ્ધાંજલી કાર્યક્રમ જીવદયા ગ્રુપ રાજકોટ દ્વારા આયોજિત અન્ય સંસ્થાઓ નાં લાગણીભર્યા સહકારથી જેમકે રાજકોટ મહાજન શ્રી ની પાંજરાપોળ, એનિમલ હેલ્પલાઇન કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ રાજકોટ, વિવેકાનંદ યુથ કલબ રાજકોટ, જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ વેસ્ટ, બાપા સીતારામ ગૌ સેવા મંડળ, શ્રી જનસેવા ટ્રસ્ટ, જય સીયારામ મિત્ર મંડળ, મકાઈ સેવા ગ્રુપ, સહારા યુવા ગ્રુપ, જય માતાજી અબોલ જીવ માનવ સેવા કેન્દ્ર સેવાકીય વગેરે સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ. આ સમયે ફૂલ તેમજ સર્વે દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા બેનર ને સાથે રાખી સર્વે એ ભેગા મળીને પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો નાં સ્તવન સાથ શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ હતી.હાલમાં કાશ્મીરના પહેલગામની અંદર પર્યટકો ઉપર જે આતંકવાદીઓ એ કાયરતાપૂર્વક નિર્દોષ ૨૬ લોકોની નિર્મમ હત્યા કરવામાં આવી તેને સખત શબ્દોમાં વખોડી દેશની એકતા અંખડતા બતાવવા શહીદોને શ્રદ્ધાંજલી આપવાના કાર્યક્રમમાં સર્વો રાષ્ટ્રવાદી, દેશપ્રેમી એકજૂઠ થઈ શ્રધ્ધાંજલી પાઠવેલ. આ સમયે સૌના વડીલ અગ્રણી એવા અનુપમભાઈ દોશી ના કુશળ માર્ગદર્શન હેઠળ જીવદયા ગ્રુપ ના મોભી ઉપેનભાઈ મોદી વતી વિરેન્દ્રભાઈ સંઘવી તેમજ અન્ય સંસ્થાઓ વતી મેહુલભાઈ રવાણી એ અને અંતમાં અરૂણભાઇ નિર્મળે શાબ્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ હતી. જીવદયા ગ્રુપ રાજકોટના મોભી ઉપેનભાઈ મોદી માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવેલ જેમાં વિવેકાનંદ યુથ કલબનાં અનુપમભાઈ દોશી, પરીમલભાઈ જોશી, જય સીયારામ મિત્ર મંડળના હરીશભાઈ હરિયાણી, જે પી ગોહેલ, વિનોદભાઈ વાડોદરિયા, ભરતભાઈ મકવાણા, નિશાંત હરીયાણી, ભરતભાઈ ભીંડા, બાપા સીતારામ ગૌ સેવા મંડળના હિરેનભાઈ કામદાર, સમીરભાઈ કામદાર, જનસેવા ટ્રસ્ટના અજયભાઈ વખારીયા, ફિરોજભાઈ ચારણીયા, જૈન સોશયલ ગ્રુપ રાજકોટ વેસ્ટના મેહુલભાઈ રવાણી, હર્ષદભાઈ મહેતા, વિરેન્દ્રભાઈ સંઘવી, હરેશભાઈ દોશી, કિર્તીભાઈ પારેખ, જય માતાજી અબોલ જીવન માનવ સેવા કેન્દ્ર નાં શ્રી ચંદુભાઈ ગોળવાળા, મનુભાઈ બલદેવ, માંડણભાઈ ભરવાડ, જીવદયા ગ્રુપ રાજકોટ અને મકાઈ સેવા ગ્રુપના મિત્રો ભરતભાઈ બોરડીયા, હિતેશભાઈ દોશી, નિલેશભાઈ શાહ, વિજયભાઈ દોશી, શૈલેષભાઈ ઉદાણી, ડિમ્પલબેન શાહ, અલકાબેન બોરડીયા, કેતનાબેન વોરા, રૂબીબેન દોશી, જીગરભાઈ દોમડીયા, જયશ્રીબેન દોમડીયા, નિરવભાઈ પારેખ, શ્રદ્ધાબેન પારેખ, વિહાનભાઈ પારેખ, દીપકભાઈ મીઠાણી, મીનાબેન પારેખ, બીનાબેન દોશી, ભાવિશાબેન બાટવીયા, જયભાઈ બાટવીયા, જીમીબેન સંઘવી, હીનાબેન સંઘવી, આરતીબેન દોશી, અંકુરભાઈ મકવાણા, મધુબેન મકવાણા, હેમાબેન મોદી અને પારસભાઈ મોદી વગેરે હાજર રહ્યા હતા તથા જહેમત ઉઠાવેલ હતી. આ સમયે દાતાઓના સહકારથી જીવદયા કાર્ય કબૂતરોને ૬૦ કિલો જાર, ૭ બાચકા ખિસકોલીઓને મકાઈ, ૩૦૦ રોટલી તથા ૧૦ લીટર દૂધ શ્વાનોને તેમજ ૨૨ કિલો કીડીયારું અર્પણ કરવામાં આવેલ.

### બંધુબેલડી આ. શ્રી હેમચંદ્રસાગરસૂરીજી મ. આદિની નિશ્રામાં

## રતલામમાં ગણિવર્ય પૂ. શ્રી તારકચંદ્રસાગરજી મ.નો ગુરૂવારે પંન્યાસ પદ પ્રદાન મહોત્સવ ઉજવાશે

રાજકોટ, તા. ૨૮

આચાર્ય બંધુબેલડી આ. શ્રી જિનચંદ્રસાગરસૂરીજી મ. તથા આ. શ્રી હેમચંદ્રસાગરસૂરીજી મ.ના શિષ્ય રત્ન ગણિવર્ય શ્રી તારકચંદ્રસાગરજી મહારાજનો પંન્યાસ પદ પ્રદાન ઉત્સવ આગામી તા. ૧લી મેના કાટજુનગર-રતલામ (મ.પ્ર.) ખાતે યોજવામાં આવેલ છે.



શતાધિક શિષ્ય શિલ્પી બંધુબેલડી ગુરૂદેવ પૂ. આ.ભ.શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે ગણિવર્ય શ્રી તારકચંદ્રસાગરજી મહારાજને પંન્યાસ પદ પ્રદાન થશે.

આ પ્રસંગે પૂ. આ. શ્રી નયચંદ્રસાગરસૂરીજી મ., આ. શ્રી પ્રસન્નચંદ્રસાગરસૂરીજી મ., આ. શ્રી વિરાગચંદ્રસાગરસૂરીજી મ., આ. શ્રી પદ્મચંદ્રસાગરસૂરીજી મ., આ. શ્રી આનંદચંદ્રસાગરસૂરીજી મ., પૂ. ગણિવર્ય અજિતચંદ્રસાગરજી મહારાજ આદિ વિશાળ શ્રમણ-શ્રમણીઓની નિશ્રા રહેશે.

વૈયાવચ્ચી, વિખ્યાત લેખક, શુધ્ધ સંયમ આરાધક પૂ. ગણિવર્ય શ્રી તારકચંદ્રસાગરજી મ. થોડા સમય પૂર્વે રાજકોટમાં શ્રી માણિભદ્રવીર આરાધના ભવન (મણિયાર જૈન સંઘ) ખાતે પધાર્યા હતા. તેમનો પંન્યાસ પદવી પ્રદાનનો કાર્યક્રમ તા.૧લી મેના ગુરૂવારે મૃદુલધામ, જૈન મંદિર, કાટજુનગર, રતલામ (મ.પ્ર.) ખાતે યોજાનાર છે. તેમ અયોધ્યાપુરમ તીર્થના મેનેજીંટ ટ્રસ્ટી જયંતભાઇ મહેતાએ જણાવેલ છે.




# પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત જ્ઞાન પ્રબોધિની પ્રોજેક્ટ અંતર્ગતની પ્રવેશ પરીક્ષા સંપન્ન

રાજકોટ,તા.૨૮

પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ભણવામાં તેજસ્વી પરંતુ આર્થિક રીતે નબળા પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે છેલ્લા ૨૫ વર્ષથી જ્ઞાન પ્રબોધિની પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે જે અંતર્ગત ધો.૭ માં સરકારી કે ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેમણે ધો.૭માં પ્રથમ સેમેસ્ટરમાં ૮૫% કે તેથી વધુ માર્કસ મેળવ્યા છે તેવા ૫૬૫ વિદ્યાર્થીઓએ આજ રોજ રૈયા રોડ, વૈશાલીનગર, શેરી નં.૨ અને શેરી નં.૩ માં આવેલ એચ.એન. શુકલા કોલેજ ખાતે વહેલી સવારે આવી પહોંચ્યા હતા અને ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાન એવા ચાર વિષયોની લેખિત પરીક્ષા શાંત અને સુંદર વાતાવરણમાં શિસ્ત બદ્ધ રીતે આપી હતી. ૬ કલાકમાં આ પરીક્ષા કાર્યક્રમમા બે વિષયની પરીક્ષા પછી ટ્રસ્ટ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ભાવતા ભોજનીયા પણ કરાવવામાં આવ્યા હતા.

## બુધવારે સમસ્ત ભાલોડીયા પરિવાર દ્વારા ૨૬ મો વાર્ષિક મહોત્સવ તથા કુટુંબ મેળો યોજાશે

### ૨૬વર્ષથી અવિરત આયોજન

રાજકોટ, તા.૨૮

ભાલોડીયા ચેરીટેબલ ટ્રસ્ટ મોમાઈ ધામ મેડી તથા સમસ્ત ભાલોડીયા પરિવાર દ્વારા આયોજિત ૨૬ મો વાર્ષિક મહોત્સવ તથા ભાલોડીયા પરિવારનો કુટુંબ મેળો આગામી તા. ૩૦ એપ્રિલને બુધવારના રોજ આયોજન કરેલ છે.

જેમાં સમગ્ર ગુજરાતમાંથી વસતા ભાલોડીયા પરિવારના પરિવારજનોને સહ પરિવાર દર વર્ષે પધારે છે. આ કુટુંબ મેળાની વિશેષતા એ છે કે, સળંગ ૨૬ વર્ષથી એક જ તારીખે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તા.૩૦ના રોજ પંચમહાકુંડી યજ્ઞ, તેજસ્વી તારલા સન્માન, ધ્વજાજીની શોભાયાત્રા, દાતાઓના સન્માન તથા આસિફ ઝેરિયા ગ્રુપ દ્વારા શ્રીનાથજીની ઝાંખી તથા આઠે સમાના દર્શન જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે.

## બ્રહ્મ સેનાના ૨૭ મા સ્થાપના દિવસે વિધાર્થીઓને ઈનામ વિતરણ: શ્રી પરશુરામ જન્મોત્સવ સાદગીપૂર્વક ઉજવાશે

બ્રહ્મ સેના સમગ્ર ગુજરાત રાજ્યના વિવિધ ક્ષેત્રમાં કાર્યરત છે જે મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈ સુધી કાર્યરત છે, જે ઈ.સ.૧૯૯૮/૯૯ થી રાજકોટ ખાતે થી શરૂ કરી હતી માનનીય હિના હૃદય સમ્રાટ બાળા સાહેબ ઠાકરે જી ની શિવસેના સંગઠન થી પ્રેરિત થઈને ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ દિવસે અક્ષય તૃતીયાના રોજ જે હાલ વિશાળ વટવૃક્ષ સમાન કાર્યરત છે.કાશ્મીરમાં આંતકવાદીઓ દ્વારા પ્રવાસી પરના હુમલો ને લઈને સાદગી થી ઉજવણી કરવામાં આવે છે. ચિરંજીવ ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ દિવસે આવતીકાલે મંગળવારે સવારે ૮.૩૦ થી પુજન અર્ચના કરીને વિધાર્થીઓ જે ૨૦૨૪ માં LKG થી ધોરણ..૧૦.૧૨ અને કોલેજ સુધીના જેઓ પરીક્ષા પાસ કરી હતી તેઓ ને ઈનામ વિતરણ પાણી ના ઘોડા પાસે પેડક રાજકોટ ખાતે કરવામાં આવશે.

## નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પ યોજાયો

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટના ઉપક્રમે નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પ સફળતા પૂર્વક યોજાયેલ.રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા કેમ્પમાં ઉપસ્તિથ રહી સારવાર નિહાળી સેવા કાર્ય ને બિરદાવેલ.જેમાં ૧૦ દર્દીઓને દાંતની બત્રીસી માટે માપ લેવામાં આવેલ દાંત અને પેઢા ના રોગ ના દર્દીઓ ને તપાસી સારવાર અને સલાહ આપવામાં આવેલ.






**પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના બંગલા પાસેથી પસાર થવાની અલ્પેશ કથીરીયાની હિંમત ટોળુ જોઇને ભાંગી પડી : બાયપાસ રવાના!**

# ગોંડલમાં રવિવારે રાજકીય હીટવેવ : અલ્પેશ કથીરીયાના કાફલા પર હુમલો : અનેક ગાડીઓના કાચ તૂટયા : ગણેશ-કથીરીયાના સમર્થકો સામસામેઃ ગુના દાખલ

## ગણેશ જાડેજાના સમર્થકોનો જબરો વિરોધ : ઠેર ઠેર મહિલાઓ સાથે લોકોના ટોળાએ સુત્રોચ્ચાર સાથે મેદાનમાં ઉતરી કથીરીયાના કાફલાને રોકવાનો કર્યો પ્રયાસ : પથ્થરબાજી : અંતે સમય પારખી રૂટ બદલાવી કાફલો ખોડલધામ જવા રવાના થયો : ત્રણ કલાકના હાઈવોલ્ટેજ ડ્રામાથી પોલીસને પરસેવો વળી ગયો

(જીતેન્દ્ર આચાર્ય દ્વારા)
ગોંડલ તા.૨૮

ગોંડલમાં હું ફરવા આવુછુની પોસ્ટ મુકી જીગીશા પટેલ સાથે ગઇકાલે ગોંડલ આવી પંહોચેલા અલ્પેશ કથીરિયા નાં કાફલાને ગણેશનાં સમર્થકો નો જબરો વિરોધ સહેવો પડ્યો હતો.ઠેરઠેર અલ્પેશ કથીરિયાનો વિરોધ દર્શાવતા બેનરો સાથે મોટી સંખ્યા મા રોડ પર ઉતરી આવેલા મહીલાઓ સહિત નાં લોકોએ અલ્પેશ કથીરિયાનાં કાફલાને રોકવા નારાબાજી કરી પ્રયત્ન કર્યા હતા.આશાપુરા ચોકડી પાસે લોકોનાં ટોળા એ અલ્પેશ નાં કાફલામાં સામેલ ગાડીઓ નાં કાચ ફોડી નાખી હુમલાનો પ્રયાસ કર્યો હતો.આ સમયે પત્થરબાજી પણ થઇ હતી.સમય પારખી અલ્પેશ કથીરિયા પોતાનો રુટ બદલાવી પ્રતિમાઓને હારતોરા કરી ખોડલધામ જવા રવાના થઇ ગયા હતા.ગણેશ જાડેજા નાં સમર્થકો ઠેરઠેર વિરોધ પ્રદર્શિત કરી રહ્યા હોય અલ્પેશ કથીરિયા રાજમાર્ગોપર ફરી શક્યા હતા નહી.અલ્પેશ કથીરિયાએ ગોંડલ ખરેખર મિર્ઝાપુર છે.એ સાબીત થયાનુ અને જયરાજસિંહ જાડેજાએ આ જનતાનો જવાબ હોવાનુ મિડીયાને જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક સમયથી અલ્પેશ કથીરિયા,જીગીશાબેન પટેલ દ્વારા જયરાજસિંહ જાડેજાનાં પરીવાર ની ટીક્કા ટિપ્પણીઓ સાથે ગોંડલ માં ગુંડારાજ ચાલી રહ્યાનાં આક્ષેપો સોશ્યલ મિડીયામાં કરાઇ રહ્યા હતા.

આક્ષેપોનો જવાબ આપવો હોય તેમ પાટીદારોની બહુમતી ધરાવતા સુલતાનપુર માં ગણેશ જાડેજાએ જનાક્રોશ સભા લઇ અલ્પેશ કથીરિયા સહિત ને પડકાર ફેંક્યો હતો.જેને લઇ ને અલ્પેશ કથીરિયા જીગીશા પટેલ સહિત સવારે ગોંડલ આવી પંહોચ્યા હતા.

અલ્પેશ કથીરિયાની ગોંડલ મુલાકાત ને લઇને ગોંડલમાં ઉતેજના નો માહોલ છવાયો હતો.ગણેશ ગોંડલનાં સમર્થકો શનિવાર રાત થી જ એકઠા થઇ અલ્પેશ કથીરિયાનો વિરોધ દર્શાવવા આક્રમક બન્યા હોય ગોંડલ માં જીલ્લાભર ની પોલીસનો બંદોબસ્ત તૈનાત કરી દેવાયો હતો.

અલ્પેશ કથીરિયા રાજકોટથી ગોંડલ આવવા નિકળ્યા ત્યારે રસ્તામાં રીબડા,ભુણાવા,ભરૂડી,શેમળા ચોકડી,બીલીયાળા, ભોજપરા સહિત નેશનલ હાઇવે પર ઉતરી આવેલા લોકોએ કાળા વાવટા અને બેનરો રાથે અલ્પેશ કથીરિયાનો વિરોધ દર્શાવ્યો હતો.

અલ્પેશ કથીરિયાનો કાફલો ગોંડલ આશાપુરા ચોકડીએ પંહોચ્યો ત્યારે તેની સાથે યુદ્ધ એજ કલ્યાણ ગૃપ નાં લોકો જોડાયા હતા.પરંતુ અલ્પેશ કથીરિયાને આશાપુરા ચોકડી પર ગણેશ નાં સમર્થકોનો ભારે સામનો કરવો પડ્યો હતો.પોલીસ નો બંદોબસ્ત હોવા છતા સમર્થકોએ અલ્પેશ કથીરિયાની ગાડી રેકી હાયહાય નાં સુત્રોચારો સાથે હલ્બાબોલ કરી મુકતા પેલીસે મહામહેનતે અલ્પેશ નાં કાફલાને કોર્ડન કરી આશાપુરા મંદિરે પંહોચાડ્યા હતા.દરમિયાન અલ્પેશ કથીરિયાની ગાડી સહિત અન્ય ગાડીઓ નાં કાચ ફોડાયા હતા.અને પત્થરબાજી થઇ હતી.

આશાપુરા મંદિરે દર્શન કરી અલ્પેશ કથીરિયા,જીગીશા પટેલ,ધાર્મિક માલવીપા સહિત કાફલો અક્ષર મંદિર પંહોચ્યો હતો.જ્યાં ગણેશ નાં સમર્થન માં ઉમટેલી મહીલાઓ એ નારાબાજી કરી કાફલાને અટકાવ્યો હતો.મહીલાઓ ને ખદેડી અલ્પેશ નાં કાફલાને અક્ષર મંદિર પંહોચાડવામાં પોલીસ ને પરસેવો વળી ગયો હતો.અક્ષર મંદિર થી જયરાજસિંહ જાડેજાનાં નિવાસસ્થાન અને ત્યાંથી લઈ મુખ્ય રાજમાર્ગોપર કોલેજચોક સુધી મહીલાઓ સહિત ગણેશ જાડેજાનાં સમર્થકોનાં ટોળા ઉમટી પડ્યા હોય રોડ બ્લોક થવાથી અલ્પેશ કથીરિયાનાં કાફલએ રુટ બદલી ખટારાસ્ટેન્ડ ડો.આંબેડકર ની પ્રતિમા એ પંહોચી ફુલહાર કર્યા હતા.ત્યાંથી જેલચોક પંહોચી શહીદ ભગતસિંહ ની પ્રતિમા ને ફુલહાર કરી જેતપુર રોડ ત્રણ ખુણીયા એ પંહોચી સરદાર પટેલ ની પ્રતિમાને ફુલહાર કર્યા હતા.અહી ગણેશ નાં સમર્થકો પંહોચી જતા માહોલ ગરમાયો હતો.જપાજપી ની ઘટના પણ બની હતી.બાદમાં ગોંડલ ફરવાનો પ્રવાસ ટુંકાવી અલ્પેશ કથીરિયા,જીગીશા પટેલ, ધાર્મિક માલવીયા સહિત નો કાફલો ખોડલધામ જવા રવાના થયો હતો.

ગોંડલમાં અલ્પેશ કથીરિયાની મુલાકાત ને લઇ ને અઢી થી ત્રણ કલાક ચાલેલા હાઇવોલ્ટેજ ડ્રામા વચ્ચે શહેર માં વાતાવરણ તંગ બન્યુ હતુ.

આ બનાવમાં અલ્પેશ કથીરિયાનો કાફલો ગોંડલ માં પ્રવેશી રહ્યો હતો.ત્યારે આશાપુરા ચોકડીએ અલ્પેશ કથીરિયાની ગાડીનાં કાચ તોડી તોડફોડ કરવા અંગે ઇન્દ્રજિત ભરૂડી,પીન્ટુ સાવલિયા, લક્કીરાજસિંહ,નિલેશ ચાવડા, પુષ્પરાજ સહીત અજાણ્યા વીસ ઇસમો વિરુધ્ધ પીએસઆઇ વી.જી.જાડેજાની ફરિયાદ પરથી બી'ડીવીઝન પોલીસમાં રાયોટીંગ અંગે ગુન્હો દાખલ કરાયો છે.પીઆઇ ગોસાઇ તથા ટીમે બે ઇસમો પુષ્પરાજ તથા નિલેશ ચાવડાની તેના ઘરેથી ધરપકડ કરી અન્યોની શોધખોળ શરૂ કરી છે.

## આશાપુરા ચોકડીએ ટોળા પર કાર ચડાવી મનુષ્યવધના પ્રયાસ અંગે કારચાલક સામે ગુનો દાખલ

(જીતેન્દ્ર આચાર્ય દ્વારા) ગોંડલ, તા. ૨૮

આશાપુરા ચોકડીએ અલ્પેશ કથીરિયાની કાર નો ઘેરાવ કરી રહેલા ટોળા પર જીજે ૩૬ બ્રેજા કાર નાં ચાલકે સામે ટોળુ હોવા છતા પુર જડપે કાર ચલાવી ગુન્હાહિત મનુષ્યવધ નો પ્રયાસ કરતા બી'ડીવીઝન પોલીસ માં બીએનએસ કલમ ૧૧૦ મુજબ પુષ્પરાજસિહ વાળાએ ફરિયાદ કરતા પોલીસે કાર ચાલકની શોધ શરૂ કરી છે.

## ગોંડલ ખરેખર મિર્ઝાપુર હતું એ આજે સાબિત થયું છેઃ અલ્પેશ કથીરીયા

### અનેક પાટીદારોની હત્યા થઇ તેના ગુનેગારો આઝાદ થઇ ફરી રહ્યા છે, સરકાર સુધી અવાજ પહોંચાડવા કાર્યક્રમ કર્યો છેઃ જીગીશા પટેલ

ગોંડલ, તા.૨૮

ગોંડલ ખાતે અલ્પેશ કથીરિયાને લોકો વચ્ચે આવી સંબોધન નો મોકો મળ્યો ના હતો.પરંતુ મિડીયા સામે તેમણે કહ્યુ કે લોકશાહી માં વિરોધ થવો જોઈએ પણ જે રીતે હિંસાગીરી થઇ રહીછે.રેલીને રોકવાનો, લોકોને માર મારવાનો અને પોલીસ ની હાજરીમાં ગાડીઓ પર હુમલા કરવા ખરેખર ગોંડલ મિર્ઝાપુર હતું એ આજ સાબીત થયુછે.સ્વાભિમાન પર આંગળી ઉઠાવાશે ત્યારે ગોંડલ ચોક્કસ આવીશુ.પત્રકારો એ અલ્પેશ ને પ્રશ્નોતરી કરીકે પાટીદાર મુખ્યમંત્રીછે. ગોંડલ રાજકોટ માં પાટીદાર સાંસદ છે.તો પાટીદારો કેમ ભય માં? આ વેળા અલ્પેશ કથીરિયાએ ફેરવી તોળ્યુ કે ગોંડલ માં ફક્ત પાટીદારોની વાત નથી અઢારે આલમની વાત છે.માત્ર કોઇ એક સમાજ ની વાત નથી.તેમણે કહ્યુ કે ગોંડલ ની પ્રજા પીડા ભોગવી રહીછે.તે જાણવા નો પ્રયાસ છે.

જીગીશા પટેલે કહ્યુ કે ગોંડલ માં પ્રવાસી તરીકે આવ્યા છીએ, અહી બધા આવી શકે.ગોંડલ કોઇ ની જાગીર નથી.વિનુભાઈ શિંગાળાની પ્રતિમા મુકવાની વાત કરી ત્યાં આ લોકો હલી ગયા.ઘણા પાટીદારોની હત્યા થઈ. તેના ગુનેગારો આઝાદ થઇ ફરી રહ્યાછે.તેમણે કહ્યુ કે હું ભારતીય જનતા પાર્ટી ને સવાલ કરુછુ કે આવા ગુન્હેગારોની તમારે શું જરુર છે.સરકાર સુધી અવાજ પંહોચાડવા આ કાર્યક્રમ કર્યો છે.અલબત પત્રકારો નાં કેટલાક સવાલોના જવાબ જીગીસા પટેલ આપી શક્યા ના હતા.

## ગૃહમંત્રી ગોંડલમાં ગુંડાઓનો વરઘોડો કેમ કાઢતા નથી? અમિત ચાવડા

### ઘટનાને ભાજપની ગેંગવોર ગણાવતા વિધાનસભા વિરોધ પક્ષના નેતા

(જીતેન્દ્ર આચાર્ય દ્વારા)
ગોંડલ, તા. ૨૮

કોંગ્રેસનાં સંગઠન સૃજન અભિયાન અંતર્ગત ગોંડલ માં આવેલા વિધાનસભાનાં વિપક્ષી નેતા અમિત ચાવડાએ કહ્યુકે ગુજરાત માં ગુંડારાજ ચાલેછે.ખેડુતો દુખીછે.પ્રજા પરેશાન છે.તેનો અવાજ કોંગ્રેસ બનશે.સંગઠન સૃજન અભિયાન જીલ્લા સંગઠન માટેનુ અભિયાન છે.સંગઠન અભિયાનનો હેતુ સામાન્ય લોકોનું રાજ આવે તેવુ અભિયાન છે.તેમણે ગોંડલમાં ગઇકાલે અલ્પેશ કથીરિયાની મુલાકાત ને ભાજપની આંતરિક ગેંગવોર ગણાવી હતી. ગૃહમંત્રી નાના નાના વરઘોડા કાઢેછે.તો ગોંડલમાં ગુંડાઓનો વરઘોડો કેમ નથી કાઢતા તેવો સવાલ ઉઠાવ્યો હતો.અમીત ચાવડાએ કહ્યુ કે રાહુલ ગાંધી બીજી આઝાદી ની લડાઇ લડી રહ્યાછે. ભાજપવાળા કાળા અંગ્રેજો છે. ગુજરાતમાં અંગ્રેજ સાશન ચાલેછે.

રાહુલ ગાંધીએ મોદીની આંખ માં આંખ મિલાવી કહ્યુ કે ૨૦૨૭ માં ગુજરાત માં ભાજપને હરાવીશુ અને ગુંડારાજ ખત્મ કરીશુ.




અમીત ચાવડાએ ભાજપ પર પ્રહાર કરતા કહ્યુ કે ભાજપ નાં પાપ નો ઘડો ભરાઇ ગયોછે.ઘડામાં કાંકરી મારવાનું કાર્ય કોંગ્રેસ કરશે.લોકો ધરાઇ ગયાછે.કોંગ્રેસ તરફ આશા રાખી બેઠાછે.

યતિષભાઈ દેસાઈ એ ગોંડલ માં કોંગ્રેસ નાં કાર્યકર્તાઓ સંઘર્ષ કરી રહ્યાનું જણાવ્યુ હતુ.યતિષભાઈ દેસાઈ એ ગોંડલ માં અલ્પેશ કથીરિયાની રેલીને પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજાએ કોંગ્રેસ નુ કાવતરુ હોવાનુ કહ્યુ હોય તે અંગે આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યુ કે જયરાજસિહ તમે પુત્ર પ્રેમ મુકી ગોંડલ પ્રત્યે ધ્યાન આપો.અને કોંગ્રેસ ને બદનામ કરવાનુ બંધ કરો.

## ધારાસભાની ચૂંટણીને હજુ વાર છે પણ અણવર નહીં, વરરાજા બનીને આવોઃ જયરાજસિંહ જાડેજા

### ગોંડલની જનતાએ કથીરીયાને જાકારો આપી દીધો છે

ગોંડલ, તા.૨૮

જયરાજસિહ જાડેજાએ કહ્યુ કે ગોંડલની જનતા એ અલ્પેશ કથીરિયાને જાકારો આપી જવાબ આપી દિધોછે.આ લોકો ચુંટણી પહેલા પાળ બાંધવા આવ્યા છે.પાટીદાર આંદોલન માં નાપાસ થયેલા લોકોછે. અલ્પેશ કથીરિયા ભાજપમાં હોવા છતા અહી ભાજપનું વાતાવરણ બગાડવા આવ્યાછે.આ અંગે હું ભાજપ હાઇકમાન્ડ ને ફરિયાદ કરીશ.

જયરાજસિંહ જાડેજાએ કહ્યુકેબહાર થી આવેલા લોકો ગોંડલ ને બદનામ કરી રહ્યાછે.અહી શાંતિ અને અમનચૈનનું વાતાવરણ છે. પરંતુ શાંતિ તોડવાનુ ષડયંત્ર કોંગ્રેસ પ્રેરીત છે.કોંગ્રેસ નાં દિનેશભાઈ પાતરે અમારા બેનરો તોડ્યા છે.તેનો આ જનાક્રોશ છે.

બહારથી આવેલા લોકોને અહી નાં પાટીદાર સમાજ ની સમજ નથી. વર્ષોથી પાટીદાર સમાજ ની આગેવાની કરતા પરસોતમભાઈ વઘાશીયા,મગનભાઈ ઘોણીયા સહિત આગેવાનો મારી સાથે છે.

ગોંડલ ને ટાર્ગેટ બનાવનારાઓ ને કહું છું કે અણવર બનીને નહી વરરાજા બનીને આવો, જનતા જવાબ આપશે.ધારાસભાની ચુંટણીને હજુ ખાસ્સી વાર છે.પણ આગામી સમય માં નગરપાલીકા, તાલુકા પંચાયત સહિત ગોંડલ ની ચાર સંસ્થાઓ ની ચુંટણીઓ આવી રહીછે.તેમાં વરરાજા બનીને આવો તેવી મારી અપીલ છે. પ્રજા જવાબ આપી દેશે.

તેમણે કહ્યુ કે આ ગોંડલ ને ઉશ્કેરવાનો પ્રયાસ છે.પણ જનતા મારી સાથે છે.

# સુરજદેવળ મંદિરે સાડા ત્રણ દિવસના કાઠી દરબારોના ઉપવાસ પર્વનો પ્રારંભ






## ૨૦૦થી વધુ અશ્વોના કાફલા સાથે ભગવાન સૂર્યનારાયણની રથયાત્રા નીકળી

(જીજ્ઞેશ શાહ દ્વારા) ચોટીલા તા. ૨૮

સૌરાષ્ટ્રનાં એક પ્રાત ને કાઠિયાવાડની ઓળખ આપનાર કાઠી ક્ષત્રિય દરબારોના ઇષ્ટ દેવ ના નવા સુરજદેવળ મંદિર ખાતે સોમવારના ઐતિહાસિક ઉપવાસ પર્વ ઉત્સવનો શુભારંભ હજારો લોકોની ઉપસ્થિતિમાં જય સૂર્યદેવના નાદ સાથે થયો છે. ચોટીલા પાસે આવેલ નવા સુરજ દેવળ ખાતે આજથી સાડા ત્રણ દિવસના ઉપવાસ શરૂ થતા જ કાઢી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપવાસ કરવા માટે નવા સુરજ દેવળ મંદિર ખાતે પહોંચી ઉપવાસ શરૂ કર્યા હતા. તે પ્રસંગે સવારે નાવા ગામે થી સુર્ય યુવા ગ્રુપ તેમજ ચોટીલા દરબાર ખાચર બળવીરભાઈ, જયદીપભાઈ, રઘુવીરભાઈ સહિત સમસ્ત નાવા ગામના લોકો દ્વારા સામૈયા કરીને સુર્ય રથ ને નવા સુરજ દેવળ મંદિર તરફ પ્રસ્થાન કરાવ્યું હતુ. તેમજ સુર્ય રથયાત્રામાં હજારોની સંખ્યામાં કાઠી દરબાર સમાજના લોકોની હાજરી જોવા મળી હતી આ રથ યાત્રામાં ૨૦૦થી વધુ અશ્વ સ્વારો સાથે ૫૦૦ જેટલા વાહનો ના કાફલા સાથે હજારો કાઠી દરબારો સુર્ય નારાયણની રથયાત્રામાં જોડાયા હતા. નવા સુરજ મંદિર ખાતે નવા સુરજદેવળ મંદિરમાં ૧૮૦૦ વીઘા જમીન સૂર્ય અર્પણ કરનાર ભૂમિદાતા સ્વ.દરબાર રાણીગબાપુ સોમલાબાપુ ખાચર (ચોટીલા)ના પરિવારજનો દ્વારા રાત્રીના સવા બાર વાગ્યે નિજ મંદિરમાં દીપ પ્રાગટ્ય કરી અને ઉપવાસ પર્વનો કરાવવામાં આવેલ હતો

## નવા સૂરજદેવળ ખાતે ઉપવાસ પર્વ સાથે વિશ્વશાંતિ અર્થે મહાયજ્ઞ, ગૌશાળાના લાભાર્થે લોકડાયરો યોજાશે

ગુજરાત અને ભારતમાં વસતા કાઠીદરબારો વર્ષો પૂર્વની ઘટનાને યાદ કરી દર વર્ષની વૈશાખ સુદ એકમથી ચોથના બપોરે પારણા કરી સાડાત્રણ દિવસના ઉપવાસ વિવિધ સુર્યસ્થાને કરે છે, જેમા હજારોની સંખ્યામાં ચોટીલા પાસે આવેલા નવાસુરજદેવળ તેમજ થાનગઢ પાસે આવેલા જૂના સુરજદેવળ સ્થાને ઉપવાસીઓ જોવા મળે છે, ઘણા લોકો પોતાની અનુકુળતા મૂજબ નજીકના આશ્રમોએ તેમજ પોતાના ઘરે રહીને પણ સુર્યદેવ ની પ્રતિમા સમક્ષ દિપ પ્રજ્વલિત કરી કાઠી સમાજનાં ભાઇ બહેનો ઉપવાસ અનુષ્ઠાન કરતાં હોય છે. નવા સુરજદેવળ મુકામે કાઠી સમાજના ભાઈઓ ભગવાન સુર્યનારાયણનાં સાનિધ્યમાં સાડા દિવસનાં ઉપવાસ અનુષ્ઠાન માટે મોટી સંખ્યામાં રોકાઇ ઇષ્ટ દેવને રીઝવવા તેઓની ઉપાસના આ ઉપવાસ પર્વ દરમ્યાન કરે છે.

ઉપવાસ પર્વ નિમિત્તે ચાલનારા સાડા ત્રણ દિવસના કાર્યક્રમમાં પૂજ્ય સંતો મહંતો. ચારણ જગદંબાઓ આઇમાં તેમજ સામાજિક. રાજકીય આગેવાનો ઉપવાસના દિવસોમાં દર્શનાર્થે આવે છે. મોટી સંખ્યામાં કાઠી સમાજનાં ભાઇઓ મંદિર પટાગણમાં રહીને જ ઉપવાસ સાથે નામજાપ સાથે ૨૪ કલાક માળા ફેરવતા હોય છે અને ઉપાસના કરતા હોય છે. પર્વ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે આવે છે. અને આરતીનો લાહવો લેતા હોય છે. નવા સુરજદેવળ ખાતે ઉપવાસ પર્વ સાથે વિશ્વશાતિ અર્થે મહાયજ્ઞ, તેમજ ગૌ શાળાનાં લાભાર્થે લોક ડાયરો સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયેલ છે. સમગ્ર આયોજન માટે સૂર્યા યુવા ગૃપ ના યુવાનો દ્વારા તમામ જહેમત ઉઠાવવામાં આવેલ છે.

### ઉપવાસ પર્વ કયારે શરૂ થયું ?

૧૭/૧૮મી સદીમાં સુજાતખાને જૂના સુરજદેવળ ઉપર હુમલો કર્યો અને ઘણા કાઠીઓ વિરગતિ પામ્યા તેની યાદમા આ ઉપવાસ પર્વ ઉજવાય છે,આ સાડા ત્રણ દિવસના ઉપવાસ પર્વને પ્રાચીન કાઠી દરબારોનો કષ્ટ હર સ્મૃતિ દિન તરીકે મનાવવામાં આવે છે. કાઠિયાવાડમાં વસતા કાઠી દરબારો વર્ષો પૂર્વની ઘટનાને યાદ કરીને દર વર્ષની વૈશાખ સુદ એકમથી ચોથના બપોર સુધી ઉપવાસ રાખે છે.એવું કહેવામાં આવે છે કે ઘણાં વર્ષો પહેલાં સુજાતખાને સુરજદેવળ ઉપર હુમલો કર્યો અને ઘણા કાઠીઓ વિરગતિ પામ્યા હતા. જેમની યાદમાં આ ઉપવાસ પર્વ ઉજવવામાં આવે છે તેમ જાણવા મળે છે.

### સાડા ત્રણ દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે

તા. ૨૮.૪.૨૦૨૫ના સવારે ૧૦:૩૦ કલાકે સમસ્ત જીવ સૃષ્ટિ કલ્યાણ અર્થે મંદિર પટાંગણમાં વિદ્વાન બ્રાહ્મણશ્રી ઓ દ્વારા મંત્ર જાપ સાથે યજ્ઞ. હવન કરવામાં આવશે જેમાં મોટી સંખ્યામાં કાઠી દરબારો યજ્ઞમાં આહુતિ આપશે.તા. ૩૦.૪.૨૦૨૫ ના રોજ રાત્રે ૯:૩૦ કલાકે ગૌશાળાના લાભાર્થે ભવ્ય લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧.૫.૨૦૨૫ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞમાં બિડુ હોમાશે ત્યાર પછી ઉપવાસીઓ પારણા કરશે અને તમામ ઉપવાસીઓ તેમજ દર્શનાર્થીઓ મહાપ્રસાદ લઈ અને ધન્યતા અનુભવે.

# દહેજ પ્રતિબંધ અધિનિયમ હેઠળ કરવામાં આવેલ ફરિયાદ સંબંધે આરોપીઓને નિર્દોષ છોડી મુકતી કોર્ટ

રાજકોટ, તા.૨૮

શહેરમાં રહેતા ફરીયાદી પ્રિયંકાબેન દ્વારા આરોપીઓ સામે આઈ.પી.સી.કલમ-૪૯૮(ક), ૧૧૪ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમ કલમ-૩, ૪ હેઠળ મહિલા પોલીસ સ્ટેશનમાં સને-૨૦૨૩માં ફરીયાદ દાખલ કરવામાં આવેલ હતી.

જે ફરીયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદીના લગ્ન આરોપી પ્રતિકભાઈ સાથે રાજકોટ મુકામે થયેલ. ત્યારબાદ લગ્ન જીવન દરમ્યાન ફરીયાદીના જણાવ્યા મુજબ આરોપી પ્રતિકભાઈ તથા તેમના કુટુંબના સભ્યો દ્વારા ફરીયાદીને નાની-નાની બાબતોમાં હેરાન પરેશાન કરી ચડામણી કરી તેમજ નાની-નાની બાબતમાં ઝઘડા કરી હેરાન પરેશાન કરી દુ:ખ ત્રાસ આપતા હોવાનું તેમજ ફરીયાદીના સાસુ ઘરકામ બાબતે મ્હેણાટોણાં મારી આરોપીના સ્ટેટસ મુજબ કરીયાવર ઓછું લઈ આવેલ છે. જે કરીયાવર તારા માવતરેથી મંગાવી લે, તેમજ તારા માવતરવાળાએ કાંઈ આપેલ નથી તેવું કહીને વારંવાર ઝઘડા કરતા તેમજ નણંદ વારંવાર ચડામણી કરતા હોવાની વિગતો વાળી ફરીયાદ દાખલ કરેલ હતી. આ ફોજદારી કેસ કોર્ટ સમક્ષ ચાલી જતા ફરીયાદપક્ષે હાજર રહેલ સાહેદોની જુબાની તેમજ હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ રાજકોટની જે.એમ.એફ.સી. કોર્ટ દ્વારા પોતાના જજમેન્ટમાં આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદી દ્વારા પુરાવાથી કોઈ કેસ સાબિત થતો નથી, તેમજ ફરીયાદમાં દર્શાવેલ વિગતો સંબંધે ફરીયાદી કે તેમના સાહેદ દ્વારા આઈ.પી.સી. કલમ-૪૯૮(ક) તેમજ દહેજ પ્રતિબંધ અધિનિયમ કલમ-૩, ૪ મુજબ કરવામાં આવેલ આરોપો સાબિત થતા નથી તેવું સ્પષ્ટપણે તારણ દર્શાવી આરોપીઓને બિનતહોમત નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં આરોપીઓ તરફે રાજકોટના યુવા ધારાશાસ્ત્રી આનંદ જોષી, જતીન ઠકકર તથા હિત અવલાણી રોકાયેલ હતા.


હિત અવલાણી
એડવોકેટ

# વાંકાનેરમાં પેલેસ્ટાઇન અને લીલા રંગના ઝંડા સાથે નીકળેલા ચાર અને બે કારચાલક સામે ગુનો નોંધાયો

## વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતોઃ આરોપીઓને પકડવા કાર્યવાહી

(જીગ્નેશ ભટ્ટ)
મોરબી, તા.૨૮

વાંકાનેર શહેરમાં જકાતનાકા તરફ જવાના રસ્ત ઉપરથી બે દિવસ પહેલા રાત્રીના સમયગાળા દરમિયાન ત્રણ ગાડીઓ પસાર થઈ હતી તે પૈકીની એક ગાડી ઉપર પેલેસ્ટાઇનનો ઝંડો લગાવવામાં આવ્યો હતો અને અન્ય બે ગાડી ઉપર લીલા કલરના ઝંડા લગાવવામાં આવ્યા હતા જે વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો અને તે અંગેની તપાસ કરીને પોલીસ દ્વારા હાલમાં જુદી જુદી ત્રણ કારના ચાલકો સામે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધીને પોલીસે આગળની રાબેત મુજબની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળતી માહિતી મુજબ તાજેતરમાં જમ્મુના પહેલગામ ખાતે કરવામાં આવેલા આતંકવાદી હુમલાને લઈને સમગ્ર દેશમાં આક્રોશ જોવા મળી રહ્યો છે અને આતંકવાદીઓને પણ પનાહ આપનાર પાકિસ્તાનનો ઠેર ઠેર વિરોધ થાય છે તેવા સમયે મોરબી જિલ્લાના વાંકાનેર શહેરમાં ગત તા. ૨૬/૪ ના રોજ રાત્રિના સમયે ત્રણ ગાડીઓ પસાર થઈ હતી અને તેમાં આગળ અને પાછળ જે ગાડી જઈ રહી હતી તેમાં લીલા કલરના ઝંડા લગાવવામાં આવ્યા હતા જો કે, વચ્ચે સ્વિફ્ટ ગાડી ચાલતી હતી અને તે ગાડી ઉપર આગળ બોનેટ પાસે પેલેસ્ટાઇનનો દેશનો મોટો ઝંડો લગાવવામાં આવ્યો હતો અને આ ગાડીઓ વાંકાનેર શહેરમાંથી જકાતનાકા તરફ જતી હોય તેવો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો જેથી કરીને વાંકાનેર શહેર પોલીસ દ્વારા આ અંગેની તપાસ હાથ ધરવામાં આવી હતી.



વાયરલ થયેલા વિડીયોમાં મહિન્દ્રા થાર ગાડી નંબર જીજે ૩ એમએચ ૫૫૧૦, સ્વિફ્ટ ગાડી નંબર જીજે ૩ પીડી ૯૨૧૧ તથા એક અજાણી નંબર પ્લેટ વગરની કાર જોવા મળી હતી આ સંદર્ભે હાલમાં વાંકાનેર સિટી પોલીસ સ્ટેશન ખાતે બીએનએસની કલમ ૨૮૧, ૧૨૫ મુજબ ગુનો નોંધીને પોલીસે આરોપીઓને પકડવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## પાકિસ્તાનના એફ-૧૬ તથા ચીનના જે-૨૦ વિમાનોનો પણ મુકાબલો કરી શકે તેવા અત્યંત આધુનિક ફાઈટર પ્લેન ભારતીય નૌકાદળને મળશે

# ફ્રાન્સ પાસેથી અણુબોમ્બ વહન કરી શકતા ૨૬ રાફેલ મરિન લડાયક વિમાન ખરીદશે ભારત

**રૂા.૬૩૦૦૦ કરોડના સોદા પર હસ્તાક્ષરઃ ૨૨ સિંગલ સીટર અને ચાર ડબલ સીટર વિમાન નૌકાદળ માટે મળશેઃ હવામાં જ ઈંધણ ભરી શકાશેઃ ફોલ્ડેબલ વિંગના કારણે ઉડ્ડયનની ગતિ વધશેઃ ૩૭૦૦ કી.મી. સુધી પહોંચીને પ્રહાર કરી શકશે**

**દેશના વિમાનવાહક જહાન આઈએનએસ વિક્રમાદિત્ય પર તૈનાત કરાશેઃ અત્યંત આધુનિક વિમાન સતત ૧૦ કલાક ૫૬૦૦૦ ફુટ સુધીની ઉંચાઈએ ઉડી શકશેઃ નવ ટન હથિયારમાં હવામાંથી હવામાં પ્રહાર કરતા અને જહાજ વિરોધી મિસાઈલથી સજ્જ**



નવી દિલ્હી તા.૨૮

ભારત અને પાકિસ્તાન વચ્ચે આગામી સમયમાં ટકકર થવાની તૈયારી છે તે સમયે જ આજે ભારતે ફ્રાન્સ સાથે રૂા.૬૩૦૦૦ કરોડની રાફેલ મરીન સોદો નિશ્ચિત કરી લીધો છે અને હથિયારોની ખરીદીમાં ભારતનું આ ફ્રાન્સ સાથેનો સૌથી મોટો સોદો બની રહેશે. અગાઉ ભારતે ૩૬ રાફેલ વિમાનો ફ્રાન્સ પાસેથી ખરીદ્યા હતા તે હવાઈદળ માટે મહત્વના છે. હવે નૌકાદળ માટે ખાસ કરીને દરિયાઈ યુદ્ધમાં નિર્ણાયક થઈ શકે તેવા ૨૬ રાફેલ મરીન વિમાનો ભારતને સોંપાશે જેમાં ૨૨ સિંગલ સિટર અને ચાર ડબલ સીટર વિમાનો હશે. આ વિમાનો પરમાણુ અણુ હથિયાર વહન કરવાની અને તે હુમલો કરવાની ક્ષમતા ધરાવે છે જેને કારણે દરિયાઈ સુરક્ષામાં ભારત માટે અત્યંત મહત્વનો આ સોદો બની જશે.

ભારત આ વિમાન તેના વિમાન વાહક જહાજ આઈએનએસ વિક્રાંત પર તૈનાત કરશે. ફ્રાન્સની કંપની દશો એવીએશન એ આ વિમાનમાં ખાસ કરીને ભારતની આવશ્યકતા મુજબ ફેરફાર કર્યા છે તેમાં એનટીસીપ સ્ટ્રાઈક, અણુ હથિયાર લોન્ચ કરવાની ક્ષમતા અને સતત દશ કલાક સુધી તે ઉડી શકે તેટલી ઈંધણ ક્ષમતા ઉપરાંત હવામાં જ ઈંધણ મેળવી શકે તે પણ સામેલ છે. ભારત અગાઉ ૩૬ રાફેલ વિમાનો ૨૦૧૬માં ખરીદ્યા હતા તેની ડીલીવરી થઈ ગઈ છે પણ રાફેલ મરીન એ ૫૦.૧ ફુટ લાંબા અને ૧૫૦૦૦ કિલો વજનના છે તે ૧૧૨૦૨ કિલોની ઈંધણ ક્ષમતા ધરાવે છે જેના કારણે તે વધુ સમય સુધી ઉડી શકે છે. સિંગલ અને ડબલ સીટર વિમાન ૫૨૦૦૦ ફુટની ઉંચાઈ સુધી જઈ શકે છે અને આ વિમાનની ફોલ્ડીંગ વિંગ અત્યંત મજબૂત છે અને કલાકના ૨૨૦૫ કી.મી.ની ગતિએ ઉડી શકે છે. તે ફકત એક જ મીનીટમાં ૧૮૦૦૦ ફુટની ઉંચાઈએ પહોંચી શકે છે. આમ પાકિસ્તાનના એફ-૧૬ અને ચીનના જે-૨૦ થી તે વધુ બહેતર છે તે ૩૭૦૦ કી.મી. દુર સુધી જઈને હુમલો કરી શકે છે અને ૩૦ એમ.એમ.ની ઓટોપેનન ગન પણ તેની ખાસીયત છે. સૌથી મહત્વનું એ છે કે તે નાનકડી સ્ટ્રીપમાં તે લેન્ડીંગ કરી શકે છે જેથી તે ભારતમાં વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રમાદિત્ય પર તૈનાત કરાશે. આમ તે સમુદ્રી સુરક્ષા ઉપરાંત હવાઈ સુરક્ષામાં પણ કામ કરશે.

# સૈન્ય શકિતમાં ભારત કરતા પાક. ઘણુ પાછળ

## પાકિસ્તાન ગઝની-ઘોરી મિસાઈલના આશરે, જયારે ભારત પાસે મિસાઈલ-એરક્રાફટની તાકાત બમણી

નવી દિલ્હી,તા.૨૮

પહેલગામમાં આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન પર અનેક કડક પગલાં લીધાં છે. ભારતે સિંધુ જળ સંધિ રદ કરીને પાકિસ્તાનને પાણીના ટીપે-ટીપે તરસાવાનો પાયો નાખ્યો છે. આ સાથે, ભારત જવાબી કાર્યવાહીની તૈયારી પણ કરી રહ્યું છે. વડાપ્રધાનથી લઈને ગૃહમંત્રી, રક્ષામંત્રી અને સેના પ્રમુખ સુધી સતત બેઠકોનો દોર ચાલુ છે. એક તરફ પાકિસ્તાન પહેલેથી જ ખાદ્ય સંકટનો સામનો કરી રહ્યું છે, ત્યાં ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતિ ઊભી થાય તો પાકિસ્તાન વધુ પાછળ ધકેલાઈ જશે. બંને દેશો વચ્ચે હાલ તણાવ ચરમસીમાએ છે અને આ દરમિયાન પાકિસ્તાન તરફથી ગીદડ ભભકી પણ આવવા લાગી છે.

પહેલગામ હુમલા વચ્ચે ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવ દરમિયાન પાકિસ્તાનના રેલવે મંત્રી હનીફ અબ્બાસીએ ઝેર ઓક્યું છે. અબ્બાસીએ ભારતને પરમાણુ હુમલાની ધમકી આપી અને કહ્યું કે શાહીન અને ગઝનવી સહિત ૧૩૦ મિસાઈલો ભારત માટે તૈનાત છે.

તેમણે કહ્યું કે, અમે જે શાહીન અને ગઝનવી મિસાઈલો અમારા ઠેકાણાઓ પર રાખી છે, તે હિંદુસ્તાન માટે છે. અમારી પાસે જે ૧૩૦ હથિયારો છે, તે ફક્ત શોકેસ માટે નથી, અને તમને ખબર નથી કે તે પાકિસ્તાનના કયા ભાગમાં તૈનાત છે.

અબ્બાસીએ ભારતને યુદ્ધની ધમકી આપતાં કહ્યું કે, આ બેલિસ્ટિક મિસાઈલો, આ ક્રૂઝ મિસાઈલો, આ શાહીન, આ ઘોરી - આ અમારા શોકેસમાં નથી, આ તમારી તરફ છે, બીજા કોઈની તરફ નહીં. તેમણે કહ્યું કે જો ભારત સિંધુ જળ સંધિને સ્થગિત કરીને પાકિસ્તાનના પાણીના પુરવઠાને રોકવાની હિંમત કરશે, તો તેનું સંપૂર્ણ યુદ્ધ માટે તૈયાર રહેવું પડશે.

પાકિસ્તાને તેની મોટાભાગની મિસાઈલો ચીનના સહયોગથી બનાવી છે અને તેમાં ચીની ટેક્નોલોજીનો ઉપયોગ થયો છે. પાકિસ્તાનની ઘોરી -૧ મિસાઈલની રેન્જ આશરે ૧૧૦૦ કિલોમીટર છે, જ્યારે ઘોરી -૨ની રેન્જ ૧૮૦૦-૨૦૦૦ કિલોમીટર છે. શાહીન-૧ની રેન્જ ૭૫૦ કિલોમીટર છે અને શાહીન-૨ની રેન્જ ૧૫૦૦-૨૦૦૦ કિલોમીટર છે.

ગઝનવી નામની તેમની મિસાઈલ ટૂંકી રેન્જની બેલિસ્ટિક મિસાઈલ છે, જેની રેન્જ ૩૦૦ કિલોમીટર છે. આ ટેક્નોલોજી પણ ચીન પાસેથી નકલ કરવામાં આવી છે. એક તરફ પાકિસ્તાનમાં ખાવાના ફાંફા છે, તો બીજી તરફ સેના આ હથિયારોમાં ભ્રષ્ટાચાર કરીને જનતાને મૂર્ખ બનાવી રહી છે.

ભારત એવા ગણ્યા-ગાંઠ્યા દેશોમાં સામેલ છે, જેમની મિસાઈલો સામે મોટા-મોટા દેશો પણ ઘૂંટણ ટેકી શકે છે. ભારત પાસે પૃથ્વી-૧ (૧૫૦ કિલોમીટર રેન્જ), પૃથ્વી-૨ (૨૫૦-૩૦૦ કિલોમીટર રેન્જ) અને પૃથ્વી-૩ (૭૫૦ કિલોમીટરથી વધુ રેન્જ) છે, જેના પર ૭ પ્રકારના હથિયારો લગાવી શકાય છે. આ ઉપરાંત, અગ્નિ-૧ (૭૦૦ કિલોમીટર રેન્જ), અગ્નિ-૨ (૨૦૦૦ કિલોમીટર રેન્જ), અગ્નિ-૩ (૩૦૦૦ કિલોમીટર રેન્જ), અગ્નિ-૪ (૪૦૦૦ કિલોમીટર રેન્જ) અને અગ્નિ-૫ (૫૦૦૦ કિલોમીટર રેન્જ) જેવા હથિયારો છે, જે એક જ ઝટકામાં લાહોર, કરાચી અને ઈસ્લામાબાદને રાખમાં ફેરવી શકે છે.

આ ઉપરાંત, ભારત પાસે બરાક-૮ મિસાઈલ છે, જે ૨૪૬૯ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે હુમલો કરી શકે છે અને જમીનથી હવામાં માર કરવામાં સક્ષમ છે. ભારતે ૪ વર્ષ પહેલાં નૌસેનાની સબમરીનમાં ઊં-૪ મિસાઈલનો સમાવેશ કર્યો છે, જે પરમાણુ હથિયાર લઈને ૩૫૦૦ કિલોમીટર સુધી માર કરી શકે છે.

ભારત પાસે વિશ્વની સૌથી ખતરનાક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ બ્રહ્મોસ પણ છે, જે ૭૦૦ કિલોમીટર સુધી વાર કરી શકે છે. આ ૪૯૩૯ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે હુમલો કરે છે, જેનાથી દુશ્મનના રડાર પણ તેને પકડી શકતા નથી અને મિનિટોમાં પાકિસ્તાનનાં અનેક શહેરો નષ્ટ કરી શકાય છે.

### એરક્રાફટમાં પાકિસ્તાનથી બમણી ક્ષમતા

ભારત માત્ર મિસાઈલોમાં જ નહીં, પરંતુ એરક્રાફ્ટની બાબતમાં પણ પાકિસ્તાનથી ઘણું આગળ છે. અનુસાર, ભારત પાસે કુલ ૨૨૨૯ એરક્રાફ્ટ છે, જેમાંથી ૧૬૭૨ કોઈપણ સમયે હુમલો કરવા તૈયાર છે. જ્યારે પાકિસ્તાન પાસે કુલ ૧૩૯૯ એરક્રાફ્ટ છે, જેમાંથી માત્ર ૯૭૯ જ સક્રિય છે.

ભારત પાસે રાફેલ જેવા વિમાનો છે, જેની રેન્જ ૩૭૦૦ કિલોમીટર છે અને ટોપ સ્પીડ ૨૨૦૦-૨૩૦૦ કિલોમીટર પ્રતિ કલાક છે. રાફેલ ઘણી બાબતોમાં ચીનના J20 અને પાકિસ્તાનના F-16થી ઘણું સારું છે.

### ગ્રાઉન્ડ ફોર્સમાં પણ ભારત ઘણું આગળ

ભારત પાસે ૨૫૨૭૦૦૦ પેરા મિલિટરી ફોર્સ છે, જ્યારે પાકિસ્તાન પાસે માત્ર ૫૦૦૦૦૦ પેરા મિલિટરી ફોર્સ છે. ભારતની વાયુસેનામાં ૩૧૦૫૭૫ સૈનિકો છે, જ્યારે પાકિસ્તાન પાસે ૭૮૧૨૮ સૈનિકો છે. ભારતીય સેનામાં ૨૧૯૭૧૧૭ સ્થળસેનાના જવાનો છે અને નૌસેનામાં ૧૪૨૨૫૨ સૈનિકો છે. જ્યારે પાકિસ્તાન પાસે સેનામાં ૧૩૧૧૫૦૦ અને નૌસેનામાં ૧૨૪૮૦૦ સૈનિકો છે.

ભારત પાસે ૪૨૦૧ ટેન્ક છે, જેમાંથી ૩૧૫૧ યુદ્ધ માટે તૈયાર છે, જ્યારે પાકિસ્તાન પાસે ૨૬૨૭ ટેન્ક છે, જેમાંથી માત્ર ૧૮૩૯ જ સક્રિય છે. નૌસેનામાં પણ ભારત પાકિસ્તાનથી ઘણું આગળ છે. ભારત પાસે ૨ એરક્રાફ્ટ કેરિયર છે, જ્યારે પાકિસ્તાન પાસે એક પણ નથી. ભારત પાસે ૧૩ ડિસ્ટ્રોયર છે, જ્યારે પાકિસ્તાન પાસે એક પણ નથી. ભારત પાસે ૧૮ સબમરીન છે, જ્યારે પાકિસ્તાન પાસે માત્ર ૮ છે.

## ૧૩-૫-૨૦૨૫ સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે

# કૈલાશ માનસરોવર યાત્રા બે રસ્તેથી થશેઃ પાંચ વર્ષ પછી રજીસ્ટ્રેશન શરૂ





નવી દિલ્હી ,તા.૨૮

છેલ્લાં કેટલાક સમયથી મળેલાં સંકેતોને ધ્યાનમાં રાખીને ભારતે હવે આ વર્ષે કૈલાશ માનસરોવર યાત્રા યોજવાની જાહેરાત કરી છે. આ વર્ષની યાત્રા જૂનથી ઓગસ્ટ સુધી ચાલશે. મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે, આ વર્ષે ૫૦-૫૦ યાત્રાળુઓની પાંચ ટુકડીઓ ઉત્તરાખંડના લિપુલેખ પાસમાંથી પસાર થશે. એટલી જ સંખ્યામાં યાત્રાળુઓ સિક્કિમથી નાથુલા પાસ ૧૦ બેચમાં મુસાફરી કરી શકશે.

સરકારે અરજી માટે વેબસાઈટ (Kmy.gov.in) ખોલી છે. સરકારનું કહેવું છે કે રજીસ્ટ્રેશન પ્રક્રિયા નિષ્પક્ષ અને જેન્ડરને સંતુલનને ધ્યાનમાં રાખીને હશે. આ યાત્રાનું સંચાલન રાજ્ય સરકાર અને વિદેશ મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે. આ યાત્રા ૨૦૨૦ થી થઈ રહી ન હતી. ચીન સાથેનાં સંબંધો આનું એક મોટું કારણ હતું.

### કેવી રીતે અરજી કરવી ? :-

- અરજી માટે Kmy.gov.in વેબસાઇટની મુલાકાત લો.
- યાત્રા માટે એપ્લાય કરો - તેનાં પર ક્લિક કરો.
- જો નવાં વપરાશકર્તાઓ હો તો 'રજિસ્ટર ન્યૂ યુઝર' પર ક્લિક કરો.
- આ પછી, ખુલેલા પેજ પર તમારી સંપૂર્ણ માહિતી ભરો અને સબમિટ કરો.

### કોણ અરજી કરી શકે ? :-

- યાત્રાળુ ભારતીય નાગરિક હોવા જોઈએ.
- તેની પાસે ચાલું વર્ષનાં ૦૧ સપ્ટેમ્બર સુધી ઓછામાં ઓછા ૬ મહિનાની બેલેન્સ વેલિડિટી સાથેનો ભારતીય પાસપોર્ટ હોવો જોઈએ.
- તેની ઉંમર ૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ઓછામાં ઓછી ૧૮ વર્ષ હોવી જોઈએ અને તેની ઉંમર ૭૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- બોડી માસ ઇન્ડેક્સ (BMI) ૨૫ કે તેથી ઓછો હોવો જોઈએ.
- શારીરિક રીતે ફિટ હોવા જોઈએ.
- વિદેશી નાગરિકો લાયક નથી, તેથી ઓ.સી.આઈ. કાર્ડધારકો પણ પાત્રતા ધરાવતાં નથી.

### તેનાં બે રસ્તા છે :-

**લિપુલેખ પાસ (ઉત્તરાખંડ) :-**
બેચની કુલ સંખ્યા :- ૫
સમયગાળો :- આશરે ૨૨ દિવસ
ખર્ચો :- રૂા. ૧.૭૪ લાખ

**નાથુ લા (સિક્કિમ) :-**
બેચની કુલ સંખ્યા :- ૧૦
સમયગાળો :- આશરે ૨૧ દિવસ
ખર્ચો :- રૂા.૨.૮૩ લાખ

**ઓનલાઇન રજિસ્ટ્રેશન ૫ છ ૧**

- એપ્લિકેશનની પ્રિન્ટ આઉટ લો અને તેને તમારી પાસે રાખો.
- અરજદારને એસએમએસ અથવા ઇ-મેઇલ દ્વારા જાણ કરવામાં આવશે.

### આ વાતનું ખાસ ધ્યાન રાખો

અરજી કરતી વખતે, બંને માર્ગોની તમારી પસંદગી અનુસાર પસંદગી આપવી મહત્વપૂર્ણ છે.

:- પ્રવાસનું સ્થળ પસંદ કરવું પણ મહત્ત્વનું છે

રૂટ-૧ (લિપુલેખ): ધારચુલા કે દિલ્હી.

રૂટ-૨ : (નાથુલા) : ગંગટોક કે દિલ્હી.

જો બે અરજદારો બેચમાં જવા માગતાં હોય તો એક યુઝર એકાઉન્ટમાં બે રજિસ્ટ્રેશન જમા કરાવી શકાય છે.

### આ દસ્તાવેજો અગાઉથી તૈયાર રાખો

- ફોટાની સ્કેન કરેલી નકલ (JPG ફોર્મેટમાં ૩૦૦સબ થી વધારે નહિં).
- પાસપોર્ટની સ્કેન કરેલી નકલ (જેમાં ફોટોગ્રાફ અને વ્યક્તિગત માહિતી હોય) અને પરિવારની વિગતો સાથેનું છેલ્લું પાનું (પીડીએફ ફોર્મેટમાં ૫૦૦સબથી વધુ નહીં).
- જો તમે અન્ય વ્યક્તિ સાથે અરજી કરી રહ્યાં છો, તો તે વ્યક્તિનાં દસ્તાવેજો પણ તૈયાર રાખો.

## ભારત-પાક. યુદ્ધના ભણકારા વચ્ચે મહત્વની સુવિધા

# ગંગા એકસપ્રેસ હાઈવે પર લડાયક વિમાન નાઈટ લેન્ડિંગ કરી શકશે

## મીની એરસ્ટ્રીપ-એરબેઝ જેવી સુવિધાઃ તા.૨ના એર-શો સમયે લાઈવ-ડેમો થશે

નવી દિલ્હીઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધના વાદળો જે રીતે ઘેરાયા છે અને બન્ને દેશોની સેના પણ તૈયારીમાં વ્યસ્ત છે તે સમયે હવાઈ યુદ્ધ એ નિર્ણાયક બનશે અને તેમાં ભારતે જે રીતે હાલમાં જ છેક આસામથી ગુજરાત અને ઉતરપ્રદેશ જેવા મહત્વના રાજયમાં લડાયક વિમાનોને જરૂર પડે લેન્ડીંગ માટે અને તેમાં પણ હવે નાઈટ લેન્ડીંગની સુવિધા ઉભી કરીને મહત્વની તેની લડાયક-પ્રહાર ક્ષમતામાં વધારો કર્યો છે. ગંગા એકસપ્રેસ હાઈવે તે એરસ્ટ્રીપમાં રૂપાંતર કરવામાં સફળતા મેળવ્યા બાદ ત્યાં રાત્રીના પણ લડાયક વિમાનો લેન્ડીંગ કરી શકે તે નિશ્ચિત કરાયુ છે.

એરસ્ટ્રીપ તરીકે નિશ્ચિત થયેલા ક્ષેત્રમાં બન્ને તરફ ૨૩૦થી વધુ સીસીટીવી કેમેરા પણ ગોઠવાયા છે. ૩.૫૦ કી.મી. લાંબા આ એરસ્ટ્રીપનું ગઈકાલે ઉતરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદીત્યનાથે નિરિક્ષણ કર્યુ હતુ અને અહી તા.૨ના રોજ એર-શો પણ યોજાશે. જેમાં નાઈટ લેન્ડીંગ કરાવાશે અને ખુદ મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહેશે. આસપાસના ક્ષેત્રોમાં પણ તાકીદના સમયે કોઈ લેન્ડીંગ થાય તો ગ્રામ્યજનો કઈ રીતે સહાય માટે જઈ શકે તે નિશ્ચિત કરાયુ છે. શ્રી યોગીએ ગઈકાલે તેનું હેલીકોપ્ટર અહી ઉતરાયુ હતુ. ખુદ અંગે ચાલીને માર્ગની શ્રેષ્ઠતા નિહાળી હતી અને પાંચ કી.મી. કારમાં પણ પ્રવાસ કર્યો હતો. તેઓએ આ કામગીરી કરનાર ટીમોને અભિનંદન આપ્યા અને તેની સાથે ફોટો સેસન પણ કર્યુ હતું. ૨૦૨૧માં ૫૯૪ કી.મી. લંબાઈના ગંગા એકસપ્રેસ હાઈવેનો શિલાન્યાસ થયો હતો. રૂા.૩૬૦૦૦ કરોડના ખર્ચે આ માર્ગ ૧૨ શહેરોને જોડે છે અને ૬ લેનનો હાઈવે ૮ લેનનો પણ કરી શકશે. ૧૨૦ કી.મી.ની ઝડપે વાહન ચાલી શકશે. શ્રી યોગીએ કહ્યું કે આ ગંગા એકસપ્રેસ હાઈવેને પ્રયાગરાજથી ગાઝીપુર સુધી લંબાવાશે. અહી હાઈવે આસપાસ ઔધોગીક, કૃષી ક્ષેત્ર પણ તૈયાર કરાય છે અને યુપીના અન્ય હાઈવેની સાથે કનેકટીવીટી અપાશે.



## ૧૦૪ વર્ષની ઉંમરે તેનાં જન્મદિવસ પર એક દાદી પહોંચી જેલ



ન્યુયોર્ક ,તા.૨૮

અમેરિકાનાં ન્યૂયોર્કની એક ૧૦૪ વર્ષની દાદીએ એવું પરાક્રમ કર્યું છે, જેને સાંભળીને યુવકો પણ શરમાઇ જાય છે ! દાદીમાએ કેક કાપવાને, પાર્ટી કરવા કે જન્મદિવસે ફરવા જવાને બદલે જેલમાં જવાની ફરમાઈશ કરી ! હકીકતમાં, તેણે ક્યારેય જેલ જોઈ ન હતી. પહેલાં તો નર્સિંગ હોમના સ્ટાફને લાગ્યું કે તે મજાક કરી રહી છે, પણ ના - દાદીમાંએ તો નક્કી જ કરી લીધું હતું.

શહેર પોલીસ સ્ટેશનમાં જ્યારે આ ઈચ્છા વિશે વાત કરવામાં આવી તો પોલીસ અધિકારીઓએ પણ વિચાર્યું કે આ ઈચ્છા પણ પૂરી કરીએ. પછી શું, દાદીમાં માટે જેલની ખાસ ટૂરનું આયોજન કરવામાં આવ્યું હતું. કેક અને કોફી સાથેની એક નાનકડી પાર્ટી બાદ દાદીમાંએ દરેકને જીવનનું સૌથી મોટું જ્ઞાન પણ આપ્યું - 'જો તમારે લાંબું જીવવું હોય, તો તમારા કામથી કામ રાખવું જોઈએ.' જેલમાં દાદી લોરેટ્ટા એવી રીતે હસી રહી હતી કે જાણે તે જેલની નહીં પણ કોઈ થીમ પાર્કમાં ફરી રહી હોય. પોલીસ ઓફિસે પણ ફેસબુક પર પણ લખ્યું, કે ''લોરેટટા દાદીએ આજે ખૂબ મસ્તી કરી અને અમને ખૂબ હસાવ્યા!

# બહુ પત્નિત્વમાં માનતા યુવાને પાંચ કન્યા સાથે લગ્ન કરી અને ૧૧ બાળકોને જન્મ આપ્યો!

## આ યુવાન ૩૦ વર્ષનો છેઃ માનસિક શાંતિ માટે પગલુ ભર્યું!





અમેરિકા :લોસ એન્જલસનો જેમ્સ બેરેટ નામનો યુવાન તેની જુવાની દરમ્યાન સિરિયલ ચીટર હતો. કોલેજકાળ પહેલાંના સમયથી તેને ગર્લફ્રેન્ડ હતી, પરંતુ એ પછી પણ તે બીજી સ્ત્રીઓ સાથે અફેર ચલાવ્યા કરતો હતો. વારંવાર તેની ગર્લફ્રેન્ડ તેનાં અફેર ખુલ્લાં પાડતી અને તેમની વચ્ચે ઝઘડા થતા. આ બધાથી કંટાળીને તેણે નક્કી કરી લીધું કે તે એકપત્નીવ્રતા કદી બની શકે એમ નથી એટલે એવી જ છોકરીને પરણશે જેને પોલિગામી એટલે બહુપત્નીત્વમાં માનતી હોય. આવી સ્પષ્ટતાને કારણે તેની પત્નીને બીજી યુવતી સાથેના તેના સંબંધોથી વાંધો ન હોય એ સ્વાભાવિક છે. આ નવી સ્પષ્ટતા સાથે તેણે બે કે ત્રણ નહીં,

પાંચ સ્ત્રીઓ સાથે લગ્ન કરી લીધાં છે. પાંચ સ્ત્રીઓ સાથેના સંબંધને કારણે હવે તેને બહાર બીજી કોઈ સ્ત્રીમાં રસ નથી

પડી રહ્યો. જેમ્સ હવે ૩૦ વર્ષનો છે અને તેને પાંચ પત્ની છે. ૨૯ વર્ષની કેમરૂન, ૩૧ વર્ષની જેસિકા, ૨૮ વર્ષની રીટા ૩૦ વર્ષની ગેબી અને ૩૦ વર્ષની ડાયન. તે કેમરૂન અને જેસિકા સાથે છેલ્લાં ૧૩ વર્ષથી છે, જ્યારે તેની લેટેસ્ટ પાર્ટનર ડાયના છેલ્લાં ચાર વર્ષથી તેની સાથે છે. પાંચ પત્નીઓથી જેમ્સને ૧૧ બાળકો છે. આ બાળકો ૧૨ વર્ષથી લઈને ૧૧

મહિનાની ઉંમરનાં છે. જેમ્સનું કહેવું છે કે જ્યારે તેણે એક જ યુવતી સાથે લગ્ન કરેલાં અને છતાં બીજી યુવતીઓ સાથે ખેંચાણ અનુભવતો હતો ત્યારે આંતરિક દ્વંદ્વ બહુ રહેતું હતું, પણ હવે માનસિક શાંતિ છે. પાંચ પત્નીઓ કર્યા પછી હવે તેની જવાબદારીઓ એટલી વધી ગઈ છે કે તે ઠરેલ અને પરિપક્વ થઈ ગયો છે. આટલા મોટા પરિવારને આર્થિક રીતે સપોર્ટ કરવાનું મુશ્કેલ છે, પરંતુ પાંચેય પત્નીઓ એક પરિવારની જેમ રહેતી હોવાથી જેમ્સને વાંધો નથી આવતો.

# સરકારી પહેલઃ નોકરી માટે નહીં છોડવું પડે તમારુ ઘર ,વતનમાં જ મળશે રોજગાર

દિલ્હી, તા.૨૮

કોરોના રોગચાળા દરમિયાન પ્રથમ વખત લોકો ઘરેથી કામ કરવાની પરિસ્થિતિ નો સામનો કર્યો હતો. એ જ તર્જ પર હવે કેન્દ્ર સરકાર 'જોબ ઇન યોર હોમટાઉન'ના નવા આઇડિયા પર કામ કરી રહી છે. જો આ પહેલ સફળ થશે તો પ્રથમ વખત નોકરી શોધી રહેલા લોકોને હવે તેમના વતન છોડીને અન્ય શહેરોમાં જવાની જરૂર નહીં પડે.

શ્રમ અને રોજગાર મંત્રાલય એક સિસ્ટમ વિકસાવી રહ્યું છે જેમાં નોકરી શોધનારાઓને સ્થાન, ક્ષેત્ર, નોકરીદાતા, પગાર ધોરણ, આવશ્યક કુશળતા અને અન્ય સુ વિધાઓના આધારે નોકરીઓ ફિલ્ટર કરવાના વિકલ્પો મળશે. મંત્રાલય ડ્ખ ગતિ શક્તિ પોર્ટલ પર નોકરીના ડેટાને મેપ કરી રહ્યું છે.

મંત્રાલયનું નેશનલ કેરિયર સર્વિસ (NCS) પોર્ટલ એમ્પ્લોયર અને નોકરી શોધનારાઓને જોડતા ડિજિટલ માર્કેટપ્લેસ તરીકે કામ કરે છે, જે બજારમાં નોકરીઓની




માંગ અને પુરવઠાને અસરકારક રીતે સંરેખિત કરે છે. મંત્રાલય PM ગતિશક્તિ પ્લેટફોર્મ સાથે NCS જોબ ડેટાને એકીકૃત કરવા માટે સક્રિયપણે કામ કરી રહ્યું છે. જમ્મુ-કાશ્મીર અને ગુજરાતે આ દિશામાં પ્રગતિ કરી છે.

આ પ્લેટફોર્મ પર લગભગ ૪૧ લાખ એમ્પ્લોયર્સ નોંધાયેલા છે. જ્યારે, એક કરોડથી વધુ સંભવિત નોકરી શોધનારાઓએ નોંધણી કરાવી છે.

PM ગતિ શક્તિને NCS પોર્ટલ સાથે સંકલિત કરીને રોજગારની તકોને જીઓ-ટેગ કરી શકાય છે. સમર્પિત મોબાઇલ એપ્લિકેશન યુવાનોને ૨૦-૪૦ કિલોમીટરની ત્રિજ્યામાં નજીકની રોજગારની તકો શોધવા માટે સક્ષમ બનાવશે.

આનાથી ખાસ કરીને નોકરીની શોધ કરનારાઓને, મર્યાદિત કૌશલ્ય ધરાવતા લોકોને, જેઓ હજુ ઉચ્ચ રોજગારીયોગ્ય નથી, તેમને તેમના સમુદાયોમાં રહીને કમાવાની તક આપશે.



## એ બહુ ઓછાને ખ્યાલ હશે કે ૧૯૭૧ના યુદ્ધ પૂર્વે પાકિસ્તાન દક્ષિણ એશિયાના સૌથી સમૃધ્ધ દેશોમાં પ્રથમ હતુ

# જો યુદ્ધ થાય તો !

### પહેલાગામ હુમલા પછી ભારતના ડિપ્લોમેટીક એકશનો પર પાકિસ્તાન હચમચી ગયું છે પણ વાત ત્યાં પૂરી થવાની નથી તે ખુદ પાકિસ્તાન જાણે છે અને ભારત પૂરી કરવા માંગતુ નથી અને તેથી જ બીજો તબકકો હવે યુદ્ધનો હશે તેવી ચર્ચા અને વાતાવરણ બનવા લાગ્યું છે, યુદ્ધ થાય તો શું તે પ્રશ્ન પણ પુછાવા લાગ્યા છે અને વિશ્વ જયારે હાલ સૌથી વધુ વિભાજીત છે ત્યારે કોણ ભારત સાથે હશે અને કોણ પાકિસ્તાન સાથે તે પણ ચર્ચા શરૂ થઇ છે

ચાણકય કહે છે કે યુધ્ધ જીતવાની પ્રથમ શરત એ છે કે યુધ્ધ વિશે વાત જ ન કરવી પરંતુ સમય હવે બદલાય ગયો છે અને ખાસ કરીને દુનિયા જે રીતે ટ્રમ્પ શાસન બાદ વિભાજીત થઇ ગઇ છે અને ભવિષ્યમાં કયાં કયાં દેશો યુધ્ધ નહીં જાય તેની જ ચર્ચા છે. તે વચ્ચે પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદે ભારત પર હુમલો કર્યો એટલા માટે ભારત પર કહી શકાય કે તે ધર્મના આધારે કરવામાં આવ્યો હતો ભારત એક હિન્દુ ધર્મ રાષ્ટ્ર ફકત જાહેર કરવાનું બાકી છે અને તેથી જ પાકિસ્તાન પ્રેરિત ત્રાસવાદી હુમલામાં દેશમાં જે વાતાવરણ છે તેને પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં વ્યકત કરી દીધી અને હુમલાના ૨૪ કલાકમાં ડિપ્લોમેટીક એકશન શરૂ થયા અને સરહદ ઉપર પણ હવે લશ્કરી પગલાઓની તૈયારી છે. પરંતુ જે રીતે ઘટનાક્રમ તેજીથી બદલાયો તેના કારણે સરકારે પણ મહત્વપૂર્ણ લીધા અને પાકિસ્તાનને ત્રણ મોરચે ઘેરવાની તૈયારી કરી છે. આર્થિક મોરચામાં સિંધુ જળ સંધિમાં પીછેહઠ અને તેના કારણે પાકિસ્તાન જે રીતે પ્રતિભાવ આપી રહ્યૂં છે કે તે દર્શાવે છે કે ભારતનો આ પ્રથમ ઘા પાકિસ્તાનની નસ પર જ લાગ્યો છે જયાં તેને સૌથી વધુ દુ:ખ થશે. આ એટલા માટે પાકિસ્તાન પહેલગામ હુમલા પૂર્વે પણ આર્થિક રીતે તુટીને ભાંગી પડયું હતું અને ખાસ કરીને પંજાબનો જે હિસ્સો પાકિસ્તાનમાં ગયો છે તેની પુરી અર્થવ્યવસ્થા સિંધુ જળ કરાર પર આધારીત છે અને પાકિસ્તાનમાં એક બે પ્રાંત જે સમૃધ્ધ ગણાય છે તેમાં પંજાબ અને સિંધને બેને જ સમાવેશ કરી શકાય અને આ વિસ્તારમાં ૭૦ ટકા વસ્તી એ ખેતી આધારીત છે અને પાકિસ્તાન આ નદીના પાણી અને વરસાદ ઉપર જ હવે પોતાને આગળ વધારી શકે તેમાં જ ભારતે સિંધુ જળ સમજુતી રદ્દ કરીને પાકિસ્તાનને આકરો આંચકો આપ્યો છે. ડિપ્લોમસીએ દલીલ થાય છે કે સિંધુ જળ સમજુતી લાગુ કરવામાં પણ સમય જશે. ચોકકસપણે તે થઇ શકે છે પણ તે થઇ શકે તે બાબત જ પાકિસ્તાન માટે પુરતી છે.

> **ચોકકસપણે યુદ્ધ કોઇ દેશને પોષાતુ નથી પરંતુ જયારે તમારા પર યુદ્ધ કરવાની ફરજ પડે તો પછી તે માર્ગે જવું પડે છે અને ભારત આ માર્ગે છે પણ પાકિસ્તાનને તેના અસ્તિત્વની સૌથી ખરાબ હાલત સમયે યુદ્ધમાં ભારત સામે આવવું તે આપઘાત કરવા જેવું ગણાશે પાકિસ્તાનના જનરલોનું અસ્તિત્વ ભારત સામે સતત તનાવ સર્જતા રહેવામાં છે ભારતને પણ આ યુદ્ધ માટે હાલ વિકાસના જે માર્ગે છે તેમાં થોડા બલિદાન આપવા પડશે મહત્વનું એ છે કે પાકિસ્તાન સામે આટલા યુદ્ધ અને ત્રાસવાદને સહન કર્યા પછી હવે કોઇ આખરી નિર્ણય જરૂરી છે**

બીજી તરફ આર્થિક મોરચે એ પણ છે કે ભારત-પાકિસ્તાન વચ્ચેના વ્યાપાર થોડો ઘણો પણ વાઘા અટારી બોર્ડર પર ચાલતો હતો તેને બંધ કરી દેતા પાકિસ્તાનની નિકાસને ફટકો પડશે ગેરકાનુની રીતે પણ બંને દેશોની સરહદો પર મોટો વ્યાપાર થતો હતો અને ભારતની નિકાસ જે રીતે વિશ્વભરમાં ફેલાઇ ગઇ છે તેનાથી પાકિસ્તાનમાં કદાચ નિકાસને બ્રેક લાગે તો પણ ભારતીય વ્યાપાર જગત તે આંચકો સહન કરી શકે તેમ છે અને બીજી તરફ પાકિસ્તાનના વ્યાપારી નેપાળ કે અન્ય માર્ગો પર ભારત પર આધારીત છે તે નિશ્ચિત આમ આર્થિક વ્યવસ્થાની દ્રષ્ટિએ પણ જયારે પૂરી દુનિયા મંદીના ઓછાયા હેઠળ છે તે સમયે પાકિસ્તાન અગાઉથી જ આર્થિક માર્ગ સહન કરી રહ્યું છે તેમાં બંને દેશો વચ્ચે યુદ્ધ થાય તો તેની આર્થિક અસર પણ થઇ શકે છે. એ વાસ્તવિકતા છે ૧૯૭૧ના યુદ્ધ પૂર્વે પાકિસ્તાન દક્ષિણ એશીયાનો સૌથી સમૃધ્ધ દેશ હતો કારણ કે તેની પ્રતિ વ્યકિત આવક ભારત, શ્રીલંકા બાંગ્લાદેશથી પણ વધુ હતી પરંતુ જંગે પાકિસ્તાનની હાલત બગાડી હતી અને પાકિસ્તાનમાં હાલ મોંઘવારી દર ૩૮.૫ ટકા છે અને ફકત ૩૭૦ કરોડ ડોલરની વિદેશી મુદ્રા છે પાકિસ્તાન યુધ્ધ કરે તો તેના જ પગ પર કુહાડી મારવા જેવું ગણાશે.

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

પરંતુ ભારત માટે એકશન લેવા હવે જરૂરી છે. ભુતકાળમાં જેમ એક બાદ એક ત્રાસવાદી હુમલાને આપણી નાની સર્જીકલ સ્ટ્રાઇકથી બદલો લીધાનો સંતોષ માની લીધો તે સ્થિતિ હવે બની શકે તેમ નથી. અગાઉ જ લખ્યું હતું કે દેશના ૧૦૦ કરોડથી વધુ હિન્દુઓને ગોળી લાગી છે અને તેથી સરકાર જબરી દબાણમાં છે એ વાસ્તવિકતા છે કે યુદ્ધ એ ભારતને પણ આર્થિક મોરચે મુશ્કેલીમાં મુકી શકે છે. આ યુદ્ધમાં પ્રાદેશિક સંતુલન પણ બદલી શકે છે ખાસ કરીને પાકિસ્તાન અને જે રીતે બાંગ્લાદેશ વધુ નજીક આવ્યા છે અને ૧૯૭૧ બાદ પ્રથમ વખત યુદ્ધ થશે તો તેના કારણે બાંગ્લાદેશને પણ પાકિસ્તાન અને ચીનની વફાદારી બતાવવાની તક મળી શકે છે. યુદ્ધ મોરચે તો ભારત અગાઉ પણ પાકિસ્તાનને મ્હાત આપી ચુકયુ છે અને ફરી એક વખત તે આર્થિક રીતે જે બેહાલ છે તેથી પાકિસ્તાન ઇચ્છશે નહીં કે યુદ્ધ લાંબુ ચાલે અને બીજી તરફ આંતરરાષ્ટ્રીય સ્તરે ભલે હાલ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરમાં તટસ્થ વલણ લીધુ હોય પરંતુ જે રીતે પ્રારંભિક પ્રતિભાવો આપ્યા તેમાં ભારતને તેના પરનો હુમલાનો જવાબ આપવાનો હકક છે તે દર્શાવ્યું છે છતાં પણ અમેરિકાની નજર પાકિસ્તાનના સમૃધ્ધ ખનીજ પર પણ છે અને હાલમાં જ અમેરિકી અધિકારીઓ પાકિસ્તાન જઇ આવ્યા જે રીતે બહુમૂલ્ય ખનીજ એ ચીન પર સૌથી વધુ આધારીત હોવાનો અમેરિકાને અફસોસ છે પાકિસ્તાનનું જે ખનીજ છે તે બલુચીસ્તાન વિસ્તારમાં છે અને ત્યાં પાકિસ્તાન લાંબા સમયથી આંતરિક અસંતોષનો સામનો કરી રહ્યું છે અને આ બલોચ સહિતના વિસ્તારમાં ચીનના અનેક પ્રોજેકટનો પણ સંકેલો કરવો પડયો છે. આમ અમેરિકા આ યુદ્ધમાં તાત્કાલીક ભૂમિકા ભજવે તેવી શકયતા નથી. અગાઉ જ તે રશિયા સાથે ડિપ્લોમેટીક તનાવમાં છે અને ઇરાન સાથે પણ તેને મુશ્કેલી છે.

સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે ચીનની ભુમિકા શું હશે ? ગઇકાલે જ ચીને એક નિવેદનમાં તટસ્થ તપાસની પાકિસ્તાનની માંગને સમર્થન આપ્યું તે સમયે એક પ્રશ્ન એવો ઉઠે છે કે ભારત લાંબા ગાળાથી બે મોરચે લડવાની તૈયારી કરી રહ્યું છે તો શું તે સમય આવશે અનેક આશંકાઓ એવી વ્યકત થઇ રહી છે કે જો ભારત અને પાકિસ્તાન યુધ્ધ કરે તો ચીન ભારત સાથેની સરહદો પર વધુ સૈન્ય ગોઠવીને ભારતને દબાણમાં લાવે હાલમાં જે રીતે બંને દેશોએ ગલવાન સહિતના ક્ષેત્રોમાં આર્મીની આગેકુચને પાછળ ખસેડી હતી તે સ્થિતિમાં બદલાવ આવી શકે તો ભારતને પણ તેના સૈન્યનો એક હિસ્સો ચીન સાથેની સરહદ પર ગોઠવવો પડે પણ ચીન સીધુ યુધ્ધમાં ઝંપલાવે તેવી શકયતા જરાપણ લશ્કરી નિષ્ણાંતો જોતા નથી ખાસ કરીને જે રીતે ટેરીફ યુધ્ધના સમયમાં ચીન અમેરિકા સામે ટકકર ઝીલી રહ્યું છે તે પછી ચીન તેના પાડોશમાં પણ નવી સ્થિતિ ઉભી કરે તેવી શકયતા નથી. હા એ ચોકકસ છે તે પાકિસ્તાનને નૈતિક અને થોડો ઘણો લશ્કરી ટેકો આપી શકે છે પણ યુધ્ધ એ એવી અનિશ્ચિત સ્થિતિ છે કે તેનો પ્રારંભ કરવો સરળ છે પણ અંત લાવવો મુશ્કેલ છે. અને ભારત સામે એક કઠીન પ્રશ્ન છે અને તેથી જ સરકારનો જે નિર્ણય હશે તે આ તમામ જોખમોનું સંતુલન કરીને લેવાશે તેમાં બેમત નથી અને ભારતે તેના માટે તૈયાર રહેવું પડશે.



## જયારે રશિયાએ ભારત સામે યુદ્ધે ચડવા ચીનને રોકી લીધુ હતુ

આ વાત ૧૯૭૧ની છે જયારે બાંગ્લાદેશના સર્જન માટે ભારતીય સેના પૂર્વ પાકિસ્તાન તરીકે ઓળખાતા તે વિસ્તારમાં પહોંચી હતી અને પાકિસ્તાન માટે તે પ્રદેશ ગુમાવવા સિવાય કોઇ વિકલ્પ ન હતો આ સમયે અમેરિકાના પ્રમુખ રીચર્ડ નીકસને તેના નૌકાદળનો છઠ્ઠો કાફલો જે દુનિયામાં સમુદ્રી તાકાત તરીકે ઓળખાતો હતો તેને બંગાળના અખાતમાં તૈનાત કરવા રવાના કર્યો અમેરિકાના તત્કાલીન વિદેશ મંત્રી હેનરી કિસીન્જર ગુપ્ત રીતે બીજીંગ પહોંચી ગયા અને અમેરિકા ઇચ્છતુ હતું કે ચીન ભારત સામે પણ યુધ્ધ શરૂ કરે જેથી બાંગ્લાદેશના સર્જન માટે જે રીતે ભારતીય સેના નિર્ણાયક બનવા જતી હતી તેને આંચકો લાગે અને ચીન સામે લડવા પૂર્વ પાકિસ્તાનમાંથી પીછેહઠ કરવી પડે વાસ્તવમાં તત્કાલીક વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ આ તમામ બાબતો વિચારી રાખી હતી અને તેથી જ યુધ્ધ શરૂ તે સાથે રશિયન સબમરીનો બંગાળના અખાતના પેટાળમાં લાંગરી ગઇ હતી. બીજી તરફ હેનરી કિસીન્જરની ચીન યાત્રાની ભનક આવતા જ ભારતે ડિપ્લોમેટીક પ્રયાસો શરૂ કર્યા અને રશિયા (તે સમયનું સોવિયેટ સંઘ) એ તુર્ત જ ચીન ઉપર દબાણ લાવ્યું કે તે ભારત સામે મોરચો ખોલશે નહીં અને તે સફળ પણ રહ્યું. બીજી તરફ અમેરિકી નૌકા કાફલો બંગાળના અખાતમાં આંતરરાષ્ટ્રીય જળ સીમા પાસે પહોંચ્યો તો તુર્ત જ રશિયન સબમરીન પણ સપાટી પર આવી ગઇ હતી અને અમેરિકાને સંદેશ આપી દીધો કે પહેલા તમારે અમારી સાથે લડવાનું રહેશે અને અમેરિકી કાફલાને પરત જવું પડયું.

**યુદ્ધ થાય તો ચીનની ભૂમિકા શું હશે તે પ્રશ્ન પૂછાઇ રહ્યો છે શું ચીન પાકિસ્તાનને સાથ આપશે ? ભુતકાળ જુદી વાત હતી, જિયો પોલીટીકલ સંબંધો હવે વ્યાપાર પર વધુ ગયા છે સંભવ છે ચીન ભારત ઉપર દબાણ વધારવા થોડુ સૈન્ય એલ.એ.સી. પર ગોઠવે, અમેરિકા હાલ તેણે જ ઉભા કરેલા પ્રશ્નો અને પડકારોમાં વ્યસ્ત છે પાકિસ્તાનમાં જો તેનો સ્વાર્થ હોય તો તે આ દેશના મીનરલના ખજાના પર છે પણ તે બલુચ વિસ્તારમાં છે અને પાકિસ્તાન પણ તેમાં હાથ નાંખી શકતુ નથી, રશિયા ભારત સાથે રહેશે તે નિશ્ચિત છે**

## ગુજરાત માટે પોઇન્ટ ટેબલમાં મોખરે પહોંચવા, રાજસ્થાન માટે પ્રતિષ્ઠા બચાવવા આજે જંગ

જયપુર : IPL ૨૦૨૫ની ૪૭મી મેચ આજે રાજસ્થાન રોયલ્સ (RR) અને ગુજરાત ટાઇટન્સ (GT) વચ્ચે રમાશે. રાજસ્થાનની ટીમ માત્ર ૨૦૨૩માં ગુજરાત સામે જીત નોંધાવી શકી છે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં પણ બન્ને વચ્ચે રમાયેલી ૨૦૨૩ અને ૨૦૨૪ની એક-એક મેચમાં હોમ ટીમ રાજસ્થાનને હારનો સામનો પડયો હતો. વર્તમાન સીઝનની પહેલી ટક્કરમાં ગુજરાતે ૫૮ રને બાજી મારી હતી. સળંગ પાંચ મેચ હારનાર રાજસ્થાન સામે ગુજરાત વર્તમાન સીઝનમાં બીજી વાર જીતની હેટ-ટ્રિક કરવા ઊતરશે. ગુજરાત આજે ટોચના સ્થાન પર પોતાની પકડ મજબૂત કરવા અને પ્લેઓફ સ્પોટ મેળવવાની નજીક જવાનો લક્ષ્ય રાખશે. તેમને પ્લેઓફમાં એન્ટ્રી કરવા માત્ર બે જીતની જરૂર છે. આ સીઝનમાં રનના પ્રવાહને નિયંત્રિત કરવામાં અને મહત્ત્વપૂર્ણ ક્ષણોમાં વિકેટ લેવામાં અસમર્થતા રાજસ્થાનને ખૂબ મોંઘી પડી છે જેના કારણે નવમાંથી માત્ર બે મેચ જીતનાર આ ટીમ બાકીની મેચોમાં ફક્ત પ્રતિષ્ઠા માટે રમશે.



રિયાન પરાગ

**હેડ-ટુ-હેડ રેકોર્ડ**

| | |
|---|---|
| કુલ મેચ | ૭ |
| GTની જીત | ૬ |
| RRની જીત | ૧ |



## પાક. સામે સ્પોર્ટસ સંબંધો પૂરા! ભારત વોલીબોલ ટુર્નામેન્ટ રમવા નહિ જાય

નવી દિલ્હી, તા.૨૮

પાકિસ્તાનમાં આગામી ૨૮ મેથી ચોથી જૂન દરમ્યાન એશિયન વોલીબોલ ચેમ્પિયનશિપનું આયોજન થશે, પરંતુ પહેલગામ આતંકવાદી હુમલાને કારણે બન્ને દેશ વચ્ચે વધેલા તનાવને કારણે ભારતે આ ટુર્નામેન્ટ રમવા ન જવાનો નિર્ણય કર્યો છે. આ સ્પર્ધામાં ઈરાન, તુર્કમેનિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનની ટીમ ભાગ લેશે.

પાકિસ્તાન વોલીબોલ ફેડરેશનના નિવેદન અનુસાર 'ભારતે આવતા મહિને ઈસ્લામાબાદમાં યોજાનારી સેન્ટ્રલ એશિયન વોલીબોલ ચેમ્પિયનશિપમાંથી પોતાની ટીમ પાછી ખેંચી લીધી છે. ભારતે ૨૮ મેથી જિન્નાહ કેમ્પસમાં શરૂ થનારી ચેમ્પિયનશિપ માટે બાવીસ પ્લેયર્સ સહિત ૩૦ સભ્યોની ટીમ મોકલવાની પુષ્ટિ કરી હતી. પહેલગામ ઘટના બાદ તેમની સરકારે પાકિસ્તાન આવવા માટે આપવામાં આવેલ નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ રદ કરી દીધું છે. ભારત ચેમ્પિયનશિપમાંથી ખસી ગયું છે એ જાણીને નિરાશા થઈ છે અને એની જગ્યાએ અફઘાનિસ્તાન અથવા શ્રીલંકાની ટીમ આવશે.'



## યંગસ્ટર્સ આયુષ, વૈભવ, પ્રિયાંશ અને પ્રભસિમરનને ભારતીય ક્રિકેટના ભાવિ સ્ટાર્સ માને છે રવિ શાસ્ત્રી




મુંબઈ,તા.૨૮

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને હેડ કોચ રવિ શાસ્ત્રીએ હાલમાં IPL 2025માંથી પોતાના ચાર એવા યુવા પ્લેયર્સનાં નામ આપ્યાં છે જેમની પાસે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં મોટું નામ બનાવવાની ક્ષમતા છે. ક્રિકેટના મૈદાન પર કૌશલ્ય દર્શાવવાના સૌથી મોટા મંચ ઈંઢમાંથી તેમણે ચેન્નઈ સુપર કિંગ્સના આયુષ મ્હાત્રે, રાજસ્થાન રોયલ્સના વૈભવ સૂર્યવંશી તથા કિંગ્સના ઓપનર્સ પ્રિયાંશ આર્ય અને પ્રભસિમરન સિંહને ભારતીય ક્રિકેટનાભાવિ સ્ટાર્સ તરીકે ગણાવ્યા.

આયુષ અને વૈભવ વિશે સ્પેશ્યલ વાત કરતાં તેમણે ICC પ્રીવ્યુમાં કહ્યું કે 'આયુષે મુંબઈ ઇન્ડિયન્સના સ્ટાર પ્લેયર્સ સામે ધમાકેદાર ઈનિંગ્સ રમીને પોતાની જાતને વ્યક્ત કરીને સૌનું ધ્યાન ખેંચ્યું. મને લાગે છે કે આયુષ મ્હાત્રેનું ભવિષ્ય ઉજ્જવળ છે. જ્યારે હું તેણે રમેલા કેટલાક શોટ જોઉં છું ત્યારે મને લાગે છે કે જો તેને યોગ્ય રીતે હેન્ડલ કરવામાં આવે અને યોગ્ય પ્રકારના લોકો સાથે જોડવામાં આવે તો તે ખૂબ આગળ વધી શકે છે. વૈભવે ઘણાબધા શોર્ટ બોલ અને ઘણીબધી વિવિધતાઓનો સામનો કરવો પડશે, કારણ કે બોલરો તેને આઉટ કરવા માટે નવી વસ્તુઓ અજમાવશે. જ્યારે તમે કોઈના પહેલા બોલ પર છગ્ગો ફટકારો છો ત્યારે કોઈ બોલર દયા બતાવતો નથી. પછી તેને કોઈ પરવા નથી કે સામેનો બેટર ૧૪ વર્ષનો છે કે ૧૨ વર્ષનો છે કે ૨૦ વર્ષનો છે.'

**ચારેય યંગ પ્લેયર્સના IPL 2025માં રન અને સ્ટ્રાઇક-રેટ**

| | |
|---|---|
| પ્રિયાંશ આર્ય (૨૩ વર્ષ)- | ૯ મેચ ૩૨૩ રન, ૨૦૦.૬૨ |
| પ્રભસિમરન સિંહ (૨૪ વર્ષ)- | ૯ મેચ ૨૯૨ રન, ૧૬૮.૭૯ |
| આયુષ મ્હાત્રે (૧૭ વર્ષ)-૨ | મેચ ૬૨ રન, ૧૮૨.૩૫ |
| વૈભવ સૂર્યવંશી (૧૪ વર્ષ)-૨ | મેચ ૫૦ રન, ૧૫૬.૨૫ |

## બેંગ્લોરે બદલો લીધોઃ દિલ્હીને હરાવ્યું : હરીફ ટીમોના ગઢમાં સળંગ છઠ્ઠી જીતઃ પોઈન્ટ ટેબલમાં નં.૧

### દિલ્હીના ૧૬૨ રન સામે બેંગ્લોરે ૬ વિકેટે જીત મેળવીઃ કોહલી-કૃણાલની જોરદાર રમત

નવી દિલ્હી:

IPL ૨૦૨૫ની ૪૬મી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેન્ગલુરુએ ૬ વિકેટે દિલ્હી કેપિટલ્સ સામે જીત મેળવી હતી. ટોસ ભહારીને પહેલાં બેટિંગ કરનાર દિલ્હીએ આઠ વિકેટ ગુમાવીને ૧૬૨ રન બનાવ્યા હતા. બેંગલોરે વિરાટ કોહલી અને કૃણાલ પંડયાની ૧૧૯ રનની ભાગીદારીના આધારે ચાર વિકેટે ૧૬૫ રન ફટકારીને નવ બોલ પહેલાં જીત નોંધાવી હતી. કોહલીના હોમ ગ્રાઉન્ડ અરુણ જેટલી સ્ટેડિયમમાં મળેલી આ જીત સાથે બેન્ગલોરે સીઝનની પહેલી ટક્કરમાં એમ. ચિન્નાસ્વામીમાં મળેલી હારનો બદલો લીધો છે. વર્તમાન સીઝનમાં ઘરની બહાર બેન્ગલોરની આ છઠ્ઠી જીત હતી.

૧૫૦મી IPL મેચ રમનાર ફાફ ડુ પ્લેસી (૨૬ બોલમાં બાવીસ રન) સાથે ઓપનર અભિષેક પોરેલ (૧૧ બોલમાં ૨૮ રન) સાથે ૩૩ રનની બે ભાગીદારી કરીને ટીમને અંકદરે સારી શરૂઆત અપાવી હતી. કે. એલ. રાહુલ (૩૯ બોલમાં ૪૧ રન)ની ધીરજપૂર્વકની ઇનિંગ્સ તથા ટ્રિસ્ટન સ્ટબ્સ (૧૮ બોલમાં ૩૪ રન) અને વિપ્રાજ નિગમ (૬ બોલમાં ૧૨ રન) વચ્ચેની સાતમી વિકેટની ૩૮ રનની પાર્ટનરશિપથી દિલ્હીની ટીમ આ સીઝનમાં પોતાની પહેલી ઇનિંગ્સના લોએસ્ટ ૧૬૨ રન સુધી પહોંચી શકી હતી.

બેન્ગલોરના ફાસ્ટ બોલર ભુવનેશ્વર કુમાર (૩૩ રનમાં ત્રણ વિકેટ) આજના પ્રદર્શનના આધારે ૧૯૩ વિકેટ ટુર્નામેન્ટના હાઇએસ્ટ વિકેટટેકર બોલર્સમાં સ્પિનર પીયૂષ ચાવલા (૧૯૨ વિકેટ)ને પછાડી બીજા ક્રમે પહોંચ્યો હતો, જ્યારે જોશ હેઝલવુડ (૩૬ રનમાં બે વિકેટ) વર્તમાન સીઝનમાં ૧૮ વિકેટ સાથે પર્પલ કેપહોલ્ડર બન્યો હતો.

પહેલી IPL મેચ રમી રહેલા અને નવા ઓપનિંગ પાર્ટનર જેકબ બેથેલ (છ બોલમાં ૧૨ રન) સાથે ૨૦ રનની ઓપનિંગ ભાગીદારી કરનાર વિરાટ કોહલી (૪૭બોલમાં ૫૧ રન)એ પહેલી ઓવરથી અંતિમ ઓવર્સ સુધી ટીમની બાજી સંભાળી રાખી હતી. ટીમે ચાર ઓવરમાં ૨૬ રનના સ્કોર પર ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાંથી કોહલીએ ચોથી વિકેટ માટે કૃણાલ પંડયા (૪૭ બોલમાં ૭૩ જીત) સાથે ૧૧૯ રનની પાર્ટનરશિપ કરીને જીતનો પાયો નાખ્યો હતો. દિલ્હી માટે તેમનો કેપ્ટન અક્ષર પટેલ (૧૯ રનમાં બે વિકેટ) સૌથી સફળ બોલર રહ્યો હતો.



### પોઇન્ટ્સ ટેબલમાં હવે નંબર વન ટીમ બની ગઈ બેંગ્લોર

બેન્ગલોરની ટીમ ૧૦માંથી સાત મેચ જીતીને હવે પોઇન્ટ્સ ટેબલમાં ૧૪ પોઇન્ટ સાથે નંબર વન ટીમ બની છે. તેમની આ સફરમાં સ્ટાર બેટર વિરાટ કોહલી (૪૪૩ રન) અને ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ (૧૮ વિકેટ)નું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેઓ અનુક્રમે ઓરેન્જ કેપ અને પર્પલ કેપહોલ્ડર બની ગયા છે.

| ટીમ | મૅચ | જીત | હાર | નો-રિઝલ્ટ | નેટ રન-રેટ | પૉઇન્ટ |
|---|---|---|---|---|---|---|
| બેન્ગલોર | ૧૦ | ૭ | ૩ | ૦ | +૦.૫૨૧ | ૧૪ |
| ગુજરાત | ૮ | ૬ | ૨ | ૦ | +૧.૧૦૪ | ૧૨ |
| મુંબઈ | ૧૦ | ૬ | ૪ | ૦ | +૦.૮૮૯ | ૧૨ |
| દિલ્હી | ૯ | ૬ | ૩ | ૦ | +૦.૪૮૨ | ૧૨ |
| પંજાબ | ૯ | ૫ | ૩ | ૧ | +૦.૧૭૭ | ૧૧ |
| લખનઉ | ૯ | ૫ | ૪ | ૦ | -૦.૦૫૪ | ૧૦ |
| કલકત્તા | ૯ | ૩ | ૫ | ૧ | +૦.૨૧૨ | ૭ |
| હૈદરાબાદ | ૯ | ૩ | ૬ | ૦ | -૧.૧૦૩ | ૬ |
| રાજસ્થાન | ૯ | ૨ | ૭ | ૦ | -૦.૬૨૫ | ૪ |
| ચેન્નઈ | ૯ | ૨ | ૭ | ૦ | -૧.૩૦૨ | ૪ |

## ગૌતમ ગંભીરને ધમકી આપનાર ગુજરાતી વિદ્યાર્થી નિકળ્યો

### માનસિક રોગથી પીડાતો હોવાનો દાવો

મુંબઇ:

ભારતીય હેડ કોચ ગૌતમ ગંભીરને ધમકીભરી ઈ-મેઇલ મોકલનાર શંકાસ્પદ વ્યક્તિની દિલ્હી પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.



ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ (સેન્ટ્રલ) એમ. હર્ષવર્ધને પોતાના નિવેદનમાં કહ્યું કે 'ગુજરાતનો ૨૧ વર્ષનો જિજ્ઞેશસિંહ પરમાર એન્જિનિયરિંગ વિદ્યાર્થી છે. તેનો પરિવાર દાવો કરે છે કે તે માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાઈ રહ્યો છે. વધુ તપાસ ચાલુ છે.'

પહલગામ હુમલાના દિવસે બાવીસ એપ્રિલે ભારતીય હેડ કોચના ઈ-મેઈલ અકાઉન્ટ પર ISIS કાશ્મીર આઇડી પરથી મળેલી ધમકીભરી ઈ-મેઈલના સ્ક્રીનશોટ સાથે રાજિન્દરનગર પોલીસ-સ્ટેશનમાં ગયા અઠવાડિયે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ૨૦૨૨માં પણ તેમને આવી જ ધમકીઓ મળી હતી જેના કારણે તેની સુરક્ષા કડક બનાવવામાં આવી હતી



# હવે સુરતમાં ગોલ્ડ ATM: ગમે ત્યારે સોના-ચાંદીના સિક્કાની ખરીદી થઈ શકશે

સુરત તા.૨૮

થોડા દિવસ પૂર્વે ચીનના મોલમાં ગોલ્ડ એટીએમ શરૂ થયુ છે. હવે ભારતમાં પણ તે શરૂ થઈ ગયુ છે અને ગુજરાતના ડાયમંડ હબ સુરતમાં તેની પહેલ થઈ છે.સુરતમાં ગોલ્ડ એટીએમ મારફત ૧ ગ્રામથી ૨૫ ગ્રામ સુધીના સોનાના સિક્કાની ૨૪ કલાક ખરીદી થઈ શકશે.

આ ATMની મદદથી લોકો ૧ ગ્રામથી લઈને ૨૫ ગ્રામ સુધીના સોનાના સિક્કા (અને ચાંદીના સિક્કા પણ) સરળતાથી ખરીદી શકશે. જ્વેલરી શોરૂમ ખોલવાનો સમય હોય ત્યારે જ સોનું કે ચાંદી ખરીદી શકાય તેવી મર્યાદા હવે આ ગોલ્ડ ATM દ્વારા દૂર થઈ ગઈ છે. જે રીતે બેંકો બંધ થયા બાદ પણ ATMમાંથી રૂપિયા મેળવી શકાય છે, તેવી જ રીતે હવે ગોલ્ડ ATM થકી ૨૪ કલાક કોઈપણ સમયે સોનું અને ચાંદી ખરીદવું શક્ય બન્યું છે.

આ ગોલ્ડ ATM ગોલ્ડસિક્કા કંપની સાથે મળીને લોન્ચ કરવામાં આવ્યું છે. તેની સુરક્ષા પણ જડબેસલાક રાખવામાં આવી છે, મશીનનું વજન જ ૬૦૦ કિલો છે, જે તેની મજબૂતાઈ અને સુરક્ષાનો સંકેત આપે છે.

જ્વેલર્સ દિપક ચોકસીએ જણાવ્યું કે, ઘણી વખત લોકો વિવિધ શુભ પ્રસંગોમાં સોના અને ચાંદીના સિક્કા ભેટ તરીકે આપવા માંગતા હોય છે, પરંતુ રાત્રિના સમયે કે વહેલી સવારે સોનીની દુકાનો બંધ હોવાથી ખરીદી કરી શકતા નથી. હવે આ ગોલ્ડ ATMને કારણે આ મર્યાદા દૂર થઈ જશે અને લોકો પોતાની જરૂરિયાત મુજબ ૨૪ કલાક

(અનુસંધાન ૧૨ મા પાને)

### બીજું ઘર આવી જાય તેટલુ મેઈન્ટેનન્સ

# અમદાવાદમાં અલ્ટ્રા-લકઝરિયસ પ્રોજેકટોમાં મેઈન્ટેનન્સની રકમ રૂા.૪૦ લાખથી ૨ કરોડ સુધી પહોંચી



અમદાવાદ તા.૨૮

રાજકોટ સહિત રાજયસભામાં લકઝરી-મોટા આવાસોનો ટ્રેન્ડ વધી રહ્યા છે. મોંઘા ઘરની સાથોસાથ લેવાતી મેઈન્ટેનન્સ ડિપોઝીટ પણ મોઢામાં આંગળા નાંખી દે તેવી છે. અમદાવાદમાં અમુક અલ્ટ્રા-લકઝરી પ્રોજેકટોમાં વન-ટાઈમ મેઈન્ટેનન્સ ડીપોઝીટની રકમ રૂા.૪૦ લાખથી ૨ કરોડ જેવી થવા લાગી છે.

ધરખમ મેઈનટેનન્સ ચાર્જ વિશે ડેવલપરોનો એવો દાવો છે કે આજીવન લકઝરી લાઈફ સ્ટાઈલ પુરી પાડવા માટે આ રકમ ઉઘરાવાય છે. ગ્રાહકોને પણ કોઈ વાંધો નથી લકઝરી મેળવવી હોય તો નાણાં આપવા પડે તેવુ તેઓ સ્વીકારી રહ્યા છે. ઈસ્કોન-આંબલી માર્ગ પર ૨૦,૦૦૦ સ્કવેરફુટના બંગલા બન્યા છે અને તેમાં મેઈનટેનન્સની રકમ પ્રતિ સ્કવેર ફીટ રૂા.૧૦૦૦ છે તે હિસાબે કુલ રકમ બે કરોડ થવા જાય છે. તમામ ભૌતિક સુખ સુવિધાઓ માટે ૬૦ કરોડનું ફંડ એકત્રીત થશે અને તેમાં રહેનારાઓએ દાયકાઓ સુધી પછી કોઈ રકમ નહિં ઉઘરાવવી પડે.

સુત્રોએ એમ કહ્યું કે અન્ય એક ૩૮ માળના ટાવરમાં ૬૨ યુનિટની આ સ્કીમ છે. ૧૫૬ મીટર ઉંચો ટાવર અમદાવાદનાં સૌથી મોટા ટાવરમાંનો એક છે. ખાનગી થિયેટર, બેન્કવેટ હોલ, જીમ, પુલ, વેલનેસ સેન્ટર સહિત તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. તેમાં ૩૦ લાખનું મેન્ટેનન્સ છે. અન્ય પોશ એરીયામાં ૭૫૦૦ થી ૯૦૦૦ સ્કવેર ફૂટના લકઝરી ફ્લેટમાં મેઈન્ટેનન્સની રકમ રૂા.૭૫ થી ૯૦ લાખની છે. પ્રથમ તબકકે જ નાણાં ઉઘરાવી લેવાથી રહેનારાઓએ પછી વારંવાર ખર્ચની ચિંતા રહેતી નથી. બિલ્ડરોનાં કહેવા પ્રમાણે અલ્ટ્રા-લકઝરીયસ પ્રોજેકટોમાં માત્ર આવાસ જ નથી અપાતા પરંતુ ફાઈવસ્ટાર લાઈફ સ્ટાઈલ પુરી પાડવામાં આવે છે. અમુક પ્રોજેકટોમાં તો બે-બે કિચન, વિશાળ બાલ્કની તથા અલગ અલગ લીવીંગ રૂમની સગવડ પણ પુરી પાડવામાં આવી રહી છે. એક પ્રોજેકટમાં ત્રણ સ્વીમીંગ પુલ છે.ઉપરાંત કોઈપણ ફિલ્મ રીલીઝ થયાના પ્રથમ દિવસે જ દેખાડવાની સવલત છે. ૧૦૭૦૦ સ્કવેર ફૂટના ફ્લેટની મેઈન્ટેનન્સ ડીપોઝીટ ૭૫ લાખ છે.

# રાજકોટ સહિત રાજયભરના મહેસુલી કર્મચારીઓ દ્વારા રજા રિપોર્ટ મૂકાયાઃ બુધવારે માસ CL પર

### બદલીમાં અન્યાય, ખાલી જગ્યાઓ ભરવા, પ્રમોશનમાં વિસંગતતા સહિતના પ્રશ્નો હલ કરવાની માંગણી સાથે લડતઃ રાજય સરકારની નિતીરિતી સામે કર્મચારીઓમાં રોષ

રાજકોટ,તા.૨૮

રાજકોટ સહિત રાજયભરના મહેસુલી કર્મચારીઓએ વિવિધ અણઉકેલ પ્રશ્નો સબબ આંદોલનનું શસ્ત્ર ઉગામી આગામી તા.૩૦મીને બુધવારના માસ સી.એલ.પર જનાર છે જે અંતર્ગત આજે કર્મચારીઓ દ્વારા રજા રિપોર્ટ મૂકી દેવાયા છે.અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેર-જિલ્લામાં ૩૯૦ સહિત રાજયમાં મહેસુલી કર્મચારીઓનું ૩૮૦૦ જેટલું સંખ્યાબળ છે છેલ્લા લાંબા સમયથી આ મહેસુલી કર્મચારીઓના પ્રશ્નો અધ્ધરતાલ લટકી રહ્યા છે.જેમાં બદલીમાં અન્યાય ખાલી જગ્યાઓ ભરવા, પ્રમોશનમાં વિસંગતતા સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે. મહેસુલી કર્મચારીઓના આ અણઉકેલ પ્રશ્નો અંગે અગાઉ મહેસુલી કર્મચારી મંડળ દ્વારા રાજય સરકારમાં અનેક વખત રજુઆત કરવામાં આવેલ હતી.પરંતુ કર્મચારીઓના આ પ્રશ્નો ઉકેલવા માટે હજૂ સુધી કોઈપણ જાતની કાર્યવાહી હાથ નહીં ધરાતા કર્મચારીઓ દ્વારા આગામી તા.૩૦ને બુધવારે માસ સી.એલ.પર જવાનો નિર્ણય લેવામાં આવેલ છે.જે અંતર્ગત રેવન્યુ કર્મચારીઓ દ્વારા આજે પોતપોતાની કચેરીઓમાં અધિકારીઓને રજા રિપોર્ટ આપી દેવામાં આવેલ હતાં.રેવન્યુ કર્મચારીઓ માસ સીએલ પર જતા બુધવારે મહેસુલી કચેરીઓમાં કામકાજ ખોરવાયા જવાની શકયતા રહેલી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા મહેસુલી કર્મચારીઓની આગમટે કરાયેલ બદલી આડેધડ રીતે કર્મચારીઓને વિશ્વાસમાં લીધા વગર કરાયાની ફરિયાદ ઉઠી હતી.તેમજ મહેસુલ વિભાગના કર્મચારીઓને બઢતી આપવાના નિયમમાં વિસંગતતા રહેલી રહેલી કર્મચારીઓ અન્યાયનો ભોગ બની રહ્યા છે.મહેસુલ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં પણ તંત્ર ઉદાસીનતા દાખવી રહ્યું છે.મહેસુલી કર્મચારી યુનિયનના હોદ્દેદારોએ આ અંગે જણાવ્યું હતું કે મહેસુલી કર્મચારીઓના લાંબા સમયથી અણઉખેલ રહેલા પ્રશ્નો અંગે રાજય સરકારમાં સહીત રજુઆત કરવામાં આવેલ છે.તેમ છતા તેનું કોઈ પરિણામ હાંસલ થયેલ નથી જેના પગલે મહેસુલી કર્મચારીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. આ સવાલ રાજકોટ સહિત રાજયભર મહેસુલી કર્મચારીઓ તા.૩૦ને બુધવારે માસ સી.એલ.પર ઉતરી લડતના મંડાણ કરનાર છે. આવતીકાલે ભગવાન પરશુરામની જન્મજયંતિની જાહેર રજા હોય આજે જ કર્મચારીઓએ બુધવારની માસ.સી.એલના રિપોર્ટ અધિકારીઓને સમક્ષ મૂકી દીધા હતાં.

### ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધનુ ટેન્શન ડિસ્કાઉન્ટ

# શેરબજારમાં તેજીનો તોખારઃ સેન્સેકસમાં ૧૧૦૦ પોઈન્ટનો ઉછાળો

### બેંક, ઓટો, મેટલ સહિત તમામ ક્ષેત્રોના હેવીવેઈટ-મીડકેપ શેરો ઉંચકાયાઃ સેન્સેકસ ફરી ૮૦૦૦૦ની ઉપર

રાજકોટ તા.૨૮

મુંબઈ શેરબજારમાં આજે તેજીની રોનક જોવા મળી હતી. ભારત-પાક વચ્ચે ટેન્શન સહિતના નેગેટીવ કારણોને ડિસ્કાઉન્ટ ગણીને માર્કેટ તેજીના માર્ગે દોડયુ હતું. સેન્સેકસમાં ઈન્ટ્રા-ડે ૧૧૦૦ પોઈન્ટથી અધિકનો ઉછાળો નોંધાયો હતો.

શેરબજારમાં આજે માનસ તેજીનુ બન્યુ હતુ. અમેરિકા-ચીન વચ્ચે પણ ટ્રેડવોર હળવુ થઈ રહ્યાના સંકેતો ઉપરાંત વિદેશી નાણાંસંસ્થાઓની એકધારી જંગી લેવાલી, ચોમાસુ નોર્મલ કરતા પણ સારૂ રહેવાની આગાહી, વ્યાજદરમાં વધુ ઘટાડો થવાના સંકેત સહિતના કારણોની સારી અસર હતી. પહેલગામ હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચેના ટેન્શન છતાં કોઈ ગંભીર અસર ન હતી. જાણીતા શેરબ્રોકરોના કહેવ પ્રમાણે ભારત માટે કોઈ ગંભીર પરિણામો નહીં સર્જાવાની ગણતરી મુકામી હતી. વિદેશી નાણાં સંસ્થાઓની સતત ધૂમ લેવાલીએ માર્કેટને જોરદાર ટેકો આપ્યો છે અને તેની હુંફે માર્કેટમાં તેજીની આગેકૂચ રહી છે.

શેરબજારમાં આજે મોટાભાગના શેરો ઉંચકાયા હતા. બેંક, ઓટોમોબાઈલ્સ, સ્ટીલ સહિતના ક્ષેત્રોના શેરોમાં તેજી હતી. એકસીસ બેંક, રીલાયન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક,

(અનુસંધાન ૧૨ મા પાને)


Memorable Weddings
Rooms & Suites | Three Party Lawns
Three Wedding Halls | Three Restaurants
હલ્દી | મંડપ મુહુર્ત | મહેંદી
સાંજી | સગાઈ | રીસેપ્શન
સંગીત | મામેરૂ | વેડીંગ
केसर ढाणी
ઓલ-ઈન્ડીયા રેડીયો ટાવર પાસે, જામનગર રોડ, રાજકોટ.
Call : 99789 55595 / M. 99090 33330

ચામડી અને વાળના રોગો
• લેસરથી અણગમતા વાળ દુર કરવા
• ખીલ, ખીલથી થતા ખાડા તેમજ ડાઘા મો ઉપરની કરચલી માટે કેમીકલ પીલીંગ અને ડર્મારોલર તેમજ લેસરથી સારવાર
• ચહેરા અને ગરદન પર થતા તલ, મસા વગેરે માટે આધુનિક R.F.C. યુનિટ
ડૉ. સમીર વસાવડા
એમ.ડી. (સ્કીન) (યુનિ.પ્રથમ)
ફોન : (૦૨૮૧)૨૪૪૧૯૦૨
અપર ગ્રાઉન્ડ લેવલ - પ્રતિભા કોમ્પલેક્ષ મોટી ટાંકી ચોક, રાજકોટ.

જોઈએ છે
કાલાવડ રોડ ઉપર ઘરનું પરચુરણ કામ તથા રસોઈ કામમાં મદદ કરી શકે તેવા (બહેન)
સમય : સવારે 9 થી સાંજે 7.30
Mo. 96389 13232

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

જામનગર રોડ પર નવા કોર્ટ બિલ્ડીંગ પાસે
શેઠનગરમાં ફર્નિચર સાથેની 200 ફૂટ ની 2 ઓફિસ
વ્યાજબી ભાડેથી આપવાની છે
99099 98991
MANISH ADS




# ભારત સાથે યુદ્ધ ન થાય તો સારૂઃ નવાઝ શરીફે નાનાભાઈ શાહબાઝને સલાહ આપી

## અગાઉ ભારતની તાકાત જોઈ ચૂકેલા પુર્વ વડાપ્રધાન ચિંતામાં



જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન અને ભારત વચ્ચે તંગદિલીનો માહોલ છે. ભારત હુમલાનો જડબાતોડ જવાબ આપવા સજ્જ છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને PML-Nના અધ્યક્ષ નવાઝ શરીફે ભારત સાથે યુદ્ધ ન કરવા સલાહ આપી છે. તેમજ શાંતિપૂર્ણ ઉકેલો લાવવા અપીલ કરી છે.

પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં ગઈકાલે (૨૭ એપ્રિલ) પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝના અધ્યક્ષ નવાઝ શરીફને વડાપ્રધાન શાહબાઝ શરીફે રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠકમાં લીધેલા નિર્ણયો વિશે માહિતી આપી હતી. આ બેઠક ભારત દ્વારા સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કર્યા બાદ બોલાવવામાં આવી હતી. જેમાં શાહબાઝે નવાઝ શરીફને જણાવ્યું કે, આ એક ફોલ્સ ફ્લેગ ઓપરેશન હતું. જે ભારતીયો દ્વારા જાણીજોઈને કરવામાં આવ્યું હતું. જેથી અસ્થિરતાનો માહોલ ઉભો કરી શકાય. ભારતના આ આકરા પગલાંથી બંને દેશો વચ્ચે યુદ્ધનું જોખમ વધ્યું છે.

શાહબાઝે કહ્યું કે, આતંકવાદને પોષનારૂ પાકિસ્તાન શાંતિ માટે પ્રતિબદ્ધ છે. પરંતુ દેશની સુરક્ષા સાથે કોઈ સમાધાન કરીશું નહીં. જો કે, બીજી તરફ નવાઝ શરીફે બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપિત કરવા ઉકેલ શોધવા હિમાયત કરી હતી. નવાઝ આક્રમક વલણ અપનાવવા માગતા નથી. PML-Nના નેતાઓએ જણાવ્યું હતું કે, નવાઝ શરીફે વડાપ્રધાનને શાંતપૂર્ણ ઉકેલો શોધવા અપીલ કરી છે. તેઓ યુદ્ધ ઈચ્છતા નથી. ઉલ્લેખનીય છે, પાકિસ્તાન સરકાર આ હુમલા બાદ સતત પોતાના જ નિવેદનો પરથી પલટી મારી રહી છે. તેના વિદેશ મંત્રી સહિતના ઘણા નેતાઓ ભારતને આકરો જવાબ આપવાની તૈયારી બતાવી રહ્યા છે. જ્યારે વડાપ્રધાન શાહબાઝ ઘડીક યુદ્ધ માટે તૈયાર હોવાનો સંકેત આપે છે, તો હવે પોતે શાંતિની અપીલ કરે છે.

# ED કચેરીમાં આગથી મેહલ ચોકસી-નિરવ મોદીની ક્રાઈમ ફાઈલો સળગી ગઈ

## રેકોર્ડ રૂમમાં લાગેલી આગથી તમામ દસ્તાવેજો બળીને ખાખઃ ભુજબળ સંબંધી દસ્તાવેજો પણ હતા

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં બેલાર્ડ એસ્ટેટ ખાતે આવેલી એન્ફોર્સમેન્ટ વિભાગની કચેરીમાં આગ લાગતા અને લગભગ ૧૦ કલાક સુધી આગ ચાલુ રહેતા તેમાં ભારતની બેન્કો સાથે છેતરપીંડી કરીને નાસી છુટેલા નામચીન ભાગેડુ નિરવ મોદી, મેહુલ ચોકસીના કેસ સંબંધીત અનેક રેકોર્ડ પણ બળીને ખાખ થયા છે તો મહારાષ્ટ્રના નેતા છગન ભુજબળ અને અનિલ દેશમુખ સામેની ભ્રષ્ટાચાર સંબંધી કાર્યવાહીની ફાઈલો પણ રાખ બની ગઈ છે. આ આગથી ઈડી કચેરીના કબાટો, રેકોર્ડ રૂમ બધુ બળીને રાખમાં ફેરવાઈ ગયુ છે અને હવે હાલ આ તમામ સામે જે કેસ ચાલુ છે. તેના પર કેવી અસર થશે તે ચકાસાઈ રહ્યું છે.



જો કે ઈડીના સૂત્રોના જણાવ્યા મુજબ ઓરીજનલ ચાર્જશીટ સાથે મુળ દસ્તાવેજો પણ અદાલતમાં છે અને ઈડીની કચેરીમાં તેના નકસા છે તેથી કેસને કોઈ વાંધો આવશે નહી પણ અમારા રેકોર્ડ માટે પણ નકલો કરવી પડશે.

# સમાજ શ્રેષ્ઠી સ્વ.બેચરભા પાંચાભા પરમારની ચોથી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે મહા રક્તદાન કેમ્પ અને ભવ્ય સંતવાણી લોકડાયરા નું આયોજન

## શ્રી બેચરભા પરમાર ચોક નામકરણ : લોકડાયરામાં હરેશદાન ગઢવી, અનુભા ગઢવી, વિવેક સાંચલા, દેવરાજ ગઢવી સહિતના કલાકારો જમાવટ કરશે

રાજકોટ, તા.૨૮

સમાજ શ્રેષ્ઠી રાજપૂત સમાજ અગ્રણી સ્વ. બેચરભા પાંચાભા પરમારની ચોથી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે તા.૨/૫/૨૦૨૫ શુક્રવારના રોજ શ્રદ્ધાંજલિ રૂપે એમના પરિવાર દ્વારા મહા રક્તદાન કેમ્પ તથા ભવ્ય સંતવાણી લોકડાયરો અને રાજકોટ મહાનગર પાલિકા દ્વારા શ્રી બેચરભા પાંચાભા પરમાર ચોક નામકરણ યોજાશે સવારે ૧૦:૦૦ કલાકે ચોક નામકરણ, સવારે ૧૦:૦૦ વાગ્યાથી ૦૧:૦૦ વાગ્યા સૂધી મહા રક્તદાન કેમ્પ તથા રાત્રે ૦૯:૦૦ કલાકે ભવ્ય સંતવાણી લોકડાયરો કુવાડવા રોડ ડી માર્ટ સામે ''શ્રી બેચરભા પરમાર ચોક'' રાજકોટ ખાતે યોજાશે.



સ્વ. બેચરભા પાંચાભા પરમાર

ભવ્ય સંતવાણી લોકડાયરામાં હરેશદાન ગઢવી, અનુભા ગઢવી, વિવેક સાંચલા, દેવરાજ ગઢવી ગીર, અલ્પાબેન પરમાર, વીરસિંહ રાઠોડ ભજન લોક સાહિત્યનું રસપાન કરાવશે.

આ કાર્યક્રમમાં સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થીત રહેશે રાજકીય અગ્રણીઓમાં પરષોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરિયા, ઉદયભાઈ કાનગડ, માધવભાઈ દવે, વિજયભાઈ રૂપાણી, રમેશભાઈ ટીલાળા, ભાનુબેન બાબરીયા, દર્શિતબેન શાહ, નયનાબેન પેઢડીયા, રમેશભાઈ રૂપાપરા, ભરતભાઈ બોઘરા, જયમીનભાઈ ઠાકર, કમલેશભાઈ મીરાણી, મુકેશભાઈ દોશી, મોહનભાઈ કુંડારીયા, દુર્લભજીભાઈ દેથરિયા, નીતિનભાઈ ભારદ્વાજ, કશ્યપભાઈ શુક્લ, નરેન્દ્રસિંહ જાડેજા, અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, સુરેન્દ્રસિંહ વાળા, પુષ્કરભાઈ પટેલ, દેવાંગભાઈ માંકડ, ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં ભક્ત ભૂષણ સંત જનકસિંહજી સાહેબ છલાળા, બ્રહ્મા કુમારી રેખાદીદી, ડી.સીપી સજનસિંહ પરમાર , ડી.સી.પી પાર્થરાજસિંહ ગોહિલ, વિજયસિંહ '' સોલંકી દાદા બાપૂ ધામ પછમ, નરેન્દ્રસિંહ પંવાર રતલામ ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમમાં માટે ચંદુભા બેચરભા પરમાર, હરીશસિંહ બેચરભા પરમાર, દર્શનસિંહ બેચરભા પરમાર, દક્ષરાજસિંહ બેચરભા પરમાર જહેમત ઉઠાવી રહ્યા છે.

### વિવેકાનંદ સંગીત વિદ્યાલય દ્વારા નિઃશુલ્ક સમર વેકેશન બેચ

વિવેકાનંદ સંગીત વિદ્યાલય દ્વારા ૮ થી ૧૪ વર્ષ ના બાળકો માટે નિઃશુલ્ક સમર વેકેશન બેચનું આયોજન કરેલ છે. ગાયન,પિયાનો, હાર્મોનિયમ, તબલા, ગિટાર ૩-વિરવકર્મા સોસાયટી, બ્લોક નં. ૩૨, અતુલ બેકરીની સામેની શેરી, સાધુ વાસવાણી રોડ. રાજકોટ ખાતે શીખવવામાં આવશે.

# બોયફ્રેન્ડના ત્રાસથી યુવતીએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફીનાઈલ ગટગટાવ્યું

## આરોપીઓ બુટલેગર હોય, પોલીસ કાર્યવાહી ન કરતી હોવાથી પગલું ભર્યું હોવાનો આક્ષેપ

રાજકોટ, તા.૨૮

બોયફ્રેન્ડના ત્રાસથી યુવતીએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફીનાઇલ ગટગટાવ્યું હતું. આક્ષેપ છે કે, આરોપીઓ બુટલેગર હોય, પોલીસ કાર્યવાહી કરતી નથી. જેથી પગલું ભર્યું હતું.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ, આજે બપોરે અઢી વાગ્યા આસપાસ ઉર્મિલાબેન ધનજીભાઈ ખીમસુરીયા (ઉંમર વર્ષ ૩૦, રહે શીતલ પાર્ક ભારતી નગર ૨, પેટ્રોલ પંપ પાસે)એ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફીનાઈલ પી લીધું હતું. તેને ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ. ઉર્મિલાબેન સાથે રહેતા તેમના માસીના દીકરી પારૂલબેન બીપીનભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, ઉર્મિલાનો બોયફ્રેન્ડ હિતેશ કાનજી પાટડીયા અને હિતેશનો ભાઈ વિશ્વાસ કાનજી પાટડીયા અવારનવાર ઘરે આવીને તોડફોડ કરે છે. અને ધમકીઓ આપે છે. આરોપીઓ બુટલેગર હોવાથી પોલીસ પણ કોઈ કાર્યવાહી કરતી નથી. અવારનવાર ઘરે આવીને ધમકીઓ આપી જતા હોય અને પોલીસમાં અગાઉ પણ અનેક વખત અરજીઓ કરી હોય છતાં કોઈ પગલા ન લેવાતા હોય તેના કારણે ઉર્મિનાબેને કંટાળીને ફિનાઈલ પી લીધું હતું.



# રાજકોટ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિએશનનો દસમાં વર્ષમાં મંગલ પ્રવેશ : ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો

રાજકોટ તા. ૨૮

રાજકોટના કાલાવડ રોડ પર સ્થિત હોટેલ કે ક્રન્ચી ખાતે રાજકોટ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિએશન'' દ્વારા દશ માં વર્ષ મંગલ પ્રવેશ કાર્યક્રમનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમા ત્રીજા પ્રમુખ તરીકે વિજય જાનીની વરણી તથા તેમની શપથવિધિ કરવામાં આવી હતી. સાથે ઉપપ્રમુખ તરીકે શૈલેષ શાહ, સેક્રેટરી તરીકે કેતન મહેતા અને ટ્રેઝરર તરીકે નીરજ ખંભાતીની નિમણૂક થઈ અને પ્રકાશ શાહ, અર્પિત શાહ, જસ્મિન શેઠ, મુંજાલ ચૌહાણ, માધવ માલવીયા, ચેતન વિઠલાણી અને અતુલ સુરાણી સહિત અનેક સમર્પિત સભ્યોની ટીમે પણ નવી ઉર્જાથી કમિટીમાં જોડાણ કર્યું.




### ત્રીજા પ્રમુખ તરીકે વિજય જાની ,ઉપપ્રમુખ તરીકે શૈલેષ શાહ, સેક્રેટરી તરીકે કેતન મહેતાની વરણી

શપથવિધિ સમારંભમા રાજકોટ બિલ્ડર એસોસિએશનના પ્રમુખ પરેશભાઈ ગજેરા, ચેરમેન અમિતભાઈ ત્રાંબાડિયા, ઉપપ્રમુખ દિલિપભાઈ લાડાણી, સેક્રેટરી સંદીપભાઈ સાવલિયા તથા ટ્રેઝરર રાજદીપસિંહ જાડેજા વિશેષ ઉપસ્થિત રહ્યા. ઓસ્કાર ગ્રૂપના પાર્થભાઈ તળાવીયા, આર.કે. ગ્રૂપના સરવાનંદભાઈ સોનવાની અને ક્રેડાઈ ગુજરાત કમિટીના પ્રતિનિધિ આશિષ ભાઈ મહેતા, અમિતભાઈ રાજા સહિત સંપત્તિ ટાઈમ્સના રાજેશભાઈ દત્તાણી અને જામનગર પ્રોપર્ટી એસો.ના મેમ્બર્સ,જૂનાગઢ પ્રોપર્ટી કન્સલટન્ટ એસોસિએશન ના પ્રમુખ કેવલ ત્રિવેદી સહિતનાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાયમાન બનાવ્યો. મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો દ્વારા સ્વાગત કરાયું અને છઇઅ સભ્યોને સન્માનપત્રો આપી સમ્માનિત કરાયા.RPCA: નાનકડા બીજથી લઇ ભવ્ય વટવૃક્ષ સુધી ની સફર: વિજય જાની ,પ્રમુખ ૨૦૧૬ માં નાનકડા પ્રયાસ રૂપે આરંભાયેલ આ સંસ્થા, આજે ૨૦૨૫માં રાજકોટ અને જુનાગઢની સાથે મળીને ૧૦૦થી વધુ સક્રિય સભ્યો સુધી પહોંચી ચૂકી છે. આજે આ સંસ્થા નાનાં અને મોટાં બ્રોકરોના અનુભવો અને વિશેષતાથી શોભાયમાન બની છે - કોમર્શિયલ, રેસિડેનશિયલ અને જમીન ક્ષેત્રે નિપુણતા ધરાવતા મેમ્બર્સની ઉત્તમ ટીમ રચાઈ છે. હવે સંસ્થા સૌરાષ્ટ્રના જામનગર, ભાવનગર, અમરેલી, મોરબી, પોરબંદર, સુરેન્દ્રનગર અને ગાંધીધામ-ભુજ જેવા શહેરોમાં પણ પોતાનો વ્યાપ વિસ્તારવાનો ઉમંગ ધરાવે છે.

# ભાજપના સાંસદ દુબેનો ધડાકોઃ દેશમાં જ જહાદનો 'નવો ચહેરો' મોજૂદ

## પાંચ લાખ પાકિસ્તાની છોકરીઓ કોઈ વિસા વગર ભારતમાં લગ્ન કરીને રહે છેઃ ધડાકો

નવી દિલ્હી: વિવાદી વિધાનોથી જાણીતા બનેલા ભાજપના સીનીયર સાંસદ નીશીકાંત દુબેએ હવે તોપનું નાળચુ આતંકવાદ ભણી ફેરવ્યુ છે અને પાકિસ્તાનથી લગ્ન કરી ભારતમાં વસી રહેલ 'દુલ્હનીયા' પણ જેહાદનો નવા ચહેરો દર્શાવ્યો હતો તથા ગંભીર સ્થિતિ સર્જાવાનો ખતરો દર્શાવ્યો હતો. શ્રી દુબેએ પાકિસ્તાન પર જબરા પ્રહારો કરતા કહ્યું કે પાકિસ્તાનથી લાખો છોકરીઓ ભારતમાં આવી છે અને હજું ભારતની નાગરિકતા મળી નથી. આ છોકરીઓ લગ્ન કરીને ભારતમાં રહે છે અને તેની સંખ્યા થોડા સો નહી પુરી પાંચ લાખની છે. હવે આપણે અંદર ઘુસી આવેલા સામે કઈ રીતે લડવું તે પણ શિખવું પડશે. પરાણે વિસા લઈને આવેલા થોડા સો ને પાછા મોકલીએ છીએ પણ આ લાખોની ચિંતા થતી જ નથી. આ પાકની જેહાદ અને ત્રાસવાદનો એક નવો ચહેરો છે.





# જીવદયા ગ્રુપ દ્વારા આતંકી હુમલાના મૃતકોને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ

રાજકોટ,તા.૨૮

તા. ૨૭ એપ્રિલ રવિવાર નાં સાંજે ૫:૩૦ કલાકે શ્રદ્ધાંજલી કાર્યક્રમ જીવદયા ગ્રુપ રાજકોટ દ્વારા આયોજિત અન્ય સંસ્થાઓ નાં લાગણીભર્યા સહકારથી જેમકે રાજકોટ મહાજન શ્રી ની પાંજરાપોળ, એનિમલ હેલ્પલાઇન કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ રાજકોટ, વિવેકાનંદ યુથ ક્લબ રાજકોટ, જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ વેસ્ટ, બાપા સીતારામ ગૌ સેવા મંડળ, શ્રી જનસેવા ટ્રસ્ટ, જય સીયારામ મિત્ર મંડળ, મકાઈ સેવા ગ્રુપ, સહારા યુવા ગ્રુપ, જય માતાજી અબોલ જીવ માનવ સેવા કેન્દ્ર સેવાકીય વગેરે સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ. આ સમયે ફૂલ તેમજ સર્વે દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા બેનર ને સાથે રાખી સર્વે એ ભેગા મળીને પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો નાં સ્તવન સાથ શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ હતી.હાલમાં કાશ્મીરના પહેલગામની અંદર પર્યટકો ઉપર જે આતંકવાદીઓ એ કાયરતાપૂર્વક નિર્દોષ ૨૬ લોકોની નિર્મમ હત્યા કરવામાં આવી તેને સખત શબ્દોમાં વખોડી દેશની એકતા અંખડતા બતાવવા શહીદોને શ્રદ્ધાંજલી આપવાના કાર્યક્રમમાં સર્વો રાષ્ટ્રવાદી, દેશપ્રેમી એકજૂઠ થઈ શ્રધ્ધાંજલી પાઠવેલ. આ સમયે સૌના વડીલ અગ્રણી એવા અનુપમભાઈ દોશી ના કુશળ માર્ગદર્શન હેઠળ જીવદયા ગ્રુપ ના મોભી ઉપેનભાઈ મોદી વતી વિરેન્દ્રભાઈ સંઘવી તેમજ અન્ય સંસ્થાઓ વતી મેહુલભાઈ રવાણી એ અને અંતમાં અરૂણભાઇ નિર્મળે શાબ્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ હતી. જીવદયા ગ્રુપ રાજકોટના મોભી ઉપેનભાઈ મોદી માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવેલ જેમાં વિવેકાનંદ યુથ કલબનાં અનુપમભાઈ દોશી, પરીમલભાઈ જોશી, જય સીયારામ મિત્ર મંડળના હરીશભાઈ હરિયાણી, જે પી ગોહેલ, વિનોદભાઈ વાડોદરિયા, ભરતભાઈ મકવાણા, નિશાંત હરીયાણી, ભરતભાઈ ભીંડા, બાપા સીતારામ ગૌ સેવા મંડળના હિરેનભાઈ કામદાર, સમીરભાઈ કામદાર, જનસેવા ટ્રસ્ટના અજયભાઈ વખારીયા, ફિરોજભાઈ ચારણીયા, જૈન સોશયલ ગ્રુપ રાજકોટ વેસ્ટના મેહુલભાઈ રવાણી, હર્ષદભાઈ મહેતા, વિરેન્દ્રભાઈ સંઘવી, હરેશભાઈ દોશી, કિર્તીભાઈ પારેખ, જય માતાજી અબોલ જીવન માનવ સેવા કેન્દ્ર નાં વગેરે હાજર રહ્યા હતા તથા જહેમત ઉઠાવેલ હતી. આ સમયે દાતાઓના સહકારથી જીવદયા કાર્ય કબૂતરોને ૬૦ કિલો જાર, ૭ બાચકા ખિસકોલીઓને મકાઈ, ૩૦૦ રોટલી તથા ૧૦ લીટર દૂધ શ્વાનોને તેમજ ૨૨ કિલો કીડીયારું અર્પણ કરવામાં આવેલ.



### શ્રીમતી સ્મિતાબેન શાસ્ત્રીના નેતૃત્વમાં

# અમદાવાદમાં આજે આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ નિમિત્તે કાર્યક્રમનું આયોજન

અમદાવાદમાં નર્તન સ્કુલ ઓફ કલાસીકલ ડાન્સીસના ડાયરેક્ટ ગુરૂ શ્રીમતી સ્મિતાબેન શાસ્ત્રીના નેતૃત્વમાં આજે તા. ૨૮ના સોમવારે રાત્રે ૮.૩૦ કલાકે પ્રથમ ગૃહનિધિ શ્રી નટવરલાલજી મંદિર ગોસ્વામી હવેલી, ગોસાઇજી મહારાજની પોળ, દોશીવાડાની પોળ, કાલુપુર ખાતે આચાર્ય ગોપીનાથજીના ૨૫૧ વર્ષ તથા આંતરરાષ્ટ્રીય નૃત્ય દિનની ઉજવણી અંતર્ગત આચાર્ય શ્રી રણછોડલાલજી મ.ની નિશ્રામાં વાકપતિ જયોતિ રાસોત્સવના કુંદકલાર્પણ મહોત્સવમાં કુચીપુડી શૈલીના મંદિર નૃત્યો દ્વારા નર્તન સ્કુલની નૃત્યાંગનાઓ નૃત્ય આરાધનાની પ્રસ્તુતિ કરશે.

### પૂ. ધીરજમુનિ મ.ની પાવન નિશ્રામાં

# જૈન બોર્ડિંગના મહાવીર હોલમાં ચંદ્રવદન દેસાઈનું ૨૭ લાખનું અનુદાન

રાજકોટ, તા. ૨૮

રાજકોટના આંગણે ડો. સી.જે.દેસાઇ મહાવીર ભવન, જૈન બોર્ડિંગ પરિસરમાં પૂ. શ્રી ધીરગુરૂદેવની નિશ્રામાં ઋણ સ્વીકાર સ્નેહ મિલન પ્રસંગે ગુરૂદેવ કહેલ કે ગમી જઇએ બધાને એ પણ ક્યાં ગમે છે બધાને ??? વધુમાં દેસાઇ પરિવારની ઉદારતાનો પરિચય આપણા જણાવેલ કે મને શું મળશે એના કરતા હું શું આપી શકીશ. એ ભાવ જ આપણને પ્રગતિ તરફ લઇ જાય છે. કેમ કે ઘણી વખત જે દોડવાથી નથી મળતું એ છોડવાથી મળી જાય છે.

યુવાદાતા પ્રણય સી. દેસાઇએ દાદાજી ડો. સી.જે.દેસાઇની પુણ્યતિથિ નિમિતે ગુણાનુવાદ કરી ટ્રસ્ટી મંડળે નજરાણા સમાન સંકુલના નિર્માણમાં સહભાગી થવા બદલ ઋણ સ્વીકાર કરેલ. નિલેશ મહેતા (કલકતા)એ દેસાઇ પરિવારની દાન ગંગોત્રીને બિરદાવી હતી. પૂ. ઉષા-વીણાબાઇ મ.સ. ઠાણા-૩ પધાર્યા હતા.

મહાવીર હોલમાં નવકાર મહામંત્ર નામકરણમાં ૨૭ લાખનું દાન જશવંતીબેન અને ડો.સી.જે.દેસાઇએ ઘોષિત કરતા ઉમંગ છવાયો હતો. જીતુભાઇ બેનાણી, મુકેશભાઇ દોશી, ધારાસભ્ય ડો. દર્શિતા શાહ વગેરેએ દેસાઇ પિતા-પુત્રનું સન્માન કરેલ.

આ પ્રસંગે હરેશ વોરા, અશ્વિન કુંભાણી, અપૂર્વ મણીયાર, મુકેશ દોશી, પલ્લવી દોશી, કિશોર દોશી, દીપક મેઘાણી, શશીકાંત કોટીયા, માંડળભાઇ માલધારી, કે.ટી.હેમાણી, રીખવ સંઘવી, રાજેશ કામદાર, એડવોકેટ ઉન્નતિ જુઠાણી, જીતુ અદાણી, રાજેશ પારેખ, કોમલ વોરા, તારક વોરા, દિવ્યેશ મહેતા, સતીશ બાટવીયા, ઇન્દુભાઇ બદાણી વગેરેએ દેસાઇ પરિવારની અનુમોદના કરેલ.

### બંધુબેલડી આ. શ્રી હેમચંદ્રસાગરસૂરીજી મ. આદિની નિશ્રામાં

# રતલામમાં ગણિવર્ય પૂ. શ્રી તારકચંદ્રસાગરજી મ.નો ગુરૂવારે પંન્યાસ પદ પ્રદાન મહોત્સવ ઉજવાશે

રાજકોટ, તા. ૨૮



આચાર્ય બંધુબેલડી આ. શ્રી જિનચંદ્રસાગરસૂરીજી મ. તથા આ. શ્રી હેમચંદ્રસાગરસૂરીજી મ.ના શિષ્ય રત્ન ગણિવર્ય શ્રી તારકચંદ્રસાગરજી મહારાજનો પંન્યાસ પદ પ્રદાન ઉત્સવ આગામી તા. ૧લી મેના કાટજુનગર-રતલામ (મ.પ્ર.) ખાતે યોજવામાં આવેલ છે. શતાધિક શિષ્ય શિલ્પી બંધુબેલડી ગુરૂદેવ પૂ. આ.ભ.શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે ગણિવર્ય શ્રી તારકચંદ્રસાગરજી મહારાજને પંન્યાસ પદ પ્રદાન થશે.

આ પ્રસંગે પૂ. આ. શ્રી નયચંદ્રસાગરસૂરીજી મ., આ. શ્રી પ્રસન્નચંદ્રસાગરસૂરીજી મ., આ. શ્રી વિરાગચંદ્રસાગરસૂરીજી મ., આ. શ્રી પદ્મચંદ્રસાગરસૂરીજી મ., આ. શ્રી આનંદચંદ્રસાગરસૂરીજી મ., પૂ. ગણિવર્ય અજિતચંદ્રસાગરજી મહારાજ આદિ વિશાળ શ્રમણ-શ્રમણીઓની નિશ્રા રહેશે.

વૈયાવચ્ચી, વિખ્યાત લેખક, શુધ્ધ સંયમ આરાધક પૂ. ગણિવર્ય શ્રી તારકચંદ્રસાગરજી મ. થોડા સમય પૂર્વે રાજકોટમાં શ્રી માણિભદ્રવીર આરાધના ભવન (મણિયાર જૈન સંઘ) ખાતે પધાર્યા હતા. તેમનો પંન્યાસ પદવી પ્રદાનનો કાર્યક્રમ તા.૧લી મેના ગુરૂવારે મૃદુલધામ, જૈન મંદિર, કાટજુનગર, રતલામ (મ.પ્ર.) ખાતે યોજાનાર છે. તેમ અયોધ્યાપુરમ તીર્થના મેનેજીંટ ટ્રસ્ટી જયંતભાઇ મહેતાએ જણાવેલ છે.




# પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ સંચાલિત જ્ઞાન પ્રબોધિની પ્રોજેક્ટ અંતર્ગતની પ્રવેશ પરીક્ષા સંપન્ન

રાજકોટ,તા.૨૮

પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ભણવામાં તેજસ્વી પરંતુ આર્થિક રીતે નબળા પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે છેલ્લા ૨૫ વર્ષથી જ્ઞાન પ્રબોધિની પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે જે અંતર્ગત ધો.૭ માં સરકારી કે ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેમણે ધો.૭માં પ્રથમ સેમેસ્ટરમાં ૮૫% કે તેથી વધુ માર્કસ મેળવ્યા છે તેવા ૫૬૫ વિદ્યાર્થીઓએ આજ રોજ રૈયા રોડ, વૈશાલીનગર, શેરી નં.૨ અને શેરી નં.૩ માં આવેલ એચ.એન. શુક્લા કોલેજ ખાતે વહેલી સવારે આવી પહોંચ્યા હતા અને ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાન એવા ચાર વિષયોની લેખિત પરીક્ષા શાંત અને સુંદર વાતાવરણમાં શિસ્ત બદ્ધ રીતે આપી હતી. ૬ કલાકમાં આ પરીક્ષા કાર્યક્રમમા બે વિષયની પરીક્ષા પછી ટ્રસ્ટ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ભાવતા ભોજનીયા પણ કરાવવામાં આવ્યા હતા.

# બુધવારે સમસ્ત ભાલોડીયા પરિવાર દ્વારા ૨૬ મો વાર્ષિક મહોત્સવ તથા કુટુંબ મેળો યોજાશે

## ૨૬વર્ષથી અવિરત આયોજન

રાજકોટ, તા.૨૮

ભાલોડીયા ચેરીટેબલ ટ્રસ્ટ મોમાઈ ધામ મેડી તથા સમસ્ત ભાલોડીયા પરિવાર દ્વારા આયોજિત ૨૬ મો વાર્ષિક મહોત્સવ તથા ભાલોડીયા પરિવારનો કુટુંબ મેળો આગામી તા. ૩૦ એપ્રિલને બુધવારના રોજ આયોજન કરેલ છે.

જેમાં સમગ્ર ગુજરાતમાંથી વસતા ભાલોડીયા પરિવારના પરિવારજનોને સહ પરિવાર દર વર્ષે પધારે છે. આ કુટુંબ મેળાની વિશેષતા એ છે કે, સળંગ ૨૬ વર્ષથી એક જ તારીખે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં તા.૩૦ના રોજ પંચમહાકુંડી યજ્ઞ, તેજસ્વી તારલા સન્માન, ધ્વજાજીની શોભાયાત્રા, દાતાઓના સન્માન તથા આસિફ ઝેરિયા ગ્રુપ દ્વારા શ્રીનાથજીની ઝાંખી તથા આઠે સમાના દર્શન જેવા વિવિધ કાર્યક્રમો યોજાશે.

# બ્રહ્મ સેનાના ૨૭ મા સ્થાપના દિવસે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણઃ શ્રી પરશુરામ જન્મોત્સવ સાદગીપૂર્વક ઉજવાશે

બ્રહ્મ સેના સમગ્ર ગુજરાત રાજ્યના વિવિધ ક્ષેત્રમાં કાર્યરત છે જે મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈ સુધી કાર્યરત છે, જે ઈ.સ.૧૯૯૮/૯૯ થી રાજકોટ ખાતે થી શરૂ કરી હતી માનનીય હિના હૃદય સમ્રાટ બાળા સાહેબ ઠાકરે જી ની શિવસેના સંગઠન થી પ્રેરિત થઈને ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ દિવસે અક્ષય તૃતીયાના રોજ જે હાલ વિશાળ વટવૃક્ષ સમાન કાર્યરત છે.કાશ્મીરમાં આંતકવાદીઓ દ્વારા પ્રવાસી પરના હુમલો ને લઈને સાદગી થી ઉજવણી કરવામાં આવે છે. ચિરંજીવ ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ દિવસે આવતીકાલે મંગળવારે સવારે ૮.૩૦ થી પુજન અર્ચના કરીને વિદ્યાર્થીઓ જે ૨૦૨૪ માં LKG થી ધોરણ..૧૦.૧૨ અને કોલેજ સુધીના જેઓ પરીક્ષા પાસ કરી હતી તેઓ ને ઈનામ વિતરણ પાણી ના ઘોડા પાસે પેડક રાજકોટ ખાતે કરવામાં આવશે.

# નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પ યોજાયો

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટના ઉપક્રમે નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પ સફળતા પૂર્વક યોજાયેલ.રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા કેમ્પમાં ઉપસ્તિથ રહી સારવાર નિહાળી સેવા કાર્ય ને બિરદાવેલ.જેમાં ૧૦ દર્દીઓને દાંતની બત્રીસી માટે માપ લેવામાં આવેલ દાંત અને પેઢા ના રોગ ના દર્દીઓ ને તપાસી સારવાર અને સલાહ આપવામાં આવેલ.